# શ્રી રત્નસંચય પ્રકરણમ્



: રચયિતા :

પૂ. આ. શ્રી હર્ષસૂરીશ્વરજી મ.સા.

॥ શિવમસ્તુ સર્વજગતઃ ॥

# શ્રી રત્નસંચય પ્રકરણમ્

• રચયિતા •

**પૂ.આ.શ્રી હર્ષસૂરીશ્વરજી મ.સા.**

• પ્રકાશક •

**ભદ્રંકર પ્રકાશન**

૪૯/૧, મહાલક્ષ્મી સોસાયટી, સુજાતા ફલેટની પાછળ,
કેમ્પ રોડ, શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.
ફોન : (૦૭૯) ૨૨૮૬૦૭૮૫

◆ પુસ્તક :
શ્રી રત્નસંચય પ્રકરણમ્

◆ પ્રકાશન :
પ્રથમ આવૃત્તિ સં. ૧૯૮૫
દ્વિતીય આવૃત્તિ સં. ૨૦૬૧
તૃતીય આવૃત્તિ સં. ૨૦૬૧

◆ રચયિતા :
**પૂ. આ. શ્રી હર્ષસૂરીશ્વરજી મ. સા.**

◆ નકલ : ૧000

◆ કિંમત : રૂ. ૬0/-

◆ સૂચના : જ્ઞાનનિધિની રકમનું પુસ્તક હોવાથી ગૃહસ્થ પોતાના માટે ઉપરોક્ત કિંમતથી ખરીદી શકશે.

◆ પ્રાપ્તિસ્થાન :

☞ **ભદ્રંકર પ્રકાશન**
૪૯/૧, મહાલક્ષ્મી સોસાયટી, સુજાતા ફ્લેટની પાછળ,
કેમ્પ રોડ, શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.
ફોન : (૦૭૯) ૨૨૮૬૦૭૮૫

☞ **નરેન્દ્રભાઇ વાડીલાલ ગાંધી**
૨૦૮, યશનિધિ ફ્લેટ્સ, જૈન મર્ચન્ટની પાછળ,
૨૯, સરસ્વતી સોસાયટી, પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭.

◆ મુદ્રક :
*Tejas Printers*
403, Vimal Vihar Apartment, 22, Saraswati Society, Nr. Jain Merchant Society, Paldi, **AHMEDABAD** - 380 007. • **Ph. : (079) 26601045**

# પ્રકાશકીય...

આગમોના ગૂઢ વિષયોને સરલ કરીને પ્રકરણરૂપે આપણા સુધી પહોંચાડનાર પૂજ્ય મહાત્માઓના ઉપકારની સ્મૃતિ થયા વિના નથી રહેતી.

આ '**રત્નસંચય પ્રકરણ**' ગ્રંથ અલભ્ય છે. તે ગ્રંથને પુનઃ મુદ્રણ કરવાની ભાવના પરમ પૂજ્ય, શાસન પ્રભાવક, યુગદિવાકર, આચાર્યદેવ શ્રીમદ્ વિજય **ધર્મસૂરીશ્વરજીમહારાજા**ના પટ્ટધર પરમ પૂજ્ય, સાહિત્ય-કલારત્ન આચાર્યદેવ શ્રીમદ્ વિજય **યશોદેવસૂરીશ્વરજી** મહારાજાના આજ્ઞાવર્તિની સાધ્વીજી શ્રી **વિરતિયશાશ્રીજી** ગ્રંથને પ્રકાશિત કરવા માટે પ્રેસ આદિ માટેનું માર્ગદર્શન લેવા, પરમ પૂજ્ય અધ્યાત્મયોગી પંન્યાસ-પ્રવરશ્રી **ભદ્રંકરવિજયજી** ગણિવર્યશ્રીના પ્રશિષ્યરત્ન **પંન્યાસપ્રવરશ્રી વજ્રસેનવિજયજી મહારાજ** પાસે ગયા. પૂજ્યશ્રીએ આપ્ત ભાવે માર્ગદર્શન આપવા સાથે મુદ્રણ અંગે તથા પ્રૂફ આદિની જવાબદારી સંભાળી લેતા, પૂજ્ય સાધ્વીજી ભગવંત નિશ્ચિંત બની ગયા અને આ ગ્રંથ અમારી સંસ્થા દ્વારા આજે પ્રકાશિત થઈ આપના કરકમલોમાં આવી શક્યો તે બદલ તે સર્વે પૂજ્યોએ આપેલા લાભ બદલ ખૂબ-ખૂબ ઋણી છીએ.

ગ્રંથોના બહોળા વિષયોનો સ્વાધ્યાય આત્માને ખૂબ જ ઉપયોગી જ્ઞાન કરાવનાર બને એવો છે. તેથી જ્ઞાનપિપાસુઓને તો આ ગ્રંથ અમૃતના આસ્વાદરૂપ બનશે તેમાં શંકા નથી.

અંતે ગ્રંથનું વાંચન કરી સમ્યક્જ્ઞાન પામી સ્વ-પર આત્મ-કલ્યાણ કરનાર બને એ જ અંતરની અભિલાષા...

**- ભદ્રંકર પ્રકાશન**

અમદાવાદ.

॥ પ્રવચન પ્રભાવક મોહન-પ્રતાપ-ધર્મ-યશોદેવસૂરીશ્વરેભ્યો નમઃ ॥
॥ શ્રી શત્રુંજય ગિરિવરાય નમઃ ॥

# 'રત્ન-સંચય-પ્રકરણ' ગ્રંથ અંગેનું નિવેદન

## (બીજી આવૃત્તિ પ્રસંગે)

ચરમ તીર્થંકર શ્રમણ ભગવંત શ્રી મહાવીરસ્વામીની અમૃત દેશનાને ગણધર ભગવંતે દ્વાદશાંગીરૂપ ગુંથણી કરી, જે જિનશાસનમાં સપ્તક્ષેત્ર પૈકી શ્રી જિનાગમ રૂપે પરિણમી, તેના આંશિક જ્ઞાનરૂપી રત્નોનો વિશિષ્ટ સંગ્રહ થયો છે તે... લગભગ ૨૦૦ વર્ષ પૂર્વે જેની રચના થયેલ છે અને અંચલગચ્છાધિપતિ આ.શ્રી હર્ષસૂરિજી સંગૃહીત છે, જેને પ્રગટ થયા ૭૫ વર્ષ પૂર્ણ થયેલ છે. અતિ મહત્ત્વના ૩૩૬ અવનવા વિષયોનું અવબોધન, ૫૫૦ ગાથા દ્વારા અર્થ અને વિવેચન સહિત છે, જે સંકલન કરવામાં આવેલ છે તે ખરેખર અનુમોદનીય, ચિંતનીય અને અનુકરણીય લાગવાથી તેમજ અત્યારે પ્રાચીન જ્ઞાનભંડારોમાં પણ પ્રાયઃ જૂજ પ્રમાણમાં તેની પ્રાપ્તિ, અર્થાત્ આ ગ્રંથ અલભ્ય હોવાને કારણે તથા વિશિષ્ટ ઉપયોગી હોવાથી પુનઃ મુદ્રણ કરાવવાની અંતરેચ્છા પ્રગટ થઇ અને શ્રી સિદ્ધગિરિમંડન શ્રી આદીશ્વરદાદાની શીતલ છાયા અને પૂ. પરમોકારી ગુરુદેવની પરોક્ષપણે ઉતરતી અસીમ કૃપા વડે અમલમાં મુકાઇ અને તે પણ 'શુભસ્ય શીઘ્રમ્' ને અનુલક્ષી આજે પ્રકાશ પામી.

આ ગ્રંથ પ્રકાશનમાં જિનશાસનસ્થ અલગ અલગ સમુદાયો તથા ગચ્છમાં વર્તતા પ.પૂ. સંઘસ્થવિર, નિર્ગ્રન્થ, આચાર્યાદિ પદસ્થ સાધુ-સાધ્વીજી ભગવંતોની અનુમતિ દ્વારા અનુપમ, અદ્વિતીય અને અકલ્પનીય બળ પુરાયું. જેના આધારે મારો ઉલ્લાસ - ઊમંગ બેવડાયો. તેની ફળશ્રુતિ આજે અનુભવાઇ રહી છે.

સુપ્રસિદ્ધ પાદલિપ્તનગરવાસી, સમર્થ વ્યાખ્યાનકાર, ચારિત્ર ચૂડામણિ આચાર્ય શ્રીમદ્ વિજયમોહનસૂરીશ્વજી મ.સા.ના પટ્ટધર શિષ્યરત્ન સિદ્ધાન્તનિષ્ઠ, આચારનિષ્ઠ, નિષ્પરિગ્રહી, નિઃસ્પૃહી, નીડર વક્તા, પ.પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયપ્રતાપસૂરીશ્વરજી મ.સા.ના પટ્ટધર શિષ્યરત્ન

પ.પૂ. દ્રવ્યાનુયોગના પ્રખરવક્તા, યુગદિવાકર, અનેક તીર્થ સ્થાપક આચાર્યપ્રવર શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી મ.સા.ના પટ્ટધર શિષ્યરત્ન જેમણે સદાય સાહિત્ય, શિલ્પ અને સંગીતની કલાનાં ત્રિવેણી સંગમમાં ધ્યાનસ્થ રહી રસિકતા પ્રાપ્ત કરી છે, જેમણે સતત સાહિત્ય સેવા અર્પણ કરી છે. જિનશાસનને એવા વર્તમાન ગચ્છાધિપતિ પ.પૂ. સાહિત્ય-કલા-રત્ન, સાહિત્યવારિધિ, સાહિત્યસમ્રાટ આચાર્ય શ્રીમદ્ વિજયયશોદેવસૂરીશ્વરજી મ.સા. તથા તેમના પરમવિનેયી, અંતેવાસી, ગાંભીર્યાદિ ગુણાલંકૃત શિષ્યરત્ન પ.પૂ. પંન્યાસશ્રી વાચસ્પતિ વિ.મ.સા.ની સહર્ષ અનુમતિ પ્રાપ્ત થયેલ છે.

યોગાનુયોગ શ્રી નમસ્કાર મહામંત્રના આરાધક, અધ્યાત્મયોગી, પ.પૂ. પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી મ.સા.ના શિષ્યરત્ન આચાર્યદેવ શ્રીમદ્ વિજયકુંદકુંદસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પ.પૂ. પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી મ.સા.ના પ્રથમ દર્શને હૈયુ પુલકિત બન્યું અને ગ્રંથ પ્રકાશન અંગે અભિપ્રાય મેળવવા પ્રસ્તાવ કર્યો. વળતે દિવસે તુર્ત જ સહાયક બનવાની જવાબદારી સ્વીકારી તેથી અત્યંત આશ્ચર્ય સાથ આનંદનો પાર ન રહ્યો.

ધન્યાતિધન્ય છે આવા મહાત્માને ! જે સહયોગ આપી સહાયક બની રહ્યા છે. તે તેમની ઉદારતાનો ગુણ પ્રશંસનીય છે. પૂજ્યશ્રીજીનો આવો અનંત ઉપકાર ભવોભવ વિસરાય તેમ નથી. વધુ સાશ્ચર્ય વાત તો એ છે કે નાદુરસ્ત તબિયત હોવા છતાં આટલો શ્રમ ઉઠાવી, કાર્યરત રહી અને અવિરત શાસનસેવા બજાવી શ્રી સંઘ સમક્ષ અવનવા જ્ઞાન-ભોજનનું પીરસણ કરવામાં તત્પર રહે છે.

જિનાજ્ઞા વિરુદ્ધ કંઈપણ લખાયું હોય તો 'मिथ्या मे दुष्कृतम्'

**- (મંજુલશિશુ) સા.શ્રી વિરતિયશાશ્રીજી**

**શ્રમણી વિહાર, રૂમ નંબર ૨૩, શત્રુંજય હૉસ્પિટલની પાછળ, તળેટી રોડ, પાલિતાણા.**

**મા.સુ. ૫, સંવત ૨૦૬૧, ગુરુવાર, તા. ૧૬-૧૨-૨૦૦૪.**

❁ ❁ ❁

# પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવના

આ ચતુર્ગતિરૂપ સંસારમાં પર્યટન કરતા જીવોને મહા વિશ્રાંતિનું સ્થાન મુક્તિરૂપી પાંચમી ગતિ જ કહેલી છે. તે ગતિને પામેલા જીવો અનંતકાળ સુધી એકાંત અનંત સુખમાં (આનંદમાં) મગ્ન રહે છે. ત્યાંથી અનંતકાળે પણ તેમને ફરીને સંસારમાં આવવાનું હોતું નથી. આવી પંચમગતિ મેળવવાનો મુખ્ય ઉપાય જ્ઞાન, દર્શન અને ચારિત્ર જ છે. આ ત્રણ અસાધારણ રત્નો ઉપાર્જન કરવાના અનેક ઉપાયો તીર્થંકર ગણધર આદિ મહાત્માઓએ બતાવેલા છે. તેમાં મુખ્યત્વે કરીને દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ અને ચરિતાનુયોગ આ ચાર અનુયોગ બહોળા વિસ્તારમાં તે તે શાસ્ત્રોમાં સુપ્રસિદ્ધ છે.

તે તે શાસ્ત્રો એટલા બધા મોટા પ્રમાણમાં છે કે તેમને પૂર્વાચાર્યોએ અતિ સંક્ષિપ્ત કર્યા છતાં તેમના માત્ર વિષયોને યાદ કરતાં જ આયુષ્ય સમાપ્તિ પામે. તેટલા તે સુવિસ્તૃત છતાં પરમોપકારી મહાત્માઓ વર્તમાનના અલ્પાયુષી મનુષ્યોને માટે તેમાંથી પણ અતિ સંક્ષિપ્ત સાર કાઢીને ભવ્ય જીવોનો ઉપકાર કરવા ચૂક્યા નથી. આવા મુષ્ટિજ્ઞાનના વિષયો આવા સાંસારિક પ્રવૃત્તિમય કાળમાં ઘણા જીવોને ઉપકારક થાય તે નિર્વિવાદ છે. જૈનશાસનમાં આવા અનેક ગ્રંથો હોવાનો સંભવ છે. તેમાંનો આ એક ગ્રંથ ઉપલબ્ધ થતાં તેને પ્રકાશિત કરવામાં આવ્યો છે.

સમુદ્રમાં અસંખ્ય રત્નો અનેક પ્રકારના હોય છે, તે સર્વે તેના યોગ્ય ગ્રાહકો અને પાત્રને આશ્રયીને ઉપયોગી છે તથા પોત-પોતાના ઉપયોગને અવસરે તે અમૂલ્ય ગણાય છે. જેમકે સોયના ઉપયોગ કાળે સોય જ અમૂલ્ય છે અને અન્ય શાસ્ત્રના ઉપયોગ કાળે અન્ય શાસ્ત્ર જ અમૂલ્ય છે. આ જ રીતે જિનાગમરૂપી સમુદ્રમાં અસંખ્ય સૂક્તરૂપી (ઉપદેશરૂપી) રત્નો છે, તે સર્વે ગ્રાહકો અને પાત્રને આશ્રયી ઉપયોગી અને અમૂલ્ય છે. તેની સંખ્યા ગણતરીનો અવિષય છે, છતાં વાનગીની જેમ કેટલાંક સૂક્તરત્નો આગમસાગરમાંથી શ્રીમાન્ પરમોપકારી હર્ષ (નિધાન) સૂરિએ ઉદ્ધરીને તેનો આ ગ્રંથમાં સંચય કર્યો છે. તેથી તેનું નામ કર્તાએ જ 'રત્નસંચય' રાખ્યું છે.

આ ગ્રંથમાં સંપાદકે ઉપર્યુક્ત ચારે અનુયોગના ઓછાવત્તા વિષયો તરતમતાએ ભેળા કરેલા છે અને તે સર્વે વર્તમાનના ધર્મજિજ્ઞાસુઓને માટે, ધર્મોપદેશકોને માટે અને ધર્માભ્યાસીઓને માટે અતિ ઉપયોગી છે. એમ આ ગ્રંથ અથવા તેના વિષયોની અનુક્રમણિકા વાંચવાથી સ્પષ્ટ સમજી શકાય તેમ છે.

ગ્રંથસંપાદક સૂરિમહારાજના જન્મ, જન્મભૂમિ વગેરે સંસારસ્થિતિ અને અનગારત્વ સ્થિતિ વિગેરે કાંઇ પણ હકીકત ઉપલબ્ધ થઇ નથી. તેમજ તેમણે બીજા કોઇ ગ્રંથો ઉદ્ધર્યા કે રચ્યાનું કાંઇ જણાયું નથી. માત્ર - 'ગુજરાતમાં આવેલા લોલપાટક નામના નગરમાં અંચળગચ્છના નાયક ગણિશ્રી ગુણનિધાનસૂરિના ઉપદેશથી હર્ષના સમૂહવાળા **હર્ષસૂરિ** નામના શિષ્યે શ્રુતસાગરમાંથી ઉદ્ધરીને આ રત્નસંચય ગ્રંથ રચ્યો છે. તે દુપ્પસહસૂરિ મહારાજા સુધી જય પામો.' આવા અર્થવાળી અંતિમ બે ગાથાઓ, કર્તાએ લખેલી છે, તેટલું જ તેમનું ચરિત્ર જાણવામાં છે.

ઉપરાંત સંબોધસત્તરીની ટીકા, ઉપદેશ પ્રાસાદ અને દેવચંદ્રજીકૃત પ્રશ્નોત્તર વિગેરે ગ્રંથોમાં આ **'રત્નસંચય' ગ્રંથની સાક્ષી આપેલી** જોવામાં આવે છે. આ પ્રમાણે નગરના નામ ઉપરથી, સંક્ષિપ્ત પ્રશસ્તિ ઉપરથી અને સાક્ષીના ગ્રંથો ઉપરથી આ ગ્રંથની વધારે પ્રાચીનતા જણાય છે.

આ ગ્રંથમાં કર્તાએ **૫૪૭ પ્રાકૃત ગાથાઓ** ભિન્ન ભિન્ન ગ્રંથોમાંથી ઉદ્ધરી છે અને **છેલ્લી બે ગાથા** પ્રશસ્તિ તરીકે **પોતાની કરેલી** છે તથા **૫૪૧મી ગાથા** ખાસ જરૂરિયાત હોવાથી **છપાવતી વખતે** કર્મગ્રંથમાંથી લઇને નાંખી છે. તેથી કુલ ૫૫૦ ગાથાઓ આ ગ્રંથમાં થઇ છે. તેમાં **પ્રશસ્તિના** વિષય **સહિત** ગણતાં કુલ **૩૩૬ વિષયો આવ્યા** છે. તે સર્વ વિષયો ધર્માભિલાષીઓને અત્યંત હિતકર છે. આ સર્વ ગાથાઓ કયા કયા ગ્રંથોમાંથી ઉદ્ધરી છે ? તે બાબત કર્તાએ કાંઇ પણ જણાવ્યું નથી. અમને છપાવતી વખતે તે જણાવવાની જરૂર લાગી હતી, પરંતુ તેટલો પ્રયાસ બની શક્યો નથી, કેમકે અનેક ગ્રંથોના વાચક અને તીવ્ર ઉપયોગવાળા મુનિ મહારાજ જ તેવો પ્રયાસ કરી શકે તેમ છે.

આ ગ્રંથ અતિ ઉપયોગી હોવાથી તેને છપાવવાના મૂળ પ્રેરક શ્રી

હુબલી ધારવાડ જિલ્લાના નિવાસી 'શેઠ ચતુર્ભુજભાઇ તેજપાળ' છે. તેમની પ્રેરણાથી જ આ ગ્રંથ છપાવ્યો છે. આ ગ્રંથની લખેલી પ્રતોમાં મૂળ ગાથા અને તેના પર જૂની રૂઢિ પ્રમાણે ટબો પૂરેલો હતો તેની ત્રણ પ્રતો મળી શકી હતી. તે ત્રણે ઘણી અશુદ્ધ હતી, તો પણ કોઇ કોઇ ઠેકાણે પ્રત્યંતર તરીકે કામ લાગી હતી. આ ગ્રંથનું ગુજરાતી ભાષાંતર 'શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના શાસ્ત્રી જેઠાલાલ હરિભાઇ' પાસે કરાવ્યું છે. તેમાં શબ્દાર્થ અને તે ઉપર અમુક અમુક ઠેકાણે વિશેષાર્થ લખતાં તેમણે પોતાનો જૈનશાસનનો અનુભવ પણ બતાવી આપ્યો છે. ત્યારપછી મેં પોતે વાંચી જઇ તેમાં મારાથી બની શક્યો તેટલો સુધારો વધારો કર્યો છે. તે ઉપરાંત આ ગ્રંથની તૈયાર થયેલી પ્રેસકોપી હુબલી મોકલતાં શેઠ ચતુર્ભુજભાઇના ધર્મમિત્ર 'ગાંગજીભાઇ રવજી' કે જેઓ જૈનશાસ્ત્રના સારા અનુભવી છે તેમણે પણ લક્ષપૂર્વક વાંચીને કેટલીક સૂચનાઓ કરી હતી, તે ઉપર ઘટતું ધ્યાન આપવામાં આવ્યું છે.

મળેલી ત્રણે પ્રતો પ્રાયઃ અશુદ્ધ હતી, તેમાં બનતા પ્રયાસે શુદ્ધિ કરી છે. છતાં કોઇ ઠેકાણે અશુદ્ધિ રહી ગઇ હોય તો તે વિદ્વાનોએ શુદ્ધ કરી અમોને જણાવવા કૃપા કરવી.

આ ગ્રંથ રચાયાની સંવત મળી શકી નથી, તો પણ મળેલી પ્રતમાંથી એક પ્રતના અંતમાં આ પ્રમાણે લખ્યું છે -

**इति श्री रत्नसंचयग्रन्थ सूत्रटबार्थतो संपूर्णेति भद्रं. संवत १८३३ वर्षे शाके १६९८ प्रवर्तमाने-**

ઇત્યાદિ. બીજી પ્રતમાં -

**इति श्री रत्नसंचयग्रन्थ सिधान्तसारोद्धारे टबासूत्र संपूर्ण ॥ श्री सूर्यपुरे संवत १८०६ वर्षे कार्तिकमासे -**

ઇત્યાદિ. ત્રીજી પ્રતમાં સંવત લખી નથી. આ પ્રમાણે પ્રત લખ્યાનો સંવત જોવામાં આવી છે. તેથી ત્યાર અગાઉ આ ગ્રંથ તૈયાર કરવામાં આવ્યાનું સમજી શકાય છે.

આ ગ્રંથમાં આવેલા **કુલ ૩૩૬ વિષયોની** અનુક્રમણિકા આપેલી છે. ઉપરાંત કોઇ કોઇ ખાસ વિષયો ઉપર વિસ્તારાર્થ અને કથા વિગેરે

લખવામાં આવ્યા છે, તેવા **૨૭ વિષયો** છે તે પણ અનુક્રમણિકાની પાછળ બતાવેલ છે. સિવાય **૨૮૦ થી ૨૮૮ સુધીની ૯ ગાથાઓ વિધિપક્ષની માન્યતાની છે** તથા તે સિવાય બીજે કેટલેક સ્થળે કાંઇક વિચારભેદ જણાયો છે, તેવે ઠેકાણે અર્થ લખતાં તે તે બાબત મૂળ ગ્રંથમાં સૂચવવામાં આવેલ છે, છતાં અનુક્રમણિકા તથા વિસ્તૃત વિષયોના નોંધને અંતે 'વિચારણીય સ્થળો' એવું મથાળું બાંધી તેની નીચે તે તે વિષયો બતાવેલા પણ છે, તેથી તે બાબત અહીં લખવાની આવશ્યકતા નથી. ઇચ્છકો તે તે સ્થળો વાંચી જશે અને તેના પર જાણવા જેવી હકીકત અમને લખશે, તો તેમનો ઉપકાર માનવા પૂર્વક તેમની સૂચના પર ધ્યાન આપવામાં આવશે.

અણચિંતવ્યો લાભ - આ ગ્રંથની શુદ્ધિ માટે વધારે પ્રતો મેળવવાનો પ્રયાસ કરતાં એક પ્રત રત્નસંચયની માનીને જ શ્રી હુબલીના ગૃહસ્થે મોકલી હતી, પરંતુ તે પ્રત વાંચતા તો રત્નસંચયની ઢબમાં જ તૈયાર કરેલ **'રત્નસમુચ્ચય'** નામનો તે ગ્રંથ નીકળ્યો. તે ગ્રંથની ગાથાઓ પણ આ ગ્રંથની જેટલી ૫૪૭ છે. તેમાં જુદા જુદા ૩૦૧ વિષયો સમાવેલા છે. વધારે તપાસ કરવા માટે તેની અનુક્રમણિકા કરી આ ગ્રંથની અનુક્રમણિકા સાથે મેળવી જોતાં ૧૧૫ વિષયો આમાં આવેલા છે તે જ તેમાં પણ છે અને ગાથાઓ પણ પ્રાયઃ તે જ છે. બાકીના વિષયો જુદા જ છે. આ રત્નસમુચ્ચય ગ્રંથ પણ આ રત્નસંચય ગ્રંથની જેવો જ ઉપયોગી થાય તેવો હોવાથી છપાવવા લાયક છે.

**સંવત ૧૯૮૫** — **- શા. કુંવરજી આણંદજી**

**અષાઢ સુદિ-૧૪** — **શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના પ્રમુખ : ભાવનગર**

# ત્રીજી આવૃત્તિમાં સહાયદાતા

**• મુખ્ય દાતા •**
**શ્રી હાલાર તીર્થ આરાધનાધામ**
**મુ. વડાલીયા સીંહલા,**
**તા. જામખંભાલીયા, જી. જામનગર.**

• રૂા. ૨૫૦૦/- : શ્રી શાસન સમ્રાટ્ પ.પૂ.આ.મ.શ્રી નેમિસૂરીશ્વરજી મ.નાં સમુદાયનાં સ્વ.પૂ. સાધ્વીજી પ્રવીણાશ્રીજીનાં શિષ્યા પૂ.સા.શ્રી દક્ષયશાશ્રીજીની પ્રેરણાથી બોટાદ જૈન સંઘ.

• રૂા. ૨૦૦૦/- : ભાવનાબેન કીર્તિભાઇ
મુ. પાટણ, હાલ અંધેરી, મુંબઇ.

• રૂા. ૧૦૦૦/- : પ.પૂ. આગમોદ્ધારક શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ.સા.નાં સમુદાયનાં પૂ.સા.શ્રી સુયશાશ્રીજી મ.નાં શિષ્યા પૂ.સા.શ્રી વિપુલયશાશ્રીજી મ. તથા પૂ.સા.શ્રી વ્રતધરાશ્રીજી મ.ની પ્રેરણાથી તેમનો ભક્તવર્ગ.

# ભદ્રંકર પ્રકાશન

૪૯/૧, મહાલક્ષ્મી સોસાયટી, સુજાતા ફ્લેટની પાછળ, શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

## અભ્યાસ માટેના ઉપયોગી પુસ્તકો

| | | |
|---|---|---|
| ૧. | બૃહત્ કલ્પસૂત્રમ્ (ભાગ ૧ થી ૬) | ૧૨૫૦/- |
| ૨. | લોકપ્રકાશ (ભાગ ૧ થી ૫) | ૯૬૦/- |
| ૩. | શ્રી ઉપમિતિભવપ્રપંચા કથા (ભાગ ૧ થી ૩) | ૭૫૦/- |
| ૪. | વિશેષાવશ્યક ભાષ્ય ભાષાંતર (ભાગ ૧-૨) | ૪૦૦/- |
| ૫. | ઉત્તરાધ્યન સૂત્રમ (ભાગ ૧-૨) (મૂળ, સંસ્કૃતછાયાનુવાદ, ગુર્જરભાષાનુવાદ કથા સહિત) | ૨૨૦/- |
| ૬. | બૃહુતૂક્ષેત્ર સમાસ (ભાગ ૧-૨) (પૂ. નિત્યાનંદ સૂરી મ. કૃત ગુજરાતી વિવેચન) | ૨૦૦/- |
| ૭. | ઉત્તરાધ્યન સૂત્ર (ભાગ ૧-૨) (લક્ષ્મીવલ્લભગણી કૃત ટીકા) | ૩૦૦/- |
| ૮. | પ્રવચન સારોધ્ધાર (ભાગ ૧-૨) | ૩૦૦/- |
| ૯. | ભરતેશ્વર બાહુબલી વૃત્તિ (ભાગ ૧-૨) | ૨૪૦/- |
| ૧૦. | શ્રી લઘુક્ષેત્ર સમાસ | ૧૨૫/- |
| ૧૧. | શ્રી શાંતસુધારસ | ૨૦૦/- |
| ૧૨. | ઉપદેશમાળા (ગુજરાતી) | ૧૦૦/- |
| ૧૩. | સમ્યક્ત્વ સપ્તતિઃ | ૧૧૦/- |
| ૧૪. | ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર (૧લું પર્વ) | ૬૦/- |
| ૧૫. | શ્રાદ્ધવિધિ પ્રકરણ (ગુજરાતી) | ૧૨૦/- |
| ૧૬. | સુલભ ચારિત્રાણી | ૪૦/- |
| ૧૭. | સુલભ કાવ્ય પ્રવેશિકા | ૫૦/- |
| ૧૮. | પ્રાકૃત વ્યાકરણ (અષ્ટમ અધ્યાય) | ૬૦/- |
| ૧૯. | પ્રાકૃત શબ્દ રૂપાવલી | ૫૦/- |
| ૨૦. | પાઈઅલચ્છી નામમાલા | ૮/- |
| ૨૧. | શ્રી પાર્શ્વનાથ ચરિત્ર (સંસ્કૃત) પ્રત | ૧૦૦/- |
| ૨૨. | પંચપ્રતિક્રમણ સૂત્ર (અર્થ સાથે) | ૬૦/- |
| ૨૩. | સંસ્કૃત ધાતુકોષ (અર્થ સાથે) | ૬૦/- |
| ૨૪. | વીરસ્તુતિરુપ હુંડીનું સ્તવન | ૪૦/- |
| ૨૫. | શ્રી ગુણસ્થાન ક્રમારોહ (મુળ તથા ગુજરાતી) | ૧૦/- |

૨૬. યશોવિજયજી મ. કૃત ચોવીસી સાર્થ ........ ૨૪/-
૨૭. હેમ સંસ્કૃત પ્રવેશીકા (ભાગ ૧ પ્રથમા) ........ ૪૦/-
૨૮. હેમ સંસ્કૃત પ્રવેશીકા (ભાગ ૧ મધ્યમા) ........ ૫૦/-
૨૯. સિદ્ધહેમ-સારાંશ-સંસ્કૃત-વ્યાકરણ (ગુજરાતી) ........ ૬૦/-
૩૦. સિદ્ધહેમ સંસ્કૃત વ્યાકરણ
પ્રથમા-મધ્યમા અને ઉત્તમાની નિયમાવલી ........ ૪૦/-
૩૧. શ્રી પ્રમાણનયતત્ત્વાલોકઃ ........ ૩૦/-
૩૨. શ્રી રત્નસંચય પ્રકરણમ્ ........ ૫૦/-

## પૂજ્ય પંન્યાસજી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીના મૌલિક ચિંતનો

૧. નમસ્કાર ચિંતન ........ ૬/-
૨. ત્રૈલોક્ય-દીપક મહામંત્રાધિરાજ ........ ૨૦૦/-
૩. આત્મ ઉત્થાનનો પાયો ........ ૧૫૦/-
૪. પ્રાકૃતિક પરમતત્ત્વનું મિલન ........ ૨૦૦/-
૫. આત્મસાધના માર્ગ ........ ૨૦૦/-

## પૂજ્ય પંન્યાસજી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીના લખેલ પત્રોના સંગ્રહ

૧. પ્રેરક પત્ર પરિમલ ........ ૨૦/-
૨. શાંતિદાયક પત્રવેલી ........ ૧૨/-
૩. કલ્યાણકારી પત્રમાલા ........ ૧૨/-
૪. પ્રેરણાપત્રોનો સોનેરી પ્રકાશ ........ ૧૫/-
૫. તાત્વિક પત્રવેલી ........ ૫૦/-
૬. પૂ. પંન્યાસજી મહારાજના પ્રવચનો ........ ૧૨૦/-

## નવકારનો જાપ-સામાયિક પૂજા તથા ગુરુવંદનની ગણના કરવા માટેના પુસ્તકો

૧. નવ લાખ જપતાં નરક નિવારે ........ ૪/-
૨. વર્ધમાન સામાયિક ........ ૪/-
૩. વંદના પાપ નિકંદના ........ ૭/-
૪. સિદ્ધિદાયક સહસ્રકુટ સામાયિક ........ ૬/-
૫. પ્રભુ સાથે પ્રીત (સ્તવનાવલી) ........ ૫/-
૬. ભક્તી-ભાવના (સ્તવનાવલી) ........ ૭૦/-
૭. કલાકની કરામત ........ ૪/-

# વિષયાનુક્રમ


| ક્રમ | વિષય | પેજ નંબર |
|---|---|---|
| (૧) | મંગળને અભિધેય | ૨૯ |
| (૨) | નવકાર મંત્રનું માહાત્મ્ય | ૨૯ |
| (૩) | શત્રુંજય તીર્થનાં મુખ્ય ૨૧ નામો | ૩૧ |
| (૪) | તિર્યગ્જૃંભક દેવોને રહેવાનાં સ્થાનો વિગેરે | ૩૨ |
| (૫) | ઉત્તરવૈક્રિય શરીરનું ઉત્કૃષ્ટ માન તથા સ્થિતિ | ૩૩ |
| (૬) | દેવોના ભોગ્ય પદાર્થો શેનાં હોય છે ? | ૩૩ |
| (૭) | એક રાજનું પ્રમાણ | ૩૪ |
| (૮) | એક ઇંદ્રની આખી જીંદગીમાં થતી ઇંદ્રાણીઓની સંખ્યા | ૩૪ |
| (૯) | સુઘોષા ઘંટાનું પ્રમાણ | ૩૫ |
| (૧૦) | સંક્રાંતિને આશ્રી દિવસની વૃદ્ધિનું પ્રમાણ | ૩૫ |
| (૧૧) | શ્રી મહાવીરસ્વામી તથા પદ્મનાભસ્વામીનું અંતર | ૩૬ |
| (૧૨) | આવતી ચોવીશીમાં થનાર તીર્થંકરના જીવોના નામ | ૩૬ |
| (૧૩) | વર્તમાન ચોવીશીમાંના તીર્થંકરાદિકનો બત્રીશ કોઠાવાળો યંત્ર કરવાની રીત | ૩૭ |
| (૧૪) | તીર્થંકરોના પિતાઓની ગતિ | ૪૧ |
| (૧૫) | સર્વ તીર્થંકરોના સમવસરણનું પ્રમાણ | ૪૧ |
| (૧૬) | સમવસરણમાં બાર પર્ષદાની સ્થિતિ | ૪૧ |
| (૧૭) | ચોવીશ તીર્થંકરોના કુલ સાધુ તથા સાધ્વીની સંખ્યા | ૪૨ |
| (૧૮) | તીર્થંકરોના ભવની સંખ્યા (સમકિતની પ્રાપ્તિ પછીની) | ૪૨ |
| (૧૯) | શ્રી નેમિનાથ ને રાજિમતીના નવે ભવનાં નામો | ૪૩ |
| (૨૦) | ચોવીશે તીર્થંકરના નિર્વાણનું સ્થાન | ૪૩ |
| (૨૧) | મહાવીર સ્વામીએ નંદન મુનિના ભવમાં કરેલા માસક્ષપણની સંખ્યા | ૪૪ |
| (૨૨) | મહાવીર સ્વામીએ ગર્ભમાં કરેલો અભિગ્રહ | ૪૪ |

(૨૩) મહાવીર સ્વામીએ મરીચિના ભવમાં કરેલો કુળમદ... ૪૪
(૨૪) ભરતચક્રીને આયુધશાળામાં ચક્ર ઉત્પન્ન થયાના તથા ઋષભદેવ સ્વામીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયાના ખબર એક સાથે મળ્યા, તે વખતનો ચક્રીનો વિચાર ........................ ૪૫
(૨૫) ચોવીશે તીર્થંકરોના કેવળજ્ઞાનનાં સ્થાનો ............. ૪૫
(૨૬) બાર ચક્રવર્તીઓનાં નામ ........................... ૪૫
(૨૭) નવ વાસુદેવનાં નામ ................................ ૪૬
(૨૮) નવ બળદેવનાં નામ .................................. ૪૬
(૨૯) નવ પ્રતિવાસુદેવનાં નામ ........................... ૪૬
(૩૦) બાર ચક્રવર્તીની ગતિ ................................ ૪૬
(૩૧) વાસુદેવ અને બળદેવની ગતિ ........................ ૪૭
(૩૨) ચક્રવર્તી અને વાસુદેવની ઉત્પત્તિનો અનુક્રમ.......... ૪૭
(૩૩) ત્રેસઠ શલાકાપુરૂષના મળીને કુલ જીવ, કાયા, પિતા અને માતાની સંખ્યા અને ગતિ... ૪૮
(૩૪) ચક્રીના ચૌદ રત્નોને ઉપજવાનાં સ્થાન વિગેરે ........ ૪૯
(૩૫) ચક્રવર્તીનાં નવ નિધાન ............................. ૪૯
(૩૬) સ્ત્રીજાતિને કઇ કઇ સ્થિતિ પ્રાપ્ત ન થાય ? .......... ૫૦
(૩૭) અભવીને શું શું પ્રાપ્ત ન થાય ? .................... ૫૦
(૩૮) શ્રાવકને વસવા લાયક સ્થાન ......................... ૫૦
(૩૯) શ્રાવકના એકવીશ ગુણ .............................. ૫૦
(૪૦) ગૃહસ્થના નેવ્યાશી ઉત્તર ગુણ ........................ ૫૧
(૪૧) શિષ્યને જ્ઞાન આપવા માટે યોગ્યતા અયોગ્યતાને અંગે ૧૪ દૃષ્ટાંતના નામ ....... ૫૨
(૪૨) સમકિતના સડસઠ બોલ .............................. ૬૪
(૪૩) કુશીલવાનની આચરણા .............................. ૬૬
(૪૪) શીલવંતે તજવાના દોષ .............................. ૬૭
(૪૫) અરિહંત પરમાત્માનો પ્રભાવ ......................... ૬૭
(૪૬) ધર્મીજનનાં ભૂષણ.................................... ૬૭

(૪૭) પાંચમા આરાને અંતે રહેવાનો સંઘ વિગેરે ........... ૬૭
(૪૮) દુષ્પ્રસભ સૂરિનું જ્ઞાન તથા ગતિ વિગેરે ............. ૬૮
(૪૯) પાંચમા આરાના અંતના ભાવ ........................ ૬૮
(૫૦) પાંચમા આરામાં જિનધર્મની સ્થિતિનું કાળમાન ....... ૬૯
(૫૧) જિનધર્મનું માહાત્મ્ય ................................. ૬૯
(૫૨) જાતિભવ્ય જીવો સંબંધી વિચાર ..................... ૬૯
(૫૩) જિનધર્મ પ્રાપ્તિની દુર્લભતા ........................... ૭૦
(૫૪) ક્ષમાની પ્રાધાન્યતા ................................... ૭૦
(૫૫) ધન વિગેરેની પ્રાપ્તિના મૂળ કારણો ................... ૭૦
(૫૬) ધર્મથી સર્વ વસ્તુની પ્રાપ્તિ વિગેરે ..................... ૭૧
(૫૭) પ્રવૃત્તિ કરવાના દશ શુભ સ્થાન ....................... ૭૩
(૫૮) અપૂર્વ વશીકરણ ....................................... ૭૩
(૫૯) ચારે ગતિના ધ્યાનરૂપ કારણ ........................... ૭૩
(૬૦) વિષયનો વિશ્વાસ ન કરવા વિષે ....................... ૭૪
(૬૧) શરીરના રૂપની તરતમતા ............................... ૭૪
(૬૨) મોક્ષ યોગ્ય ૧૦ માર્ગણા ............................... ૭૪
(૬૩) સામાન્ય ઉપદેશ ......................................... ૭૫
(૬૪) બ્રહ્મચર્યની શ્રેષ્ઠતા ...................................... ૭૫
(૬૫) સાધુલિંગ છતાં અવંદ્ય એવા પાંચ ...................... ૭૫
(૬૬) સામાન્ય ઉપદેશ ......................................... ૭૬
(૬૭) ચરણ સીત્તરી ............................................ ૭૬
(૬૮) કરણ સીત્તરી ............................................ ૭૬
(૬૯) દશવિધ યતિધર્મ ......................................... ૭૭
(૭૦) ચાર પ્રકારની પિંડાદિક વિશુદ્ધિ ........................ ૭૭
(૭૧) ત્રણ પ્રકારે ગુપ્તિ ને ચાર પ્રકારનો અભિગ્રહ ......... ૭૭
(૭૨) મુનિ કેવા હોય ? ........................................ ૭૮
(૭૩) આઠે કર્મના બંધની જઘન્ય સ્થિતિ ..................... ૭૮
(૭૪) આઠે કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ............................ ૭૮

(૭૫) તેર કાઠીયાના નામ ........................... ૭૯
(૭૬) મનુષ્ય ભવની દુર્લભતા વિષે દશ દષ્ટાંત ........... ૭૯
(૭૭) ધર્મની પૂર્ણ સામગ્રીનો સંભવ મનુષ્ય ગતિમાં જ છે .. ૮૩
(૭૮) મનુષ્યભવની ઉત્તમતા ........................... ૮૪
(૭૯) મનુષ્યભવની દુર્લભતા ........................... ૮૪
(૮૦) અઢીદ્વીપ પ્રમાણ મનુષ્યક્ષેત્રમાં
કુલ ગર્ભજ - મનુષ્યની સંખ્યા ..................... ૮૪
(૮૧) મનુષ્યને ઉપદેશ ................................ ૮૫
(૮૨) એકેંદ્રિય જીવોને થતી પીડાનું દષ્ટાંત ................ ૮૫
(૮૩) છકાય જીવોનો સંયોગ ........................... ૮૬
(૮૪) જયણાની પ્રાધાન્યતા ............................. ૮૬
(૮૫) અહિંસાની પ્રાધાન્યતા ............................ ૮૬
(૮૬) દાનબુદ્ધિએ હિંસા કરીને દ્રવ્ય મેળવવાની જરૂર નથી . ૮૭
(૮૭) પાંચે સ્થાવર જીવોનું પ્રમાણ........................ ૮૭
(૮૮) અણગળ પાણી પીવાથી થતી અનંતકાયની હિંસા ..... ૮૮
(૮૯) મનુષ્યના દેહમાં જીવોત્પત્તિ ........................ ૮૮
(૯૦) વનસ્પતિ જીવોના ભેદ ........................... ૮૯
(૯૧) જીવોના નિવાસસ્થાન ............................ ૯૦
(૯૨) નિગોદ જીવોનું અનંતાનંતપણું ....................... ૯૦
(૯૩) નિગોદના જીવોને દુઃખ .......................... ૯૧
(૯૪) નિગોદ વિગેરેની સૂક્ષ્મતાનું વર્ણન .................. ૯૧
(૯૫) આ જીવ સર્વ સ્થાને ઉપજેલો ને મરણ પામેલો છે ... ૯૨
(૯૬) એક મુહૂર્તમાં નિગોદ કેટલા ભવ કરે ? ............. ૯૨
(૯૭) સમકિતની ઉત્કૃષ્ટ સ્થિતિ .......................... ૯૨
(૯૮) નરકમાં થતી દશ પ્રકારની વેદના .................. ૯૩
(૯૯) રત્નપ્રભા પૃથ્વીનું સ્થાન.......................... ૯૩
(૧૦૦) ભવનપતિનું તથા નારકીનું વાસસ્થાન................ ૯૪
(૧૦૧) પંદર પરમાધાર્મિકનાં નામ.......................... ૯૪

(૧૦૨) દશ પ્રકારનું સત્ય ........................... ૯૪
(૧૦૩) અસત્ય બોલવાનાં દશ કારણો........................ ૯૫
(૧૦૪) ઉત્સૂત્રરૂપ અસત્ય બોલવાનું ફળ .................... ૯૬
(૧૦૫) સત્યનું માહાત્મ્ય................................ ૯૬
(૧૦૬) ગીતાર્થ કેવું વચન ન બોલે ........................ ૯૬
(૧૦૭) દાન સંબંધી વિચાર................................ ૯૭
(૧૦૮) સજ્જનોએ કેવું બોલવું ? .......................... ૯૭
(૧૦૯) રોષ વખતે કાર્ય ન કરવું .......................... ૯૭
(૧૧૦) શ્રી ઋષભદેવ સ્વામીએ પ્રથમ ભવે કરેલી સમકિત પ્રાપ્તિ ૯૮
(૧૧૧) સમકિતદષ્ટિનાં લિંગ ............................... ૯૮
(૧૧૨) સમ્યગ્દષ્ટિ ને મિથ્યાદષ્ટિની વહેંચણ................ ૯૮
(૧૧૩) મિથ્યાત્વનું અત્યંત માઠું ફળ ........................૧૦૦
(૧૧૪) સુપાત્ર દાનનું ફળ...............................૧૦૦
(૧૧૫) દાનના ભેદ તથા તેનું ફળ..........................૧૦૧
(૧૧૬) મનના વ્યાપારની મુખ્યતા..........................૧૦૧
(૧૧૭) મહાવીર સ્વામીના મુખ્ય દશ શ્રાવકોનાં નામ ......૧૦૨
(૧૧૮) આનંદાદિ શ્રાવકોનાં નિવાસસ્થાન....................૧૦૨
(૧૧૯) દશે શ્રાવકોની સ્ત્રીઓનાં નામ .......................૧૦૩
(૧૨૦) આનંદાદિ શ્રાવકોને ઉપસર્ગ વિગેરે ..................૧૦૩
(૧૨૧) આનંદાદિ શ્રાવકોના ગોકુળની સંખ્યા ...............૧૦૪
(૧૨૨) આનંદાદિ શ્રાવકોના ધનની સંખ્યા ..................૧૦૫
(૧૨૩) આનંદાદિ શ્રાવકોએ ભોગોપભોગ -
પરિમાણ વ્રતમાં કરેલ નિયમ.......................૧૦૫
(૧૨૪) પહેલા આણંદ અને આઠમા
મહાશતકને થયેલ અવધિજ્ઞાનનું પ્રમાણ .............૧૦૬
(૧૨૫) શ્રાવકની અગ્યાર પ્રતિમા ..........................૧૦૭
(૧૨૬) આનંદાદિ શ્રાવકોનું
પ્રતિમાવહન તથા પરલોકગમન .....................૧૦૮

(૧૨૭) આનંદાદિ શ્રાવકો પહેલા દેવલોકમાં
કયા કયા વિમાનમાં ઉપજ્યા છે ? ................૧૦૮
(૧૨૮) સામાયિકમાં વર્જવાના બત્રીશ દોષો પૈકી
પ્રથમ કાયાને લગતા ૧૨ દોષ ....................૧૦૯
(૧૨૯) વચન સંબંધી ૧૦ દોષ ..........................૧૦૯
(૧૩૦) મન સંબંધી ૧૦ દોષ ............................૧૧૦
(૧૩૧) એક પોસહનું ફળ ..............................૧૧૧
(૧૩૨) એક સામાયિકનું ફળ ..........................૧૧૧
(૧૩૩) સામાયિકનું માહાત્મ્ય ..........................૧૧૨
(૧૩૪) અરિહંત શબ્દનો અર્થ............................૧૧૨
(૧૩૫) અર્હત્ શબ્દનો અર્થ..............................૧૧૨
(૧૩૬) અરૂહંત શબ્દનો અર્થ ............................૧૧૩
(૧૩૭) અઢાર દોષરહિત અરિહંતને નમસ્કાર ..............૧૧૩
(૧૩૮) અરિહંતના આઠ પ્રાતિહાર્ય ........................૧૧૪
(૧૩૯) દેવ પરની શ્રદ્ધાની શ્રેષ્ઠતા ........................૧૧૪
(૧૪૦) જિનેશ્વરની આજ્ઞા ન પાળવાથી થતું ફળ ..........૧૧૪
(૧૪૧) સંઘનું લક્ષણ....................................૧૧૫
(૧૪૨) ઈરિયાવહીના મિથ્યાદુષ્કૃતના ભાંગા................૧૧૬
(૧૪૩) કાયોત્સર્ગના ઓગણીશ દોષ........................૧૧૭
(૧૪૪) ગુરૂવંદનામાં લાગતા બત્રીશ દોષ....................૧૧૭
(૧૪૫) વાંદણાના પચીશ આવશ્યક ......................૧૧૯
(૧૪૬) ગુરૂને શિષ્ય કે શ્રાવક દ્વાદશાવર્તવંદને વાંદે
ત્યારે ગુરૂએ કહેવાના છ વચન ....................૧૧૯
(૧૪૭) ગુરૂની તેત્રીશ આશાતના..........................૧૧૯
(૧૪૮) ગુરૂવંદનાનું ફળ ..................................૧૨૧
(૧૪૯) પ્રત્યાખાનના આગારો ............................૧૨૧
(૧૫૦) શ્રાવકની સવા વસો દયા ..........................૧૨૨
(૧૫૧) શ્રાવકનું સવા વસો સત્ય ..........................૧૨૩

(૧૫૨) શ્રાવકને અદત્તાદાન ત્યાગ સવા વસો ............૧૨૩
(૧૫૩) શ્રાવકને બ્રહ્મવ્રતનો સવા વસો ..................૧૨૪
(૧૫૪) શ્રાવકનું પરિગ્રહપ્રમાણ વ્રત સવા વસો ............૧૨૪
(૧૫૫) ઘરદેરાસરમાં ન બેસાડવા યોગ્ય પ્રતિમા ............૧૨૫
(૧૫૬) પાંચ પ્રકારનાં ચૈત્ય ...............................૧૨૫
(૧૫૭) જિનેશ્વરનો નામાદિક ચાર પ્રકારનો નિક્ષેપ ..........૧૨૬
(૧૫૮) જિનચૈત્યમાં તજવાની દશ મોટી આશાતના .........૧૨૬
(૧૫૯) સંપ્રતિ રાજાએ નવા કરાવેલા તથા
જીર્ણોદ્ધાર કરાવેલા ચૈત્યોની સંખ્યા.................૧૨૭
(૧૬૦) સંપ્રતિ રાજાએ ભરાવેલી જિનપ્રતિમાઓની સંખ્યા ...૧૨૭
(૧૬૧) ઋતુ આશ્રી લવણને સચિત્ત થવાનો કાળ ...........૧૨૮
(૧૬૨) સચિત્તના ત્યાગીને ખપતાં ફળો.........................૧૨૮
(૧૬૩) કડાહ વિગય (મીઠાઈ) વિગેરેનો કાળ ...............૧૨૮
(૧૬૪) વિદળ ને દહીંમાં જીવોત્પત્તિ વિષે ..................૧૨૯
(૧૬૫) ગળ્યા વિનાની છાશ બાબત..........................૧૨૯
(૧૬૬) અચિત્ત જળ વિચાર...................................૧૨૯
(૧૬૭) એકવીશ પ્રકારે થતું પ્રાસુક જળ .....................૧૩૦
(૧૬૮) ઉકાળેલા પાણીનો કાળ...............................૧૩૧
(૧૬૯) વગર ચાળેલા લોટને અચિત્ત થવાનો કાળ ..........૧૩૧
(૧૭૦) ઔષધ વિગેરેને અચિત્ત થવાના કારણ...............૧૩૨
(૧૭૧) ગૌતમ તથા સુધર્મા સ્વામીનો નિર્વાણ સમય ........૧૩૨
(૧૭૨) જંબૂસ્વામીના નિર્વાણનો સમય તથા
તે સાથે દશ સ્થાનોનો વિરહ ........................૧૩૨
(૧૭૩) બીજી વસ્તુઓના વિચ્છેદનો સમય ..................૧૩૩
(૧૭૪) ચાર કાળિકાચાર્યનો સમય વિગેરે ...................૧૩૪
(૧૭૫) આગમને પુસ્તકારૂઢ કર્યાનો સમય ..................૧૩૫
(૧૭૬) દિગંબરની ઉત્પત્તિનો સમય .........................૧૩૫
(૧૭૭) બીજીવાર આગમનું પુસ્તકારૂઢપણું...................૧૩૫

(૧૭૮) પૂર્ણિમા તથા અમાવાસ્યાને બદલે
ચૌદશની પાખી કરવાનો સમય ....................૧૩૬
(૧૭૯) શ્રાવકને માટે મુખવસ્ત્રિકા ને ચરવલાની સ્થાપના ....૧૩૬
(૧૮૦) અષ્ટમી તથા પાક્ષિક તિથિનો નિર્ણય................૧૩૭
(૧૮૧) સાઢપોરસી વિગેરેનું માન ..........................૧૩૮
(૧૮૨) પુરિમઢ્ઢનું પ્રમાણ...................................૧૩૯
(૧૮૩) રાત્રિના કાળનું જ્ઞાન ................................૧૩૯
(૧૮૪) પોરસીનું પ્રમાણ .....................................૧૪૦
(૧૮૫) પડિલેહણનો કાળ ....................................૧૪૦
(૧૮૬) ક્ષય તિથિનો સંભવ...................................૧૪૧
(૧૮૭) સ્ત્રીને ગર્ભ ધારણ કરવાનો કાળ ...................૧૪૧
(૧૮૮) સ્ત્રી અને પુરૂષના કામવિકારની હદ................૧૪૧
(૧૮૯) ગર્ભાવાસનું દુઃખ ....................................૧૪૨
(૧૯૦) પ્રસવ વખતે થતું દુઃખ..............................૧૪૨
(૧૯૧) કોણિક અને ચેટક રાજાના યુદ્ધમાં
હણાયેલા મનુષ્યોની સંખ્યા તથા ગતિ .............૧૪૨
(૧૯૨) ચૌદ પૂર્વના નામ .....................................૧૪૩
(૧૯૩) સિદ્ધાંતના એક પદમાં કહેલી શ્લોકની સંખ્યા........૧૪૩
(૧૯૪) મોક્ષગતિનો સરલ માર્ગ..............................૧૪૪
(૧૯૫) ગાથા (આર્યા) છંદનું લક્ષણ.........................૧૪૪
(૧૯૬) ઉત્તરાધ્યયન સૂત્રના છત્રીશ અધ્યયનોનાં નામ .......૧૪૪
(૧૯૭) જ્ઞાનની વૃદ્ધિ કરનારાં નક્ષત્રો........................૧૪૬
(૧૯૮) પીસ્તાલીશ આગમની કુલ ગાથા સંખ્યા .............૧૪૬
(૧૯૯) જ્ઞાન ભણવામાં અપ્રમાદપણું રાખવું.................૧૪૭
(૨૦૦) નકારરૂપે ઉપદેશ.....................................૧૪૭
(૨૦૧) આ ચાર પદાર્થ દુર્જય છે ............................૧૪૭
(૨૦૨) પાંચ સમિતિનું પાલન................................૧૪૮
(૨૦૩) નકારમાં ઉપદેશ .....................................૧૪૮

(૨૦૪) પાંચ કારણ વડે જ કાર્ય બને
એવી માન્યતા સમકિતીને હોય ....................૧૪૮
(૨૦૫) પાંચે ઇંદ્રિયોની અનર્થતા ....................૧૪૯
(૨૦૬) પાંચે પ્રમાદની અનર્થતા ....................૧૪૯
(૨૦૭) ધર્માદિક નહીં માનનારને કરવા યોગ્ય શિક્ષા ........૧૪૯
(૨૦૮) ભયના સાત સ્થાન ....................૧૪૯
(૨૦૯) સાધુની સાત માંડલી ....................૧૫૦
(૨૧૦) આઠ અભવ્યનાં નામ ....................૧૫૦
(૨૧૧) અષ્ટમંગળનાં નામ ....................૧૫૧
(૨૧૨) શ્રાવકનું કર્તવ્ય ....................૧૫૧
(૨૧૩) શ્રાવકના દ્રવ્યનો સદુપયોગ ....................૧૫૧
(૨૧૪) દશ પ્રકારના પુણ્યક્ષેત્રનાં નામ ....................૧૫૨
(૨૧૫) વર્જવા યોગ્ય નવ નિયાણાં ....................૧૫૨
(૨૧૬) દશ પ્રકારના કલ્પવૃક્ષ ....................૧૫૨
(૨૧૭) અરિહંતાદિક દશની વૈયાવચ્ચ ....................૧૫૩
(૨૧૮) બ્રહ્મચર્યની નવ વાડ ....................૧૫૩
(૨૧૯) ચોથા વ્રતના ભંગનું પ્રાયશ્ચિત ....................૧૫૪
(૨૨૦) મુનિમહારાજની બાર પ્રતિમાઓ ....................૧૫૪
(૨૨૧) બાર પ્રકારનો તપ ....................૧૫૫
(૨૨૨) બાર ભાવનાઓ ....................૧૫૫
(૨૨૩) તેર પ્રકારની અશુભ ક્રિયા ....................૧૫૬
(૨૨૪) વિષયાંધ સ્ત્રીઓની દુષ્ટતાનું પરિણામ ....................૧૫૬
(૨૨૫) પ્રદેશી રાજાએ કેશી ગણધરને કરેલા દશ પ્રશ્નો ....૧૫૬
(૨૨૬) સાધુને ચાતુર્માસ રહેવા યોગ્ય ક્ષેત્ર ....................૧૬૧
(૨૨૭) ચૌદ પ્રકારની આભ્યંતર ગ્રંથિ (પરિગ્રહ) ..........૧૬૨
(૨૨૮) નવ પ્રકારનો બાહ્ય પરિગ્રહ ....................૧૬૨
(૨૨૯) સિદ્ધના એકત્રીશ ગુણ ....................૧૬૩
(૨૩૦) સિદ્ધના પંદર ભેદ ....................૧૬૩

(૨૩૧) પંચપરમેષ્ઠીના ગુણોની સંખ્યા ....................૧૬૫
(૨૩૨) દીક્ષાને અયોગ્ય પુરૂષાદિકના પ્રકારની સંખ્યા........૧૬૫
(૨૩૩) દશ સંજ્ઞા ..........................................૧૬૬
(૨૩૪) વનસ્પતિકાયમાં જણાતી દશે સંજ્ઞા .................૧૬૬
(૨૩૫) સત્તર પ્રકારે અસંયમ ..............................૧૬૭
(૨૩૬) સત્તર પ્રકારે સંયમ ................................૧૬૮
(૨૩૭) અઢાર ભાવરાશિ ....................................૧૬૮
(૨૩૮) તીર્થંકર નામકર્મ બાંધવાનાં વીશ સ્થાનો............૧૬૯
(૨૩૯) કયા તીર્થંકરે કેટલાં સ્થાનો આરાધ્યાં હતાં ? ........૧૭૦
(૨૪૦) વીશ પ્રકારનો અવિનય ..............................૧૭૦
(૨૪૧) ચોવીશ દંડક ........................................૧૭૧
(૨૪૨) મુહપત્તીની પડિલેહણાના પચીશ તથા
કાયાની પડિલેહણાના પચીશ કુલ પચાસ બોલ ......૧૭૧
(૨૪૩) જિનકલ્પીની બાર પ્રકારની ઉપધિ ...................૧૭૨
(૨૪૪) પાંચમા આરામાં મનુષ્યાદિકનું ઉત્કૃષ્ટ આયુષ્ય .......૧૭૩
(૨૪૫) મનુષ્યાદિકનું જઘન્ય આયુષ્ય .......................૧૭૩
(૨૪૬) અઠ્ઠાવીશ લબ્ધિઓના નામ ..........................૧૭૪
(૨૪૭) અરિહંતના સમયમાં શું શું વિશેષ હોય ? ..........૧૭૭
(૨૪૮) ચૌદ ગુણસ્થાનનાં નામ..............................૧૭૮
(૨૪૯) એકેંદ્રિયમાં ગયા પછી દેવોને થતું દુઃખ ............૧૭૮
(૨૫૦) વનસ્પતિનું અચિત્તપણું ક્યારે થાય છે ?...........૧૭૮
(૨૫૧) પાંચ પ્રકારના ચારિત્રના નામ ......................૧૭૯
(૨૫૨) નપુંસક સંબંધી ......................................૧૭૯
(૨૫૩) નપુંસકનાં લક્ષણ....................................૧૭૯
(૨૫૪) ગળીવાળા વસ્ત્રના સંગથી થતી જીવોત્પત્તિ ..........૧૮૦
(૨૫૫) અભવ્ય જીવોને ન પ્રાપ્ત થાય તેવા સ્થાનો ..........૧૮૦
(૨૫૬) સાત કુલકરનાં નામ ................................૧૮૧
(૨૫૭) સાત કુલકરની પત્નીઓનાં નામ.....................૧૮૧

(૨૫૮) દ્વિદલ (વિદળ)નું લક્ષણ...........................૧૮૧
(૨૫૯) મહાવિદેહ ક્ષેત્રના સાધુના આહારનું માન...........૧૮૨
(૨૬૦) મહાવિદેહના સાધુઓના મુખનું તથા પાત્રનું પ્રમાણ .૧૮૨
(૨૬૧) મહાવિદેહના સાધુની મુખવસ્ત્રિકાનું પ્રમાણ ..........૧૮૨
(૨૬૨) સંગ્રહી રાખેલા ધાન્યની યોનિનો કાળ ..............૧૮૩
(૨૬૩) સાધ્વીના પચીશ ઉપકરણ.........................૧૮૪
(૨૬૪) તિર્યંચ અને મનુષ્યની સ્ત્રીના ગર્ભની ઉત્કૃષ્ટ સ્થિતિ .૧૮૬
(૨૬૫) દાન દેવાના દશ પ્રકાર (કારણ) ...................૧૮૭
(૨૬૬) ઉચ્ચાર વિગેરે પરઠવવાની ભૂમિ..................૧૮૭
(૨૬૭) તૃણ પંચક.......................................૧૮૮
(૨૬૮) ચર્મ પંચક.......................................૧૮૮
(૨૬૯) સાધુનાં સત્તાવીશ ગુણો ...........................૧૮૯
(૨૭૦) અષ્ટાંગ નિમિત્તાદિક ઓગણત્રીશ પ્રકારનું પાપશ્રુત...૧૯૦
(૨૭૧) આ અવસર્પિણીમાં થયેલા દશ અચ્છેરા (આશ્ચર્ય) ...૧૯૦
(૨૭૨) સંમૂર્છિમ પંચેંદ્રિય મનુષ્યની ઉત્પત્તિનાં ચૌદ સ્થાનો .૧૯૨
(૨૭૩) પંદર યોગના નામ................................૧૯૨
(૨૭૪) બાર ઉપયોગ.....................................૧૯૩
(૨૭૫) બાવીશ અભક્ષ્ય ..................................૧૯૩
(૨૭૬) બત્રીશ અનંતકાય.................................૧૯૪
(૨૭૭) અનંતકાયનું તથા પ્રત્યેક વનસ્પતિનું લક્ષણ..........૧૯૫
(૨૭૮) રાત્રિભોજનનો દોષ ...............................૧૯૬
(૨૭૯) પાંચ પ્રકારના શરીર...............................૧૯૭
(૨૮૦) દાન ધર્મની પ્રશંસા ...............................૧૯૮
(૨૮૧) જીવ અને કર્મનું અલગ અલગ બળવાનપણું .......૧૯૯
(૨૮૨) સુપાત્રદાનનું માહાત્મ્ય ...........................૧૯૯
(૨૮૩) સુપાત્રને અયોગ્ય દાન આપવાનું માઠું ફળ ........૨૦૦
(૨૮૪) ધર્મના અર્થી તથા તેના દાતારની અલ્પતા...........૨૦૦
(૨૮૫) જૈન ધર્મ સિવાય અન્યત્ર મોક્ષ નથી ...............૨૦૧
(૨૮૬) જગતને કોણ શોભાવે છે ?........................૨૦૧

(૨૮૭) સજ્જનનો સ્વભાવ ....................૨૦૨
(૨૮૮) સજ્જનની સમૃદ્ધિ સર્વને સામાન્ય હોય ............૨૦૨
(૨૮૯) સર્વોત્કૃષ્ટ સારભૂત વસ્તુઓ ....................૨૦૨
(૨૯૦) કોનો જન્મ નિષ્ફળ છે ? ....................૨૦૩
(૨૯૧) ઉત્તમ મનુષ્ય કેવા હોય ? ....................૨૦૩
(૨૯૨) આદરવા યોગ્ય અને ત્યાગ કરવા લાયક
૭-૭ વસ્તુઓ ....................૨૦૩
(૨૯૩) શ્રાવકના મુખ્ય સાત ગુણ ....................૨૦૫
(૨૯૪) નવ ગ્રૈવેયકનાં નામ ....................૨૦૬
(૨૯૫) પાંચ સુમેરૂનાં નામ ....................૨૦૬
(૨૯૬) એક રાજલોકનું પ્રમાણ ....................૨૦૬
(૨૯૭) ચોવીશે તીર્થંકરોના સમવસરણમાં રહેલા
અશોકવૃક્ષનું પ્રમાણ ....................૨૦૭
(૨૯૮) પાંચ પ્રકારનું મિથ્યાત્વ ....................૨૦૭
(૨૯૯) પાંચ પ્રકારનું સમકિત ....................૨૦૯
(૩૦૦) ક્ષમાશ્રમણ નામની સાર્થકતા ને નિરર્થકતા ..........૨૧૦
(૩૦૧) મૃત્યુનો નિગ્રહ કોઈથી થતો નથી ....................૨૧૦
(૩૦૨) એકત્વ ભાવના ....................૨૧૦
(૩૦૩) જૈન ધર્મની ઉત્તમતા ....................૨૧૧
(૩૦૪) આ સંસારમાં દુર્લભ પદાર્થો ....................૨૧૧
(૩૦૫) સર્વ જીવોનો સામાન્ય સ્વભાવ ....................૨૧૨
(૩૦૬) હિંસાનો પ્રતિકાર - તેનું નિવારણ મુશ્કેલ છે ........૨૧૨
(૩૦૭) જીવદયાનું માહાત્મ્ય ....................૨૧૨
(૩૦૮) જીવનું સામાન્ય લક્ષણ ....................૨૧૩
(૩૦૯) પૃથ્વીકાય જીવોના શરીરની સૂક્ષ્મતા ....................૨૧૩
(૩૧૦) બીજા એકેંદ્રિયોનાં શરીરની સૂક્ષ્મતા ....................૨૧૩
(૩૧૧) નિગોદના જીવોનું સ્વરૂપ ....................૨૧૪
(૩૧૨) સમ્યકત્વનું માહાત્મ્ય - સમકિતીની ગતિ વિગેરે ....૨૧૪
(૩૧૩) મિથ્યાત્વી અને નિન્હવોનું સ્વરૂપ ....................૨૧૫

(૩૧૪) પાંચ પ્રકારના દાનનું સ્વરૂપ ....................૨૧૫
(૩૧૫) ઉપવાસને બદલે કરી શકાતા બીજા પચ્ચખ્ખાણો ....૨૧૭
(૩૧૬) ગ્રંથિસહિત (ગંઠશી)ના પ્રત્યાખ્યાનનું ફળ..........૨૧૭
(૩૧૭) શત્રુંજય તીર્થના સ્મરણપૂર્વક તે તીર્થે કરાતા
તપનું ફળ....................................૨૧૮
(૩૧૮) તપથી ખપતા કર્મોનું પ્રમાણ ......................૨૧૮
(૩૧૯) સાધુને કલ્પનીય જળ ..............................૨૧૯
(૩૨૦) શ્રી સીમંધર સ્વામીના
જન્માદિકનો કાળ તથા જન્મસ્થાન ..................૨૧૯
(૩૨૧) સાડાબાર કરોડ સુવર્ણના તોલનું પ્રમાણ............૨૨૦
(૩૨૨) સાધુને લેવાના આહારમાં ટાળવાના ૪૭ દોષ.......૨૨૦
(૩૨૩) ક્રોધ, માન, માયા અને લોભપિંડના ઉદાહરણો......૨૨૫
(૩૨૪) સાત સમુદ્ઘાતનાં નામ ..........................૨૨૯
(૩૨૫) પાપની આલોચના ...............................૨૨૯
(૩૨૬) અઢાર પાપસ્થાનના નામ.........................૨૨૯
(૩૨૭) ઉત્કૃષ્ટ ને જઘન્યકાળે થતા
તીર્થંકરોની સંખ્યા તથા જન્મ સંખ્યા ...............૨૩૦
(૩૨૮) વીશ વિહરમાન તીર્થંકરોના લાંછન .................૨૩૧
(૩૨૯) અભવ્ય જીવોને અસંભવિત (અપ્રાપ્ત) સ્થાનો .......૨૩૧
(૩૩૦) નરકાદિ ગતિમાં જનારા જીવોનાં લક્ષણ.............૨૩૨
(૩૩૧) છ લેશ્યાવાળા જીવોના દૃષ્ટાંતો ....................૨૩૪
(૩૩૨) મોક્ષનો માર્ગ ....................................૨૩૬
(૩૩૩) શ્રાવકનું કર્તવ્ય ..................................૨૩૬
(૩૩૪) પ્રચાર કરવા યોગ્ય પાંચ પ્રકાર ...................૨૩૬
(૩૩૫) બાર ચક્રવર્તીના શરીરનું માન .....................૨૩૭
(૩૩૬) કર્તાનું નામ-સ્થાન-ગુરૂનું નામ વિગેરે ...............૨૩૭
અનેક મંત્રગર્ભિત પરમપ્રભાવી
શ્રી પાર્શ્વનાથ સ્તુતિ સંયુક્ત ઉપસર્ગહર સ્તોત્ર.......૨૩૯

❖ ❖ ❖

# જે જે વિષયમાં
# વધારે વિસ્તાર કરેલ છે તેની વિગત


નંબર વિષય

૧૩ વર્તમાન ચોવીશીના તીર્થંકરો, ચક્રવર્તી, વાસુદેવ, તીર્થંકરના શરીરનું માન ને આયુષ્યનું પ્રમાણ-યંત્ર સાથે આપ્યું છે.

૨૧ મહાવીરસ્વામીએ નંદન ઋષિના ભવમાં કરેલ એક લાખ વર્ષ પર્યંત માસખમણનો મેળ મેળવેલો છે.

૪૧ શિષ્યને જ્ઞાન આપવા માટેની યોગ્યતા અયોગ્યતાને આશ્રીને ૧૪ દૃષ્ટાંતો શ્રીનંદીસૂત્રની ટીકામાંથી લઈને ૧૨ પૃષ્ટમાં વિસ્તાર સાથે આપેલો છે.

૪૨ સમકિતના ૬૭ બોલ વિસ્તારથી આપ્યા છે.

૫૬ ધર્મથી સર્વ વસ્તુની પ્રાપ્તિ થાય છે. ઈત્યાદિ હકીકતવાળી નવ ગાથાઓ ખાસ ધ્યાન આપવા લાયક છે.

૭૬ મનુષ્યજન્મની દુર્લભતા સૂચવનારા ૧૦ દૃષ્ટાંતો વિસ્તાર સાથે આપેલા છે. તેમાં ૪ પૃષ્ટ રોક્યા છે.

૮૦ અઢીદ્વીપ પ્રમાણ મનુષ્યક્ષેત્રમાં ગર્ભજ મનુષ્યની ઉત્કૃષ્ટ સંખ્યા કેટલી હોય છે, તેની ૪ ગાથા અર્થ સાથે બતાવેલ છે.

૮૯ મનુષ્યના શરીરમાં એકેંદ્રિયથી પંચેંદ્રિય સુધી સર્વ જીવોની ઉત્પત્તિ બતાવી છે. તેમાં કેટલીક વાત સંદિગ્ધ છે.

૧૧૨ સમકિતદૃષ્ટિ ને મિથ્યાદૃષ્ટિની વહેંચણ - તેના આઠ પ્રકાર - સારી સમજણ સાથે બતાવેલા છે.

૧૨૦ આનંદાદિ દશે શ્રાવકોને થયેલા ઉપસર્ગો વિગેરેની હકીકત સારી રીતે આપવામાં આવેલ છે.

૧૨૫ શ્રાવકની (૧૧) પ્રતિમાનું વર્ણન સારી રીતે આપેલું છે.

૧૩૧-૧૩૨ એક સામાયિક ને એક પૌષધનું દેવગતિનું આયુષ્ય બાંધવારૂપ જે ફળ કહ્યું છે, તે યુક્તિપૂર્વક ઘટાવીને મેળવી આપેલ છે.

૧૪૨ ઈર્યાવહીના મિથ્યાદુષ્કૃતની સંખ્યા (૫૬૩) જીવભેદોથી માંડીને છ સાક્ષી સુધીના ગુણાકારથી મેળવી આપેલ છે.

૧૫૧-૧૫૪ શ્રાવકના પાંચે અણુવ્રત મુનિરાજના પાંચ મહાવ્રત સાથે સરખાવી મુનિના વીશ વસા ઠરાવીને શ્રાવકના સવા વસા પ્રમાણે ઘટાવેલા છે. આ ઘટના ખાસ લક્ષ આપવા યોગ્ય છે.

૨૨૫ પરદેશી રાજાએ કેશી ગણધરને કરેલા દશ પ્રશ્નો અને તેના કેશી ગણધરે આપેલા ઉત્તરો બહુ સારી રીતે સમજી શકાય તેમ શ્રીરાયપસેણીની ટીકામાંથી લઈને આપેલા છે.

૨૪૬ અઠ્ઠાવીશ લબ્ધિઓના નામો આપી તે સારી રીતે વિસ્તારથી સમજાવેલ છે.

૨૬૨ સંગ્રહી રાખેલા ધાન્યની યોનિનો કાળ ઓછોવત્તો સપ્રમાણ બતાવ્યો છે. તેની નવ ગાથાઓ છે.

૨૬૩ સાધ્વીજીના ૨૫ ઉપકરણો વિસ્તારથી સમજાવ્યા છે.

૨૯૮ પાંચ પ્રકારના સમકિત સારી રીતે સમજાવેલ છે.

૨૯૯ પાંચ પ્રકારના મિથ્યાત્વ સારી રીતે સમજાવેલ છે.

૩૧૪ પાંચ પ્રકારના દાન જુદી જુદી પાંચ ગાથાથી બતાવ્યા છે.

૩૨૨ સાધુને લેવાના આહાર સંબંધી ૪૭ દોષ બહુ વિસ્તારથી આપેલા છે. તેમાં પાંચ પાના રોક્યા છે.

૩૨૩ ક્રોધ, માન, માયા ને લોભપિંડ ઉપર ચારે ઉદાહરણો આપ્યા છે, તે ખાસ વાંચવા લાયક છે.

૩૨૭ ઉત્કૃષ્ટ કાળે ને જઘન્યકાળે વિચરતા તીર્થંકરોની સંખ્યા અને તે કાળે થતા તીર્થંકરોના જન્મની સંખ્યા સારી રીતે બતાવવામાં આવેલ છે.

૩૩૦ નરકાદિ ચારે ગતિમાં જનારા મનુષ્યોના લક્ષણ સારી રીતે બતાવ્યા છે, તે વાંચીને ધ્યાનમાં રાખલા લાયક છે.

૩૩૧ છ લેશ્યાવાળા જીવોની ઓળખાણ કરાવનાર જંબૂવૃક્ષના ફળ ખાનારનું ને લુંટવા આવનાર ચોરોનું દૃષ્ટાંત સારી રીતે આપવામાં આવેલ છે.

❖ ❖ ❖

# विचारणीय स्थळो

- વિષય ૭ માં ને ૧૯૬ માં રાજલોકનું પ્રમાણ કહેલ છે તે.
- વિ. ૧૫ માં ચોવીશે પ્રભુના સમવસરણનું પ્રમાણ કહેલ છે તે.
- વિ. ૫૦ માં પાંચમા આરામાં ધર્મનું કાળમાન કહ્યું છે તે.
- વિ. ૮૯ માં મનુષ્ય શરીરમાં એકેંદ્રિયથી પંચેંદ્રિય સુધીના જીવોની ઉત્પત્તિ કહી છે તે.
- વિ. ૧૦૦ મા ભુવનપતિ ને નારકીનું વાસસ્થાન કહેલ છે તે.
- વિ. ૧૭૮-૭૯-૮૦ ની ગાથાઓ ૯ વિધિપક્ષ ગચ્છની માન્યતાની છે તે.
- વિ. ૨૧૦ માં આઠ અભવ્ય પ્રસિદ્ધિમાં આવેલ કહ્યા છે તે.
- વિ. ૨૧૪ માં પુણ્યક્ષેત્ર દશ પ્રકારના કહ્યા છે તે.
- વિ. ૨૫૨ માં નપુંસક સંબંધી ગાથાનો અર્થ બેઠો નથી તે.
- વિ. ૨૭૨ માં સંમૂર્છિમ મનુષ્યની ઉત્પત્તિના સ્થાનો કહ્યા છે તે.
- વિ. ૨૭૮ માં રાત્રિભોજનનો અપાર દોષ કહેલ છે તે.

❖ ❖ ❖

# श्री रत्नसंचय प्रकरणम्

## (અર્થ સહિત)

### (૧) મંગળને અભિધેય

**नमिऊण जिणं वीरं, उवयारट्ठा गुरुं च सीसं च ।**
**सिद्धांतसारगाहा, भणामि जे रयणसारिच्छा ॥ १ ॥**

**અર્થ :** શ્રી વીરજિનને નમસ્કાર કરી ગુરૂ અને શિષ્યના ઉપકારને માટે સિદ્ધાંતની સારભૂત રત્ન સરખી ગાથાઓને હું કહું છું[1]. (૧)

### (૨) નવકાર મંત્રનું માહાત્મ્ય

**नवकारइक्कअक्खर, पावं फेडेइ सत्त अयराइं ।**
**पन्नासं च पएणं, सागरपणसय समग्गेणं ॥ २ ॥**

**અર્થ :** નવકાર મંત્રનો એક અક્ષર ગણવાથી સાત સાગરોપમનાં પાપ દૂર થાય છે, એક પદ-શબ્દ ગણવાથી પચાસ સાગરોપમનાં પાપ નાશ પામે છે અને સમગ્ર-આખો મંત્ર ગણવાથી પાંચસો સાગરોપમનું પાપ નષ્ટ થાય છે. અર્થાત્ એટલા સાગરોપમ સુધી નરકતિર્યંચાદિ ગતિમાં પાપ ભોગવતાં જેટલાં પાપ નષ્ટ થાય તેટલા એક અક્ષર વિગેરેથી ક્ષય પામે છે. (૨)

**जो गुणइ लक्खमेगं, पूएइ विहीए जिणनमुक्कारं ।**
**तित्थयरनामगोअं, सो पावइ सासयं ठाणं ॥ ३ ॥**

**અર્થ :** જે પ્રાણી આ જિનેશ્વરના (પંચપરમેષ્ઠિના) નવકાર મંત્રને

---

૧ આ ગ્રંથ અથવા પ્રકરણમાં જુદા જુદા સિદ્ધાંતોમાંથી સારભૂત ગાથાઓ લઈને સંગ્રહ કર્યો છે. તે ગાથાઓ રત્ન જેવી હોવાથી આનું નામ રત્નસંચય રાખ્યું છે.

એક લાખ વાર ગણે - એ મંત્રનો લક્ષ જાપ કરે, તથા વિધિથી તેની પૂજા કરે, તે પ્રાણી તીર્થંકર નામગોત્રકર્મ ઉપાર્જન કરી અંતે શાશ્વત સ્થાન (મોક્ષ)ને પામે છે. આ તેનું ઉત્કૃષ્ટ ફળ છે. (૩)

**अट्ठेव य अट्ठ सया, अट्ठ सहस्सं च अट्ठ कोडीओ ।**
**जो गुणइ नमुक्कारं, सो तइयभवे लहइ मुक्खं ॥ ४ ॥**

**અર્થ :** જે મનુષ્ય આઠ કરોડ આઠ હજાર આઠસો ને આઠ વાર આ નવકાર મંત્રને ગણે (જાપ કરે) તે ત્રીજે ભવે મોક્ષને પામે છે. (ઉપરની ગાથા સાથે આ ગાથાનો વિરોધ નથી. કારણ કે તેમાં જુદી રીતે ફળ બતાવ્યું છે. આમાં જુદી રીતે બતાવ્યું છે.) (૪)

**जं छम्मासिय-वरिसिय,-तवेण विव्वेण जिज्झए पावं ।**
**नवकार अणाणुपुव्वी, गुणणेण तह खणद्धेण ॥ ५ ॥**

**અર્થ :** છ માસના અને બાર માસના તીવ્ર તપ વડે જે પાપ ક્ષીણ થાય છે, તે પાપ આ નવકાર મંત્રને અનાનુપૂર્વીએ ગુણવાથી અર્ધ ક્ષણ વડે ક્ષીણ થાય છે. (અનાનુપૂર્વી છાપેલી તેમજ કપડા પર લખેલી હોય છે, તે ગણવામાં ચિત્તની એકાગ્રતા થાય છે, તેથી તેનું ફળ વિશેષ થાય છે.) (૫)

**वाहिजलजलणतक्कर,-हरिकरिसंगामविसहरभयाइं ।**
**नासंति तक्खणेणं, जिणनवकारप्पभावेणं ॥ ६ ॥**

**અર્થ :** જિનેશ્વરના નવકાર મંત્રના પ્રભાવ વડે વ્યાધિ, જળ, અગ્નિ, ચોર, સિંહ, હાથી, સંગ્રામ અને સર્પ વિગેરેથી ઉત્પન્ન થતા ભયો તત્કાળ નાશ પામે છે. (૬)

**जिणसासणस्स सारो, चउद्दसपुव्वाण जो समुद्धारो ।**
**जस्स मणे नवकारो, संसारो तस्स किं कुणई ॥ ७ ॥**

**અર્થ :** જિનશાસનના સારભૂત અને ચૌદપૂર્વમાંથી ઉદ્ધરેલો નવકાર મંત્ર જેના હૃદયમાં હોય, તે પુરૂષને સંસાર શું કરી શકે ? કાંઇ

પણ દુઃખ આપી શકે નહીં. (નવકાર શબ્દ નમસ્કારનો અપભ્રંશ સમજવો.) (૭)

**एसो मंगलनिलओ, भयविलओ सयलसंघसुहजणओ ।**
**नवकार परममंतो, चिंतिअमित्तं सुहं देई ॥ ८ ॥**

**અર્થ :** આ શ્રેષ્ઠ નવકાર મંત્ર મંગળનું સ્થાન છે, ભયનો નાશ કરનાર છે, સકળ સંઘને સુખ ઉત્પન્ન કરનાર છે અને મન ઇચ્છિત સુખને આપનાર છે. (૮)

**अप्पुव्वो कप्पतरू, चिंतामणिकामकुंभकामगवी ।**
**जो झायई सयलकालं, सो पावइ सिवसुहं विउलं ॥ ९ ॥**

**અર્થ :** આ નવકાર મંત્ર અપૂર્વ કલ્પતરૂ, ચિંતામણિ રત્ન, કામઘટ અને કામધેનુ તુલ્ય છે, તેનું જે પ્રાણી સદાકાળ ધ્યાન કરે છે તે વિપુલ એવું મોક્ષસુખ પામે છે. (૯)

**पंचनमुक्कारमंतं, अंते सुच्चंति वसणपत्ताणं ।**
**सो जइ न जाइ मुक्खं, अवस्स वेमाणिओ होइ ॥ १० ॥**

**અર્થ :** અંત સમયે (આયુષ્યને છેડે) વ્યસન (કષ્ટ)ને પામેલો જે કોઈ પણ પ્રાણી આ નવકારમંત્રને બોલી ન શકે, માત્ર સાંભળે તો પણ તે પ્રાણી કદાચ મોક્ષ ન પામે તો વૈમાનિક દેવ અવશ્ય થાય છે. આમાં ભાવની વિશુદ્ધિની-તન્મયતાની વિશેષતા સમજવી. (૧૦)

## (૩) શત્રુંજય તીર્થનાં મુખ્ય ૨૧ નામો

**विमलगिरि मुत्तिनिलओ, सत्तुंजो सिद्धिखित्त पुंडरीओ ।**
**हरिसिद्धसिहरो सिद्धि-पव्वओ सिद्धराओ अ ॥ ११ ॥**

**बाहुबली मरुदेवो, भगीरहो तह सहस्ससंजुत्तो ।**
**कूडसयअट्ठुत्तर, नगाहिराओ सहस्सकमलो ॥ १२ ॥**

ढिंको कोडिनिवासो, लोहिच्च तालज्झओ कयंबो य ।
सुरनरमुणिकयनामो, सो विमलगिरी जयउ तित्थं ॥ १३ ॥

**અર્થ :** વિમળગિરિ ૧, મુક્તિનિલય ૨, શત્રુંજય ૩, સિદ્ધક્ષેત્ર ૪, પુંડરીકગિરિ ૫, [1]હરિસિદ્ધશિખર ૬-૭, સિદ્ધિપર્વત (સિદ્ધાચળ) ૮, સિદ્ધરાજ ૯, બાહુબલી ૧૦, મરૂદેવ ૧૧, ભગીરથ ૧૨, સહસ્રસંયુક્ત ૧૩, અષ્ટોત્તર શતકૂટ[2] ૧૪, નગાધિરાજ ૧૫, સહસ્રકમળ ૧૬, ઢીંક (ઢંક) ૧૭, કોટિનિવાસ ૧૮, લોહિત્ય ૧૯, તાલધ્વજ ૨૦ અને કદંબ ૨૧ આ સર્વ શત્રુંજય પર્વતનાં નામો દેવ, મનુષ્ય અને મુનિઓએ કરેલાં છે, (પાડેલાં છે) તે વિમલગિરિ તીર્થ જયવંત વર્તો ૧૧-૧૨-૧૩[3]

## (૪) તિર્યગ્જૃંભક દેવોને રહેવાનાં સ્થાનો વિગેરે

कंचणगिरिपव्वएसु, चित्तविचित्ते अ जमगसेलेसु ।
एएहिं ठाणेहिं, वसंति तिरिजंभगा देवा ॥ १४ ॥

**અર્થ :** કાંચનગિરિ પર્વત, ચિત્ર વિચિત્ર પર્વત અને જમક સમક નામના પર્વત - એ સર્વ સ્થાનોમાં તિર્યગજાૃંભક દેવો વસે છે. (દેવકુરૂ-ઉત્તરકુરૂમાં કંચનગિરિ સો સો હોય છે. તેથી અઢીદ્વીપમાં મળીને ૧૦૦૦ કંચનગિરિ છે. ચિત્ર વિચિત્ર ને જમક સમક અઢીદ્વીપમાં મળીને ૨૦ છે. તદુપરાંત ૧૭૦ દીર્ઘ વૈતાઢ્ય ઉપર પણ તેમની બે બે શ્રેણી છે.) (૧૪)

## તે દેવોના અવધિજ્ઞાનનો વિષય

पुव्वभवा सो पिच्छई, एकं दो तिन्नि जाव नव य भवा ।
उवरिं तस्स अवस्स उ, सुहभावो जाइसरणस्स ॥ १५ ॥

---

૧ આમાં બે નામનો સમાવેશ થાય છે.

૨ એકસો આઠ શિખરવાળો.

૩ બીજે બતાવેલા ૨૧ નામોમાં ઉજ્જયંતગિરિ (રેવતગિરિ), પુણ્યરાશિ, મહાબળ અને દઢશક્તિ નામ છે, તે આમાં નથી અને હરિસિદ્ધશિખર સહસ્ર સંયુક્ત ને નગાધિરાજ તેમાં નથી.

અર્થ : (અવધિજ્ઞાન અલ્પ હોવાથી) તિર્યગ્જૃંભક દેવો પોતાના એક, બે, ત્રણ યાવત્ નવ પૂર્વભવો જુએ છે (જોઈ શકે છે). તે ઉપરાંત જો વધારે જુએ તો જાતિસ્મરણનો શુભભાવ સમજવો. (શ્રી આચારાંગ સૂત્રના પહેલા શ્રુતસ્કંધના પહેલા અધ્યયનના પહેલા ઉદ્દેશામાં 'જાતિસ્મરણી સંખ્યાતા ભવ દેખે' એમ કહ્યું છે.) (૧૫)

## (૫) ઉત્તરવૈક્રિય શરીરનું ઉત્કૃષ્ટ માન તથા સ્થિતિ

**देव नर अहिअ लक्खं, तिरियाणं नव य जोयणसयाइं ।**
**दुगुणं तु नारयाणं, भणिअं वेउव्वियसरीरं ॥ १६ ॥**

અર્થ : દેવ અને મનુષ્યનું ઉત્કૃષ્ટ વૈક્રિય શરીર લાખ યોજનથી અધિક હોય છે, (તેઓ ઉત્કૃષ્ટથી એટલું શરીર વિકુર્વી શકે છે.) તિર્યંચોનું ઉત્કૃષ્ટ વૈક્રિય શરીર નવસો યોજનનું હોય છે અને નારકીઓનું ઉત્કૃષ્ટ વૈક્રિય શરીર પોતપોતાના સ્વાભાવિક શરીરથી બમણું કહેલું છે. એટલે કે સાતમી નારકીના જીવોનું સ્વાભાવિક શરીર પાંચસો ધનુષ્યનું છે તેથી બમણું એટલે હજાર ધનુષ્યનું ઉત્તરવૈક્રિય શરીર તેઓ વિકુર્વી શકે છે. (૧૬)

## ઉત્તરવૈક્રિય શરીરની સ્થિતિ

**अंतमुहुत्तं निरएसु, हुंति चत्तारि तिरियमणुएसु ।**
**देवेसु अध्धमासो, उक्कोस विउव्वणाकालो ॥ १७ ॥**

અર્થ : ઉત્તરવૈક્રિય શરીરનો ઉત્કૃષ્ટ કાળ નારકીઓને અંતમુહૂર્તનો છે. તિર્યંચ અને મનુષ્યને ચાર મુહૂર્તનો છે અને દેવોને અર્ધમાસ-પંદર દિવસનો છે, એટલે કે તેઓએ વિકુર્વેલુ શરીર એટલા કાળ સુધી રહી શકે છે. (૧૭)

## (૬) દેવોના ભોગ્ય પદાર્થો શેનાં હોય છે ? તે કહે છે-

**वणनीरविमाणाइं, वत्थाभरणाइ जाइ सव्वाइं ।**
**पुढवीमयाइं सव्वे, देवाणं हुंति उवभोगो ॥ १८ ॥**

**અર્થ :** વન (પુષ્પાદિક વનસ્પતિ)ને જળ (વાપી વિગેરેનું પાણી); તદુપરાંત વિમાન, વસ્ત્ર અને આભરણ એ સર્વ પદાર્થોની જાતિ કે જે સર્વ દેવોને ઉપભોગમાં આવે છે તે સર્વ પદાર્થો પૃથ્વીમય (પૃથ્વીકાયના) હોય છે. (કલ્પવૃક્ષાદિ વનસ્પતિકાય હોય છે ને વાપિકામાં જળ અપ્કાય હોય છે એમ સમજવું.) (૧૮)

## (૭) એક રાજનું પ્રમાણ

**मिल्हइ सुहमाइ कोई, सुरो अ गोलो अ अयमओ हिट्ठो ।**
**भारसहस्समयंसो, छम्मासे छहिं दिणेहिं पि ॥ १९ ॥**

**छ पहरे छ घडीया, जावक्कमइ जइ वि एवइया ।**
**रज्जू तत्थ पमाणो, दीवसमुद्दा हवइ एया ॥ २० ॥**

**અર્થ :** સુધર્મા દેવલોકથી કોઈ દેવ હજાર ભારના વજનવાળો લોહમય ગોળો નીચે પૃથ્વી તરફ પડતો મૂકે તે ગોળાને પહોંચતાં છ માસ, છ દિવસ, છ પહોર અને છ ઘડી-આટલો વખત વ્યતીત થાય તેટલું પ્રમાણ એક રાજનું છે. (આ ઉપરથી નીચે રાજનું પ્રમાણ કહ્યું છે.) તિર્છાનું કહીએ તો એક રાજમાં સ્વયંભૂરમણ સમુદ્ર સુધી જે અસંખ્યાતા દ્વીપસમુદ્રો છે તે સર્વ મળીને એક રાજ થાય છે.) (૧૯-૨૦)

## (૮) એક ઇંદ્રની
## આખી જીંદગીમાં થતી ઇંદ્રાણીઓની સંખ્યા

**दु (वीस) कोडाकोडी, पंचासी कोडिलक्ख इगसयरी ।**
**कोडिसहस्सा चउ कोडी, सयाणि अडवीस कोडीओ ॥ २१ ॥**

**सत्तावन्नं लक्खा, चउदस सहस्सा दुसय पंचासी ।**
**इअ संखा देवीओ, हवंति इंदस्स जम्मंमि ॥ २२ ॥**

**અર્થ :** બે (બાવીશ) કોડાકોડી, પંચાશી લાખ કોડી, એકોતેર હજાર કોડી, ચારસો કોડી, અઠ્ઠાવીશ કોડી, સત્તાવન લાખ, ચૌદ હજાર, બસો અને

પંચાશી - આટલી દેવીઓની (ઈંદ્રાણીઓની) સંખ્યા એક ઈંદ્રના એક જન્મમાં હોય છે. (એક ઈંદ્રનું આયુષ્ય બે સાગરોપમનું હોય છે અને ઈંદ્રાણીઓનું આયુષ્ય સાત પલ્યોપમનું હોય છે. આ પ્રમાણે બન્નેના આયુષ્યમાં મોટો તફાવત છે. તેથી ઈંદ્રના એક જ ભવમાં આટલી ઈંદ્રાણીઓ થાય છે. ઈંદ્રનું આયુષ્ય બે સાગરોપમનું તેના પલ્યોપમ ૨૦ કોડાકોડી, ઈંદ્રાણીનું આયુષ્ય ૭ પલ્યોપમનું તેથી તેને સાતે ભાંગવા અને એક સાથે ૮ ઈંદ્રાણીઓ હોય તેથી આઠે ગુણવા એટલે ઉપર લખ્યા પ્રમાણે એક ભવમાં ઈંદ્રાણીઓ થાય છે. ગાથામાં दो શબ્દ છે તે दोबीस જોઈએ. કારણ કે ઉપર પ્રમાણે ગણતાં (૨૨) આવે છે.) (૨૧-૨૨)

## (૯) સુઘોષા ઘંટાનું પ્રમાણ

**बारस जोयण पिहुला, सुघोसघंटा य अद्ध उच्चत्तं ।**
**चत्तारि लालाओ, देवा सयपंच वायंति ॥ २३ ॥**

**અર્થ :** સુઘોષા નામની ઘંટા બાર યોજન પહોળી છે, તેથી અર્ધ-પ્રમાણ એટલે છ યોજન ઉંચી છે અને તેની લાલા (લોલક) ચાર યોજન પ્રમાણ લાંબી છે. તે ઘંટાને એકીસાથે પાંચસો દેવતાઓ વગાડે છે. (૨૩)

## (૧૦) સંક્રાંતિને આશ્રી દિવસની વૃદ્ધિનું પ્રમાણ

**इक्कं पलंमि वड्ढइ, कमेण दिवसो दु तिन्नि मयराइ ।**
**बारस बावन्नहिया, बत्तीसा अक्खरा चेव ॥ २४ ॥**

**અર્થ :** મકરાદિક સંક્રાંતિમાં દિવસ અનુક્રમે એક, બે અને ત્રણ પળ તથા તે ઉપરાંત બાર, બાવન અને બત્રીશ અક્ષર[1] વૃદ્ધિ પામે છે. એટલે કે મકરસંક્રાંતિ બેસે ત્યારે એક પળ અને બાર અક્ષર જેટલો દિવસ હમેશાં વધે છે, કુંભ સંક્રાંતિમાં હમેશાં બે પળ અને બાવન અક્ષર જેટલો વધે છે. મીન સંક્રાંતિમાં હમેશાં ત્રણ પળ અને બત્રીશ અક્ષર જેટલો વધે છે, મેષ સંક્રાંતિમાં હમેશાં ત્રણ પળ અને બત્રીશ અક્ષર વધે છે, વૃષ

૧ અક્ષર એટલે વિપળ - એક પળની ૬૦ વિપળ થાય.

સંક્રાંતિમાં હમેશાં બે પળ અને બાવન અક્ષર વધે છે તથા મિથુન સંક્રાંતિમાં હમેશાં એક પળ અને બાર અક્ષર દિવસ વધે છે. (ત્યાર પછીની છ સંક્રાંતિમાં એ જ અનુક્રમે દિનમાન ઘટે છે. એક અહોરાત્રિની ૬૦ ઘડીમાં જેટલું દિનમાન હોય તેટલું બાદ કરતાં બાકીનું રાત્રિમાન સમજવું.) (૨૪)

મકરસંક્રાંતિમાં પહેલે દિવસે દિનમાન ૨૬ ઘડી ને ૧૨ પળ, કુંભમાં ૨૬ ઘડી ૪૮ પળ, મીનમાં ૨૮ ઘડી ૧૪ પળ, મેષમાં ૩૦ ઘડી, વૃષમાં ૩૧ ઘડી ૪૬ પળ, મિથુન સંક્રાંતિમાં ૩૩ ઘડી ૧૨ પળ, કર્કમાં પહેલે દિવસે ૩૩ ઘડી ૪૮ પળ હોય છે. ત્યારપછી ઘટતું જવાથી સિંહમાં ૩૩ ઘડી ૧૨ પળ, કન્યામાં ૩૧ ઘડી ૪૬ પળ, તુલામાં ૩૦ ઘડી, વૃશ્ચિકમાં ૨૮ ઘડી ૧૪ પળ ને ધન સંક્રાંતિમાં પહેલે દિવસે ૨૬ ઘડી ૪૮ પળ ને છેલ્લે દિવસે ૨૬ ઘડી ૧૨ પળ રહે છે. તેટલું મકરને પહેલે દિવસે સમજવું.

## (૧૧) શ્રી મહાવીરસ્વામી તથા પદ્મનાભસ્વામીનું અંતર

**सहसा वास चुलसी, वासा सत्तेव पंच मासा य ।**
**वीरं तह पउमाणं, अंतरमेयं वियाणाहि ॥ २५ ॥**

**અર્થ :** ચોરાશી હજાર ને સાત વર્ષ તથા પાંચ માસ એટલું મહાવીર-સ્વામીના નિર્વાણ અને પદ્મનાભસ્વામીના ગર્ભાવતરણનું અંતર જાણવું. (ચોથા આરાના ૩ વર્ષ ૮॥ માસ, અવસર્પિણીનો પાંચમો ને છઠ્ઠો આરો ને ઉત્સર્પિણીનો પહેલો ને બીજો આરો. આમ કુલ ૪ આરાના ૮૪૦૦૦ વર્ષ અને ઉત્સર્પિણીના ત્રીજા આરાના ૩ વર્ષ ૮॥ માસ મળીને એટલું થાય એમ સમજવું.) (૨૫)

## (૧૨) આવતી ચોવીશીમાં થનાર તીર્થંકરના જીવોના નામ

**सेणिय सुपास उदई, पुट्टिल दढाओ सच्चकित्ती य ।**
**संखो आनंद सुनंदो, सयगो सच्चइ वसुदेवो ॥ २६ ॥**

देवकी बलदेवो, सुलसा रोहिणी रेवई सयाली य ।
दीवायण कन्न नारय, अंबड अमर सयबुद्धे ॥ २७ ॥

**અર્થ :** શ્રેણિક રાજા ૧, સુપાર્શ્વ ૨, ઉદાયીરાજા ૩, પોટ્ટિલ ૪, દઢાયુ ૫, સત્યકીર્તિ (કાર્તિકશેઠ બીજા) ૬, શંખ ૭, આનંદ ૮, સુનંદ ૯, શતક ૧૦, સત્યકિ ૧૧, વસુદેવ (કૃષ્ણવાસુદેવ) ૧૨, દેવકી ૧૩, બલદેવ (બળભદ્ર) ૧૪, સુલસા ૧૫, રોહિણી ૧૬, રેવતી ૧૭, શતાળીશ્રાવક ૧૮, દ્વીપાયન ૧૯, કર્ણ ૨૦, (કૃષ્ણના વખતના) નારદ ૨૧, અંબડ ૨૨, અમર ૨૩ અને સ્વાતિબુધ ૨૪. (અન્યત્ર ૧૧ મા દેવકીને ૧૩ મા સત્યકી કહ્યા છે.) આ જીવો આવતી ચોવીશીમાં તીર્થંકરો થશે. (સમવાયાંગ વિગેરેમાં નામમાં કેટલોક તફાવત છે, આ સંબંધમાં જુદા જુદા વિકલ્પ ઘણા છે, તેમાં સત્ય શું છે ? તે બહુશ્રુત જાણે.) (૨૬-૨૭)

## (૧૩) વર્તમાન ચોવીશીમાંના તીર્થંકરાદિકનો બત્રીશ કોઠાવાળો યંત્ર કરવાની રીત

बत्तीस घरयाइं, काउं उड्ढाइयाहिं रेहाहिं ।
तिरिया य काउं पुण, पंच घरयाइं तो पढमे ॥ २८ ॥

पन्नरस जिण निरंतर, सुन्नदुगं तिजिण सुन्नतियगं च ।
दोजिण सुन्न जिणंदो, सुन्न जिणो सुन्न दुन्नि जिणो ॥ २९ ॥

**અર્થ :** પ્રથમ આડી બત્રીશ રેખા કરી બત્રીશ સ્થાન કરવાં અને ઉભી પાંચ રેખા કરી પાંચ ઘર કરવાં. પછી પહેલા ખાનામાં નિરંતર પંદર ઘર સુધી જિનેન્દ્રનાં નામ માંડવાં, પછી બે સ્થાનમાં શૂન્ય મૂકવા, પછી ત્રણ જિનેન્દ્રનાં નામ લખવાં, પછી ત્રણ શૂન્ય મૂકવા, પછી બે જિનેન્દ્ર, પછી એક શૂન્ય, પછી એક જિનેન્દ્ર, પછી એક શૂન્ય ને એક જિનેન્દ્ર, પછી એક શૂન્ય અને પછી બે જિનેન્દ્રનાં નામ લખવાં. (૨૮-૨૯)

## ચક્રવર્તી

**दो चक्कि सुन्न तेरस, पण चक्कि सुन्न चक्कि दो सुन्ना ।**
**चक्कि सुन्नं दुचक्कि, सुन्नं चक्कि दुसुन्नं च ॥ ३० ॥**

**અર્થ :** બીજા ચક્રવર્તીના ખાનામાં પ્રથમ બે ચક્રી, પછી તેર શૂન્ય, પછી પાંચ ચક્રી, પછી એક શૂન્ય, પછી એક ચક્રી, પછી બે શૂન્ય, પછી એક ચક્રી, પછી એક શૂન્ય, પછી બે ચક્રી, પછી એક શૂન્ય, પછી એક ચક્રી અને પછી બે શૂન્ય, એ પ્રમાણે ચક્રવર્તીઓનાં ઘર પૂરવાં. (૩૦)

## વાસુદેવ - બળદેવ - પ્રતિવાસુદેવ

**दस सुन्नं पंच केसव, पण सुन्ना केसी सुन्न केसी य ।**
**दो सुन्न केसवो विय, सुन्नदुगं केसव तिसुन्नं ॥ ३१ ॥**

**અર્થ :** ત્રીજા કોઠામાં પ્રથમ દશ શૂન્ય મૂકવી, પછી પાંચ વાસુદેવનાં નામ લખવાં, પછી પાંચ શૂન્ય, પછી એક કેંશવ, પછી એક શૂન્ય, પછી એક કેશવ, પછી બે શૂન્ય, પછી એક કેશવ, પછી બે શૂન્ય, પછી એક કેશવ અને પછી ત્રણ શૂન્ય મૂકવી. એ રીતે વાસુદેવનાં ઘર પુરવાં. (૩૧)

## જિનેશ્વરના શરીરનું પ્રમાણ

**पंच धणुसय पढमो, कमेण पंचास हीण जा सुविही ।**
**दस हीण जा अनंता, पंचूणा नेमिजिण जाव ॥ ३२ ॥**

**नवहत्थपमाण पासो, सामीओ सत्त हत्थ जिणवीरो ।**
**उच्छेहअंगुलेणं, सरीरमाणं जिणंदाणं ॥ ३३ ॥**

**અર્થ :** પહેલા ઋષભદેવની કાયા પાંચસો ધનુષ્યની, પછી અનુક્રમે સુવિધિસ્વામી સુધી પચાસ પચાસ ધનુષ્ય ઓછા કરવા. પછી અનંતનાથ સુધી દશ દશ ધનુષ્ય ઓછા કરવા. પછી નેમિનાથ ભગવાન સુધી પાંચ પાંચ ઓછા કરવા. પાર્શ્વનાથસ્વામીની કાયાનું પ્રમાણ નવ હાથ છે અને મહાવીર-સ્વામીની કાયાનું પ્રમાણ સાત હાથ છે. આ પ્રમાણે ઉત્સેધઅંગુલ વડે

જિનેન્દ્રના શરીરનું માન-પ્રમાણ જાણવું. (અહીં શ્રી મહાવીરસ્વામીના દેહનું માન ઉત્સેધાંગુલે સાત હાથનું કહ્યું છે, આત્માંગુલે તો તેઓ ૧૨૦ અંગુળ હોય છે. ઉત્સેધાંગુલે ૧૬૮ અંગુળ છે; એટલે ૧-૨/૫ અથવા ૭/૫ આવે. શાસ્ત્રમાં ઉત્સેધાંગુલથી વીરપ્રભુનું આત્માંગુલ બમણું કહ્યું છે તે ક્ષેત્રગુણિતને આશ્રીને સમજવું. ક્ષેત્રગુણિત કરતાં ૪૯/૨૪ થાય.) (૩૨-૩૩)

## જિનેશ્વરના આયુનું પ્રમાણ

**चउरासी बिसत्तरी य, सट्ठी पन्नासमेव लक्खाइं ।**
**चत्ता तीसा वीसा, दस दो एगं च पुव्वाणं ॥ ३४ ॥**

**चउरासी बावत्तरीयं सट्ठी य होइ वासाणं ।**
**तीसा य दस य एगं च, एवमेए सयसहस्सा ॥ ३५ ॥**

**पंचाणुई सहस्सा, चउरासी य पंचवन्ना य ।**
**तीसा य दस य एगं, सयं च बावत्तरी चेव ॥ ३६ ॥**

**અર્થ :** પહેલા શ્રી ઋષભદેવનું આયુષ્ય ચોરાશી લાખ પૂર્વનું ૧, અજિતનાથનું બહોંતેર લાખ પૂર્વનું ૨, સંભવનાથનું સાઠ લાખ પૂર્વનું ૩, અભિનંદનસ્વામીનું પચાસ લાખ પૂર્વનું ૪, સુમતિનાથનું ચાલીશ લાખ પૂર્વનું ૫, પદ્મપ્રભનું ત્રીશ લાખ પૂર્વનું ૬, સુપાર્શ્વનાથનું વીશ લાખ પૂર્વનું ૭, ચંદ્રપ્રભુનું દશ લાખ પૂર્વનું ૮, સુવિધિનાથનું બે લાખ પૂર્વનું ૯, શીતળનાથનું એક લાખ પૂર્વનું ૧૦, શ્રેયાંસનાથનું ચોરાશી લાખ વર્ષનું ૧૧, વાસુપૂજ્યસ્વામીનું બહોંતેર લાખ વર્ષનું ૧૨, વિમલનાથનું સાઠ લાખ વર્ષનું ૧૩, અનંતનાથનું ત્રીશ લાખ વર્ષનું ૧૪, ધર્મનાથનું દશ લાખ વર્ષનું ૧૫, શાંતિનાથનું એક લાખ વર્ષનું ૧૬, કુંથુનાથનું પંચાણું હજાર વર્ષનું ૧૭, અરનાથનું ચોરાશી હજાર વર્ષનું ૧૮, મલ્લિનાથનું પંચાવન હજાર વર્ષનું ૧૯, મુનિસુવ્રતનું ત્રીશ હજાર વર્ષનું ૨૦, નમિનાથનું દશ હજાર વર્ષનું ૨૧, નેમિનાથનું એક હજાર વર્ષનું ૨૨, પાર્શ્વનાથનું એકસો વર્ષનું ૨૩ અને શ્રી મહાવીરસ્વામીનું આયુષ્ય બહોંતેર વર્ષનું કહેલું છે. (૩૪-૩૫-૩૬)

તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, તીર્થંકરોનું દેહમાન અને તીર્થંકરોના આયુષ્યનું માન - આ પાંચ બાબતનો યંત્ર બત્રીશ રેખા ઉભી અને પાંચ રેખા આડી કરીને બતાવવામાં આવેલ છે. તે આ પ્રમાણે :

| | | તીર્થંકર | ચક્રવર્તી | વાસુદેવ | તીર્થંકર-દેહમાન | તીર્થંકર-આયુષ્યમાન |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ઋષભદેવ | ૧ ભરત | ૦ | ૫૦૦ ધનુષ | ૮૪ લાખ પૂર્વ |
| ૨ | ૨ | અજિતનાથ | ૨ સગર | ૦ | ૪૫૦ " | ૭૨ " |
| ૩ | ૩ | સંભવનાથ | ૦ | ૦ | ૪૦૦ " | ૬૦ " |
| ૪ | ૪ | અભિનંદન | ૦ | ૦ | ૩૫૦ " | ૫૦ " |
| ૫ | ૫ | સુમતિનાથ | ૦ | ૦ | ૩૦૦ " | ૪૦ " |
| ૬ | ૬ | પદ્મપ્રભ | ૦ | ૦ | ૨૫૦ " | ૩૦ " |
| ૭ | ૭ | સુપાર્શ્વનાથ | ૦ | ૦ | ૨૦૦ " | ૨૦ " |
| ૮ | ૮ | ચંદ્રપ્રભ | ૦ | ૦ | ૧૫૦ " | ૧૦ " |
| ૯ | ૯ | સુવિધિનાથ | ૦ | ૦ | ૧૦૦ " | ૨ " |
| ૧૦ | ૧૦ | શીતલનાથ | ૦ | ૦ | ૯૦ " | ૧ " |
| ૧૧ | ૧૧ | શ્રેયાંસનાથ | ૦ | ૧ ત્રિપૃષ્ઠ | ૮૦ " | ૮૪ લાખ વર્ષ |
| ૧૨ | ૧૨ | વાસુપૂજ્ય | ૦ | ૨ દ્વિપૃષ્ઠ | ૭૦ " | ૭૨ " |
| ૧૩ | ૧૩ | વિમલનાથ | ૦ | ૩ સ્વયંભૂ | ૬૦ " | ૬૦ " |
| ૧૪ | ૧૪ | અનંતનાથ | ૦ | ૪ પુરૂષોત્તમ | ૫૦ " | ૩૦ " |
| ૧૫ | ૧૫ | ધર્મનાથ | ૦ | ૫ પુરૂષસિંહ | ૪૫ " | ૧૦ " |
| ૧૬ | | ૦ | ૩ મઘવા | ૦ | ૦ | ૦ |
| ૧૭ | | ૦ | ૪ સનત્કુમાર | ૦ | ૦ | ૦ |
| ૧૮ | ૧૬ | શાંતિનાથ | ૫ શાંતિનાથ | ૦ | ૪૦ " | ૧ " |
| ૧૯ | ૧૭ | કુંથુનાથ | ૬ કુંથુનાથ | ૦ | ૩૫ " | ૯૫ હજાર વર્ષ |
| ૨૦ | ૧૮ | અરનાથ | ૭ અરનાથ | ૦ | ૩૦ " | ૮૪ હજાર વર્ષ |
| ૨૧ | | ૦ | ૦ | ૬ પુરૂષપુંડરીક | ૦ | ૦ |
| ૨૨ | | ૦ | ૮ સુભૂમ | ૦ | ૦ | ૦ |
| ૨૩ | | ૦ | ૦ | ૭ દત્ત | ૦ | ૦ |
| ૨૪ | ૧૯ | મલ્લિનાથ | ૦ | ૦ | ૨૫ " | ૫૫ હજાર વર્ષ |
| ૨૫ | ૨૦ | મુનિસુવ્રત | ૯ મહાપદ્મ | ૦ | ૨૦ " | ૩૦ હજાર વર્ષ |
| ૨૬ | | ૦ | ૦ | ૮ નારાયણ (લક્ષ્મણ) | ૦ | ૦ |
| ૨૭ | ૨૧ | નમિનાથ | ૧૦ હરિષેણ | ૦ | ૧૫ " | ૧૦ હજાર વર્ષ |
| ૨૮ | | ૦ | ૧૧ જય | ૦ | ૦ | ૦ |
| ૨૯ | ૨૨ | નેમિનાથ | ૦ | ૯ કૃષ્ણ | ૧૦ " | ૧ હજાર વર્ષ |
| ૩૦ | | ૦ | ૧૨ બ્રહ્મદત્ત | ૦ | ૦ | ૦ |
| ૩૧ | ૨૩ | પાર્શ્વનાથ | ૦ | ૦ | ૯ હાથ | ૧૦૦ વર્ષ |
| ૩૨ | ૨૪ | મહાવીરસ્વામી | ૦ | ૦ | ૭ હાથ | ૭૨ વર્ષ |

## (૧૪) તીર્થંકરોના પિતાઓની ગતિ

**नागेसु उसभपिया, सेसाणं सत्त हुंति ईसाणे ।**
**अट्ठ य सणंकुमारे, माहिंदे अट्ठ बोधव्वा ॥ ३७ ॥**

**અર્થ :** ઋષભદેવના પિતા નાગકુમારમાં ગયા, બીજા સાત અજિતનાથથી ચંદ્રપ્રભ સુધીના તીર્થંકરોના પિતા ઈશાન દેવલોકમાં ગયા, ત્યારપછી નવમા સુવિધિનાથથી સોળમા શાંતિનાથ સુધીના આઠ તીર્થંકરોના પિતા ત્રીજા સનત્કુમાર દેવલોકમાં ગયા અને ત્યાર પછી સત્તરમા કુંથુનાથથી ચોવીશમા મહાવીરસ્વામી સુધીના આઠ તીર્થંકરોના પિતા ચોથા માહેંદ્ર દેવલોકમાં ગયા છે. (મહાવીરસ્વામીના પિતા બારમા દેવલોકમાં ગયા છે, એમ શ્રી આચારાંગસૂત્ર અને પ્રવચનસારોદ્ધારમાં કહ્યું છે.) (૩૭)

## (૧૫) સર્વ તીર્થંકરોના સમવસરણનું પ્રમાણ

**उसहे जोअण बारस, ओसरणं आसी नेमि जिण जाव ।**
**दो दो गाउ ऊणं, पास पण कोस चउ वीरे ॥ ३८ ॥**

**અર્થ :** ઋષભદેવ સ્વામીનું સમવસરણ બાર યોજન (અડતાળીશ ગાઉ) પ્રમાણ હતું, ત્યાર પછી બીજા તીર્થંકરથી બબે ગાઉનું પ્રમાણ ઓછું કરતાં યાવત્ નેમિનાથનું સમવસરણ દોઢ યોજન (છ ગાઉ)નું હતું. ત્રેવીશમા પાર્શ્વનાથનું પાંચ ગાઉ પ્રમાણ અને છેલ્લા મહાવીરસ્વામીનું ચાર કોશ (એક યોજન) પ્રમાણ સમવસરણ જાણવું.[1] (૩૮)

## (૧૬) સમવસરણમાં બાર પર્ષદાની સ્થિતિ

**मुणी वेमाणणि समणी, भवण वण जोइस देवदेवीतिगं ।**
**कप्पसुरनरित्थितियं, चिट्ठइ एयाइं विदिसासु ॥ ३९ ॥**

**અર્થ :** સમવસરણના અગ્નિખૂણામાં પ્રથમ સાધુઓ, તેમની પાછળ વૈમાનિક દેવીઓ અને તેમની પાછળ સાધ્વીઓ રહે, નૈૠત્ય ખૂણામાં

૧ સમવસરણ પ્રકરણાદિમાં તો દરેક પ્રભુનું સમવસરણ તેમના આત્માંગુલે એક યોજનનું હોય એમ કહેલું છે.

ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષ એ ત્રણ નિકાયના દેવો રહે, વાયવ્ય ખૂણામાં એ જ ત્રણ નિકાયની દેવીઓ રહે તથા ઈશાન ખૂણામાં પ્રથમ વૈમાનિક દેવો, તેમની પાછળ મનુષ્યો અને તેમની પાછળ નારીઓ રહે. આ રીતે આ બાર પર્ષદાઓ વિદિશામાં રહે છે. (૩૯)

## (૧૭) ચોવીશ તીર્થંકરોના કુલ સાધુ તથા સાધ્વીની સંખ્યા

**अट्ठावीसं लक्खा, अडयालीसं तह सहस्साइं ।**
**सव्वेसिं पि जिणाणं, जईण माणं विनिद्दिट्ठं ॥ ४० ॥**

**અર્થ :** સર્વે (ચોવીશે) જિનેન્દ્રોના હસ્તદીક્ષિત સાધુઓની કુલ સંખ્યા અઠ્ઠાવીશ લાખ અને અડતાલીશ હજારની કહેલી છે. (૪૦)

**चोआलीसं लक्खा, छायाला सहस्स चउसय समग्गा ।**
**छच्चेव अज्जिआणं, सव्वेसिं संगहो एसो ॥ ४१ ॥**

**અર્થ :** સર્વે (ચોવીશે) જિનેન્દ્રોની હસ્તદીક્ષિત કુલ સાધ્વીઓની સંખ્યા ચુમાળીશ લાખ, છેંતાળીશ હજાર, ચારસો અને છ કહી છે. એ સર્વ સાધ્વીઓની સંખ્યાનો સંગ્રહ છે. (૪૧)

## (૧૮) તીર્થંકરોના ભવની સંખ્યા (સમકિતની પ્રાપ્તિ પછીની)

**वीरस्स सत्तावीसा, बारस संती य तेर उसभस्स ।**
**नव य भवा नेमिजिणे, दस पासे तिन्नि सेसाणं ॥ ४२ ॥**

**અર્થ :** મહાવીરસ્વામીના સતાવીશ ભવ[1], શાંતિનાથના બાર ભવ, ઋષભદેવના તેર ભવ, નેમિનાથના નવ ભવ અને બાકીના ઓગણીશ તીર્થંકરોના ત્રણ ત્રણ ભવ સમકિત પામ્યા ત્યારથી આરંભીને કહેલા છે. (૪૨)

---

૧ આ મોટા ભવ કહેલ છે. બાકી તો તેમને સમકિત પામ્યા પછી અસંખ્ય કાળ ગયેલ હોવાથી અસંખ્ય ભવ થયેલા છે.

## (૧૯) શ્રી નેમિનાથને રાજિમતીના નવે ભવનાં નામો

धण-धणवई सोहम्मे, चित्तगई खेयलो रयणमई ।
माहिंदे अपराजिय, पीइमई आरणे देवा ॥ ४३ ॥

संखो जसोमई भज्जा, तत्तो अपराजिअविमाणम्मि ।
नेमी राइमई तह, नवमे भवे गया सिद्धिं ॥ ४४ ॥

**અર્થ :** ધન અને ધનવતીનો પહેલો ભવ ૧, ત્યાંથી બીજો ભવ સૌધર્મ દેવલોકમાં બંને દેવ ૨, ત્રીજે ભવે ચિત્રગતિ વિદ્યાધર અને રત્નવતી ૩, ચોથે ભવે માહેંદ્ર નામના ચોથા દેવલોકમાં બંને દેવ ૪, પાંચમે ભવે અપરાજિત ને પ્રીતિમતી ૫, છઠ્ઠે ભવે આરણ નામના ૧૧મા દેવલોકાં બંને દેવ ૬, સાતમે ભવે શંખ અને યશોમતી ભાર્યા ૭, આઠમે ભવે અપરાજિત નામના ચોથા અનુત્તર વિમાનમાં બંને દેવ ૮ અને નવમે ભવે નેમિનાથ અને રાજિમતી થઇ સિદ્ધિપદને પામ્યા. (૪૩-૪૪)

## (૨૦) ચોવીશે તીર્થંકરના નિર્વાણનું સ્થાન

अट्ठावयम्मि उसभो, सिद्धिगओ वासुपुज्ज चंपाए ।
पावाए वद्धमाणो, अरिठ्ठनेमी अ उज्झिंते ॥ ४५ ॥

अवसेसा तित्थयरा, जाइजरामरणबंधणविमुक्का ।
संमेअसेलसिहरे, वीसं परिनिव्वुइं वंदे ॥ ४६ ॥

**અર્થ :** શ્રી ઋષભદેવ સ્વામી અષ્ટાપદ પર્વત પર સિદ્ધિ પામ્યા, વાસુપૂજ્ય સ્વામી ચંપા નગરીમાં (બહારના ઉદ્યાનમાં) સિદ્ધિ પામ્યા, વર્ધમાન સ્વામી અપાપા નગરીમાં (તેના ઉદ્યાનમાં) સિદ્ધિ પામ્યા, અરિષ્ટનેમિ ઉજ્જયંત ગિરિ (ગિરનાર) ઉપર મોક્ષ પામ્યા, બાકીના વીશ તીર્થંકરો સંમેતગિરિના શિખર પર જન્મ, જરા, મરણ અને કર્મબંધથી મુક્ત થઇ નિર્વાણ પામ્યા. તે સર્વેને હું વાંદું છું. (૪૫-૪૬)

## (૨૧) મહાવીર સ્વામીએ નંદન મુનિના ભવમાં કરેલા માસક્ષપણની સંખ્યા

**इक्कार सयसहस्सा, असीइ सहस्सा छसय पणयाला ।**
**मासक्खमणकसंखा, नंदणभवम्मि वीरस्स ॥ ४७ ॥**

**અર્થ :** નંદન મુનિના ભવમાં (૨૫મા ભવમાં - એક લાખ વર્ષ પ્રમાણ દીક્ષા પર્યાયમાં) શ્રી મહાવીર સ્વામીના જીવે અગ્યાર લાખ, એંશી હજાર, છસો અને પીસ્તાળીશ માસક્ષમણ કર્યા હતા. (એક વર્ષના ૩૬૬ દિવસો ગણી ૩૬૬00000 દિવસોને માસખમણના ૩0 ને પારણાનો એક દિવસ મળી ૩૧ વડે ભાંગતા ૧૧૮0૬૪૫ માસખમણ આવે છે ને પાંચ દિવસ વધે છે.) (૪૭)

## (૨૨) મહાવીર સ્વામીએ ગર્ભમાં કરેલો અભિગ્રહ

**अह सत्तमम्मि मासे, गब्भत्थो चेव अभिग्गहं कुणई ।**
**नाहं समणो होहं, अम्मापिअरो अ जीवंते ॥ ४८ ॥**

**અર્થ :** મહાવીર સ્વામી ગર્ભમાં હતા ત્યારે માતાને દુઃખ ન થવા દેવા માટે નિશ્ચળ રહ્યા હતા. તે વખતે માતાને ઉલટું દુઃખ થયું હતું. આથી સાતમે માસે પ્રભુએ અભિગ્રહ કર્યો હતો કે - "માતા પિતા જીવતા હશે ત્યાં સુધી હું શ્રમણ નહીં થાઉં - દીક્ષા ગ્રહણ નહીં કરું." (૪૮)

## (૨૩) મહાવીર સ્વામીએ મરીચિના ભવમાં કરેલો કુળમદ

**जइ वासुदेव पढमो, पिआ मे चक्कवट्टिवंसस्स ।**
**अज्जो तित्थयराणं, अहो कुलं उत्तमं मज्झ ॥ ४९ ॥**

**અર્થ :** હું પ્રથમ વાસુદેવ થવાનો છું, મારા પિતા (ભરત) ચક્રવર્તીઓમાં પ્રથમ છે અને મારા પિતામહ (ઋષભદેવ) તીર્થંકરોમાં પ્રથમ છે, તો અહો ! મારૂં કેવું ઉત્તમ કુળ છે ? (આ પ્રમાણે મરીચિના ભવમાં કુળ મદ કરવાથી નીચ ગોત્ર બાંધ્યું હતું.) (૪૯)

## (૨૪) ભરતચક્રીને આયુધશાળામાં ચક્ર ઉત્પન્ન થયાના તથા ઋષભદેવ સ્વામીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયાના ખબર એક સાથે મળ્યા, તે વખતનો ચક્રીનો વિચાર

**तातम्मि पूइए चक्कं, पूइयं पूयणारिहो ताओ ।**
**इहलोयम्मि चक्कं, परलोय( लोए वि )सुहावहो ताओ ॥ ५० ॥**

અર્થ : પિતાની પૂજા કરવાથી ચક્ર પણ પૂજેલું જ થશે, કેમ કે પિતા જ પૂજનને યોગ્ય છે. વળી ચક્ર તો આ ભવમાં જ સુખકારક છે અને પિતા તો પરલોકમાં પણ (આ ભવ તથા પરભવમાં પણ) સુખકારક છે. (૫૦)

## (૨૫) ચોવીશે તીર્થંકરોના કેવળજ્ઞાનનાં સ્થાનો

**उसभस्स पुरिमताल, वीरस्स रज्जुवालुयानईतीरे ।**
**सेसाणं केवलं नाणं, जेसु ठ्ठाणेसु पव्वइया ॥ ५१ ॥**

અર્થ : શ્રી ઋષભદેવ સ્વામીને પુરિમતાલ નગરીના (બહારના ઉદ્યાનમાં) કેવળજ્ઞાન થયું હતું, મહાવીર સ્વામીને ઋજુવાલુકા નદીને કાંઠે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું અને બાકીના બાવીશ તીર્થંકરોને જે સ્થાને પ્રવ્રજ્યા લીધી હતી તે સ્થાને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું. (૫૧)

## (૨૬) બાર ચક્રવર્તીઓનાં નામ

**भरहो१ सगरो२ मघवं३, सणंकुमारो अ४ रायसद्दूलो ।**
**संती५ कुंथूद्द अरओ७, हवइ सुभूमो अ कोरव्वो८ ॥ ५२ ॥**

**नवमो य महापउमो९, हरिसेणो१० चेव रायसद्दूलो ।**
**जयनामा य११ नरवई, बारसमो बंभदत्तो१२ अ ॥ ५३ ॥**

અર્થ : ભરત ૧, સગર ૨, મઘવા ૩, સનત્કુમાર ૪, રાજાઓમાં સિંહ સમાન શાંતિનાથ ૫, કુંથુનાથ ૬, અરનાથ ૭, કૌરવ વંશનો સુભૂમ ૮, નવમો મહાપદ્મ ૯, હરિષેણ ૧૦, રાજાઓમાં સિંહ સમાન જય

નામનો નરપતિ ૧૧ તથા બારમો બ્રહ્મદત્ત ૧૨ - આ નામના બાર ચક્રવર્તીઓ થયા છે. (૫૨-૫૩)

## (૨૭) નવ વાસુદેવનાં નામ

**तिवट्ठू य१ दिवट्ठू य२, सयंमु३ पुरिसुत्तमे४ पुरिससीहे५ ।**
**तह पुरिसपुंडरीए६, दत्ते७ नारायणे८ कण्हे९ ॥ ५४ ॥**

**અર્થ :** ત્રિપૃષ્ઠ ૧, દ્વિપૃષ્ઠ ૨, સ્વયંભૂ ૩, પુરૂષોત્તમ ૪, પુરૂષસિંહ ૫ તથા પુરૂષપુંડરીક ૬, દત્ત ૭, નારાયણ (લક્ષ્મણ) ૮ અને કૃષ્ણ ૯. આ નામના નવ વાસુદેવ થયા છે. (૫૪)

## (૨૮) નવ બળદેવનાં નામ

**अयले१ विजए२ भद्दे३, सुप्पभे४ य सुदंसणे५ ।**
**आणंदे६ नंदणे७ पउमे८, रामे९ आवि अपच्छिमे ॥ ५५ ॥**

**અર્થ :** અચળ ૧, વિજય ૨, ભદ્ર ૩, સુપ્રભ ૪, સુદર્શન ૫, આનંદ ૬, નંદન ૭, પદ્મ (રામચંદ્ર) ૮ અને છેલ્લા રામ (બળભદ્ર) ૯. આ નામના નવ બળદેવ થયા છે. (૫૫)

## (૨૯) નવ પ્રતિવાસુદેવનાં નામ

**अस्सग्गीवे१ तारए२ मेरए३ मधुकीटभे४ निसुंभे य५ ।**
**बलि६ पल्हाद७ रावणे८ य नवमे य जरासिंधू९ ॥ ५६ ॥**

**અર્થ :** અશ્વગ્રીવ ૧, તારક ૨, મેરક ૩, મધુકૈટભ ૪, નિશુંભ ૫, બલિ ૬, પ્રલ્હાદ ૭, રાવણ ૮ અને નવમો જરાસંઘ ૯. આ નામના નવ પ્રતિવાસુદેવ થયા છે. (૫૬)

## (૩૦) બાર ચક્રવર્તીની ગતિ

**अट्ठेव गया मुक्खं, सुभूम बंभो य सत्तमिं पुढविं ।**
**मघवं सणंकुमारो, सणंकुमारे गया कप्पे ॥ ५७ ॥**

**અર્થ :** આઠ ચક્રવર્તી મોક્ષે ગયા છે, સુભૂમ અને બ્રહ્મદત્ત એ બે ચક્રી સાતમી નરક પૃથ્વીએ ગયા છે તથા મઘવા અને સનત્કુમાર એ બે ચક્રવર્તી સનત્કુમાર નામના ત્રીજા સ્વર્ગમાં (દેવલોકમાં) ગયા છે. (૫૭)

## (૩૧) વાસુદેવ અને બળદેવની ગતિ

**अनियाणकडा रामा, सव्वे वि य केसवा निआणकडा ।**
**उड्ढं गामि अ रामा, केसव सव्वे अहोगामी ॥ ५८ ॥**

**અર્થ :** સર્વે બળદેવો નિયાણા[1] રહિત હોય છે અને સર્વે વાસુદેવો પૂર્વે નિયાણું કરેલા જ હોય છે. તેથી સર્વે બળદેવો ઊર્ધ્વગામી (સ્વર્ગ કે મોક્ષગામી) હોય છે અને સર્વે વાસુદેવો અધોગામી (નરકગામી) જ હોય છે. (૫૮) (પ્રતિવાસુદેવો પણ નરકગામી હોય છે.)

## (૩૨) ચક્રવર્તી અને વાસુદેવની ઉત્પત્તિનો અનુક્રમ

**चक्किदुगं हरिपणगं, पणगं चक्की य केसवो चक्की ।**
**केसव चक्की केसव, दुचक्की केसवो चक्की ॥ ५९ ॥**

**અર્થ :** પ્રથમ બે ચક્રવર્તી, પછી પાંચ વાસુદેવ, પછી પાંચ ચક્રવર્તી, પછી એક વાસુદેવ, પછી એક ચક્રી, પછી એક વાસુદેવ, પછી એક ચક્રી, પછી એક વાસુદેવ, પછી બે ચક્રી, પછી એક વાસુદેવ, પછી એક ચક્રવર્તી - આ અનુક્રમે આ ભરતક્ષેત્રમાં ૧૨ ચક્રવર્તી અને ૯ વાસુદેવો થયા છે. (૫૯)

(ઉપરની ગાથા યાકિનીમહત્તરા સાધ્વી પાસેથી સાંભળીને હરિભદ્ર નામના વિપ્રે તેનો અર્થ ન સમજવાથી સાધ્વીજીએ તેનો અર્થ કહેતાં પ્રતિજ્ઞા પ્રમાણે જૈન ધર્મ અંગીકાર કર્યો હતો.)

---

૧ પૂર્વ જન્મમાં નિયાણું ન કર્યું હોય એવા.

## (૩૩) ત્રેસઠ શલાકાપુરૂષના મળીને કુલ જીવ, કાયા, પિતા અને માતાની સંખ્યા અને ગતિ

**तेसट्ठिसिलाकाणं, पदवी तिसट्ठी आगमे भणिया ।**
**एगुणसट्ठी जीवा, सट्ठी पुण हुंति कायाओ ॥ ६० ॥**

**અર્થ :** ત્રેસઠ શલાકા (ઉત્તમ) પુરૂષોની ત્રેસઠ પદવીઓ આગમમાં કહી છે, તે સર્વના મળીને જીવો ઓગણસાઠ છે અને કાયાઓ સર્વ મળીને સાઠ થાય છે. કેમકે શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથ એ ત્રણ જીવે તીર્થંકર પદવી અને ચક્રવર્તી પદવી એ બે એક શરીરે ભોગવવાથી શરીર ૬૦ તથા મહાવીરસ્વામીના જીવે ત્રિપૃષ્ટ વાસુદેવની પદવી જુદા શરીરે ભોગવેલી હોવાથી જીવ ઓગણસાઠ થાય છે. (૬૦)

**तेसिं बावन्न पिया, तस्स णं हुंति इगसट्ठि जणणीओ ।**
**वीसं तु निरयगइओ, अवसेसाणं च सुगइगई ॥ ६१ ॥**

**અર્થ :** તે ત્રેસઠ ઉત્તમ પુરૂષોના કુલ પિતા બાવન થાય છે (કેમકે નવ વાસુદેવ અને નવ બળદેવના પિતા એકજ હોવાથી તથા શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથ એ બબે પદવીવાળાના પણ એક એકજ પિતા હોવાથી બાર ઓછા થતાં એકાવન થયા, અને મહાવીરના પિતા બે (ૠષભદત્ત ને સિદ્ધાર્થ) હોવાથી એક વધારતાં બાવન થાય છે.) તે ત્રેસઠની માતાઓ એકસઠ થાય છે. (કેમ કે શાંતિ, કુંથુ અને અરનાથની તીર્થંકર ને ચક્રીપણાની એક જ માતા હોવાથી ત્રણ ઓછી કરતાં અને મહાવીરની માતા બે (દેવાનંદા ને ત્રિશલા) હોવાથી એક વધારતાં એકસઠ થાય છે.) તે ત્રેસઠમાંથી વીશ પુરૂષો નરક ગતિમાં ગયા છે (નવ વાસુદેવ, નવ પ્રતિવાસુદેવ અને બે ચક્રી કુલ ૨૦) અને બાકીના તેંતાલીશમાંથી ત્રણ તીર્થંકર ને ચક્રી એકજ હોવાથી ત્રણ બાદ કરતાં ૪૦ સુગતિમાં ગયા છે એટલે સ્વર્ગે કે મોક્ષે ગયા છે. (૬૧)

## (૩૪) ચક્રીના ચૌદ રત્નોને ઉપજવાનાં સ્થાન વિગેરે

**चउरो आउहगेहे, भंडारे तिन्नि दुन्नि वेयड्ढे ।**
**इक्कं रायगिहम्मि य, नियनयरे चेव चत्तारि ॥ ६२ ॥**

**અર્થ :** ચાર રત્નો આયુધશાળામાં ઉત્પન્ન થાય છે, ત્રણ રત્ન ભંડારમાં ઉપજે છે, બે રત્ન વૈતાઢ્યમાં ઉપજે છે, એક રત્ન રાજમહેલમાં ઉત્પન્ન થાય છે અને ચાર રત્નો પોતાના નગરમાં (રાજધાનીમાં) ઉત્પન્ન થાય છે. (૬૨) તે આ પ્રમાણે -

**चक्कअसिच्छत्तदंडा, आउहसालाइ हुंति चत्तारि ।**
**चम्ममणिकागणिनिही, सिरिगेहे चक्किणो हुंति ॥ ६३ ॥**

**सेणावई गाहावई, पुरोहिय वड्ढइ य नियनयरे ।**
**थीरयणं रायकुले, वेयड्ढतटे करी तुरया ॥ ६४ ॥**

**અર્થ :** ચક્ર, ખડ્ગ, છત્ર અને દંડ એ ચાર રત્નો આયુધશાળામાં ઉત્પન્ન થાય છે; ચર્મ, મણિ અને કાકણી એ ત્રણ રત્નો ચક્રીના શ્રીગૃહમાં-ભંડારમાં ઉત્પન્ન થાય છે;[1] સેનાપતિ, ગાથાપતિ, પુરોહિત અને વર્ધકી એ ચાર રત્નો પોતાના નગરમાં (રાજધાનીમાં) ઉત્પન્ન થાય છે, સ્ત્રીરત્ન રાજકુળમાં ઉત્પન્ન થાય છે, તથા હસ્તીરત્ન અને અશ્વરત્ન વૈતાઢ્ય પર્વતના તટમાં સમીપે ઉત્પન્ન થાય છે. (૬૩-૬૪)

## (૩૫) ચક્રવર્તીનાં નવ નિધાન

**नेसप्पे१ पंडुयए२, पिंगले३ सव्वरयण४ महापउमे५ ।**
**काले६ य महाकाले७, माणवगनिही८ महासंखे९ ॥ ६५ ॥**

**અર્થ :** નૈસર્પ ૧, પાંડુક ૨, પિંગલ ૩, સર્વરત્ન ૪, મહાપદ્મ ૫, કાલ ૬, મહાકાલ ૭, માણવક નામનો નિધિ ૮ અને મહાશંખ ૯ એ નવ નિધાન ચક્રવર્તીને હોય છે. (૬૫)

---

૧ આ સાત રત્ન એકેંદ્રિય છે, બાકીના સાત પંચેંદ્રિય છે. તે દરેક હજાર હજાર દેવ અધિષ્ઠિત હોય છે.

## (૩૬) સ્ત્રીજાતિને કઇ કઇ સ્થિતિ પ્રાપ્ત ન થાય ?

**अरिहंत-चक्कि-केसव-बल-संभिन्ने य चारणे पुव्वा ।**
**गणहर पुलाग आहारग, न हु भवइ एस महिलाणं ॥ ६६ ॥**

**અર્થ :** અરિહંત, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ, સંભિન્નશ્રોતલબ્ધિ, ચારણલબ્ધિ,[1] ચૌદ પૂર્વ, ગણધર, પુલાકલબ્ધિ અને આહારક શરીર - આ દશ પદવી સ્ત્રી જાતિને પ્રાપ્ત થાય નહીં. (મલ્લીનાથ તીર્થંકર થયા તે અચ્છેરૂં જાણવું.) (૬૬)

## (૩૭) અભવીને શું શું પ્રાપ્ત ન થાય ?

**उत्तम न पंचुत्तर, तायत्तीसा य पुव्वधर इंदा ।**
**जिणदाण दिक्ख सासण-देवी जक्खा य नोऽभव्वा ॥ ६७ ॥**

**અર્થ :** ઉત્તમ નર (શલાકા પુરૂષ), પાંચ અનુત્તર વિમાન, ત્રાયસ્ત્રિંશ દેવ, પૂર્વધરપણું, ઇંદ્રપણું, જિનેશ્વરનું દાન (વર્ષીદાન), જિનેશ્વરને હાથે દીક્ષા, શાસનદેવી અને શાસનયક્ષ - આ નવ સ્થાન અભવી પામે નહીં. (૬૭)

## (૩૮) શ્રાવકને વસવા લાયક સ્થાન

**जत्थ पुरे जिणभवणं, समयविऊ साहुसावगा जत्थ ।**
**तत्थ सया वसियव्वं, पउरजलइंधणं जत्थ ॥ ६८ ॥**

**અર્થ :** જે પુરમાં જિનેશ્વરનું ચૈત્ય હોય, જ્યાં સિદ્ધાંતને જાણનાર સાધુ તથા શ્રાવકો હોય તથા જ્યાં ઘણું જળ અને બળતણ મળતું હોય ત્યાં શ્રાવકે સદા નિવાસ કરવો યોગ્ય છે. (૬૮)

## (૩૯) શ્રાવકના એકવીશ ગુણ

**धम्मरयणस्स जुग्गो, अक्खुद्दो१ रूववं२ पगइसोमो३ ।**
**लोगप्पिओ४ अकूरो५, भीरू६ असढो७ सुदक्खिन्नू८ ॥ ६९ ॥**

---

૧ જંઘાચારણ ને વિદ્યાચારણ.

लज्जालुओ९ दयालू१०, मज्झत्थो सोमदिट्ठी११ गुणरागी१२ ।
सक्कह१३ सुपक्खजुत्तो१४, सुदीहदंसी१५ विसेसन्नू१६ ॥७०॥

वुड्ढाणुगो१७ विणीओ१८, कयन्नुओ१९ परजणस्स हितकारी२० ।
तह चेव लद्धलक्खो२१, इगवीसगुणो हवइ सड्ढो ॥ ७१ ॥

**અર્થ :** આવા એકવીશ ગુણવાળો શ્રાવક ધર્મરૂપી રત્નને લાયક છે - અક્ષુદ્ર એટલે કોઈનો દ્રોહ વિગેરે ન કરે, તુચ્છ મનવાળો ન હોય તે ૧, સારા રૂપવાળો ૨, સ્વભાવે શાંત ૩, લોકને પ્રિય ૪, ક્રૂરતા રહિત ૫, પાપથી ભીરૂ-બીનારો ૬, અશઠ-શઠતા રહિત ૭, અત્યંત દાક્ષિણ્યતાવાળો ૮, લજ્જાળુ ૯, દયાળુ ૧૦, મધ્યસ્થ હોવા સાથે સૌમ્ય દૃષ્ટિવાળો ૧૧, ગુણનો રાગી ૧૨, સારી વાતો જ કરનાર ૧૩, સારા પક્ષ (પરિવાર)વાળો ૧૪, સુદીર્ઘદર્શી - લાંબી દૃષ્ટિએ વિચાર કરનાર ૧૫, વિશેષ જાણનાર ૧૬, વૃદ્ધજનોને અનુસરનાર ૧૭, વિનયવાળો ૧૮, કૃતજ્ઞ-બીજાએ કરેલા ઉપકારને જાણનાર ૧૯, અન્યજનોનું હિત કરનાર (પરોપકારી) ૨૦ તથા લબ્ધલક્ષ્ય - કોઈ પણ હકીકતના લક્ષ્યને - રહસ્યને સમજી જનાર ૨૧ - આ એકવીશ ગુણ શ્રાવકમાં હોય છે. (૬૯-૭૦-૭૧)

## (૪૦) ગૃહસ્થના નેવ્યાશી ઉત્તર ગુણ

पच्चक्खाणाभिग्गह, सिक्खा तव पडिम भावणा सीला ।
१० ४ ४ १२ ११ १२ १८
धम्मा पूआचिंता, गिहि उत्तरगुणा इगुणनवई ॥ ७२ ॥
१० ८

**અર્થ :** દશ પ્રકારના પચ્ચખ્ખાણ કરનાર ૧૦, ચાર પ્રકારના અભિગ્રહ કરનાર ૪, ચાર શિક્ષાવ્રતને વારંવાર આચરનાર ૪, બાહ્ય-અભ્યંતર મળી ૧૨ પ્રકારનો તપ કરનાર ૧૨, શ્રાવકની ૧૧ પડિમા વહેનાર ૧૧, બાર ભાવના ભાવનાર ૧૨, ૧૮ ભેદે શીયળ પાળનાર ૧૮, દશ પ્રકારના યતિધર્મનો ઇચ્છુક ૧૦ અને આઠ પ્રકારની જિનપૂજા

સંબંધી ચિંતા કરનાર અર્થાત્ પૂજા કરનાર ૮ - એ રીતે ગૃહસ્થના ૮૯ ઉત્તરગુણ કહેલા છે. (૭૨)

## (૪૧) શિષ્યને જ્ઞાન આપવા માટે યોગ્યતા અયોગ્યતાને અંગે ૧૪ દૃષ્ટાંતના નામ

(શ્રી નંદીસૂત્ર ગાથા ૪૪)

**सेलघण कुडंग चालणी-परिपूणग हंस महिस मेसे य ।**
**मसग जलूग बिराली, जाहग गो भेरी आभीरी ॥ ७३ ॥**

**અર્થ :** ૧ શૈલઘન પાષાણ (મગશેળીયો પત્થર), ૨ કુડંગ (ઘડા), ૩ ચાળણી, ૪ પરિપૂણગ (ઘી ગળવાની ગરણી), ૫ હંસ, ૬ મહિષ (પાડો), ૭ મેષ (બકરો), ૮ મશક (મચ્છર), ૯ જલૌક (જળો), ૧૦ બિલાડી, ૧૧ જાહુક નામનું પક્ષી, ૧૨ ગો (ગાય), ૧૩ ભેરી (શ્રીકૃષ્ણ વાસુદેવને દેવતાએ આપેલી ભેરી) અને ૧૪ આભીરી (ભરવાડની સ્ત્રી) આ ચૌદ દૃષ્ટાંતો છે. (૭૩) શ્રી નંદીસૂત્રમાં મુદ્દ્ગશૈલના પ્રતિપક્ષીપણે કૃષ્ણભૂમિનું ને ચાલણીના પ્રતિપક્ષીપણે, તાપસના પાત્રનું દૃષ્ટાંત આપી સંખ્યા ૧૬ની કરી છે, તે દૃષ્ટાંતો નંદીસૂત્રની ટીકામાંથી લઇ અહિં નીચે આપવામાં આવ્યા છે.

**(૧) સેલ ઘન :**

શૈલ એટલે પર્વત અર્થાત્ મગ જેવડો પથ્થરનો કકડો અને ઘન એટલે મેઘ આ બેનું દૃષ્ટાંત આ પ્રમાણે છે :

કોઇ ગાયના ગલા જેવડા મોટા અરણ્યમાં મગના દાણા જેવડો મુદ્દ્ગશૈલ નામનો પથ્થરનો કકડો હતો, અને બીજી બાજુ જંબૂદ્વીપ જેવડો પુષ્કરાવર્ત નામનો મહામેઘ હતો. તેમાં નારદ જેવા કોઇ કલહપ્રિય મનુષ્યે પ્રથમ મુદ્દ્ગશૈલની પાસે જઇને તેને કહ્યું કે - "હે મુદ્દ્ગશૈલ ! એક વખત મહાપુરૂષોની સભામાં મેં કહ્યું કે - મુદ્દ્ગશૈલ કદાપિ પાણીથી ભેદાય જ નહીં. આ પ્રમાણે કહી તારા ગુણની મેં પ્રશંસા કરી, તે વખતે પુષ્કરાવર્ત

મેઘ તારૂં નામ પણ સહન કરી શક્યો નહીં. તેથી તે બોલ્યો કે - ખોટી પ્રશંસા કરવાથી સર્યું. મારા ધારાથી મોટા કુળપર્વતો પણ ભેદાઇ જાય તો તે બિચારા મુદ્ગશૈલની કઇ ગણના ? આ પ્રમાણે તેણે તારી નિંદા કરી." તે સાંભળી મુદ્ગશૈલ અહંકારથી બોલ્યો કે - "હે નારદજી ! ઘણું બોલવાથી શું ફળ ? તે દુષ્ટ મેઘ સાત રાતદિવસ મુશલધારાએ વરસે તો પણ એક તલના ફોતરાનો હજારમો અંશ પણ મારો ભેદાય તો હું મારૂં મુદ્ગશૈલ એવું નામ જ ધારણ ન કરૂં - બદલી નાંખું." તે સાંભળી તે પુરૂષે પુષ્કરાવર્ત મેઘની પાસે જઇ મુદ્ગશૈલે કહેલાં વચન અતિશયોક્તિ સહિત તેની પાસે કહ્યા. તે સાંભળી ક્રોધ પામેલા તે મેઘે સાત રાતદિવસ મુશળધારા વૃષ્ટિ કરી. પછી વિચાર કર્યો કે - "તે બિચારો મુદ્ગશૈલ વહેલો જ સમૂળ હણાઇ ગયો હશે." એમ ધારી તેણે વૃષ્ટિ બંધ કરી. ત્યારપછી અનુક્રમે પૃથ્વી પરથી સર્વ જળ દૂર થયું ત્યારે જોયું તો તે મુદ્ગશૈલ પ્રથમ જે ધૂળથી મલિન દેખાતો હતો તે ઉલટો અત્યંત ચકચકિત દેખાવા લાગ્યો અને તેણે હસીને નારદને તથા પુષ્કરાવર્તને કહ્યું કે - "અહો ! આવો, આવો. તમારૂં સ્વાગત છે ! અહો અમને ધન્ય છે કે આજ તમારૂં અકસ્માત દર્શન થયું." એવાં તેનાં હાંસીના વચન સાંભળી પુષ્કરાવર્ત શરમાઇને ચાલ્યો ગયો.

આ દૃષ્ટાંતનો ઉપનય એ છે જે - મુદ્ગશૈલની જેવો કોઇ જડ બુદ્ધિવાળો શિષ્ય હોય તેને તેના આચાર્યો મોટા પ્રયત્નથી ભણાવ્યા છતાં એક અક્ષર પણ આવડ્યો નહીં, ત્યારે આચાર્યે તેને અયોગ્ય ધારી તેની ઉપેક્ષા કરી. ત્યાર પછી કોઇ યુવાન વયવાળા, ગર્વિષ્ઠ અને નવા આચાર્ય એમ કહેવા લાગ્યા કે - "શિષ્યને ન આવડે તેમાં આચાર્યનો જ દોષ છે. ગમે તેવો જડ શિષ્ય હોય તો પણ સારા આચાર્ય તેને પંડિત કરી શકે છે." ઇત્યાદિક અભિમાનનાં વચન બોલી પ્રતિજ્ઞા કરી તે અયોગ્ય શિષ્યને ભણાવવા લાગ્યા. પરંતુ તેના હૃદયમાં એક શબ્દનો અર્થ પણ પરિણમ્યો નહીં. એટલે થાકીને તે નવા આચાર્ય ભ્રષ્ટપ્રતિજ્ઞાવાળા થવાથી લજ્જિત થઇને ચાલ્યા ગયા. તાત્પર્ય એ છે કે - આવા અયોગ્ય શિષ્યને શાસ્ત્ર શીખવવાથી ઉલટો અનર્થ પ્રાપ્ત થાય છે અને બીજા અનેક પ્રાણીઓને પણ તે અનર્થકારક થાય છે.

(૨) હવે કૃષ્ણભૂમિ જેવા યોગ્ય શિષ્યને શાસ્ત્ર ભણાવવું. કેમકે કૃષ્ણભૂમિમાં પડેલી જળવૃષ્ટિ જમીનમાં સમાઇ જાય છે અને વાવેલું બીજ ઘણાં બીજોને ઉત્પન્ન કરે છે. તેમ યોગ્ય શિષ્યને આપેલું શાસ્ત્ર સ્વપરનો વિકાસ કરી અત્યંત શુભપણે પરિણમે છે. તેથી તેવા કૃષ્ણભૂમિ સમાન શિષ્યોને યોગ્ય જાણવા.

(૩) કુટ-ઘડા :

તે બે પ્રકારના હોય છે. નવા અને જુના. નવા એટલે તત્કાળ નીંભાડામાંથી કાઢેલા. જુના ઘડા બે પ્રકારના હોય છે - ભાવિત અને અભાવિત. ભાવિત પણ બે પ્રકારના હોય છે - જે કપૂર વિગેરે પ્રશસ્ત દ્રવ્યથી ભાવિત કરેલા તે પ્રશસ્ત દ્રવ્યભાવિત તથા લસણ વગેરે અપ્રશસ્ત દ્રવ્યથી ભાવિત કરેલા તે અપ્રશસ્ત દ્રવ્યભાવિત કહેવાય છે. તેમાં જે પ્રશસ્ત દ્રવ્યભાવિત છે તે પણ બે પ્રકારના છે. વામ્ય એટલે વમન કરાવવા લાયક. અર્થાત્ જેનો લેપ જતો રહે તેવા તથા બીજા અવામ્ય એટલે જેનો લેપ કદાપિ કોઇપણ રીતે કાઢી શકાય નહીં તેવા. હવે અભાવિત એટલે કોઇ પણ દ્રવ્યથી જે વાસિત કરેલા ન હોય તે. આ ઘડાની જેમ શિષ્યોના પણ પ્રથમ બે પ્રકાર છે. નવા અને જુના. તેમાં જે બાલ્યાવસ્થાવાળા હોવાથી અજ્ઞાની હોય અને તેને પ્રતિબોધ કરવાનો આરંભ કર્યો હોય ત્યારે તે નવા કહેવાય છે. તથા જુના બે પ્રકારના છે. ભાવિત અને અભાવિત. તેમાં અભાવિત એટલે જે પ્રાણી કોઇપણ ધર્મથી વાસિત થયેલ ન હોય તે. ભાવિતના બે પ્રકાર છે - એક તો મિથ્યાદર્શનીએ કે પાસત્થાદિકે વાસિત કરેલા હોય તે, અને બીજા સંવિગ્ન સાધુએ વાસિત કરેલા હોય તે. મિથ્યાત્વી કે પાસત્થાદિકે વાસિત કરેલા પણ બે પ્રકારના હોય છે - વામ્ય અને અવામ્ય. સંવિગ્ન સાધુએ વાસિત કરેલા પણ બે પ્રકારના હોય છે. વામ્ય અને અવામ્ય. આ સર્વ પ્રકારોમાં જે નવા હોય, જે જુના છતાં અભાવિત હોય, જે મિથ્યાત્વી કે પાસત્થાદિકે ભાવિત કર્યા છતાં પણ વામ્ય હોય, તથા જે સંવિગ્ન સાધુએ વાસિત કરેલા અવામ્ય હોય તે સર્વ યોગ્ય છે અને બાકીના સર્વ પ્રકારો અયોગ્ય છે.

અથવા કુટદૃષ્ટાંત આ રીતે જાણવું - અહીં કુટ-ઘડા ચાર પ્રકારના જાણવા-છિદ્રકુટ (જેને તળીયે છિદ્ર હોય તે) ૧, ખંડ કુટ (જેનો એક બાજુનો ખંડ-ઠીબ હોય નહીં તે) ૨, કંઠહીન કુટ (જેને કાંઠો ન હોય તે) ૩, તથા સંપૂર્ણ કુટ (જે પરિપૂર્ણ અવયવવાળો હોય તે) ૪. આ પ્રમાણે શિષ્યો પણ ચાર પ્રકારના જાણવા. તેમાં જે શિષ્ય વ્યાખ્યાનની મંડલીમાં બેઠો હોય ત્યારે આચાર્યની કહેલી સર્વ વ્યાખ્યા સમજે, પણ ભણી રહ્યા પછી મંડલીમાંથી ઉઠીને જાય કે તરત પૂર્વાપરના સંબંધની શક્તિ રહિત હોવાથી સર્વ ભૂલી જાય તે છિદ્રકુટ સમાન જાણવો. કેમકે છિદ્રકુટમાં પણ પાણી ભર્યું હોય તો તે જ્યાં સુધી તે જ ઠેકાણે રહ્યો હોય ત્યાં સુધી છિદ્ર પૃથ્વી સાથે દબાયેલ હોવાથી તેમાં પાણી ભર્યું રહે છે, પણ તેને ઉપાડી લઈએ તો નીચેના છિદ્રમાંથી અનુક્રમે સર્વ જળ નીકળી ખાલી થઈ જાય છે. ૧. બીજો જે શિષ્ય વ્યાખ્યાનની મંડલીમાં બેઠો હોય ત્યારે પણ અર્ધભાગ, ત્રિભાગ કે ચતુર્થભાગે કરીને રહિત એવા સૂત્રાર્થને સમજે અને ઉઠ્યા પછી પણ તેટલું જ યાદ રાખે તેને ખંડકુટ જેવો શિષ્ય જાણવો. ૨. ત્રીજો જે કાંઈક હીન સૂત્રાર્થને સમજે અને પછી પણ તેટલું જ યાદ રાખે તે કંઠહીન કુટ જેવો જાણવો. ૩. તથા ચોથો જે પરિપૂર્ણ સમગ્ર સૂત્રાર્થને સમજે અને તેટલું જ યાદ રાખે તે સંપૂર્ણ કુટ સમાન જાણવો. (૪) અહીં છિદ્રકુટ જેવો શિષ્ય એકાંતે અયોગ્ય છે. બાકીના ત્રણ યોગ્ય છે. પરંતુ ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે.

**(૪-૫) ચાલણી :**

લોટ ચાળવાની ચાળણીમાં નાંખેલું જેમ તરત બહાર નીકળે તેમ જેને સૂત્રાર્થ ભણાવવા માંડ્યા, ને તરત જ ભૂલી જાય, તે ચાળણી સમાન એકાંત અયોગ્ય શિષ્ય જાણવો. ૪. ચાળણીથી પ્રતિપક્ષભૂત વંશદળથી બનાવેલું તાપસનું ભાજન (કમંડળ) હોય છે, કે જેમાંથી એક બિંદુ માત્ર જળ પણ સ્રવતું નથી. તેના સમાન જે શિષ્ય હોય તેને યોગ્ય જાણવો. (૫)

**(૬) પરિપૂર્ણક :**

એટલે ઘી, દૂધ વિગેરે ગળવાની ગળણી અથવા સુગૃહીનો માળો.

તેના વડે આભીરીઓ ઘી ગળે છે. જેમ આ પરિપૂર્ણક કચરાને પોતામાં ધારણ કરી રાખે છે અને ઘીનો ત્યાગ કરે છે, તેમ જે શિષ્ય વ્યાખ્યાન વિગેરેમાં જે શ્રવણ થાય તેમાંથી દોષને ગ્રહણ કરે અને ગુણનો ત્યાગ કરે, તે પરિપૂર્ણક જેવો શિષ્ય એકાંતે અયોગ્ય જાણવો.

**(૭) હંસ :**

જેમ હંસ જળમિશ્રિત દૂધમાંથી દૂધ પીએ છે અને જળ ગ્રહણ કરતો નથી, તેમ જે શિષ્ય દોષનો ત્યાગ કરી ગુણને જ ગ્રહણ કરે છે, તેવો હંસ જેવો શિષ્ય એકાંત યોગ્ય જાણવો. (અહીં કોઇને શંકા જાય કે - જિનેશ્વરના વચનમાં દોષનો જ અસંભવ છે તો દોષનું ગ્રહણ શી રીતે થાય ? ઉત્તર - ખરી વાત છે. જિનેશ્વરના વચનમાં દોષ છે જ નહીં. પરંતુ વ્યાખ્યા કરનાર ગુરૂ જ્યારે ઉપયોગ વિના પ્રમાદથી બોલે ત્યારે તેમાં દોષનો સંભવછે, અથવા ભણનાર શિષ્ય કુપાત્ર હોય તો ગુણવાળા વચનને પણ દોષરૂપે પોતાના આત્મામાં પરિણમાવે છે. આવા કારણથી જ દોષનો સંભવ કહેલો છે.)

**(૮) મહિષ :**

પાડો જેમ સરોવરમાં પાણી પીવા જાય ત્યારે તે પાણીમાં પ્રવેશ કરી વારંવાર મસ્તક અને શીંગડા વડે તથા ચાલવા વડે પાણીને ડોળી નાંખે છે, તેથી પોતે પણ પાણી પી શકતો નથી અને બીજા પ્રાણીઓને પણ પીવા લાયક જળ રહેવા દેતો નથી. તેમ જે શિષ્ય વ્યાખ્યાનમાં બરાબર સમજ્યા વિના જ કુતર્ક અને વિકથાદિક વડે વ્યાખ્યાનને ડોળી નાંખે છે કે જેથી પોતાને તથા પરને વ્યાખ્યાન સાંભળવામાં અને સમજવામાં વિઘાત થાય છે, તે મહિષ સમાન શિષ્યને એકાંતે અયોગ્ય જાણવો.

**(૯) મેષ :**

જેમ ઘેટો શરીરને નિશ્ચળ રાખી નાના ખાડામાં રહેલા થોડા જળને પણ ડોળ્યા વિના તે પાણી પીએ છે, તેમ જે શિષ્ય વિનયપૂર્વક આચાર્યના ચિત્તને પ્રસન્ન રાખીને તેમની પાસેથી એક શબ્દ માત્ર (અલ્પ) જ પૂછીને ઘણું ગ્રહણ કરી લે છે, તેવા મેષ સમાન શિષ્યને યોગ્ય જાણવો.

(૧૦)મસક :

જે શિષ્ય પવન ભરેલી મસકની જેમ ગુરુના જાતિ વિગેરેના દોષોને પ્રગટ કરી ગુરુના મનમાં વ્યથા ઉત્પન્ન કરે છે તેને સર્વથા અયોગ્ય શિષ્ય જાણવો.

(૧૧)જલૌકા :

જળો જેમ શરીરને દુભવ્યા વિના ખરાબ રૂધિરને ખેંચી લે છે, તેમ જે શિષ્ય ગુરુને દુભવ્યા વિના તેની પાસેથી શ્રુતજ્ઞાનને ગ્રહણ કરી લે છે, તે જલૌકા સમાન યોગ્ય જાણવો.

(૧૨)બિલાડી :

જેમ બિલાડી દુષ્ટ સ્વભાવને લીધે પાત્રમાં રહેલા દૂધને ભૂમિ પર ઢોળી નાંખીને પછી પીએ છે (ચાટે છે) તેમ જે શિષ્ય વિનયાદિક કરવાના ગુણવાળો નહીં હોવાથી પોતે સાક્ષાત્ ગુરૂ પાસે જઈને શ્રુતની વ્યાખ્યા સાંભળે નહીં. પરંતુ વ્યાખ્યા સાંભળીને ઉભા થયેલા કેટલાક સાધુઓ વિગેરેને પૂછી પૂછીને કાંઈક જાણે તેને બિલાડી સમાન અયોગ્ય જાણવો.

(૧૩)જાહક :

જેમ જાહક પક્ષી પાત્રમાં રહેલું થોડું થોડું દૂધ પીને પછી તેના પડખાને ચાટે છે તેમ જે શિષ્ય ગુરૂ પાસેથી ગ્રહણ કરેલા (ભણેલા) સૂત્રાર્થને અત્યંત પરિચિત (દૃઢ) કરી પછી બીજું આગળ ભણે છે, તે જાહક સમાન શિષ્ય યોગ્ય જાણવો.

(૧૪)ગો :

વિજયશીલચંદ્રસૂરિ ગ્રંથ સંગ્રહ

ગાયનું દૃષ્ટાંત આ પ્રમાણે - કોઈ કુટુંબિકે કોઈ વેદ ભણેલા ઉત્તમ ચાર બ્રાહ્મણોને એક ગાયનું દાન આપ્યું. તેમણે વારા પ્રમાણે એક એક દિવસ પોતાને ઘેર ગાય રાખી દોહવાનો ઠરાવ કર્યો. પછી પહેલે દિવસે જેણે ગાય રાખી, તેણે વિચાર કર્યો - "આ ગાયને હું કાંઈપણ ખાવા પીવાનું આપીશ, તેનો લાભ તો મને મળવાનો નથી, કેમ કે કાલે બીજાને ત્યાં જશે, તેથી મારે શા માટે કાંઈપણ ખાવા આપવું જોઈએ ?" એમ

વિચારીને તેણે તે ગાયને કાંઇપણ ખાવા આપ્યું નહીં, અને દોહવાયું તેટલું દૂધ દોહી લીધું. એ જ પ્રમાણે બીજા ત્રણ બ્રાહ્મણોએ પણ તેવોજ વિચાર કરી ગાયને કાંઇપણ ખાવાપીવા આપ્યું નહીં. તેથી કેટલેક દિવસે તે ગાય ખાધા પીધા વિના મરણ પામી. તેથી લોકમાં તેમની ઘણી નિંદા થઇ અને ત્યારપછી કોઇએ તેમને ગાયનું દાન આપ્યું નહીં. તે જ પ્રમાણે જે શિષ્ય એવો વિચાર કરે કે - "ગાય સદૃશ આચાર્ય કેવળ અમને જ ભણાવે છે એમ નથી, પ્રાતીચ્છિક[1] સાધુઓને પણ ભણાવે છે, તેથી તેઓજ ગુરૂનો વિનય વૈયાવચ્ચ વિગેરે કરશે; અમારે શા માટે કાંઇ કરવું જોઇએ ?" હવે પ્રાતીચ્છિક સાધુઓ પણ એવો વિચાર કરે કે - "આ ગુરૂના વિનયાદિક તેમના શિષ્યો જ કરશે, અમે તો થોડા દિવસ જ રહેવાના છીએ, તેથી અમે શા માટે કરીએ ?" આ પ્રમાણે વિચાર કરી કોઇપણ શિષ્યે આચાર્યના વિનયાદિક ન કરવાથી આચાર્ય સીદાવા લાગ્યા, તેથી લોકમાં તે શિષ્યોની નિંદા થઇ. તેમ જ તેવા અવિનીત શિષ્યોને બીજા ગચ્છાદિકમાં પણ સૂત્રાર્થનો અભ્યાસ દુર્લભ થયો. તેથી આવા શિષ્યોને અયોગ્ય જાણવા.

આ ગાયનું દૃષ્ટાંત બીજી રીતે આ પ્રમાણે જાણવું. કોઇએ ચાર બ્રાહ્મણોને એક ગાય દાન તરીકે આપી. તેમણે પણ પૂર્વની જેમ વારા પ્રમાણે એક એક દિવસ રાખવાનો ઠરાવ કર્યો. પછી પહેલા બ્રાહ્મણે વિચાર કર્યો કે - "જો હું આ ગાયને ખાવા-પીવા નહીં આપું અને બીજા પણ મારી જેવો વિચાર કરી નહીં આપે તો આ ગાય મરણ પામશે. તેથી લોકોમાં અમારી નિંદા થશે અને ફરી અમને કોઇ ગૌદાન આપશે નહીં અને જો આને હું ખાવા પીવાનું આપીશ તો તેથી પુષ્ટ થયેલી ગાયને બીજા બ્રાહ્મણો પણ જે દોહન કરશે તેનો પણ મને મોટો લાભ છે અને હું પણ ફરી ફરી વારા પ્રમાણે આને દોઇ શકીશ." એમ વિચારી તેણે ખાવા પીવાનું આપ્યું. તે જ પ્રમાણે બીજા ત્રણ બ્રાહ્મણોએ પણ તેવો જ વિચાર કરીને આપ્યું. તેથી તેઓએ ચિરકાળ ગાયનું દોહન કર્યું, લોકમાં તેમની પ્રશંસા થઇ અને લોકો પાસેથી બીજા બીજા દાન પણ

---

૧ ભણવા માટે બીજા સમુદાયના સાધુઓ આવીને રહ્યા હોય તે.

તેઓ પામ્યા. એ જ પ્રમાણે જે શિષ્યો એવો વિચાર કરે કે - "જો અમે આચાર્યનો વિનયાદિક નહીં કરીએ તો આચાર્ય સીદાશે, લોકમાં અમારી નિંદા થશે અને બીજા ગચ્છમાં પણ અમને કોઇ ભણાવશે નહીં. વળી આ ગુરૂએ અમને દીક્ષાદિક આપ્યાં છે તેથી તે અમારા મોટા ઉપકારી છે, માટે અવશ્ય તેનો વિનયાદિક અમારે કરવો જોઇએ, વળી અમારા કરેલા વિનયાદિકથી પ્રાતીચ્છિક સાધુઓને પણ ભણવાનો લાભ થશે, તે પણ અમને જ લાભ છે." ઇત્યાદિક વિચારીને ગુરૂની વૈયાવચ્ચ કરે. હવે પ્રાતીચ્છિક સાધુઓ પણ એવો વિચાર કરે કે - "પ્રત્યુપકારની આશા વિના જ આ આચાર્ય અમને ભણાવવાનો મહા ઉપકાર કરે છે, આનો બદલો અમે શી રીતે વાળી શકીએ, તો પણ જે કાંઇક વિનયાદિક થાય તે અમે કરીએ." એમ વિચારીને તેઓ પણ ગુરૂનો વિનયાદિક કરવા લાગ્યા, તેથી લોકોમાં તેમની પ્રશંસા થઇ અને પોતાને સૂત્રાર્થનો લાભ ચિરકાળ સુધી થયો. આવા શિષ્યોને યોગ્ય જાણવા.

**(૧૫)ભેરી :**

દ્વારકા નગરીમાં શ્રીકૃષ્ણ વાસુદેવ રાજ્ય કરતા હતા, તે દોષવાળી વસ્તુમાંથી પણ ગુણને જ ગ્રહણ કરતા હતા, તથા નીચ યુદ્ધ વડે કદાપિ યુદ્ધ કરતા નહોતા.

એકદા સૌધર્મ ઇંદ્રે તેના આ બે ગુણોની પ્રશંસા કરી. તે સાંભળી કોઇ દેવ તેની પરીક્ષા કરવા માટે આવ્યો. તેણે એક અત્યંત કોહેલા, દુર્ગંધીવાળા, મુખ ઉઘાડીને સુતેલા અને મરવાની તૈયારીવાળા કુતરાનું રૂપ વિકુર્વી એક ખાડામાં મૂક્યું. તે વખતે તે માર્ગે કૃષ્ણ વાસુદેવ સૈન્ય સહિત ઉજ્જયંત પર્વત પર પધારેલા શ્રી નેમિનાથને વાંદવા નીકળ્યા. આગળ ચાલનારા સૈન્યના મનુષ્યો તે કુતરાની દુર્ગંધને લીધે વસ્ત્ર વડે નાસિકાને ઢાંકી દૂર ચાલવા લાગ્યા. કૃષ્ણે તેનું કારણ પૂછ્યું, ત્યારે કોઇએ તેને કહ્યું કે - "હે દેવ ! આગળ અત્યંત દુર્ગંધવાળો મૃતપ્રાય કુતરો પડેલો છે, તેની દુર્ગંધ સહન ન થવાથી સર્વ લોકો વસ્ત્ર વડે નાસિકાને ઢાંકીને દૂર દૂર ચાલે છે." તે સાંભળી ત્રાસ પામ્યા વિના જ કૃષ્ણે પોતાનો હસ્તી તે તરફ જ ચલાવ્યો. તેની પાસે જઇ કૃષ્ણે તે કુતરાની પ્રશંસા કરી કે -

"અહો ! શ્યામ શરીરવાળા આ કુતરાના મુખમાં રહેલા શ્વેત દાંતની પંક્તિ જાણે કે મરકત મણિમય પાત્રમાં રાખેલા મુક્તાફળની શ્રેણિ હોય તેવી શોભે છે." આવી પ્રશંસા સાંભળી તે દેવ વિસ્મય પામ્યો.

ત્યાર પછી કૃષ્ણ વાસુદેવ શ્રી નેમિનાથને વાંદી ઘેર આવ્યા ત્યારે તે દેવ તેની અશ્વશાળામાંથી સર્વજનો દેખતાં એક અશ્વરત્નનું હરણ કરી ધીમે ધીમે ચાલ્યો, તેની પાછળ સૈન્ય તથા સર્વે કુમારો ગયા. તે સર્વેને તે દેવે લીલામાત્રથી જીતી લીધા, છેવટે કૃષ્ણ વાસુદેવ આવ્યા, તેણે તેને પૂછ્યું કે - "તું શા માટે મારા અશ્વરત્નનું હરણ કરે છે ?" તેણે જવાબ આપ્યો કે - "આને હરણ કરવાની મારામાં શક્તિ છે, તેથી હરણ કરૂં છું. તમારામાં જો શક્તિ હોય તો મને યુદ્ધમાં જીતી આ અશ્વ ગ્રહણ કરો." તે સાંભળી કૃષ્ણે કહ્યું - "કયા યુદ્ધ વડે હું તારી સાથે યુદ્ધ કરૂં ?" તેણે કહ્યું - "પૂત (કુલા)ના યુદ્ધ વડે યુદ્ધ કરો." તે સાંભળી કૃષ્ણે બે હાથ વડે કાન ઢાંકી ખેદયુક્ત થઇ કહ્યું કે - "ભલે તું અશ્વને લઇ જા, પરંતુ હું નીચ યુદ્ધ વડે યુદ્ધ નહીં કરૂં." તે સાંભળી પ્રસન્ન થયેલા દેવે પ્રત્યક્ષ થઇ તેની પ્રશંસા કરી કહ્યું કે - "તમારા ગુણની ઇંદ્રે પ્રશંસા કરી, તેની પરીક્ષા કરવા માટે આ સર્વ મેં કર્યું છે. ઇંદ્રે તમારા જેવા ગુણ કહ્યા તેવા જ તમે છો." ઇત્યાદિક કહી ફરીથી દેવે કહ્યું કે - "હે વાસુદેવ ! દેવનું દર્શન નિષ્ફળ ન હોય તેથી કાંઇપણ ઇષ્ટ વસ્તુ માંગો." ત્યારે કૃષ્ણે કહ્યું કે - "હાલ દ્વારકા નગરીમાં મારીનો ઉપદ્રવ છે, તેને શાંત કરવાનો ઉપાય બતાવો, કે જેથી ફરી આવો ઉપદ્રવ ન થાય." તે સાંભળી તે દેવે તેને ગોશીર્ષ - ચંદનની એક ભેરી આપી કહ્યું કે - "છ છ માસે આ ભેરીને તમારી સભામાં વગાડવી, તેનો શબ્દ બાર યોજન સુધી સંભળાશે. તે શબ્દને જે કોઇ સાંભળશે, તેને પૂર્વના વ્યાધિ નાશ પામશે અને નવા વ્યાધિ છ માસ સુધી થશે નહીં." આ પ્રમાણે કહી તે દેવ સ્વસ્થાને ગયા. પછી કૃષ્ણે તે ભેરી સેવકને આપી કહ્યું કે - "છ છ માસે સભામાં આ ભેરી તારે વગાડવી અને એને સારી રીતે સાચવી રાખવી." પછી બીજે દિવસે સભામાં તે ભેરી વગાડી. તેના શબ્દથી આખી દ્વારકા નગરીના લોકોના વ્યાધિ નષ્ટ થઇ ગયા.

એક વખત દૂર દેશનો રહીશ કોઇ મહારોગી ધનવાન પુરૂષ તે ભેરીનો શબ્દ સાંભળવા માટે દ્વારકા નગરીમાં આવ્યો. પરંતુ તે ભેરી વગાડવાનો દિવસ વ્યતીત થયો હતો. તે જાણી તે ધનિકે વિચાર કર્યો કે - "હવે મારૂં શું થશે ? હવે તો છ માસે ફરીથી ભેરી વાગશે, ત્યાં સુધીમાં તો મારો વ્યાધિ વૃદ્ધિ પામીને મારા જીવિતનો અંત લાવશે. તેથી હવે મારે શું કરવું ?" આ પ્રમાણે ચિંતા કરતાં તેને વિચાર સૂઝ્યો કે - "જો તે ભેરીનો શબ્દ સાંભળવાથી જ રોગ નષ્ટ થાય છે, તો તેનો એક કકડો ઘસીને પીવાથી અત્યંત નાશ પામશે. તેથી તે ભેરી વગાડનારને પુષ્કળ દ્રવ્ય આપી તેની પાસેથી એક કકડો માગી લઉં."

આ પ્રમાણે વિચારી તેણે ઘણું દ્રવ્ય આપી તેની પાસેથી ભેરીનો એક કકડો લીધો અને તેના વડે પોતાનો રોગ નષ્ટ કર્યો. ભેરી વગાડનારાએ તે કકડાને બદલે બીજો કકડો સાંધી દીધો. આ પ્રમાણે ધનના લોભથી તે ભેરી વગાડનારાએ અન્ય અન્ય દેશાંતરોમાંથી આવેલા રોગીજનો પાસેથી ઘણું ધન લઇ કકડા કકડા આપ્યા અને તેને બદલે બીજા કકડાઓ સાંધ્યા, તેથી તે ભેરી કંથા જેવી થઇ ગઇ અને તેનો પ્રભાવ પણ નષ્ટ થયો.

દ્વારિકા નગરીમાં પ્રથમની જેમ ફરીને રોગની ઉત્પત્તિ થઇ તે જાણી કૃષ્ણે પોતાની સભામાં તે ભેરી વગડાવી. પરંતુ તેનો શબ્દ સભાની અંદર પણ પૂરો સંભળાયો નહીં. ત્યારે કૃષ્ણે પોતે તે ભેરીને જોઇ તો દરિદ્ર માણસની કંથા જેવી દીઠી. તેથી કૃષ્ણે તેના જાળવનાર પર ક્રોધ કરી તેનો વિનાશ કર્યો. પછી ફરીથી મનુષ્યો પરની અનુકંપાને લીધે કૃષ્ણ પૌષધશાળામાં જઇ અઠ્ઠમ તપ કરી તે જ દેવને આરાધ્યો. એટલે તે દેવે પ્રત્યક્ષ થઇ આરાધવાનું પ્રયોજન પૂછ્યું. કૃષ્ણે સર્વ વૃત્તાંત કહી બીજી ભેરી માંગી. તે દેવે પણ આપી. તે ભેરી કૃષ્ણ વાસુદેવે સારી રીતે પરીક્ષા કરી નિશ્ચય કરેલા બીજા આપ્ત સેવકને જાળવવા આપી. તેણે તે ભેરી લોભાદિકને આધીન ન થવાથી અખંડ રાખી. તેથી સર્વ પ્રજા ચિરકાળ સુખી થઇ. ઇત્યાદિ.

આ દૃષ્ટાંતનો ઉપનય આ પ્રમાણે છે - ભેરીને ઠેકાણે જિનપ્રવચનના સૂત્રાર્થ જાણવા. જેમ ભેરીનો શબ્દ સાંભળવાથી રોગનો

નાશ થાય, તેમ સિદ્ધાંતના શબ્દો સાંભળવાથી પ્રાણીઓના કર્મનો વિનાશ થાય છે. જે શિષ્ય મૂળ સૂત્ર તથા અર્થને વચ્ચે વચ્ચે ભૂલી જઇ તે સ્થાને બીજા બીજાસૂત્ર અર્થને જોડી દઇ કંથા સમાન કરે છે, તે ભેરી વગાડનાર પહેલા પુરૂષ જેવો જાણવો. આવો શિષ્ય એકાંતે અયોગ્ય છે અને જે શિષ્ય આચાર્યે (ગુરૂએ) કહેલા સૂત્ર તથા અર્થને બરાબર યથાર્થ ધારી રાખે છે, તે પાછળના ભેરી જાળવનાર પુરૂષ જેવો જાણવો. આવો શિષ્ય એકાંતે યોગ્ય છે.

**(૧૬) આભીરી :**

કોઇ આભીર પોતાની ભાર્યા સહિત ઘી વેચવા માટે ગાડામાં ઘીનાં પાત્રો ભરી પાસેના નગરમાં ગયો. ચૌટામાં આવી વેપારીઓની દુકાનોમાં ઘીનું સાટું કરવા લાગ્યો. છેવટ એક વેપારીની સાથે ઘીનું સાટું નક્કી કર્યું, પછી તે આભીર ગાડામાં રહી ઘીના માપવાળો નાનો ઘડો ભરી ભરીને નીચે ઉભી રહેલી આભીરીને આપવા લાગ્યો અને તે આભીરી વેપારીને આપવા લાગી. તેવામાં એક વખત દેવા લેવામાં બરાબર ઉપયોગ નહીં રહેવાથી તે ઘીના માપનો ઘડો વચ્ચે જ પૃથ્વી પર પડીને ફુટી ગયો. તે વખતે ક્રોધ પામી આભીરે આભીરીને કહ્યું કે - "હે પાપીણી ! અન્ય અન્ય જુવાન માણસોની સામું તું જોયા કરે છે અને હું ઘીનો ઘડો આપું છું તે બરાબર લેવામાં ધ્યાન રાખતી નથી ?" તે સાંભળી આભીરી પણ ક્રોધથી બોલી કે - "હે ગામડીયા ! ઘીના ઘડા પર ધ્યાન રાખ્યા વિના તું રૂપાળી રૂપાળી શહેરની સ્ત્રીઓના મુખ સામું જુએ છે તેથી પાત્ર બરાબર આપતો નથી અને વળી ઉલટો મને ઠપકો (ગાળો) આપે છે ?" આ પ્રમાણે તે બન્ને પરસ્પર વધારે વધારે કઠોર વચન બોલવા લાગ્યા. અનુક્રમે તે બન્નેનું કેશાકેશી યુદ્ધ થયું. તેમાં તે બન્નેના આઘા પાછા પડતા પગના પ્રહારથી પ્રાયે ગાડામાંનું સર્વ ઘી ઢોળાઇને પૃથ્વી પર પડ્યું. તે કેટલુંક પૃથ્વીમાં ચુસાઇ ગયું, કેટલુંક કુતરા ચાટી ગયા અને કાંઇક બાકી રહ્યું તે ચોર લોકો હરી ગયા. તેની સાથે આવેલા બીજા આભીરો પોતપોતાનું ઘી વેપારીને વેચાતું આપી તેના પૈસા વિગેરે લઇ પોતાના ગામમાં પાછા ગયા. ત્યારપછી સાંજનો વખત થવા

આવ્યો ત્યારે તે બન્ને થાકીને યુદ્ધથી નિવૃત્ત થયા, અને સ્વસ્થ થયા. પછી પ્રથમ જે કાંઇ ઘી વેપારીને આપ્યું હતું (વેચાયું હતું), તેના પૈસા લઇ તે બન્ને પોતાના ગામ તરફ ગાડામાં બેસીને પાછા વળ્યા. માર્ગમાં જતાં જ સૂર્ય અસ્ત થયો, અંધારૂં ચોતરફ વ્યાપી ગયું. તેવામાં ચોર લોકોએ આવી તેમનું ધન, વસ્ત્ર અને ગાડાના બળદો પણ હરી લીધા. આ રીતે તેઓ અત્યંત દુઃખી થયા.

આ દૃષ્ટાંતનો ઉપનય આ પ્રમાણે કરવો - જે કોઇ શિષ્ય અન્યથા પ્રકારે પ્રરૂપણા કરે કે અભ્યાસ કરે તેને જ્યારે આચાર્ય મહારાજ કઠોર વાક્ય વડે શિખામણ આપે ત્યારે તે શિષ્ય સામું બોલે કે - "તમે જ મને પ્રથમ આવી રીતે શીખવ્યું હતું અને અત્યારે કેમ તે ગોપવો છો ?" આવાં વચન બોલનાર તે શિષ્ય કેવળ પોતાના આત્માને જ સંસારમાં નાંખે છે એટલું જ નહીં, પરંતુ આચાર્યના ક્રોધનો પણ પોતેજ કારણરૂપ થઇ આચાર્યને પણ સંસારમાં પાડે છે. કેમકે કુશિષ્યો સૌમ્ય ગુરૂને પણ ક્રોધી બનાવવામાં કારણ થાય છે. એ વાત પ્રસિદ્ધ છે. તથા વળી ગુરૂ તો ગુણી જ હોય છે તેથી તેઓ જો દુષ્ટ શિષ્યને શિખામણ આપતાં કદાચ ક્રોધ ન કરે, તો પણ તે શિષ્ય તો ભગવાનની આજ્ઞાનો લોપ કરવાથી અને ગુરૂની આશાતના કરવાથી અશુભ કર્મનું ઉપાર્જન કરી અવશ્ય દીર્ઘ સંસારી થાય છે. આવો શિષ્ય બુદ્ધિમાન હોય તો પણ તે શ્રુતબાહ્ય થાય છે અને અન્ય જન્મમાં પણ તેને શ્રુતજ્ઞાન પ્રાપ્ત થતું નથી. આવો શિષ્ય એકાંતે અયોગ્ય છે.

આ દૃષ્ટાંતનું પ્રતિપક્ષ દૃષ્ટાંત પણ એ જ પ્રમાણે જાણવું. તેમાં તફાવત આ પ્રમાણે છે - જ્યારે તે આભીર કે આભીરીના ઉપયોગને અભાવે ઘીનો ઘડો પૃથ્વી પર પડીને ફૂટી ગયો, ત્યારે તે બન્નેએ શીઘ્ર શીઘ્ર ઢોળાયેલું ઘી એક નાના ઠીબકામાં લેવાય તેટલું લઇ લીધું, તેથી થોડુંજ ઘી વિનાશ પામ્યું. પછી આભીરે પોતાના આત્માની જ નિંદા કરી કે - "હે પ્રિયા ! મેં તને બરાબર ઉપયોગપૂર્વક ઘીનો ઘડો આપ્યો નહીં, તેથી તે પડી ગયો." તે સાંભળી આભીરી પણ બોલી કે - "હે નાથ ! તમે તો બરાબર આપ્યો હતો, પણ મેં જ બરાબર ગ્રહણ ન કર્યો." આ

પ્રમાણે થવાથી તેમને કોપના આવેશથી થયેલ યુદ્ધનું દુઃખ થયું નહીં, ઘીની હાનિ પણ થઇ નહીં અને બીજા આભીરોની સાથે વહેલા ઘેર જવાથી માર્ગમાં લુંટાવાનું દુઃખ પણ થયું નહીં. તેથી તેઓ સુખી થયા. આ દૃષ્ટાંત પ્રમાણે જ કોઇ આચાર્યે ઉપયોગને અભાવે કાંક અન્યથા વ્યાખ્યાન કર્યું હોય અને પછીથી શિષ્ય પણ તે જ પ્રમાણે તેનું ચિંતવન કરતો હોય, તો તેને આચાર્ય આ પ્રમાણે કહે કે - "હે વત્સ ! તું આવો અર્થ ન કર, મેં તે વખતે ઉપયોગને અભાવે એ પ્રમાણે કહ્યું હશે, પણ હવે આવો અર્થ કર." તે સાંભળી શિષ્ય બોલે કે - "હે પૂજ્ય ! શું આપ અન્યથા પ્રરૂપણા કરો ખરા ? મેં જ અલ્પ મતિને લીધે બરાબર અર્થ ધાર્યો નહીં હોય." આવો શિષ્ય એકાંતે યોગ્ય છે.

**ઈતિ શિષ્યની યોગ્યતા અયોગ્યતા ઉપરના ચતુર્દશ દૃષ્ટાંતો સંપૂર્ણ.**

## (૪૨) સમકિતના સડસઠ બોલ

**चउ सद्दहण तिलिंगं, दस विणय तिसुद्धि पंचगयदोसं ।**
**अट्ठ प्पभावण भूसण, लक्खण पंचविह संमत्तं ॥ ७४ ॥**

**छव्विह जयणागारं, छब्भावयणभावियं च छट्ठाणं ।**
**इय सत्तसट्ठि दंसण-भेयविसुद्धं च संमत्तं ॥ ७५ ॥**

**અર્થ :** ચાર સદ્દહણા, ત્રણ લિંગ, દશનો વિનય, ત્રણ શુદ્ધિ, (ટાળવા યોગ્ય) પાંચ દોષ, આઠ પ્રકારની પ્રભાવના, પાંચ ભૂષણ, સમકિતના પાંચ લક્ષણ (ચિન્હ), છ પ્રકારની જયણા (યતના), છ આગાર, છ ભાવનાથી ભાવિત અને છ સ્થાન - આ પ્રમાણે દર્શનના સડસઠ ભેદ વડે શુદ્ધ એવું સમકિત કહ્યું છે. (૭૪-૭૫)

**વિસ્તરાર્થ**-પરમાર્થ જાણવાનો અભ્યાસ કરવો ૧, પરમાર્થ જાણનારની સેવા કરવી ૨, નિન્હવાદિકનો પરિચય ન કરવો ૩, કુદર્શનીનો સંગ ન કરવો - આ ચાર સદ્દહણા કહેવાય છે. સિદ્ધાંતનું શ્રવણ ૧, ધર્મમાં તીવ્ર રાગ ૨ અને દેવ ગુરૂની ભક્તિ (વૈયાવચ્ચ) ૩ -

આ ત્રણ લિંગ છે. અરિહંતની ભક્તિ ૧, સિદ્ધના ગુણોનું કીર્તન ૨, ચૈત્યની વૈયાવચ્ચ (સારસંભાળ) ૩, ધર્મ ઉપર રાગ ૪, શ્રુતની (જ્ઞાન ને જ્ઞાનીની) વૈયાવચ્ચ ૫, સંવેગી સાધુની સેવા ૬, આચાર્યની સેવા ૭, ઉપાધ્યાયની સેવા ૮, સર્વ સંઘની સેવા ૯ અને સમકિતવંતની સેવા ૧૦ - આ દશનો વિનય કરવાનો હોવાથી તેના દશ ભેદ કહેવાય છે.

અરિહંત વિના બીજા દેવ અને જિનશાસન વિના બીજું શાસન મનથી ન માનવું ૧, જૈન ધર્મની દઢતા વચન દ્વારા બતાવવી ૨ અને કાયાથી ગમે તે કારણે પણ જિનેશ્વર વિના બીજા દેવને ન નમવું ૩ - આ ત્રણ શુદ્ધિ છે. જિન ધર્મમાં શંકા કરે ૧, પરમતની વાંછા કરે ૨, ધર્મના ફળનો સંદેહ કરે ૩, પરમતની પ્રશંસા કરે ૪, તથા મિથ્યાત્વીનો પરિચય કરે ૫ - એ પાંચ દૂષણો ત્યાગ કરવા લાયક છે. સર્વ સિદ્ધાંતો જાણીને શાસનને દીપાવે ૧, ધર્મોપદેશ આપીને જિનશાસન દીપાવે ૨, વાદ કરી જીત મેળવીને જિનશાસન દીપાવે ૩, તપ કરીને જિનધર્મ દીપાવે ૪, નિમિત્ત પ્રકાશી જિનધર્મ દીપાવે ૫, વિદ્યામંત્રાદિકનો ઉપયોગ કરી જિનશાસન દીપાવે ૬, પાદલેપાદિ વિદ્યા વડે સિદ્ધપણું દેખાડી જિનધર્મ દીપાવે ૭ અને અનેક પ્રકારનાં કાવ્યો કરી જિનધર્મ દીપાવે ૮ - એ આઠ પ્રભાવક કહ્યા છે. જિનશાસનની ક્રિયામાં કુશળતા ધરાવવી ૧, જિનશાસનની (દેવગુરૂ વિગેરેની) ભક્તિ કરવી ૨, જિનશાસનની ઘણા લોકો અનુમોદના કરે તેવી પ્રભાવના કરવી ૩, જિનશાસનમાં દઢતા રાખવી ૪ અને તીર્થની સેવા કરવી (તીર્થોનું રક્ષણ કરવું) ૫ - આ પાંચ ભૂષણો છે. અપરાધી ઉપર પણ કોપ ન કરવો ૧, સાંસારિક સુખને ન ઇચ્છતાં માત્ર મોક્ષસુખની જ વાંછા કરવી ૨, સંસારને કારાગૃહ સમાન માની તેમાંથી નીકળવા ઇચ્છવું ૩, દ્રવ્ય ને ભાવથી દુઃખી પર દયા રાખવી ૪ અને જિનધર્મમાં સંદેહ ન કરવો (આસ્તિક થવું) ૫ - એ પાંચ લક્ષણ છે. અન્ય તીર્થિકના દેવને, ગુરૂને અને તેણે ગ્રહણ કરેલ અરિહંતની પ્રતિમાને વંદન કરવું નહીં તેમ જ તેમને નમસ્કાર કરવો નહીં ૧-૨, અન્ય તીર્થિક સાથે વગર બોલાવ્યે બોલવું નહીં તેમજ વારંવાર વાત કરવી નહીં ૩-૪, અન્ય તીર્થિકને

અન્નાદિક એકવાર આપવું નહીં ૫ અને વારંવાર આપવું નહીં ૬ - આ છ જયણા કહેલી છે.

રાજાની આજ્ઞા પ્રમાણે કરવું પડે તે રાજા સંબંધી આગાર ૧, ચોરાદિકના બળાત્કારે કરવું પડે તે બળાત્કાર સંબંધી આગાર ૨, સગા સંબંધી કે સમુદાયને અનુસરી વર્તવું પડે તે ગુણસંબંધી આગાર ૩, પિતાદિકના કહેવા પ્રમાણે કરવું પડે તે ગુરૂ સંબંધી આગાર ૪, દેવના દબાણથી તેના કહેવા પ્રમાણે કરવું પડે તે દેવ સંબંધી આગાર ૫, અને દુષ્કાળાદિકને લીધે આજીવિકા પણ થતી ન હોય ત્યારે જે કરવું પડે તે દુષ્કાળ સંબંધી આગાર ૬ - આ છ આગાર છે. સમકિત ધર્મનું મૂળ છે ૧, ધર્મરૂપ નગરનું દ્વાર છે ૨, ધર્મરૂપ પ્રસાદનું પ્રતિષ્ઠાન છે ૩, સર્વ ગુણનો આધાર છે ૪, સર્વ ગુણોને જાળવવાના નિધાનરૂપ છે ૫ અને શ્રુતશીલાદિ ધર્મનું ભાજન છે ૬ - આ છ ભાવના કહી છે. જીવાજીવાદિક નવતત્ત્વ છે એમ માનવું અથવા જીવ છે એમ માનવું ૧, નવે તત્ત્વ અથવા જીવ સદા વિદ્યમાન છે એમ માનવું ૨, જીવ કર્મનો કર્તા છે અને કર્મનો ભોક્તા છે એમ માનવું ૩-૪, સંસારથી મુક્ત થવાય છે (મોક્ષ છે) ૫, અને જ્ઞાનક્રિયારૂપ મુક્તિનો ઉપાય છે ૬ - એ પ્રમાણે માનવારૂપ છ સ્થાન છે. આ કુલ મળીને સમકિતના સડસઠ ભેદ જાણવા. તેનો વિશેષ વિસ્તાર અન્ય ગ્રંથોથી જાણવો.

## (૪૩) કુશીલવાનની આચરણા

**अइलज्जई अइबीहई, अइभूमीपलोअणं च अइमोणं ।**
**पुरिसस्स महिलियाए, न सुद्धसीलस्स चरियाइं ॥ ७६ ॥**

**અર્થ :** અત્યંત લજ્જા દેખાડવી, અત્યંત ભય દેખાડવો, પૃથ્વી પર બહુ નીચું જોવું અને અત્યંત મૌન રાખવું - એ શુદ્ધ શીલવાળા પુરૂષ કે સ્ત્રીના આચરણ ન હોય. અર્થાત્ આવા લક્ષણવાળા માયાવી ને કુશીલીયા હોય છે અને તેનાથી વિપરીત હોય તે શીલવંત કહેવાય છે. (૭૬)

## (૪૪) શીલવંતે તજવાના દોષ

**वंकं गमणं वंकं, पलोअणं तह य वंकमालवणं ।**
**अइहास उब्भडवेसो, पंच वि सीलस्स दोसाइं ॥ ७७ ॥**

**અર્થ :** વાંકું ચાલવું, વાંકું જોવું, વાંકું બોલવું, ઘણું હસવું અને ઉદ્‌ભટ વેષ ધારણ કરવો - આ પાંચ શીલવંતે તજવા યોગ્ય દોષો છે. (૭૭)

## (૪૫) અરિહંત પરમાત્માનો પ્રભાવ

**अरिहंतो अ समत्थो, तारण लोआण दिग्घसंसारे ।**
**मग्गणदेसणकुसलो, तरंति जे मग्ग लग्गंति ॥ ७८ ॥**

**અર્થ :** અરિહંત દેવ આ દીર્ઘ સંસારમાં ભ્રમણ કરતા લોક (જીવો)ને તારવામાં અસમર્થ છે, પરંતુ તે અરિહંત માર્ગ દેખાડવામાં કુશળ છે, તેથી જેઓ તેમના બતાવેલા માર્ગે લાગે છે - અનુસરે છે, તેઓ સંસાર તરી જાય છે. (૭૮) આ ગાથાનો એવો પણ અર્થ થાય છે કે - અરિહંત દેવ જીવોને તારવાને સમર્થ છે. તેઓ સંસાર કેમ તરી શકાય તેને માટે માર્ગ દેખાડવામાં કુશળ છે. તે માર્ગે જે ચાલે છે તે સંસાર તરે છે.

## (૪૬) ધર્મીજનનાં ભૂષણ

**मंदं गमनं मंदं च, भासणं कोहलोहनिग्गहणं ।**
**इंदियदप्पच्छेओ, धम्मीजणमंडणं एयं ॥ ७९ ॥**

**અર્થ :** મંદમંદ ચાલવું, મંદમંદ બોલવું, ક્રોધ અને લોભ વિગેરેનો નિગ્રહ કરવો તથા ઇંદ્રિયોના ગર્વનો છેદ કરવો. (ઇંદ્રિયોનું દમન કરવું) - એ ધર્મીજનોનાં ભૂષણ છે. (૭૯)

## (૪૭) પાંચમા આરાને અંતે રહેવાનો સંઘ વિગેરે

**दुप्पसहो फग्गुसिरी, नाइलसड्ढो अ सच्चसिरिसड्ढी ।**
**तह विमलवाहणनिवो, सुमुहो अपच्छिमो मंती ॥ ८० ॥**

**અર્થ :** દુપ્પહસહ નામના સૂરિ, ફલ્ગુશ્રી નામની સાધ્વી, નાગિલ નામનો શ્રાવક, સત્યશ્રી નામની શ્રાવિકા તથા વિમલવાહન નામનો રાજા અને સુમુખ નામનો મંત્રી - આટલા જણ પાંચમા આરાને છેડે છેલ્લા થવાના છે. (૮૦)

## (૪૮) દુષ્પ્રસભ સૂરિનું જ્ઞાન તથા ગતિ વિગેરે

**दसविआलियधारी, वीसवरिसाऊ हत्थदुगदेही ।**
**छठ्ठस्स तवो य तहा, बारसवरिसेहि सामन्नं ॥ ८१ ॥**

**અર્થ :** દુપ્પહસહસૂરિ દશવૈકાલિક સૂત્રના જાણનાર થશે, તેનું વીશ વર્ષનું આયુષ્ય અને બે હાથનું શરીર હશે, ઉત્કૃષ્ટ છઠ્ઠ તપ કરશે, તથા બાર વર્ષની વયે તે દીક્ષા ગ્રહણ કરશે. (૮૧)

**अठ्ठमभत्तस्स अंते, सुहमे सारए विमाणम्मि ।**
**देवो तओ अ चविउं, दुप्पसहो सिज्झिही भरहे ॥ ८२ ॥**

**અર્થ :** અંત સમયે તે અઠ્ઠમ તપ કરી સુધર્મા નામના પ્રથમ દેવ-લોકમાં સારદ નામના વિમાનમાં દેવ થશે. ત્યાંથી ચવી તે દુપ્પહસહસૂરિનો જીવ ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થઇ ચારિત્ર પાળી સિદ્ધિ પદને પામશે. (૮૨)

## (૪૯) પાંચમા આરાના અંતના ભાવ

**समत्ते जिणधंम्मे, मज्झन्ने नासई य निवधम्मो ।**
**अग्गी वि पच्छिमस्सन्ने, दुसमाए अंतदेसंमि ॥ ८३ ॥**

**અર્થ :** દુષમા નામના પાંચમા આરાને અંતે પહેલે પહોરે જિનધર્મ સમાપ્ત થશે, મધ્યાન્હે (બીજા પહોરે) રાજધર્મ નાશ પામશે એટલે રાજા અને મંત્રી વીજળી પડવાથી મૃત્યુ પામશે, પાછલે (ત્રીજે) પહોરે અગ્નિ પણ નાશ પામશે. (દુપ્પહસહ આચાર્ય, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચારે ઉપાશ્રયમાં એક સાથે મૃત્યુ પામશે.) (૮૩)

## (૫૦) પાંચમા આરામાં જિનધર્મની સ્થિતિનું કાળમાન

**वासाण वीससहस्सा, नव सय छम्मास पंचदिण पहरा ।**
**इक्का घडिया दो पल, अक्खर अडयाल जिणधम्मो ॥ ८४ ॥**

**અર્થ :** પાંચમા દુષમ આરામાં વીશ હજાર ને નવસો વર્ષ, છ માસ, પાંચ દિવસ, એક પહોર, એક ઘડી, બે પળ અને અડતાળીશ અક્ષર (વિપળ) એટલો વખત જિનધર્મ રહેશે. (૮૪) (આ પ્રમાણેના કાળપ્રમાણનો હેતુ સમજાતો નથી. કેમ કે સામાન્ય રીતે ૨૧૦૦૦ વર્ષ પર્યંત જૈનધર્મ રહેશે એમ ક્ષેત્રસમાસમાં પણ કહેલ છે.) આ ગાથા દીવાળી કલ્પની છે, એમ ૩૫૦ ગાથાના સ્તવનમાં ઉપાધ્યાયજી મહારાજ લખે છે. જુઓ તેની ઢાળ ૧૬મી ગાથા ૧૭મી.

## (૫૧) જિનધર્મનું માહાત્મ્ય

**जा दव्वे होइ मई, अहवा तरुणीसु रूववंतीसु ।**
**सा जइ जिणवरधम्मे, करयलमज्झट्ठिया सिद्धी ॥ ८५ ॥**

**અર્થ :** દ્રવ્યનું ઉપાર્જનાદિક કરવામાં જે બુદ્ધિ (પ્રયત્ન) હોય છે, અથવા રૂપાળી સ્ત્રીઓમાં જે બુદ્ધિની તન્મયતા હોય છે, તેવી બુદ્ધિ જો જિનેંદ્રના ધર્મમાં રાખવામાં આવે તો તેના કરતલમાં જ સિદ્ધિ રહેલી છે એમ સમજવું. (૮૫)

## (૫૨) જાતિભવ્ય જીવો સંબંધી વિચાર

**सामग्गीअभावाओ, ववहाररासिअप्पवेसाओ ।**
**भव्वा वि ते अणंता, जे सिद्धिसुहं न पावंति ॥ ८६ ॥**

**અર્થ :** દેવ, ગુરૂ અને ધર્માદિકની સામગ્રીને અભાવે અર્થાત્ ન મળવાથી તથા વ્યવહાર રાશિમાં જ નહીં પ્રવેશ કરવાથી ભવ્ય (જાતિ ભવ્ય) જીવો પણ અનંતા છે કે જેઓ મોક્ષસુખને પામવાના જ નથી. (૮૬)

## (૫૩) જિનધર્મ પ્રાપ્તિની દુર્લભતા

**सुलहा सुरलोयसिरी, एगच्छत्ता य मेइणी सुलहा ।**
**इक्को नवरि न लब्भई, जिणिंदवरदेसिओ धम्मो ॥ ८७ ॥**

**અર્થ :** દેવલોકની લક્ષ્મી પામવી સુલભ છે, એક છત્રવાળી પૃથ્વી પામવી (ચક્રવર્તીપણું પામવું) સુલભ છે, પરંતુ જિનેંદ્ર ભાષિત એક ધર્મ પામવો તે અતિ દુર્લભ છે. (૮૭)

**लब्भंति विउला भोगा, लब्भंति सुरसंपया ।**
**लब्भंति पुत्तमित्ताणि, एगो धम्मो न लब्भइ ॥ ८८ ॥**

**અર્થ :** વિપુલ (મોટા) કામભોગ પામી શકાય છે, દેવની સંપત્તિ પામી શકાય છે, પુત્ર મિત્ર વિગેરે પામી શકાય છે; માત્ર એક ધર્મ જ (જૈનધર્મ જ) પામી શકાતો નથી. (પામવો દુર્લભ છે.) (૮૮)

## (૫૪) ક્ષમાની પ્રાધાન્યતા

**खंती सुहाण मूलं, मूलं धम्मस्स उत्तमा खंती ।**
**हरइ महाविज्जा इव, खंती दुरियाइं सव्वाइं ॥ ८९ ॥**

**અર્થ :** સર્વ સુખોનું મૂળ ક્ષમા છે, ધર્મનું મૂળ ઉત્તમ ક્ષમા છે, મહાવિદ્યાની જેમ ક્ષમા સર્વ દુરિતો (પાપ-કષ્ટ)ને હણે છે. (૮૯)

## (૫૫) ધન વિગેરેની પ્રાપ્તિના મૂળ કારણો

**धम्मो धणाण मूलं, सव्वरसाणं च पाणियं मूलं ।**
**विणओ गुणाण मूलं, दप्पो मूलं विणासस्स ॥ ९० ॥**

**અર્થ :** ધર્મ ધનનું મૂળ છે અર્થાત્ ધનની પ્રાપ્તિ કરાવનાર ધર્મ છે, સર્વ રસોનું મૂળ પાણી છે (પાણીથી જમીનમાં સર્વ રસો નીપજે છે), ગુણોનું મૂળ વિનય છે, (વિનયથી સર્વ ગુણની પ્રાપ્તિ થાય છે) અને વિનાશનું મૂળ ગર્વ છે અર્થાત્ ગર્વ વડે સર્વ પ્રકારનો વિનાશ પ્રાપ્ત થાય છે. (૯૦)

## (૫૯) ધર્મથી સર્વ વસ્તુની પ્રાપ્તિ વિગેરે

**धम्मेण कुलप्पसूई, धम्मेण दिव्वरूवसंपत्ती ।**
**धम्मेण धणसमिद्धी, धम्मेण सुवित्थडा कित्ती ॥ ९१ ॥**

**અર્થ :** ધર્મ વડે ઉત્તમ કુળમાં જન્મ થાય છે, ધર્મ વડે દિવ્ય રૂપની પ્રાપ્તિ થાય છે, ધર્મ વડે ધનની સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે અને ધર્મ વડે કીર્તિ વિસ્તાર પામે છે. અર્થાત્ ધર્મ વડે જ સર્વ વસ્તુ પ્રાપ્ત થાય છે. (૯૧)

**धम्मो मंगल मूलं, ओसहमूलं च सव्वदुक्खाणं ।**
**धम्मो सुहाण मूलं, धम्मो ताणं च सरणं च ॥ ९२ ॥**

**અર્થ :** ધર્મ મંગળ માત્રનું મૂળ છે - સર્વ પ્રકારનાં માંગળિક ધર્મથી પ્રાપ્ત થાય છે. ધર્મ સર્વ દુઃખોનું મૂળ ઔષધ છે - ધર્મરૂપ ઔષધથી સર્વ દુઃખો નાશ પામે છે, ધર્મ સર્વ સુખોનું મૂળ છે - સર્વ પ્રકારના સુખો ધર્મથી પ્રાપ્ત થાય છે અને ધર્મ પ્રાણીઓનું ત્રાણ (રક્ષણ કરનાર) તથા શરણભૂત છે. કેમ કે ધર્મ જ દુર્ગતિમાં જતાં રોકે છે - જવા દેતો નથી તેથી જ તે ધર્મ કહેવાય છે. (૯૨)

**धणओ धणट्ठियाणं, कामट्ठीणं च सव्वकामकरो ।**
**सग्गअपवग्गसंगम-हेऊ जिणदेसिओ धम्मो ॥ ९३ ॥**

**અર્થ :** જિનભાષિત ધર્મ એ ધનના અર્થીઓને ધનદ (કુબેર) સરખો ધન આપનાર છે, કામના અર્થીઓને સર્વ પ્રકારના કામની પ્રાપ્તિ કરાવનાર છે, તથા સ્વર્ગ અને મોક્ષનો સંગમ કરાવવાના અર્થાત્ તેને પ્રાપ્ત કરાવવાના કારણ અથવા સાધનરૂપ જિનભાષિત ધર્મ જ છે. (૯૩)

**धम्मेण विणा जइ चिंतियाइं, जीवा लब्भंति सव्वसुक्खाइं ।**
**ता तिहुअणम्मि सयले, को वि न हु दुक्खिओ हुज्जा ॥ ९४ ॥**

**અર્થ :** જો કદાચ ધર્મ વિના જ પ્રાણીઓ સર્વ વાંચ્છિત સુખોને પામતા હોય તો આ સમગ્ર ત્રણ ભુવનમાં કોઈ પણ જીવ દુઃખી હોય

જ નહીં, પરંતુ તેમ નથી. ધર્મથી જ વાંચ્છિત સુખ મળે છે, તેથી જ ધર્મહીન જીવો જગતમાં દુઃખ પામે છે. (૯૪)

**बावत्तरीकलाकुसला, पंडियपुरिसा अपंडिया चेव ।**
**सव्वकलाण वि पवरं, जे धम्मकलं न याणंति ॥ ९५ ॥**

**અર્થ :** જેઓ સર્વ કળાઓમાં શ્રેષ્ઠ એવી ધર્મરૂપ કળાને જાણતા નથી તેઓ કદાચ પુરૂષની બહોંતેર કળાઓમાં કુશળ અને પંડિત હોય તો પણ તેઓ અપંડિત જ છે. જ્યાં સુધી ધર્મ કળા જાણી નથી ત્યાં સુધી તેમની જાણેલી બીજી સર્વ કળાઓ નિષ્ફળ છે. (૯૫)

**थोवं थोवं धम्मं, करेह जइ ता बहुं न सक्केह ।**
**पिच्छह महानईओ, बिंदूहिं समुद्दभूयाओ ॥ ९६ ॥**

**અર્થ :** હે પ્રાણી ! જો તું ઘણો ધર્મ કરી ન શકે તો થોડો થોડો પણ ધર્મ કર. જુઓ ! કે બિંદુબિંદુએ કરીને પણ મહાનદીઓ સમુદ્ર જેવડી થાય છે. તેથી તું પણ થોડો થોડો ધર્મ કરતાં પ્રાંતે વધારે ધર્મ કરનારો થઈ શકીશ એ નિઃસંદેહ છે. (૯૬)

**जं सक्कइ तं कीरइ, जं च न सक्कइ तस्स सद्दहणा ।**
**सद्दहमाणो जीवो, पावइ अयरामणं ठाणं ॥ ९७ ॥**

**અર્થ :** જેટલી શક્તિ હોય તેટલો ધર્મ કરવો (શક્તિને ગોપવવી નહીં) અને જે ધર્મ કરવાની શક્તિ ન હોય તેની માત્ર સદ્દ્હણા પણ કરવી યોગ્ય છે; કેમ કે સદ્દ્હણા કરતો જીવ પણ પ્રાંતે ધર્મનું આરાધન કરીને અજરામર (મોક્ષ) સ્થાનને પામી શકે છે. જેઓ ધર્મની સદ્દ્હણા જ કરતા નથી તેઓ આ સંસારમાં પરિભ્રમણ કરે છે. (૯૭)

**सव्वजगजीवहियओ, हेऊ सव्वाण ऋद्धिलद्धीणं ।**
**उवसग्गवग्गहरणो, गुणमणिरयणायरो धम्मो ॥ ९८ ॥**

**અર્થ :** ધર્મ સર્વ જગતના જીવોનો હિતકર છે, સર્વ પ્રકારની સમૃદ્ધિ અને લબ્ધિઓને પ્રાપ્ત કરવાનો હેતુ છે, ઉપસર્ગોના સમૂહનો નાશ કરનાર

છે અને ગુણરૂપી મણિઓનો રત્નાકર-સમુદ્ર છે. અર્થાત્ ધર્મરૂપી રત્નાકરમાં (સમુદ્રમાં) ગુણરૂપી મણિઓ ભરેલા છે. (૯૮)

**जीवदयाइ रमिज्जइ, इंदियवग्गो दम्मिज्जइ सया वि ।**
**सच्चं चेववदिज्जइ, धम्मरहस्सं मुणेयव्वं ॥ ९९ ॥**

**અર્થ:** સદા જીવદયામાં રમણ કરવું, સદા ઇંદ્રિયોના સમૂહનું દમન કરવું, સદા સત્ય વચન બોલવું - આ ધર્મનું રહસ્ય - સર્વસ્વ છે એમ જાણવું. (૯૯)

## (૫૭) પ્રવૃત્તિ કરવાના દશ શુભ સ્થાન

**जिणपूआ मुणिसेवा, दाणे तवनियमसीलसब्भावे ।**
**नाणे दंसण चरणे, जइअव्वं दससु ठाणेसु ॥ १०० ॥**

**અર્થ :** જિનેશ્વરની પૂજા, મુનિજનની સેવા, દાન, તપ, નિયમ, શીલ, સદ્‌ભાવ (સારી ભાવના), જ્ઞાન, દર્શન અને ચારિત્ર - આ દશ સ્થાનોમાં યત્ન કરવો. (આ દશે સ્થાનકો શ્રાવકે યથાશક્તિ દરરોજ આચરવાના છે.) (૧૦૦)

## (૫૮) અપૂર્વ વશીકરણ

**जंपिज्जइ पियवयणं, किज्जइ विणओ अ दिज्जए दाणं ।**
**परगुणगहणं किज्जई, अमूलमंतं वसीकरणं ॥ १०१ ॥**

**અર્થ :** સર્વ જીવોને પ્રિય લાગે એવું વચન બોલવું, સર્વનો યથોચિત વિનય કરવો, દીન હીન વિગેરેને દાન દેવું અને અન્યના ગુણ ગ્રહણ કરવા - આ મૂળ[1] અને મંત્ર વિનાનું વશીકરણ છે. આથી સર્વ જગત વશ થાય છે. (૧૦૧)

## (૫૯) ચારે ગતિના ધ્યાનરૂપ કારણ

**अट्टेण तिरिअगई, रुद्दज्झाणेण गम्मए नरयं ।**
**धम्मेण देवलोए, सिद्धिगई सुक्कझाणेणं ॥ १०२ ॥**

---

૧ ઔષધિ વિશેષ.

**અર્થ :** મનુષ્ય આર્ત્તધ્યાન વડે તિર્યંચ ગતિને પામે છે, રૌદ્રધ્યાન વડે નરક ગતિને પામે છે, ધર્મધ્યાન વડે દેવ ગતિને પામે છે અને શુક્લધ્યાન વડે સિદ્ધિ ગતિને પામે છે. (૧૦૨)

## (૬૦) વિષયનો વિશ્વાસ ન કરવા વિષે

**सोऊण गई सुकुमालियाए, तह ससगभसगभयणीए ।**
**ताव न वीससियव्वं, सेअट्ठी धम्मिओ जाव ॥ १०३ ॥**

**અર્થ :** સુકુમાલિકાની ગતિ સાંભળીને તથા સસક ભસકની બહેન સાધ્વીની ગતિ સાંભળીને જ્યાં સુધી ધર્મી જીવ શ્રેયનો અર્થી હોય ત્યાં સુધી તેણે ઇંદ્રિયોના વિષયોનો વિશ્વાસ કરવો નહીં. (૧૦૩)

## (૬૧) શરીરના રૂપની તરતમતા

**गणहर आहारग अणुत्तराइ, जाव वण चक्की वासु बला ।**
**मंडलिया जा हीणा, छट्ठाणगया भवे सेसा ॥ १०४ ॥**

**અર્થ :** રૂપમાં ગણધરથી આહારક શરીરવાળા અનંતગુણ હીન છે, તેનાથી અનુત્તરવાસી હીન છે, તેનાથી ગૈવેયકવાસી, દેવલોકવાસી, ભુવનપતિ, જ્યોતિષી યાવત્ વ્યંતર અનંતઅનંતગુણ હીન છે, તેનાથી ચક્રવર્તી અનંતગુણ હીન છે, તેનાથી વાસુદેવ, તેનાથી બળદેવ અને તેનાથી મંડલિક રાજા રૂપમાં અનંતગુણ હીન છે. બાકીના સર્વ જીવો છ સ્થાન પતિત હોય છે. (૧૦૪) સંખ્યાતભાગ હીન, અસંખ્યાતભાગ હીન, અનંતભાગ હીન, સંખ્યાતગુણ હીન, અસંખ્યાતગુણ હીન, અનંતગુણ હીન - એ ષટ્સ્થાન સમજવા. (ગણધર મહારાજા તીર્થંકરના રૂપથી અનંતગુણ હીન હોય છે.)

## (૬૨) મોક્ષ યોગ્ય ૧૦ માર્ગણા

**नरगई पणिंदी तस भव, सन्नि अहक्खाय खइअसम्मत्ते ।**
**मुक्खो अणाहार केवल-दंसणनाणे न सेसेसु ॥ १०५ ॥**

અર્થ : મનુષ્ય ગતિ, પંચેંદ્રિય જાતિ, ત્રસપણું, ભવ્યપણું, સંજ્ઞીપણું, યથાખ્યાત ચારિત્ર, ક્ષાયિક સમકિત, અનાહારીપણું, કેવળજ્ઞાન અને કેવળદર્શન - બાસઠ માર્ગણા પૈકી આ દશ માર્ગણાએ જીવ મોક્ષ પામે છે; તે શિવાયની માર્ગણામાં મોક્ષ નથી. (૧૦૫)

## (૬૩) સામાન્ય ઉપદેશ

**आरंभे नत्थि दया, महिलासंगेण नासए बंभं ।**
**संकाए सम्मत्तं, पव्वज्जा अत्थगहणेणं ॥ १०६ ॥**

અર્થ : આરંભના કાર્ય કરવામાં દયા હોતી નથી (અહિંસા વ્રત પાળી શકાતું નથી), સ્ત્રીનો સંગ કરવાથી બ્રહ્મચર્ય (ચતુર્થ વ્રત) નાશ પામે છે, ધર્મમાં શંકા રાખવાથી સમકિતનો નાશ થાય છે અને ધન ગ્રહણ કરવાથી પ્રવ્રજ્યા (મુનિપણું) નાશ પામે છે. (૧૦૬)

## (૬૪) બ્રહ્મચર્યની શ્રેષ્ઠતા

**जे बंभचेरभट्ठा, पाए पाडंति बंभयारीणं ।**
**ते हुंति टुंटमुंटा, बोही पुण दुल्लहा तेसिं ॥ १०७ ॥**

અર્થ : જે બ્રહ્મચર્યથી ભ્રષ્ટ થયેલા મનુષ્યો-શ્રાવક કે સાધુ જો બીજા બ્રહ્મચારીઓ (બ્રહ્મવ્રતવાળાઓ)ને પોતાના પગમાં પાડે (પોતાને વંદન કરાવે-પગે લગાડે) તો તે પરભવમાં ટુંટામુંટા (લુલા-પાંગળા) થાય છે અને તેમને બોધિ (સમકિત) દુર્લભ થાય છે. (૧૦૭)

## (૬૫) સાધુલિંગ છતાં અવંદ્ય એવા પાંચ

**पासत्थो ओसन्नो, होइ कुसीलो तहेव संसत्तो ।**
**अहच्छंदो वि य एए, अवंदणिज्जा जिणमयम्मि ॥ १०८ ॥**

અર્થ : પાર્શ્વસ્થ ૧, અવસન્ન ૨, કુશીલ ૩, સંસક્ત ૪ અને યથાચ્છંદ ૫ - આવા પાંચ પ્રકારના સાધુઓ જિનશાસનમાં વાંદવા યોગ્ય નથી. (૧૦૮) આ પાંચે પ્રકારના ઉત્તર ભેદ તેમ જ તેની વિશેષ વ્યાખ્યા ગુરૂવંદન ભાષ્યની ટીકા વિગેરેથી જાણવી.

## (૬૬) સામાન્ય ઉપદેશ

**मिच्छप्पवाहे रत्तो, लोगो परमत्थजाणओ थोवो ।**
**गुरुगारवेहि रसिआ, सुद्धं मग्गं न बूहंति ॥ १०९ ॥**

**અર્થ :** ઘણા લોકો તો મિથ્યાત્વના પ્રવાહમાં જ રક્ત (આસક્ત) હોય છે, થોડા લોકો જ પરમાર્થને જાણનાર હોય છે અને સાતા ગૌરવાદિકમાં અતિશય રસીયા (આસક્ત) હોય છે, તેઓ શુદ્ધ માર્ગને જાણતા નથી. (૧૦૯)

## (૬૭) ચરણ સીત્તરી

**वय ५, समणधम्म १०, संयम १७,**
**वेयावच्चं १० च बंभगुत्तीओ ९ ।**
**नाणाइतिगं ३ तव १२ कोह ४-**
**निग्गहो होइ चरणमेयं ॥ ११० ॥**

**અર્થ :** પાંચ મહાવ્રત ૫, ક્ષાંત્યાદિ દશ પ્રકારનો યતિધર્મ ૧૦, સત્તર પ્રકારે સંયમ ૧૭, અરિહંતાદિ દશની વૈયાવૃત્ત્ય ૧૦, નવવિધ બ્રહ્મગુપ્તિ (નવવાડ) ૯, જ્ઞાનાદિ ત્રિક (જ્ઞાન, દર્શન, ચારિત્ર) ૩, છ બાહ્ય ને છ આભ્યંતર મળી બાર પ્રકારનો તપ ૧૨ અને ક્રોધાદિ ૪ કષાયનો નિગ્રહ - આ ચરણ સીત્તરી કહેવાય છે. (૧૧૦)

## (૬૮) કરણ સીત્તરી

**पिंडविसोही ४, समिई ५,**
**भावण १२ पडिमाउ १२ इंदियनिरोहो ५ ।**
**पडिलेहण २५ गुत्तीओ ३,**
**अभिग्गहा ४ चेव करणं तु ॥ १११ ॥**

*અર્થ : અશનાદિ ચાર પ્રકારની પિંડવિશુદ્ધિ ૪, ઈર્યાસમિતિ આદિ* પાંચ સમિતિ ૫, અનિત્યાદિ બાર ભાવના ૧૨, સાધુની બાર પ્રતિમા

૧૨, પાંચ ઇંદ્રિયોનો નિરોધ ૫, પચ્ચીશ પ્રકારની પ્રતિલેખના ૨૫, મનગુપ્તિ વિગેરે ત્રણ ગુપ્તિ ૩ અને દ્રવ્યાદિક ચાર પ્રકારનો અભિગ્રહ ૪ - આ કરણ સીત્તરી કહેવાય છે. (૧૧૧)

## (૬૯) દશવિધ યતિધર્મ

**खंती १ मद्दव २ अज्जव ३,**
**मुत्ती ४ तव ५ संजमे ६ य बोधव्वे ।**
**सच्चं ७ सोअं ८ अकिंचणं ९**
**च बंभं १० च जइधम्मो ॥ ११२ ॥**

**અર્થ :** ક્ષાંતિ-ક્ષમા (ક્રોધનો અભાવ) ૧, માર્દવ-મૃદુતા (માનનો અભાવ) ૨, આર્જવ-સરલતા (માયાનો અભાવ) ૩, મુક્તિ-નિર્લોભતા (લોભનો અભાવ) ૪, તપ ૫, સંયમ (ઇંદ્રિયોનો નિરોધ અથવા અહિંસા) ૬, સત્ય ૭, શૌચ (પવિત્રતા) ૮, અકિંચનપણું - પરિગ્રહનો અભાવ ૯ અને બ્રહ્મચર્ય ૧૦ - એ દશ પ્રકારનો યતિધર્મ જાણવો. (૧૧૨)

## (૭૦) ચાર પ્રકારની પિંડાદિક વિશુદ્ધિ

**पिंडं१ सिज्जं२ च वत्थं३ च, चउत्थं पत्तमेव४ य ।**
**अकप्पियं न इच्छिज्जा, पडिगाहिज्ज कप्पियं ॥ ११३ ॥**

**અર્થ :** પિંડ-આહાર ૧, શય્યા (વસતિ) ૨, વસ્ત્ર ૩ અને ચોથું પાત્ર ૪ - આ આહારાદિક અકલ્પ્યને ઇચ્છવું નહીં અને જે કલ્પ્ય હોય તે જ ગ્રહણ કરવું તે ચાર પ્રકારની વિશુદ્ધિ કહેવાય છે. (૧૧૩)

## (૭૧) ત્રણ પ્રકારે ગુપ્તિ ને ચાર પ્રકારનો અભિગ્રહ

**मणवयणकायएहिं, गुत्तो पालिज्ज भिग्गहो ।**
**दव्वओ खित्तओ चेव, कालओ भावओ मुणी ॥ ११४ ॥**

**અર્થ :** મન, વચન અને કાય એ ત્રણ ગુપ્તિ વડે ગુપ્ત એવા મુનિએ

દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી એમ ચાર પ્રકારે અભિગ્રહ પાળવો જોઇએ. (૧૧૪)

## (૭૨) મુનિ કેવા હોય ?

**एवं सामायारी-संजुत्ता चरणकरणमाउत्ता ।**
**ते हु खवंति कम्मं, अणेगभवसंचितमणंतं ॥ ११५ ॥**

**અર્થ :** આ પ્રમાણે જે સાધુ સામાચારી વડે યુક્ત હોય અને ચરણ કરણમાં ઉપયોગવાળા (ઉપયુક્ત-સહિત) હોય તે અનેક ભવના ઉપાર્જન કરેલા અનંતા કર્મને ખપાવે છે. (૧૧૫)

## (૭૩) આઠે કર્મના બંધની જઘન્ય સ્થિતિ

**बारस मुहुत्त जहण्णा, वेयणीए अठ्ठ नामगोयाणं ।**
**सेसाणंतमुहुत्तं, एसा बंधठ्ठिई होई ॥ ११६ ॥**

**અર્થ :** વેદનીય કર્મની જઘન્ય બંધસ્થિતિ બાર મુહૂર્તની છે, નામકર્મ અને ગોત્રકર્મની જઘન્ય બંધસ્થિતિ આઠ મુહૂર્તની છે, બાકીના પાંચ (જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, આયુષ્ય અને અંતરાય) કર્મની જઘન્ય બંધસ્થિતિ અંતમુહૂર્તની હોય છે. (૧૧૬)

## (૭૪) આઠે કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ

**मोहे सत्तरि कोडा-कोडी वीसं च नामगोयाणं ।**
**तीसयराण चउन्हं, तित्तीसयराइं आउस्स ॥ ११७ ॥**

**અર્થ :** મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સીત્તેર કોટાકોટી સાગરોપમની છે, નામ અને ગોત્રકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ વીશ કોટાકોટી સાગરોપમની છે, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય એ ચાર કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીશ કોટાકોટી સાગરોપમની છે તથા આયુષ્યકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીશ સાગરોપમની છે. (૧૧૭)

## (૭૫) તેર કાઠીયાના નામ

**आलस्स १ मोह २ वन्ना ३,**
**थंभा ४ कोहा ५ पमाय ६ किविणत्ता ७ ।**
**भय ८ सोगा ९ अन्नाणा १०,**
**वक्खेव ११ कुतूहला १२ रमणा १३ ॥ ११८ ॥**

**અર્થ :** આળસ ૧, મોહ ૨, અવર્ણવાદ (અવજ્ઞા) ૩, સ્તબ્ધપણું (માન) ૪, ક્રોધ ૫, પ્રમાદ ૬, કૃપણતા ૭, ભય ૮, શોક ૯, અજ્ઞાન ૧૦, વ્યાક્ષેપ-હાંસી ૧૧, કુતૂહલ-નાટક વિગેરે ૧૨ અને રમણ-કામક્રીડા ૧૩ - આ તેર કાઠીયા છે. (૧૧૮)

## (૭૬) મનુષ્ય ભવની દુર્લભતા વિષે દશ દૃષ્ટાંત

**चुल्लग १ पासग २ धन्ने ३,**
**जूए ४ रयणे ५ य सुमिण ६ चक्के ७ य ।**
**कुम्म ८ जुगे ९ परमाणू १०**
**दस दिट्ठंता मणुअलंभे ॥ ११९ ॥**

**અર્થ :** ભોજન ૧, પાશક ૨, ધાન્ય ૩, દ્યૂત ૪, રત્ન ૫, સ્વપ્ન ૬, ચક્ર (રાધાવેધ) ૭, કૂર્મ (કાચબો) ૮, યુગ (ધુંસરી) ૯ અને પરમાણુ ૧૦ - આ દશ દૃષ્ટાંતો મનુષ્યભવની દુર્લભતા ઉપર કહેલા છે. (૧૧૯)

આ દશે દૃષ્ટાંત ટૂંકમાં નીચે જણાવ્યા છે :

(૧) ભોજન :

એક બ્રાહ્મણે ચક્રવર્તી પ્રસન્ન થવાથી તેની પાસે વરદાન માગ્યું કે - 'પ્રથમ તમારા ઘરથી આરંભીને આખા ભરતક્ષેત્રના દરેક ઘરે વારા પ્રમાણે એક એક દિવસ મને ભોજન મળે.' ચક્રવર્તીએ વરદાન આપ્યું. હવે આ પ્રમાણે ભોજન કરવાથી ફરીને તે બ્રાહ્મણને ચક્રવર્તીને ઘેર ભોજન કરવાનો દિવસ ક્યારે આવે ? તે ભવમાં તો આવી શકે નહીં; તેમ વૃથા

ગુમાવેલો મનુષ્યભવ ફરીથી પ્રાપ્ત થતો નથી. એ રીતે મનુષ્ય ભવ અતિ દુર્લભ છે.

(૨) **પાશક :**

એકદા ચાણાક્યે ચંદ્રગુપ્ત રાજાનો ભંડાર ભરવા માટે દેવાધિષ્ઠિત પાસા બનાવ્યા. તે પાસાથી જે કોઇ જીતે તેને સોનામહોરનો ભરેલો થાળ મળે અને હારે તો તે માત્ર એક જ સોનામહોર આપે. આ રમતમાં જીતવું દુર્લભ છે, કેમ કે સામે દેવાધિષ્ઠિત પાસાએ રમનાર છે; તેમ મનુષ્યભવ પણ ફરીને પ્રાપ્ત થવો દુર્લભ છે.

(૩) **ધાન્ય :**

આખા ભરતખંડમાં સુકાળ વખતે ઘણા પાકેલા દરેક જાતના ધાન્યોનો એક મોટો ઢગલો કરી તેમાં એક મુઠી સરસવના દાણા નાંખી તેને ભેળસેળ કરે. પછી એક અતિ વૃદ્ધા ડોશી સુપડું લઇ તે દરેક ધાન્ય જુદાં પાડી સરસવની મુઠી જુદા પાડવા ધારે તો તે બની શકે ? ન જ બને; એ કાર્યની જેમ મનુષ્યભવ દુર્લભ છે.

(૪) **દ્યૂત :**

એક રાજાનો કુમાર યુવાવસ્થા પામ્યો ત્યારે તેણે વિચાર કર્યો કે - 'મારા પિતાને મારી નાંખીને હું હમણાં જ રાજ્ય ભોગવતો થાઉં.' આ તેનો દુષ્ટ વિચાર રાજાના જાણવામાં આવતાં તેણે યુક્તિ કરવા માટે કુમારને બોલાવી કહ્યું કે - 'આપણા કુળમાં એવી રીતિ છે કે જે કુમારને પિતા છતાં રાજ્ય ભોગવવાની ઇચ્છા થાય તેણે આ આપણી સભામાં એકસોને આઠ હાંસવાળા એકસોને આઠ થાંભલા છે, તેમાં એક સાથે ઉપરાઉપરી એકસો આઠ દાવ વડે એક થાંભલાની એક હાંસ જીતે, એ રીતે સતત એકસોને આઠ દાવ વડે એક એક હાંસ જીતી અનુક્રમે એકસોને આઠ હાંસ જીતે ત્યારે એક સ્તંભ જીતાય, એ રીતે અનુક્રમે સર્વ થાંભલાની સર્વ હાંસો જીતવી જોઇએ. તેમાં વચ્ચે કોઇપણ દાવ ખાલી જાય તો જીતેલા બધા દાવ નિષ્ફળ જાય, પાછું ફરીથી પહેલા થાંભલાની પહેલી હાંસથી જીતવાનું શરૂ કરવું જોઇએ. આ રીતે એકસોને આઠે થાંભલા જીતે તો તેને રાજ્ય

સોંપવામાં આવે છે.' આ પ્રમાણે રાજાનું વચન સાંભળી કુમારે વિચાર કર્યો કે - 'આ દ્યૂત જીતીને રાજ્ય લેવું તે સારૂં છે, તેમાં પિતાની હત્યા કરવાનું કારણ રહેતું નથી.' એમ વિચારી તે દ્યૂત રમવા બેઠો. પરંતુ આ દ્યૂતમાં પૂર્વોક્ત રીતે જીતીને રાજ્ય મેળવવું જેમ તેને દુર્લભ છે એમ વૃથા ગુમાવેલો મનુષ્યભવ ફરી મેળવવો દુર્લભ છે.

(૫) રત્ન :

એક શ્રેષ્ઠી પાસે કરોડો રૂપીયાની કિંમતના રત્નો હતાં. તો પણ તેણે રત્નો વેચી પોતાના રૂપીયાની સંખ્યા પ્રગટ કરી પોતાના મહેલ ઉપર એક પણ કોટીધ્વજ બાંધ્યો નહોતો. તેના પુત્રોને તે વાત ગમતી નહોતી. એકદા તે શ્રેષ્ઠી પરદેશ ગયા ત્યારે પાછળથી તેના પુત્રોએ સર્વ રત્નો વેચી તેના રૂપીયાની સંખ્યા પ્રમાણે કોટીધ્વજો પોતાના મહેલ પર બાંધ્યા. જયારે શ્રેષ્ઠી ઘેર આવ્યો ત્યારે તેણે સર્વ હકિકત જાણી, તેથી તે પુત્રો પર ગુસ્સે થયો અને તેમને આજ્ઞા કરી કે, 'મારા સર્વ રત્નો પાછાં લઈને જ મારા ઘરમાં તમારે આવવું.' પરંતુ તે અમૂલ્ય રત્નો તો તે પુત્રોએ જુદા જુદા અનેક દૂર દૂર દેશોમાંથી આવેલા ઘણા વેપારીઓને ઓછી કિંમતમાં વેચી નાખ્યા હતાં, તેથી તે રત્નો જેમ પાછા લાવવા મુશ્કેલ છે તેમ વૃથા ગુમાવેલો મનુષ્ય ભવ ફરી મેળવવો મુશ્કેલ છે.

(૬) સ્વપ્ન :

મૂળદેવ નામનો રાજપુત્ર એકદા એક નગરની ધર્મશાળામાં ઘણા ભીખારીઓ રહયા હતા ત્યાં રાત્રિવાસો રહ્યો. તે રાત્રિમાં તે કુમારને તથા એક બીજા ભીખારીને પૂર્ણચંદ્રનું પાન કર્યાનું સ્વપ્ન આવ્યું. પ્રાતઃકાળે તે ભીખારીએ પોતાની સાથેના બીજા ભીખારીઓની પાસે પોતાના સ્વપ્નની વાત કરીને તેનું ફળ પૂછ્યું, ત્યારે તેઓએ કહ્યું કે - "આજે ભિક્ષા માગતાં તને ઘી અને ખાંડ સહિત પોળી મળશે." તે સાંભળી તે ખુશી થયો અને તે જ પ્રમાણે તેને ભિક્ષા પણ મળી. હવે મૂળદેવે તો પોતાનું સ્વપ્ન તેમને કહ્યું નહીં, પરંતુ ઉદ્યાનમાં જઈ તેના માળીનું કામ કરી તેની પાસેથી ઉત્તમ પુષ્પો તથા ફળો લઈ એક વિદ્વાન સ્વપ્નપાઠક

પાસે ગયો. તેની પાસે વિનયથી તે પુષ્પ ફળ મૂકી પોતાનું સ્વપ્ન નિવેદન કરી તેનું ફળ પૂછ્યું, સ્વપ્નપાઠકે કહ્યું કે - 'તમને રાજ્ય મળશે.' તેથી તે મૂળદેવને તે જ નગરનું રાજ્ય આઠમે દિવસે મળ્યું અને તે અત્યંત સુખી થયો. તે વાત જાણી પેલા ભીખારીને પશ્ચાત્તાપ થયો અને મૂળદેવની જેમ ફળ મેળવવા માટે ફરીથી તે જ સ્વપ્ન લાવવા માટે સતત સુઇ રહેવા લાગ્યો, પરંતુ ફરીથી કદાપિ તેને તે સ્વપ્ન પ્રાપ્ત થયું નહીં. તે જ પ્રમાણે વૃથા ગુમાવેલો મનુષ્યભવ ફરીથી પ્રાપ્ત થઇ શકતો નથી.

**(૭) ચક્ર-રાધાવેધ :**

એક રાજાને બાવીશ પુત્રો ભિન્ન ભિન્ન રાણીઓથી ઉત્પન્ન થયેલા હતા. તે ઉપરાંત તેણે મંત્રીની એક પુત્રીને પરણીને રાણી કરી હતી, પણ તેણીની સાથે ૠતુના એક જ દિવસના સમાગમ સિવાય બીજે કોઇપણ વખતે તેણીની સામું પણ તેણે જોયું નહોતું. તે એક જ દિવસના સમાગમથી તેણીને ગર્ભ રહ્યો હતો અને મંત્રીને (પિતાને) ઘેર રહી તેણીએ પૂર્ણ સમયે પુત્ર પ્રસવ્યો હતો. રાજા તો તેણીને પરણ્યાનું પણ ભૂલી ગયો હતો. સર્વ રાજપુત્રો એક જ આચાર્યની પાસે કળા શીખતા હતા, તેમની સાથે આ પુત્ર પણ કળા શીખતો હતો. તે સર્વ રાજપુત્રો પ્રમાદી હોવાથી કાંઇપણ શીખ્યા નહીં અને આ પુત્ર તો સર્વ કળામાં નિપુણ થયો.

એક વખત 'આ રાજાના ઘણા કુમારોમાંથી કોઇપણ મારે લાયક હશે' એમ ધારી કોઇ રાજકન્યા પોતાના પિતાની આજ્ઞાથી સ્વયંવર વરવા ત્યાં આવી. તેણે રાધાવેધ સાધે તેને પરણવાનું નક્કી કરેલું હતું. રાજાના સર્વ પ્રમાદી રાજકુમારોમાંથી કોઇ રાધાવેધ કરી શક્યો નહીં. રાજા પોતાના પ્રમાદી પુત્રો માટે શોક કરવા લાગ્યો. ત્યારે મંત્રીએ પોતાની પુત્રીના પુત્રની વાત નિશાની સહિત રાજાને કહી અને 'તેને રાધાવેધ કરવાની આજ્ઞા આપો' એમ કહ્યું. તે જાણી હર્ષિત થયેલા રાજાએ તેને આજ્ઞા આપી, ત્યારે તેણે અતિ નિપુણતાથી રાધાવેધ સાધ્યો; એટલે તે રાજકન્યા તેને પરણી. તથા રાજાએ પોતાનું રાજ્ય પણ તેને જ આપ્યું. અહીં તે સર્વ પ્રમાદી રાજકુમારોને જેમ તે રાજકન્યા તથા પિતાનું રાજ્ય દુર્લભ થયું તેમ પ્રમાદી મનુષ્યને ફરીથી મનુષ્યભવ પામવો દુર્લભ છે.

(૮) કૂર્મ ને સેવાલ :

એક મોટા સરોવરમાં એટલી બધી ઘાટી સેવાલ જામી હતી કે તેમાં જરાપણ છિદ્ર નહીં હોવાથી કોઈપણ જળચર જીવ બહારના પદાર્થો જોઈ શકતો નહોતો. એકદા વાયુના જોરથી તે સેવાલમાં જરાક છિદ્ર (ફાટ) પડ્યું તેમાંથી કોઈ એક કાચબાએ પોતાની ડોક બહાર કાઢી ઉંચે જોયું તો તે વખતે શરદઋતુની પૂર્ણિમાનો ચંદ્ર આકાશના મધ્ય ભાગમાં જોયો. તે વૃદ્ધ કાચબો અતિ આનંદ પામ્યો અને પોતાના પરિવારને આ દેખાડવા માટે બોલાવી લાવ્યો. પરંતુ તેટલામાં તો તે છિદ્ર પાછું પૂરાઈ ગયું, તેથી તે વૃદ્ધ કાચબો તે છિદ્રની શોધ માટે ચિરકાળ સુધી ચોતરફ ફર્યો, પણ ફરી તે છિદ્ર તેને હાથ લાગ્યું નહીં. તે જ રીતે વૃથા ગુમાવેલો મનુષ્યભવ ફરીને હાથ લાગતો નથી.

(૯) યુગ (ધૂંસરી) :

કોઈ દેવ સ્વયંભૂરમણ સમુદ્રની પૂર્વ દિશામાં ધૂંસરી નાંખે અને પશ્ચિમ દિશામાં તેની સાંબેલ (ખીલી) નાંખે. તે કોઈના પ્રયોગ વિના ભેગા થઈ ધૂંસરીના છિદ્રમાં તે સાંબેલ એની મેળે પ્રવેશ કરે, તે જેમ અત્યંત દુર્લભ છે - ન જ બની શકે તેવું છે, તેમ વૃથા ગુમાવેલો મનુષ્યભવ ફરી મળવો દુર્લભ છે.

(૧૦)પરમાણુ :

કોઈ દેવ એક મોટા થાંભલાનો ઝીણો ચૂરો કરી તેના પરમાણુઓ એક ભુંગળીમાં નાંખી મેરૂપર્વતના શિખર પર ઉભો રહી ચોતરફ ફરતો ફરતો ભુંગળીને ફુંકી તેમાંના પરમાણુઓને સર્વ દિશાઓમાં ઉડાડી દે. પછી જેમ તે જ પરમાણુઓ મળે ને તેનો જ થાંભલો બને તે મુશ્કેલ છે. તેમ વૃથા ગુમાવેલો મનુષ્યભવ ફરીથી મળવો મુશ્કેલ છે.

## (૭૭) ધર્મની પૂર્ણ સામગ્રીનો સંભવ મનુષ્ય ગતિમાં જ છે

**देवा विसयपसत्था, नेरइया विविहदुक्खसंजुत्ता ।**
**तिरिया विवेगविगला, मणुआणं धम्मसामग्गी ॥ १२० ॥**

અર્થ : દેવો વિષયોમાં આસક્ત હોય છે, નારકીઓ વિવિધ પ્રકારના દુઃખમાં મગ્ન હોય છે અને તિર્યંચો વિવેક રહિત હોય છે; માત્ર મનુષ્યભવમાં જ ધર્મની સામગ્રી મળી શકે છે. (૧૨૦)

## (૭૮) મનુષ્યભવની ઉત્તમતા

**सुरनारयाण दुन्नि वि, तिरियाण हुंति गइ य चत्तारि ।**
**मणुआण पंच गई, तेणं चिअ उत्तमा मणुआ ॥ १२१ ॥**

અર્થ : સુર અને નારકી મરીને મનુષ્ય કે તિર્યંચમાં જ ઉપજી શકે છે તેથી તેમની બે જ ગતિ હોય છે, તિર્યંચો મરીને તિર્યંચમાં, મનુષ્યમાં, નારકીમાં કે દેવતામાં ઉપજે છે તેથી તેમને ચાર ગતિ હોય છે અને મનુષ્ય મરીને એ ચારે ગતિમાં તથા મોક્ષમાં પણ જઈ શકે છે તેથી તેમને પાંચ ગતિ હોય છે, તેથી કરીને જ મનુષ્યભવ સર્વોત્તમ છે. (૧૨૧)

## (૭૯) મનુષ્યભવની દુર્લભતા

**सिंधूवालुअनिमग्गं, वडबीयं च दुल्लहं ।**
**माणुसत्तं तु संपप्प, को पमाई वियक्खणो ॥ १२२ ॥**

અર્થ : સિંધુ નદીની પારાવાર રેતીમાં મગ્ન થયેલું વડનું બીજ જેમ શોધી કાઢવું દુર્લભ છે, તેમ મનુષ્યભવ પણ દુર્લભ છે, તેને પામીને કોણ ડાહ્યો પુરૂષ પ્રમાદ કરે ? (૧૨૨)

## (૮૦) અઢીદ્વીપ પ્રમાણ મનુષ્યક્ષેત્રમાં કુલ ગર્ભજ - મનુષ્યની સંખ્યા

**सत्तेव य कोडीओ, लक्खा बाणवइ सहस्स अडवीसा ।**
**सयं च जाणह, नर कोडाकोडिकोडीणं ॥ १२३ ॥**

**छावट्ठिं कोडीओ, एकावन्नं हवंति लक्खाइं ।**
**बायालीस सहस्सा, तिन्नि सया कोडिकोडीणं ॥ १२४ ॥**

**तेयालीसं कोडी, सत्तावीसं तहेव लक्खा य ।**
**एगुणसट्ठि सहस्सा, तिन्नि सया मणुयकोडीणं ॥ १२५ ॥**

**चउप्पन्नं कोडीओ, लक्खा गुणयाल सहस पन्नासा ।**
**तिन्नि सया छत्तीसा, संखा गब्भयमणुस्साणं ॥ १२६ ॥**

**અર્થ :** સાત કરોડ, બાણું લાખ, અઠ્ઠાવીશ હજાર ને એકસો એટલી કોટાકોટિકોટિ તથા છાસઠ કરોડ, એકાવન લાખ, બેંતાલીશ હજાર અને ત્રણસો એટલી કોટાકોટિ તથા ત્રેંતાલીશ કરોડ, સત્તાવીશ લાખ, ઓગણસાઠ હજાર અને ત્રણસો - એટલા કરોડ (કોટિ) તથા ચોપન કરોડ, ઓગણચાળીશ લાખ, પચાસ હજાર, ત્રણસો અને છત્રીશ - એટલી ગર્ભજ મનુષ્યની સંખ્યા હોય છે. (૧૨૩-૧૨૬) આ સંખ્યાના કુલ ઓગણત્રીશ અંક થાય છે. તે આ પ્રમાણે - (૭૯૨૨૮૧, ૬૬૫૧૪૨૩, ૪૩૨૭૫૯૩, ૫૪૩૯૫૦૩૩૬) આ સંખ્યા છઠ્ઠા વર્ગને પાંચમા વર્ગે ગુણવાથી આવે છે.

## (૮૧) મનુષ્યને ઉપદેશ

**जेसिं कुले समुप्पन्ने, जेसिं वास वसे नरे ।**
**ममयाइ लुंपई बाले, अन्नमन्ने समुच्छिए ॥ १२७ ॥**

**અર્થ :** મનુષ્ય જેના કુળમાં (જ્યાં) ઉત્પન્ન થાય છે અને જેના વાસમાં (જ્યાં) વસે છે, ત્યાં જ (તે સ્ત્રીના સંસર્ગમાં જ) તે બાળ (અજ્ઞાની) મનુષ્ય પરસ્પર મૂર્ચ્છા (મોહ) પામી મમતા વડે લીંપાય છે. (૧૨૭)

## (૮૨) એકેંદ્રિય જીવોને થતી પીડાનું દૃષ્ટાંત

**जरजज्जरा य थेरी, तरुणेणं जम्मपाणिमुट्ठिहया ।**
**जारिसी वेयणा देहे, एगिंदिसंघट्टणा य तहा ॥ १२८ ॥**

**અર્થ :** જરાવસ્થા વડે જર્જરિત થયેલી કોઈ વૃદ્ધાને કોઈ યુવાન પુરૂષ પોતાના જમણા હાથની મુઠી વડે મારે (સખ્ત પ્રહાર કરે) તો તેના શરીરમાં

જેવી વેદના થાય તેવી વેદના એકેંદ્રિય (પૃથ્વી, અપ્, તેજ, વાયુ અને વનસ્પતિના) જીવોને મનુષ્યના માત્ર સંઘટ્ટ (સ્પર્શ)થી જ થાય છે. (૧૨૮)

## (૮૩) છકાય જીવોનો સંયોગ

**जत्थ जलं तत्थ वणं, जत्थ वणं तत्थ निच्छिओ अग्गी ।**
**वाऊ तेऊसहगया, तसा य पच्चक्खया चेव ॥ १२९ ॥**

**અર્થ :** જ્યાં જળ (અપ્કાય) હોય ત્યાં વનસ્પતિકાય (સેવાળાદિ) હોય છે, જ્યાં વનસ્પતિકાય હોય છે ત્યાં નિશ્ચે અગ્નિકાય હોય છે, અગ્નિકાયની સાથે જ વાયુકાય રહેલા છે તથા પોરા વિગેરે ત્રસકાય તો જળમાં પ્રત્યક્ષ જ દેખાય છે. (૧૨૯)

## (૮૪) જયણાની પ્રાધાન્યતા

**जयणा य धम्मजणणी, जयणा धम्मस्स पालणी चेव ।**
**तववुड्ढिकरी जयणा, एगंतसुहावहा जयणा ॥ १३० ॥**

**અર્થ :** જયણા (યતના-ઉપયોગ) ધર્મની માતા છે, એટલે યતના ધર્મને ઉત્પન્ન કરનારી છે, યતના ધર્મનું પાલન કરનારી છે, યતના તપની વૃદ્ધિ કરનારી છે અને યતના એકાંત (અદ્વિતીય-અનુપમ) સુખ આપનારી છે. (૧૩૦)

## (૮૫) અહિંસાની પ્રાધાન્યતા

**किं ताए पढियाए, पयकोडीए पलालभूयाए ।**
**जं इत्तियं न नायं, परस्स पीडा न कायव्वा ॥ १३१ ॥**

**અર્થ :** 'અન્ય જીવને પીડા કરવી નહીં' આટલું પણ જો જાણવામાં આવ્યું ન હોય તો પલાળ (ઘાસ) જેવા નિઃસાર કરોડ પદો ભણવાથી શું ? કરોડ શબ્દો-ગ્રંથો ભણ્યા હોય તો તે પણ પલાળના ઘાસની જેમ નિરર્થક છે. જો અન્ય જીવને પીડા ન કરવી એ વાત મનમાં દૃઢ વસી હોય તો જ જ્ઞાન સાર્થક છે. (૧૩૧)

## (८૬) દાનબુદ્ધિએ હિંસા કરીને દ્રવ્ય મેળવવાની જરૂર નથી

**दाणअट्ठाय जे पाणा, हम्मंति तसथावरा ।**
**ते संसारस्स रक्खट्ठा, भमंति भवसायरे ॥ १३२ ॥**

**અર્થ :** જેઓ દાન દેવાને માટે ત્રસ અને સ્થાવર પ્રાણીઓને હણે છે એટલે દાન કરવાની ઇચ્છાથી ધન મેળવવા માટે ખેતી આદિક મોટા આરંભો કરી ત્રસ અને સ્થાવર પ્રાણીઓની હિંસા કરે છે, તેઓ સંસારનું રક્ષણ કરવા માટે ભવસાગરમાં ભ્રમણ કરે છે. (૧૩૨)

## (૮૭) પાંચે સ્થાવર જીવોનું પ્રમાણ

**अद्दामलगपमाणे, पुढवीकायम्मि हुंति जे जीवा ।**
**ते पारेवयमित्ता, जंबूद्दीवे न मायंति ॥ १३३ ॥**

**અર્થ :** લીલા આમળા જેટલી પૃથ્વીમાં જે (અસંખ્ય) જીવો રહેલા છે, તે દરેકને જો પારેવા જેવડા શરીરવાળા કર્યા હોય તો તે આખા જંબૂદ્વીપમાં સમાય નહીં એટલા થાય છે. (૧૩૩) અર્થાત્ તેમાં જીવો અસંખ્યાત છે અને જંબૂદ્વીપમાં પારેવા તો સંખ્યાતા સમાઇ શકે તેમ છે.

**एगम्मि उदगबिंदुम्मि, जे जीवा जिणवरेहिं पण्णत्ता ।**
**ते जइ सरिसवमित्ता, जंबूद्दीवे न मायंति ॥ १३४ ॥**

**અર્થ :** જળના એક બિંદુમાં જે જીવો જિનેશ્વરોએ કહ્યા છે, તે દરેકને જો સરસવ જેવડા શરીરવાળા કર્યા હોય તો તે આખા જંબૂદ્વીપમાં સમાય નહીં. (૧૩૪)

**बरंटीतंदुलमित्ते, तेऊकाए हवंति जे जीवा ।**
**ते जइ खसखसमित्ता, जंबूद्दीवे न मायंति ॥ १३५ ॥**

**અર્થ :** બંટી[1] કે તંદુલ જેટલા અગ્નિકાયમાં જેટલા જીવો રહેલા

---

૧ એક જાતનું ધાન્ય, તંદુળના પ્રમાણનું.

છે, તે દરેકના શરીર જો કદાચ ખસખસ જેવડા કર્યા હોય, તો તે આખા જંબૂદ્વીપમાં સમાય નહીં. (૧૩૫)

**लिंबपत्तसमा वाउ-काए हवंति जे जीवा ।**
**ते मत्थलिक्खमित्ता, जंबूद्दीवे न मायंति ॥ १३६ ॥**

**અર્થ :** લીંબડાના એક પાંદડા જેટલા સ્થાનમાં રહેલા વાયુકાયમાં જે જીવો રહેલા છે, તેને જો માથાની લીખ જેવડા શરીરવાળા કર્યા હોય, તો તે આખા જંબૂદ્વીપમાં સમાય નહીં. (૧૩૬)

## (૮૮) અણગળ પાણી પીવાથી થતી અનંતકાયની હિંસા

**सूअग्गिणंतकाइय, णंताणंता जिणेहि जिय भणिया ।**
**तम्हा अणंतपावं, जं पीअ वारि उड्ढकंठेण ॥ १३७ ॥**

**અર્થ :** સોયના અગ્રભાગ જેટલા અનંતકાયમાં જિનેશ્વરે અનંતાનંત જીવો કહેલા છે, તેથી કરીને જો ઉંચા કંઠે પાણી પીવામાં આવે (ઉંચો કંઠ રાખી અણગળ પાણી પીવામાં આવે) તો અનંત જીવોની હિંસાનું પાપ લાગે છે. (જ્યાં જળ હોય છે ત્યાં સેવાળ-લીલફુલરૂપ અનંતકાય રહેલી હોય છે તેથી.) (૧૩૭)

## (૮૯) મનુષ્યના દેહમાં જીવોત્પત્તિ

**मणुआण रोमकूवे, चम्ममंसेसु अट्ठिमिंजासु ।**
**तह सुक्कसोणिएसु, जीवाऽणेगा असंखा य ॥ १३८ ॥**

**અર્થ :** મનુષ્યોના રોમકૂપમાં[1], ચામડીમાં, માંસમાં, હાડકામાં, મજ્જા (ચરબી)માં તથા શુક્ર (વીર્ય) અને શોણિત (લોહી)માં અનેક તેમ જ અસંખ્યાતા જીવો રહેલા છે (ઉત્પન્ન થાય છે.) (૧૩૮) (અસંખ્ય જીવો સંમૂર્છિમ મનુષ્ય પંચેંદ્રિય જેને ચૌદ-સ્થાનકીઆ કહીએ છીએ તે સમજવા અને અનેક = બે ઇંદ્રિયાદિ જીવોની ઉત્પત્તિ સમજવી.)

૧ શરીર પરના રૂંવાડાના મૂળમાં.

रोमखसकेसफोडिय, लिक्खा तहेव चेव फुणगलिया ।
पंचिंदियाण देहे, हवंति एगिंदिया एए ॥ १३९ ॥

**અર્થ :** રોમરાઈ, ખસ, કેસ, ફોડકી, લિખ, તેમજ વળી ફુણગલી - આ સર્વ એકેંદ્રિય જીવો પંચેંદ્રિયના શરીરમાં હોય છે. (૧૩૯) (આ મનુષ્ય શરીરમાં એકેંદ્રિય જીવોની ઉત્પત્તિ કહી છે તે માનનીય નથી. કારણ કે જો એમ હોય તો મુનિ લોચ કરી શકે નહીં.)

हरसाइ कंठमाला, वालय नासुर किम्मिसम्मिओ ।
एए बेंदिय जीवा, नरस्स देहम्मि पच्चक्खा ॥ १४० ॥

**અર્થ :** હરસ (અર્શ), કંઠમાળ, વાળો, નાસુર, કરમીયા, સરમીયા. આ સર્વે દ્વીંદ્રિય જીવો મનુષ્યના શરીરમાં પ્રત્યક્ષ (ઉત્પન્ન થતા) દેખાય છે. (૧૪૦)

जूया य कीड सावा, एए तेंदिया जिया हुंति ।
चउरिंदिय पंचिंदिय, सुहमा वि अणंत नरदेहे ॥ १४१ ॥

**અર્થ :** જૂ, કીડા, સાવા - એ ત્રીંદ્રિય જીવો મનુષ્યના શરીરમાં હોય છે, (ઉપજે છે) તથા ચતુરિંદ્રિય અને પંચેંદ્રિય તથા સૂક્ષ્મ જીવો પણ મનુષ્યના દેહમાં અનંતા[1] હોય છે. (ઉત્પન્ન થાય છે.) (૧૪૧)

## (૯૦) વનસ્પતિ જીવોના ભેદ

रुक्खा गुच्छा गुम्मा, लया य वल्ली तणा य तह वलया ।
पव्वय हरिया ओसही, जलरुह कुहणा य बोधव्वा ॥ १४२ ॥

**અર્થ :** વૃક્ષો (આમ્રાદિક), ગુચ્છો, ગુલ્મો, લતાઓ, વેલાઓ, તૃણ (ઘાસ), વલય, (શેરડી વિગેરેના) પર્વ, હરિત, ઔષધિ (ધાન્ય ને ઔષધો), જળરૂહ (કમળ), અને કુહણ - એ બાર વનસ્પતિના ભેદ છે. (૧૪૨) (તેનો વિસ્તાર લોકપ્રકાશ-પ્રજ્ઞાપના વિગેરે ગ્રંથોમાંથી જાણવો.)

---

૧ આ અનંત શબ્દ અનંત સૂક્ષ્મ એકેંદ્રિય ગણ્યા હોય તો સંભવે. ચૌરિંદ્રિય જીવો ક્યા તે જાણવામાં આવ્યું નથી.

## (૯૧) જીવોના નિવાસસ્થાન

**एगिंदिय पंचिंदिय, उड्ढे अ अहे अ तिरियलोए अ ।**
**विगलिंदिय जीवा पुण, तिरिअलोए मुणेअव्वा ॥ १४३ ॥**

**અર્થ :** એકેંદ્રિય અને પંચેન્દ્રિય જીવો ઊર્ધ્વ, અધો અને તિર્છા લોકમાં એટલે ત્રણે લોકમાં હોય છે, અને દ્વીંદ્રિય, ત્રીંદ્રિય અને ચતુરિંદ્રિય એ વિકલેંદ્રિય જીવો તો તિર્છા લોકમાં જ હોય છે એમ જાણવું. (૧૪૩) (ઊર્ધ્વલોક અને અધોલોકમાં વિકલેંદ્રિય જીવોની ઉત્પત્તિ નથી.)

**पुढवी जा सिद्धिसिला, तेऊ नरखित्त तिरियलोए य ।**
**पुढवी आऊ वणस्सई, बारसकप्पेसु पुढवीसु ॥ १४४ ॥**

**અર્થ :** સિદ્ધશિલા સુધી પૃથ્વીકાય છે, તેજસ્કાય (બાદર) તિર્છાલોકમાં મનુષ્યક્ષેત્ર (અઢીદ્વીપ)માં જ છે તથા પૃથ્વીકાય, અપ્‌કાય અને વનસ્પતિકાય બાર દેવલોકમાં અને રત્નપ્રભાદિક સાતે નરક પૃથ્વીમાં છે. (આ સર્વ બાદર આશ્રી જાણવું.) (૧૪૪) (પાંચે પ્રકારના સૂક્ષ્મ એકેંદ્રિય તો ચૌદ રાજલોકમાં સર્વત્ર રહેલા છે.)

**सुरलोअवाविसज्झे, मच्छाइ नत्थि जलयरा जीवा ।**
**गेविज्जे न हु वावी, वाविअभावे जलं नत्थि ॥ १४५ ॥**

**અર્થ :** બાર દેવલોકમાં રહેલી વાવોમાં મત્સ્ય વિગેરે જળચર જીવો નથી. (તેમજ પોરા વિગેરે બેઇંદ્રિય જીવો પણ નથી.) નવ ગ્રૈવેયક (તથા પાંચ અનુત્તર વિમાન)માં વાવો જ નથી, અને વાવોનો અભાવ હોવાથી ત્યાં જળ (અપ્‌કાય) પણ નથી. (તથા જળના અભાવે વનસ્પતિકાય પણ નથી એમ જાણવું.) (૧૪૫)

## (૯૨) નિગોદ જીવોનું અનંતાનંતપણું

**जइआ होई पुच्छा, तइया एयं च उत्तरं दिज्जा ।**
**एगस्स निगोयस्स य, अणंतभागो गओ सिद्धिं ॥ १४६ ॥**

અર્થ : જે વખતે (કોઇ પણ વખતે) કોઇ મનુષ્યાદિક સામાન્ય કેવળીને કે તીર્થંકરને પ્રશ્ન કરે ત્યારે એ જ જવાબ અપાય છે (કેવળી એ જ જવાબ આપે છે) કે એક નિગોદનો અનંતનો ભાગ સિદ્ધિપદને પામ્યો છે. (૧૪૬) એવી નિગોદ (સૂક્ષ્મ વનસ્પતિના શરીર) ચૌદ રાજલોકમાં અસંખ્યાતી છે. દરેક શરીરમાં જીવો અનંતાનંત છે.

## (૯૩) નિગોદના જીવોને દુઃખ

**जं नरए नेरइआ, दुक्खं पावंति गोयमा ! तिक्खं ।**
**तं पुण निगोयमज्झे, अणंतगुणियं मुणेअव्वं ॥ १४७ ॥**

અર્થ : હે ગૌતમ ! નરકમાં નારકીના જીવો જે તીક્ષ્ણ-ઉગ્ર દુઃખ પામે છે; તેથી અનંતગણું દુઃખ નિગોદમાં રહેલા જીવો પામે છે એમ જાણવું. (૧૪૭) (એ દુઃખ અવ્યક્તપણે ભોગવાતું હોવાથી નરકની જેવું તીવ્ર જણાતું નથી.)

## (૯૪) નિગોદ વિગેરેની સૂક્ષ્મતાનું વર્ણન

**लोए असंखजोअण-माणे पइजोअणंऽगुला संखा ।**
**पइ तं असंख अंसा, पइ तं असंखया गोला ॥ १४८ ॥**

અર્થ : અસંખ્યાતા યોજન પ્રમાણ ચૌદ રાજલોકમાં યોજન યોજન પ્રત્યે એટલે દરેક યોજનમાં સંખ્યાતા અંગુલો છે, અંગુલ અંગુલ પ્રત્યે એટલે દરેક અંગુલમાં અસંખ્યાતા અંશો (વિભાગો) છે, તે દરેક અંગુલના અસંખ્યાતા અંશ-વિભાગમાં અસંખ્યાતા ગોળા છે. (૧૪૮)

**गोलो असंखनिगोओ, सोऽणंतजिओ जिअ पइ पएसा ।**
**असंख पइपएसं, कम्माणं वग्गणाऽणंता ॥ १४९ ॥**

અર્થ : એક એક ગોળામાં અસંખ્યાતી નિગોદ (શરીર) છે, તે દરેક નિગોદમાં અનંતા જીવો રહેલા છે, દરેક જીવના અસંખ્યાતા (લોકાકાશના પ્રદેશ પ્રમાણ) પ્રદેશો છે, તે દરેક પ્રદેશે કર્મોની અનંતી વર્ગણાઓ રહેલી છે. (૧૪૯)

**पइवग्गणं अणंता, अणुअ पइअणु अणंतपज्जाया ।**
**एयं लोयसरूवं, भाविज्जइ तहत्ति जिणवुत्तं ॥ १५० ॥**

**અર્થ :** દરેક વર્ગણા અનંતા અણુ-પરમાણુઓની બનેલી છે, દરેક અણુ (પરમાણુ)ના અનંત પર્યાયો છે. આ પ્રમાણેનું જિનેશ્વર ભાષિત લોકસ્વરૂપ તહત્તિ-સત્ય છે એમ ભાવવું. (૧૫૦) (આ હકીકતની શ્રદ્ધા કરવી તેજ સમકિતીનું લક્ષણ છે.)

## (૯૫) આ જીવ સર્વ સ્થાને ઉપજેલો ને મરણ પામેલો છે

**ण सा जाइ ण सा जोणी, ण तं ठाणं ण तं कुलं ।**
**ण जाया न मुआ जत्थ, सव्वे जीवा अणंतसो ॥ १५१ ॥**

**અર્થ :** એવી કોઈ જાતિ નથી, એવી કોઈ યોનિ નથી, એવું કોઈ સ્થાન નથી અને એવું કોઈ કુળ નથી કે જ્યાં સર્વે જીવો અનંતી વાર ઉત્પન્ન થયા ન હોય કે મરણ પામ્યા ન હોય. (૧૫૧) (ચૌદ રાજલોકમાં દરેક પ્રદેશે આ જીવે અનંતા જન્મ મરણ કર્યા છે.)

## (૯૬) એક મુહૂર્તમાં નિગોદ કેટલા ભવ કરે ?

**पणसट्ठि सहस्साइं, पंचसया चेव तह य छत्तीसा ।**
**खुड्डाग भवगहणा, एगमुहुत्तम्मि एवइया ॥ १५२ ॥**

**અર્થ :** નિગોદની એક જીવ એક મુહૂર્ત (બે ઘડી)માં પાંસઠ હજાર, પાંચસો અને છત્રીશ ક્ષુલ્લક (નાનામાં નાના) ભવ ગ્રહણ કરે છે. (૧૫૨) એક મુહૂર્તમાં ૧૬૭૭૭૨૧૬ આવળી હોય છે. ક્ષુલ્લક ભવ ૨૫૬ આવળીનો હોય છે, તે અનુસારે આ ગણત્રી કરેલી છે. એક શ્વાસોચ્છ્વાસમાં ૧૭ાા ભવ કરે છે.

## (૯૭) સમકિતની ઉત્કૃષ્ટ સ્થિતિ

**अंतमुहुत्तोवसमो, छावलि सासाण वेयगो समओ ।**
**साहियतित्तीसायर, खओ दुगुणो खओवसमो ॥ १५३ ॥**

અર્થ : ઉપશમ સમકિત અંતમુહૂર્ત સુધીરહે છે, સાસ્વાદન સમકિત ઉત્કૃષ્ટ છ આવલિકા સુધી રહે છે, વેદક સમકિત એક સમયનુંજ છે, ક્ષાયિક સમકિત કાંઇક અધિક તેત્રીશ સાગરોપમ સુધી રહે છે, અને તેથી બમણું એટલે કાંઇક અધિક છાસઠ સાગરોપમ સુધી ક્ષયોપશમ સમકિત રહે છે. (અહીં બન્ને ઠેકાણે અધિકપણું નરભવ સંબંધી જાણવું. એટલે કે ક્ષાયિક સમકિતવાળો જીવ સર્વાર્થસિદ્ધિ વિમાનમાં તેત્રીશ સાગરોપમના આયુષ્યવાળો દેવ થાય, ત્યાંથી ચ્યવી મનુષ્ય થઇ ચારિત્ર લઇ સિદ્ધિપદને પામે છે. ક્ષયોપશમ સમકિતવાળો જીવ ઉત્કૃષ્ટ બે વાર વિજયાદિકમાં ૩૩ સાગરોપમના આયુષ્યવાળો અથવા ત્રણ વાર અચ્યુત દેવલોકમાં બાવીશ સાગરોપમના આયુષ્યવાળો દેવ થઇ મનુષ્ય થઇ ચારિત્ર પામી મોક્ષે જાય છે.) (૧૫૩)

## (૯૮) નરકમાં થતી દશ પ્રકારની વેદના

**दसविह वेयण निरए, सीउण्हखुहपिवासकंडू य ।**
**भयसोगपारवस्सं, जरा य वाही य दसमो य ॥ १५४ ॥**

અર્થ : નરકમાં નારકીઓને દશ પ્રકારની વેદના હોય છે, તે આ પ્રમાણે-શીત વેદના ૧, ઉષ્ણ વેદના ૨, ક્ષુધા (ભૂખ) વેદના ૩, પિપાસા (તૃષા) વેદના ૪, કંડૂ (ખરજની) વેદના ૫, ભય વેદના ૬, શોક વેદના ૭, પરવશતારૂપ વેદના ૮, જરા વેદના ૯ અને દશમી વ્યાધિ વેદના ૧૦. (આ સર્વ વેદનાઓ અસહ્ય હોય છે.) (૧૫૪)

## (૯૯) રત્નપ્રભા પૃથ્વીનું સ્થાન

**अह मंदरस्स हिठ्ठा, पुढवी रयणप्पहा मुणेयव्वा ।**
**तिसु भागेसु विह्नि( ह )त्ता, सहस्स असी जोअणं लक्खं ॥ १५५ ॥**

અર્થ : મેરૂ પર્વતની નીચે એક રાજના વિસ્તારમાં રત્નપ્રભા પૃથ્વી રહેલી છે તે ત્રણ ભાગે વહેંચાયેલી છે (તેના ત્રણ ભાગ છે) અને તે એક લાખ ને એંશી હજાર જોજન જાડી છે. (૧૫૫)

## (૧૦૦) ભવનપતિનું તથા નારકીનું વાસસ્થાન

**तत्थेव भवणवासी, देवा निवसंति दोसु भागेसु ।**
**तइए पुण नेरइया, हवंति बहुवेयणा निच्चं ॥ १५६ ॥**

**અર્થ :** ત્યાં જ (તે રત્નપ્રભા પૃથ્વીના પિંડમાં જ) બે ભાગમાં ભવનપતિ દેવો વસે છે અને ત્રીજા ભાગમાં નિરંતર અત્યંત વેદના ભોગવનારા નારકીઓ રહેલા છે. (૧૫૬)

(બે ને એક વિભાગમાં તે શી રીતે રહેલા છે ? તે સ્પષ્ટ થવાની જરૂર છે. આવા વિભાગ પાડેલા વાંચવામાં આવ્યા નથી.) બૃહદ્સંગ્રહણીની ગાથા ૨૫મીના અર્થમાં ૧૭૮૦૦૦ યોજનમાં ભુવનપતિનું સ્થાન કહેલ છે. વધારામાં કહ્યું છે કે - ૧૮૦૦૦૦માંથી ૯૬૦૦૦ બાદ કરતાં બાકીના ૮૪૦૦૦ યોજનમાં ભુવનપતિ છે એમ કેટલાક આચાર્યો કહે છે.

## (૧૦૧) પંદર પરમાધાર્મિકનાં નામ

**अंबे१ अंबरिसी२ चेव, सामे३ य सबले४ वि य ।**
**रुद्दे५ विरुद्दे६ काले७ य, महाकाले८ त्ति आवरे ॥ १५७ ॥**
**असिपत्ते९ धणू१० कुंभे११, वालू१२ वेयरणी१३ वि अ ।**
**खरस्सरे१४ महाघोसे१५, एवं पनरस आहिआ ॥ १५८ ॥**

**અર્થ :** અંબ ૧, અંબઋષિ ૨, શ્યામ ૩, સબલ ૪, રૌદ્ર ૫, વિરૌદ્ર ૬, કાળ ૭, મહાકાળ ૮, અસિપત્ર ૯, ધનુ ૧૦, કુંભ ૧૧, વાલુ ૧૨, વેતરણી ૧૩, ખરસ્વર ૧૪ અને મહાઘોષ ૧૫ - આ પ્રમાણે પંદર જાતિના પરમાધાર્મિક કહ્યા છે. (૧૫૭-૧૫૮) તે પંદરે પરમાધામીનું જુદું જુદું કામ છે. તે જુદે જુદે પ્રકારે નારકીઓને પીડા ઉપજાવે છે. તેમાં કેટલાકનું તો નામ પ્રમાણે જ કામ છે.

## (૧૦૨) દશ પ્રકારનું સત્ય

**जणवय१ संयम२ ठवणा३, नामे४ रूवे५ पडुच्चव६ सच्चे अ ।**
**ववहारे७ भाव८ जोगे९, दसमे उवम१० सच्चे य ॥ १५९ ॥**

**અર્થ :** જનપદ સત્ય-કુંકણ દેશમાં પાણીને પિચ્ચ કહે છે તે જનપદ (દેશ) સત્ય કહેવાય છે. અર્થાત્ જે દેશમાં જે પદાર્થ માટે જે શબ્દ વપરાતો હોય તે **જનપદ સત્ય** ૧, લોકરૂઢિથી સર્વજનોની જે માન્યતા હોય, જેમકે કાદવમાં ઉત્પન્ન થાય તે પંકજ-કમળ કહેવાય, પણ દેડકા વિગેરે પંકજ ન કહેવાય, તે **સંમત સત્ય** ૨, **સ્થાપનાસત્ય** એટલે પ્રતિમા વિગેરે ૩, કુળની વૃદ્ધિ કરનાર ન હોય છતાં કોઈનું નામ કુળવર્ધન પાડ્યું હોય તો તે **નામ સત્ય** ૪, સાધુ વિગેરેનો વેષ ધારણ કર્યો હોય અને તેવા પ્રકારના તેનામાં આચાર હોય કે ન હોય છતાં તેને સાધુ કહેવો તે **રૂપસત્ય** ૫, નાનું-મોટું, પિતા-પુત્ર વિગેરે પરસ્પરને આશ્રીને કહેવાય છે, જેમકે અનામિકા આંગળી ટચલી આંગળીની અપેક્ષાએ મોટી છે અને વચલી આંગળીને આશ્રીને નાની છે, એક જ પુરૂષ પોતાના પુત્રની અપેક્ષાએ પિતા છે અને પોતાના પિતાની અપેક્ષાએ પુત્ર પણ છે, તે **પ્રતીત્યસત્ય** ૬, વ્યવહારમાં અનુદરા કન્યા કહેવાય છે, અનુદરાનો અર્થ પેટ વિનાની એવો થાય પણ વ્યવહારમાં ગર્ભવિનાની હોય તેને જ અનુદરા કહેવાય છે, તે **વ્યવહાર સત્ય** ૭, બગલામાં શ્વેત વર્ણ વધારે છે અને બીજા વર્ણ ઘણા જ અલ્પ છે તેથી તેને શ્વેત કહેવો એ **ભાવ સત્ય** ૮, પાસે દંડ (લાકડી) રાખવાથી તે માણસ દંડી કહેવાય અથવા છત્ર ધારણ કરવાથી તે માણસ છત્રી કહેવાય વિગેરે કોઈ વસ્તુના યોગને લીધે તે વસ્તુવાળો પોતે પણ તેવો કહેવાય તે **યોગ સત્ય** ૯, તથા તળાવને સમુદ્ર સમાન કહેવું તે **ઉપમા સત્ય** ૧૦ - આ રીતે સત્યના દશ પ્રકાર છે. (૧૫૯)

## (૧૦૩) અસત્ય બોલવાનાં દશ કારણો

**कोहे१ माणे२ माया३, लोभे४ पिज्जे५ तहेव दोसे६ य ।**
**हास७ भय८ अक्खाइय९, उवघाए१० निस्सिया दसमा ॥ १६० ॥**

**અર્થ :** ક્રોધ ૧, માન ૨, માયા ૩, લોભ ૪, પ્રેમ-રાગ ૫, દ્વેષ ૬, હાસ્ય-મશ્કરી ૭, ભય ૮, અવર્ણવાદ-ખોટુ આળ ૯ અને ઉપઘાત-આઘાત ૧૦ - આ દશ કારણને લીધે અસત્ય બોલાય છે. (આ દશે પ્રકાર ત્યાગ કરવા લાયક છે.) (૧૬૦)

## (૧૦૪) ઉત્સૂત્રરૂપ
## અસત્ય બોલવાનું ફળ

**इक्केण दुब्भासिएण, मरीइओ दुक्खसायरं पत्तो ।**
**भमिओ कोडाकोडी, सागरसिरिणामधिज्जाणं ॥ १६१ ॥**

**અર્થ :** એક જ દુર્ભાષિતવડે એટલે "હે કપિલ ! તે જિનેશ્વરના માર્ગમાં પણ ધર્મ છે અને મારા માર્ગમાં પણ ધર્મ છે." એવા એક જ અસત્ય (ઉત્સૂત્ર) ભાષણ વડે મરીચિ દુઃખસાગરને પામ્યો, અને કોટાકોટિ સાગરોપમ સુધી સંસારમાં ભટક્યો. (આ મરીચિ મહાવીર સ્વામીનો જીવ સમજવો.) (૧૬૧)

## (૧૦૫) સત્યનું માહાત્મ્ય

**जइ न सक्कसि काउं, सम्मं अइदुक्करं तवचरणं ।**
**तो सच्चं भासिज्जा, जह भणियं वीयराएहिं ॥ १६२ ॥**

**અર્થ :** હે જીવ ! જો તું અત્યંત દુષ્કર એવા તપ અને ચારિત્રને અથવા તપના આચરણને સમ્યક્ પ્રકારે કરવાને શક્તિમાન ન હો તો જે પ્રમાણે જિનેંદ્રોએ કહ્યું છે તે પ્રમાણે તું એક સત્ય વચન જ બોલ. (સત્ય વચન જ સર્વ ધર્મમાં અગ્રેસર છે, એટલે એકલા સત્યથી પણ તારી કાર્યસિદ્ધિ થશે, કેમ કે સત્યમાં સમકિતનો પણ સમાવેશ છે.) (૧૬૨)

## (૧૦૬) ગીતાર્થ કેવું વચન ન બોલે

**जेण परो दुभिज्जइ, पाणिवहो जेण होइ भणिएणं ।**
**अप्पा पडइ किलेसे, न हु तं जंपंति गीयत्था ॥ १६३ ॥**

**અર્થ :** જે વચન બોલવાથી બીજો પ્રાણી દુઃખી થાય, તથા જે વચન બોલવાથી પ્રાણીનો વધ થાય અને પોતાનો આત્મા કલેશમાં પડે - તેવું વચન ગીતાર્થો બોલે નહીં. (૧૬૩) (ગીતાર્થ માટે આવાં વચન બોલવાનો સંભવ હોતો નથી.)

## (૧૦૭) દાન સંબંધી વિચાર

**जे अदाणं पसंसंति, वहमिच्छंति पाणिणं ।**
**जइणि( तं )पडिसेयंति, वित्तिच्छेयं करंति ते ॥ १६४ ॥**

**અર્થ :** જેઓ અસંયતિના દાનની પ્રશંસા કરે છે, તેઓ પ્રાણીના વધને ઇચ્છે છે અને જેઓ અનુકંપાદાનનો નિષેધ કરે છે, તેઓ અન્યની વૃત્તિનો છેદ કરે છે. એટલે તેઓ અંતરાય કર્મ બાંધે છે. (૧૬૪) (આ ગાથાનું ત્રીજું પદ અશુદ્ધ જણાય છે.)

## (૧૦૮) સજ્જનોએ કેવું બોલવું ?

**संतेहिं असंतेहिं, परस्स किं जंपिएहिं दोसेहिं ।**
**अत्थो जत्थ न लब्भइ, सो अमित्तो कओ होइ ॥ १६५ ॥**

**અર્થ :** છતા અથવા અછતા બીજાના દોષ બોલવાથી શું ફળ છે ? કાંઇજ ફળ નથી. કેમકે તેમાં કાંઇ પણ અર્થ-ધનાદિક મળતું નથી, અર્થ સરતો નથી અને ઉલટો તેને શત્રુ કરાય છે - તે શત્રુ થાય છે. (૧૬૫)

**मा होइ सुअग्गाही, मा जंपह जं न दिट्ठं पच्चक्खं ।**
**पच्चक्खे वि अ दिट्ठे, जुत्ताजुत्तं वियारेइ ॥ १६६ ॥**

**અર્થ :** શ્રુતગ્રાહી ન થવું. એટલે કે કોઇની પાસેથી કાંઇ વાત સાંભળી કે તરત જ તેને વગર વિચારે સત્ય માની લેવી નહીં. વળી જે પ્રત્યક્ષ જોયું ન હોય તે પણ બીજાની પાસે ન કહેવું તથા પ્રત્યક્ષ જોયા છતાં પણ યોગ્ય અને અયોગ્યનો વિચાર કરવો. અર્થાત્ યોગ્ય = કહેવા યોગ્ય-સંભવિત હોય તો જ કહેવું, અયોગ્ય-અસંભવિત હોય તો તે કહેવું નહીં. (૧૬૬)

## (૧૦૯) રોષ વખતે કાર્ય ન કરવું

**पढमं चिय रोसभरे, जा बुद्धी होइ सा न कायव्वा ।**
**अह कीरइ ता नूणं, न सुंदरो होइ परिणामो ॥ १६७ ॥**

અર્થ : પ્રથમ ક્રોધનો આવેશ આવે તે વખતે જે બુદ્ધિ થાય તે પ્રમાણે કાર્ય કરવું નહીં, જો કદાચ કરે તો અવશ્ય તેનું પરિણામ સારૂં આવે નહીં. તેને વિમાસવું જ પડે. (એટલે કે આવેશ શાંત થયા પછી જે કરવા યોગ્ય લાગે તે કરવું એમ કહેલ છે.) (૧૬૭)

## (૧૧૦) શ્રી ઋષભદેવ સ્વામીએ પ્રથમ ભવે કરેલી સમકિત પ્રાપ્તિ

**परितुलिय कप्पपायव-चिंतामणिकामधेणुमाहप्पं ।**
**सम्मत्तमहारयणं, पत्तं धणसत्थवाहेण ॥ १६८ ॥**

અર્થ : શ્રી ઋષભદેવ સ્વામીના જીવે પ્રથમ ધન સાર્થવાહના ભવમાં કલ્પવૃક્ષ, ચિંતામણિ રત્ન અને કામધેનુના માહાત્મ્યની તુલના કરનાર એટલે તેનાથી પણ અધિક માહાત્મ્યવાળા સમકિતરૂપી મહારત્નને પ્રાપ્ત કર્યું હતું. (૧૬૮) (આ ગાથા સહજ ફેરફાર સાથે શ્રાદ્ધગુણવિવરણમાં ૧૩મી છે.)

## (૧૧૧) સમકિતદષ્ટિનાં લિંગ

**सव्वत्थ उचियकरणं, गुणाणुराओ रई य जिणधम्मे ।**
**अगुणेसु अ मज्झत्थो, सम्मद्दिट्ठिस्स लिंगाइं ॥ १६९ ॥**

અર્થ : સર્વ ઠેકાણે ઉચિતપણું સાચવવું, ગુણ તેમજ ગુણી પ્રત્યે અનુરાગ-પ્રીતિ રાખવી, જિનેશ્વરના ધર્મમાં રતિ-પ્રીતિ રાખવી, અને નિર્ગુણી માણસ ઉપર મધ્યસ્થપણું રાખવું, એ સમકિતીનાં લિંગ છે. (૧૬૯) (સમકિતના ૬૭ બોલમાં ૩ લિંગ કહ્યા છે તે જુદા છે.)

## (૧૧૨) સમ્યગ્દષ્ટિ ને મિથ્યાદષ્ટિની વહેંચણ

**सामन्नजण तव लिंग-धारिणो अगीयत्थ सेणियाईया ।**
**पंचुत्तरसुर संवेग-पक्खिणो अट्ठमा य जई ॥ १७० ॥**

**पढमा मिच्छद्दिट्ठी, चउरो संसारभमणहेउ त्ति ।**
**इयरा सम्मदिट्ठी, अरहा निव्वाणमग्गस्स ॥ १७१ ॥**

**અર્થ :** સામાન્ય માણસ ૧, અજ્ઞાન તપસ્વી ૨, લિંગધારી ૩, અ-ગીતાર્થ ૪, શ્રેણિકાદિક સમકિતી જીવો ૫, પાંચ અનુત્તરવાસી દેવ ૬, સંવેગ-પાક્ષિક ૭ અને યતિ ૮ - તેમાંથી પહેલા ચાર મિથ્યાદષ્ટિ છે, તેઓ સંસારમાં પરિભ્રમણ કરનારા છે. બીજા ચાર સમકિતદષ્ટિ છે, તેઓ મોક્ષમાર્ગને યોગ્ય છે-મોક્ષે જનારા છે. (૧૭૦-૧૭૧)

વિરતિના સ્વરૂપને જાણે, વિરતિ અંગીકાર કરે ને વિરતિ પાળે; તેમજ ન જાણે, ન આદરે ને ન પાળે - એ છ પ્રકારના ત્રિકસંયોગી આઠ ભાંગા થાય છે તે નીચે પ્રમાણે :

(૧) ન જાણે, ન આદરે, ન પાળે તે સામાન્ય મિથ્યાદષ્ટિ જાણવા.

(૨) ન જાણે, ન આદરે, પણ પાળે તે અજ્ઞાન તપસ્વી જાણવા. તેઓ સમ્યગ્ જ્ઞાનરહિત હોવાથી જાણી કે આદરી શકતા નથી.

(૩) ન જાણે, આદરે, ન પાળે તે પાર્શ્વસ્થાદિ દ્રવ્યલિંગી જાણવા. તેઓ વ્રત ગ્રહણ કરે છે પણ પાળતા નથી.

(૪) ન જાણે, આદરે ને પાળે તે સમ્યગ્ જ્ઞાન વિનાના મિથ્યાત્વી, અભવી તેમજ અગીતાર્થ જાણવા.

આ ચારે ભાંગાવાળા સમ્યગ્જ્ઞાન વિનાના હોવાથી મિથ્યાદષ્ટિ છે.

(૫) જાણે, ન આદરે, ન પાળે. તે શ્રેણિક કૃષ્ણાદિ ધર્મના સમ્યગ્ સ્વરૂપને જાણતાં છતાં અવિરતિના તીવ્ર ઉદયથી આદરી શકતા નથી અને પાળતા પણ નથી.

(૬) જાણે, આદરે નહીં, પણ પાળે તે અનુત્તર વિમાનના દેવો સમજવા. તેઓ ધર્મના સમ્યગ્ સ્વરૂપને જાણે, પણ અવિરતિના ઉદયથી આદરે નહીં પરંતુ પાળે ખરા.

(૭) જાણે, આદરે, પણ પાળે નહીં તે ધર્મના સમ્યગ્ સ્વરૂપને જાણે, આદરે અને પાળી શકે નહીં. તેઓ પશ્ચાત્તાપ કર્યા કરે અને વેશ છોડીને સંવિજ્ઞપક્ષીપણે વર્તે.

(૮) જાણે, આદરે અને પાળે - તે સર્વ પ્રકારના મુનિઓ જાણવા. તેઓ ધર્મના સમ્યગ્ સ્વરૂપને જાણે છે, અંગીકાર કરે છે અને સમ્યગ્ પ્રકારે પાળે પણ છે.

આ ચારે પ્રકાર સમકિત દૃષ્ટિના જાણવા - એ ચારે ભાંગા ગ્રાહ્ય છે. એનું વિશેષ સ્વરૂપ શ્રી જ્ઞાનવિમળસૂરિકૃત અષ્ટભંગીની સજ્ઝાયમાં બતાવેલું છે.

## (૧૧૩) મિથ્યાત્વનું અત્યંત માઠું ફળ

**विस वेसानर विसहर-हरि करि अरिणो हणंति भवमेगं ।**
**मिच्छत्तं सत्ताए, हणइ अणंताउ भवकोडि ॥ १७२ ॥**

**અર્થ :** વિષ, વૈશ્વાનર (અગ્નિ), વિષધર (સર્પ), હરિ (સિંહ), કરિ (હાથી) અને અરિ (શત્રુ) - એ સર્વે પ્રાણીના એક જ ભવને હણી શકે છે; (પ્રાણથી જીવને વિખુટો પાડે છે) પરંતુ મિથ્યાત્વ તો સત્તામાં હોવાથી પ્રાણીને અનંતકોટિ ભવોમાં હણે છે. અર્થાત્ અનંતા ભવ કરાવે છે. (૧૭૨)

**दंसणभट्ठो भट्ठो, दंसणभट्ठस्स नत्थि निव्वाणं ।**
**सिज्झंति चरणरहिया, दंसणरहिया न सिज्झंति ॥ १७३ ॥**

**અર્થ :** સમ્યગ્ દર્શનથી જે ભ્રષ્ટ (રહિત) હોય તેને જ ખરો ભ્રષ્ટ કહેવો, કેમ કે સમકિતથી ભ્રષ્ટ થયેલાને નિર્વાણ (મોક્ષ) પ્રાપ્ત થતું જ નથી. કદાચ ચારિત્ર રહિત હોય તે અર્થાત્ દ્રવ્ય-ચારિત્ર વિનાનો (ભાવચારિત્રવાળો) સિદ્ધ થઇ શકે છે, પરંતુ જે સમકિતથી રહિત હોય તે કદાપિ સિદ્ધ થઇ શકતા જ નથી. (૧૭૩)

## (૧૧૪) સુપાત્ર દાનનું ફળ

**आरुग्गं सोहग्गं, आणेसरियं मणिच्छिओ विहवो ।**
**सुरलोयसंपया वि य, सुपत्तदाणाइदुम्मफला ॥ १७४ ॥**

**અર્થ :** આરોગ્યતા, સૌભાગ્ય, આજ્ઞાવાળું ઐશ્વર્ય, મનવાંચ્છિત વૈભવ તથા દેવલોકની સંપદા - એ સર્વ સુપાત્રદાનાદિ વૃક્ષનાં ફળો છે. (૧૭૪) (સુપાત્રદાન પરંપરાએ મોક્ષ પણ આપે છે.)

**दाणं सोहग्गकरं, दाणं आरुग्गकारणं परमं ।**
**दाणं भोगनिहाणं, दाणं ठाणं गुणगणाणं ॥ १७५ ॥**

**અર્થ :** દાન એ સૌભાગ્યને કરનારૂં છે, દાન ઉત્કૃષ્ટ આરોગ્યનું કારણ છે. દાન એ ભોગનું નિધાન છે અને દાન એ ગુણના સમૂહોનું સ્થાન છે. (૧૭૫)

**दाणेण फुरइ कित्ती, दाणेण य हुंति निम्मला कंति ।**
**दाणावज्जियहियओ, अरिणो वि य पाणियं वहइ ॥ १७६ ॥**

**અર્થ :** દાન વડે કીર્તિ ફેલાય છે, દાન વડે નિર્મળ કાંતિ પ્રાપ્ત થાય છે, દાન વડે જેનાં હૃદય વશ થયાં છે એવા શત્રુઓ પણ પોતાને ત્યાં પાણી ભરે છે, એટલે દાનથી વશ થયેલા શત્રુઓ પણ પોતાના કિંકર જેવા થઇ જાય છે. (૧૭૬)

## (૧૧૫) દાનના ભેદ તથા તેનું ફળ

**अभयं सुपत्तदाणं, अणुकंपा उचिय कित्तिदाणं च ।**
**दुन्नि वि मुक्खो भणिओ, तिन्नि वि भोगाइयं दिंति ॥ १७७ ॥**

**અર્થ :** અભયદાન ૧, સુપાત્રદાન ૨, અનુકંપાદાન ૩, ઉચિતદાન ૪ અને કીર્તિદાન ૫ - આ પાંચ પ્રકારના દાનમાંથી પહેલા બે દાનથી મોક્ષ મળે એમ કહ્યું છે અને પાછળના ત્રણ દાન ભોગાદિક આપનારાં કહ્યાં છે. (૧૭૭)

## (૧૧૬) મનના વ્યાપારની મુખ્યતા

**मणवावारो गरुओ, मणवावारो जिणेहि पण्णत्तो ।**
**अह नेइ सत्तमाए, अहवा मुक्खं पयासेइ ॥ १७८ ॥**

**અર્થ :** સર્વ વ્યાપાર કરતાં મનનો વ્યાપાર મોટો છે, કેમ કે મનનો વ્યાપાર જ તંદુલ મત્સ્ય વિગેરેની જેમ પ્રાણીને સાતમી નરકે પણ લઈ જાય છે અથવા પ્રસન્નચંદ્ર રાજર્ષિની જેમ મોક્ષ પણ પ્રકાશે છે - આપે છે, એમ જિનેશ્વરે કહ્યું છે. (૧૭૮)

## (૧૧૭) મહાવીર સ્વામીના મુખ્ય દશ શ્રાવકોનાં નામ

**आणंद१ कामदेवे२, चुलणिपिया३ तह य सुरादेवे४ ।**
**चुल्लसय५ कुंडकोलिय६, सद्दालपुत्तो७ य नायव्वो ॥ १७९ ॥**

**अट्ठमो य महासयगो८, नवमो य नंदिणीपिया९ ।**
**तेतलिपिया१० य दसमो, एयाइ सड्ढाण नामाइं ॥ १८० ॥**

**અર્થ :** આણંદ ૧, કામધેવ ૨, ચુલણીપિતા ૩ તથા સુરાદેવ ૪, ચુલ્લશતક ૫, કુંડકોલિક ૬, સદ્દાલપુત્ર ૭, આઠમો મહાશતક ૮, નવમો નંદિનીપિતા ૯ અને દશમો તેતલીપિતા ૧૦ - આ દશ મહાવીર સ્વામીના મુખ્ય શ્રાવકોનાં નામ છે. (૧૭૯-૧૮૦)

## (૧૧૮) આનંદાદિ શ્રાવકોનાં નિવાસસ્થાન

**वाणियगामं१ चंपा२, दुवे वाणारसी य नयरीए ३-४ ।**
**आलंभिया५ य पुरवर, कंपिल्लपुरम्मि६ बोधव्वं ॥ १८१ ॥**

**पोलासं७ रायगिहं८, सावत्थीपुरी य दुन्नि उप्पन्ना ९-१० ॥**
**एए उवासगाणं, गामा खलु होंति बोधव्वा ॥ १८२ ॥**

**અર્થ :** આણંદનું નિવાસસ્થાન વાણિજ્ય ગામ ૧, કામદેવની ચંપાનગરી ૨, ચુલનીપિતા અને સુરાદેવની વાણારસી નગરી ૩-૪, ચુલ્લશતકની આલંભિકા નગરી ૫, કુંડકોલિકનું કાંપિલ્યપુર જાણવું ૬, સદ્દાલપુત્રનું પોલાસપુર ૭, મહાશતકનું રાજગૃહ ૮ તથા નંદિનીપિતા અને તેતલીપિતા એ બે શ્રાવસ્તી નગરીમાં ઉત્પન્ન થયા હતા ૯-૧૦ - આ પ્રમાણે દશે શ્રાવકોના ગામો છે એમ જાણવું. (૧૮૧-૧૮૨)

## (૧૧૯) દશે શ્રાવકોની સ્ત્રીઓનાં નામ

**सिवनंद १ भद्द २ सामा ३,**
**धण ४ बहुल ५ पुसणि ६ अग्गिमित्ता ७ य ।**
**रेवइ ८ य अस्सणी ९ तह,**
**फग्गुणि १० भज्जाण नामाणि ॥ १८३ ॥**

**અર્થ :** આનંદને શિવાનંદા નામની સ્ત્રી હતી ૧, કામદેવને ભદ્રા ૨, ચુલનીપિતાને શ્યામા ૩, સુરાદેવને ધન્યા ૪, ચુલ્લશતકને બહુલા ૫, કુંડકોલિકને પૂષા ૬, સદ્દાલપુત્રને અગ્નિમિત્રા ૭, મહાશતકને રેવતી ૮, નંદિનીપિતાને અશ્વની ૯ અને તેતલીપિતાને ફલ્ગુની નામની ભાર્યા હતી ૧૦ - આ પ્રમાણે તેમની ભાર્યાઓનાં નામ છે. (૧૮૩)

## (૧૨૦) આનંદાદિ શ્રાવકોને ઉપસર્ગ વિગેરે

**ओहिनाण१ पिसाए२, माया३ वाही४ धण५ उत्तरिज्जे६ य ।**
**भज्जाइसुया७ तह, दुव्वया८ निरुवसग्गया तिन्नि ॥ १८४ ॥**

**અર્થ :** પહેલાને અવધિજ્ઞાન થયું છે ૧, બીજાને પિશાચથી ૨, ત્રીજાને માતાથી ૩, ચોથાને વ્યાધિથી ૪, પાંચમાને ધનથી ૫, છઠ્ઠાને ઉત્તર દેવાથી ૬, સાતમાને ભાર્યાદિથી ૭ અને આઠમાને દુર્વૃત્તા સ્ત્રીથી ૮ - એમ સાત શ્રાવકને એ અનુક્રમે ઉપસર્ગો થયા છે અને છેલ્લા બેને તથા પહેલા આનંદ આ ત્રણને ઉપસર્ગ થયા નથી. (૧૮૪) (આનંદ, શ્રાવકને અને છેલ્લા બે શ્રાવકને ઉપસર્ગો થયા નથી. આનંદને અવધિજ્ઞાન થયેલ છે.)

શ્રી વર્ધમાન દેશના વિગેરેમાં જોતાં આનંદ પછીના છ શ્રાવકોને દેવોએ ઉપસર્ગ કર્યા છે, અને આઠમા મહાશતકને તેની ભાર્યાએ ઉપસર્ગ કર્યા છે. આ ગાથામાં દેવ શિવાય જુદાં જુદાં નામ લખ્યાં છે તેનો હેતુ આ પ્રમાણે સંભવે છે - બીજા કામદેવ શ્રાવકને દેવે પિશાચરૂપે ઘણો ઉપદ્રવ કર્યો હતો તેથી ત્યાં પિશાચ શબ્દ લખ્યો છે.

ત્રીજા ચુલનીપિતા પાસે તેના પુત્રોને માર્યા છતાં તે ક્ષોભ પામ્યો નહીં છેવટે તેની માતાને મારવાનો ઉપસર્ગ કર્યો ત્યારે તે ક્ષોભ પામ્યો, તેથી ત્યાં માતા શબ્દ લખ્યો છે. ચોથો સુરાદેવ બીજા સર્વ ઉપદ્રવોથી ક્ષોભ પામ્યો નહીં, છેવટ તેના શરીરમાં વ્યાધિ ઉત્પન્ન કરવાનું કહ્યું ત્યારે ક્ષોભ પામ્યો, તેથી ત્યાં વ્યાધિ શબ્દ લખ્યો છે. પાંચમો ચુલ્લશતક બીજા ઉપસર્ગોથી ક્ષોભ પામ્યો નહીં, છેવટ તારૂં સર્વ ધન લઇને નાંખી દઇશ એમ કહી સર્વ ધન દેવતાએ તેની પાસે લાવી તે લઇ જાય છે એમ તેને દેખાડ્યું ત્યારે તે ક્ષોભ પામ્યો, તેથી ત્યાં ધન શબ્દ લખ્યો છે. છઠ્ઠા કુંડકોલિકને ગોશાળકમતિદેવે ગોશાળનો ધર્મ અંગીકાર કરવાનું કહ્યું અને તેના ધર્મની પ્રશંસા કરી છતાં તે ક્ષોભ પામ્યો નહીં અને ઉલટો તે દેવને યુક્તિથી ઉત્તર આપી જીતી લીધો, તેથી ત્યાં ઉત્તર શબ્દ લખ્યો છે. સાતમો સદ્દાલપુત્ર પોતાના પુત્રોના મરણથી ક્ષોભ પામ્યો નહીં, પણ છેવટ તેની સ્ત્રીને મારવાનો ઉપસર્ગ કર્યો ત્યારે તે ક્ષોભ પામ્યો, તેથી ત્યાં ભાર્યા શબ્દ લખ્યો છે અને આઠમા મહાશતકને કોઇ દેવે ઉપસર્ગ કર્યો નથી, પરંતુ તેની દુષ્ટ (લંપટ) ભાર્યા રેવતીએ ઉપસર્ગ કર્યા છે. તેમાં છેવટ સુધી ક્ષોભ પામ્યો નથી, પરંતુ અવધિજ્ઞાનથી રેવતીનું સ્વરૂપ જાણીને તેણીને દુર્ગતિમાં જવાનું દુર્વચન કહ્યું હતું. તેથી શ્રી ગૌતમસ્વામીના કહેવાથી તે દુર્વચનની તેણે આલોચના લીધી હતી વિગેરે. અહીં ગાથામાં દુવ્વયા શબ્દ લખ્યો છે તે ઉપરથી દુર્વૃત્તા (દુરાચરણી) ભાર્યા સમજવી. એ દુવ્વયા શબ્દનો બીજો અર્થ દુર્વચન પણ થઇ શકે છે. નવમા અને દશમા શ્રાવકને ઉપસર્ગ થયા જ નથી.

## (૧૨૧) આનંદાદિ શ્રાવકોના ગોકુળની સંખ્યા

**चालीस१ सट्ठीर असीइ३,**
**सट्ठी४ सट्ठी५ य सट्ठी६ दससहस्सा७ ।**
**असीइ८ चत्ता९ चत्ता१०, चउप्पयाणं सहस्साणं ॥ १८५ ॥**

**અર્થ :** આણંદને ચાળીશ હજાર ગાયોહતી ૧, કામદેવને સાઠ હજાર

૨, ચુલનીપિતાને એંશી હજાર ૩, સુરાદેવને સાઠ હજાર ૪, ચુલ્લ શતકને સાઠ હજાર ૫, કુંડકોલિકને સાઠ હજાર ૬, સદ્દાલપુત્રને દશ હજાર ૭, મહાશતકને એંશી હજાર ૮, નંદિનીપિતાને ચાળીશ હજાર ૯ અને તેતલીપિતાને ચાળીશ હજાર ચતુષ્પદ એટલે ગાયો હતી ૧૦ (દશ હજાર ગાયોનું એક ગોકુળ કહેવાય છે.) (૧૮૫)

## (૧૨૨) આનંદાદિ શ્રાવકોના ધનની સંખ્યા

**बार१ ट्ठारस२ चउवीस३, तिविहमट्ठारद्द तह य तिन्नेव७ ।**
**सव्वण्णे चउवीसं८, बारस९ बारस१० कोडीओ ॥ १८६ ॥**

**અર્થ :** આણંદને બાર કરોડ સુવર્ણ-સોનામહોર પ્રમાણ દ્રવ્ય હતું ૧, કામદેવને અઢાર કરોડ ૨, ચુલની પિતાને ચોવીશ કરોડ ૩, સુરાદેવ, ચુલ્લશતક અને કુંડકોલિક એ ત્રણને અઢાર અઢાર કરોડ ૬, સદ્દાલપુત્રને ત્રણ કરોડ ૭, મહાશતકને ચોવીશ કરોડ ૮, નંદિનીપિતાને બાર કરોડ ૯ અને તેતલીપિતાને બાર કરોડ સુવર્ણ હતું ૧૦. (૧૮૬)

## (૧૨૩) આનંદાદિ શ્રાવકોએ ભોગોપભોગ-પરિમાણ વ્રતમાં કરેલ નિયમ

**उल्लंवणं१ दंतवणं२,**
**फले३, अब्भिगणे४ वट्टणे५ सणाणे६ य ।**
**वत्थे७ विलेवणे८ पुप्फे९,**
**आभरण१० धूव११ पेयाइ१२ ॥ १८७ ॥**

**भक्खो१३ यण१४ सूप१५ घए१६,**
**सागे१७ माहुर१८ जम्मण१९ पाणे२० य ।**
**तंबोले२१ इगवीसं,**
**आणंदाईण अभिग्गहा ॥ १८८ ॥**

**અર્થ :** ઉલ ઉતારવા માટે જેઠીમધનું કાષ્ઠ ૧, દાંત સાફ કરવા

માટે મહુડાનું દાતણ ૨, મસ્તક સાફ કરવા માટે આમળાનું ફળ ૩, અભ્યંગન માટે શતપાક અને સહસ્રપાક તેલ ૪, ઉદ્વર્તન માટે સુગંધી ચૂર્ણ ૫, સ્નાન માટે આઠ ઘડા પાણી ૬, શરીરે ઓઢવાનું એક રેશમી વસ્ત્ર તથા બે સુતરાઉ વસ્ત્ર ૭, કેસર, ચંદન, કસ્તુરી વિગેરે સુગંધી પદાર્થનું વિલેપન ૮, પુષ્પમાં કમળનું પુષ્પ અને માલતીની માળા ૯, આભરણમાં ચિત્ર વિનાના બે કુંડલ અને એક નામાંકિત મુદ્રિકા ૧૦, ધૂપમાં અગર અને તુરૂષ્કનો ધૂપ ૧૧, પેયામાં મગ અને ચોખાની પેયા ૧૨, ભક્ષ્યમાં ખાંડ પાયેલા ઘેબર ૧૩, ઓદનમાં કમોદના ચોખા ૧૪, કઠોળમાં મગ, અડદ અને ચણાની દાળ, ઘૃતમાં શરદઋતુમાં થયેલું ગાયનું ઘી ૧૬, શાકમાં રાયડોડી, આમળા અને અગથીયો (અથવા ચંચુ, મંડુકિકા અને સોવસ્તિ) ૧૭, ફળમાં પલ્લંક અને બીલી વિગેરેનાં મધુર ફળ ૧૮, જમણમાં વડા અને પૂરણ ૧૯, પાણીમાં આકાશથી પડેલુ જળ ૨૦, તાંબુલમાં જાયફળ, કંકોલ, કપૂર, એલચી અને લવિંગ - એ પાંચ સુગંધીવાળું નાગરવેલી પાન ૨૧ - આ એકવીશ જાતના અભિગ્રહો આનંદાદિક દશે શ્રાવકોના જાણવા. ભોગોપભોગ વ્રતમાં ઉપર કહેલી વસ્તુઓજ માત્ર વાપરવી; બીજી સર્વ વસ્તુનો ત્યાગ કર્યો હતો એમ સમજવું. (૧૮૭-૧૮૮)

## (૧૨૪) પહેલા આણંદ અને આઠમા મહાશતકને થયેલ અવધિજ્ઞાનનું પ્રમાણ

**उड्ढं सोहम्मसुरे, लोलुय नरए अहे य उत्तरे हिमवं ।**
**पंचसयं तिदिसाए, ओही आणंदसयगस्स ॥ १८९ ॥**

**અર્થ :** ઉંચે સુધર્મા દેવલોક સુધી, નીચે લોલુક નામના નરકના પાથડા સુધી, ઉત્તર દિશામાં હિમવંત પર્વત સુધી તથા બાકીની ત્રણ દિશા એટલે પૂર્વ, દક્ષિણ અને પશ્ચિમ દિશાએ પાંચસો પાંચસો યોજન સુધી (લવણ સમુદ્રમાં) દેખી શકે એવું આનંદ તથા મહાશતકને અવધિજ્ઞાન થયું હતું. (૧૮૯)

## (૧૨૫) શ્રાવકની અગ્યાર પ્રતિમા

**दंसण१ वय२ सामाइय३,**
**पोसह४ पडिमा५ य बंभ६ सच्चित्ते७ ।**
**आरंभ८ पेस९ उद्दिठ्ठ-वज्जण१० समणभूए११ अ ॥ १९० ॥**

**અર્થ** : દર્શન પ્રતિમા ૧, વ્રત ૨, સામાયિક ૩, પૌષધ ૪, કાયોત્સર્ગ પ્રતિમા ૫, બ્રહ્મચર્ય ૬, સચિત્ત ત્યાગ ૭, આરંભ ત્યાગ ૮, પ્રેષ્ય ત્યાગ ૯, ઉદ્દિષ્ટ ત્યાગ ૧૦ અને શ્રમણભૂત ૧૧ - આ અગ્યાર પ્રતિમા શ્રાવકને વહન કરવાની હોય છે.

વિવરણ : એક માસ સુધી સમકિતમાં અતિચાર રહિતપણે વર્તતાં ત્રિકાળ જિનપૂજા કરવી એ પહેલી **દર્શન પ્રતિમા** ૧, પહેલી પ્રતિમાની ક્રિયા સહિત બે માસ સુધી અતિચાર રહિત શુદ્ધ પાંચ અણુવ્રતો પાળવા એ બીજી **વ્રતપ્રતિમા** ૨, પહેલી બન્ને પ્રતિમાની ક્રિયા સહિત ત્રણ માસ સુધી સાંજ સવાર બે વાર શુદ્ધ સામાયિક કરે તે ત્રીજી **સામાયિક પ્રતિમા** ૩, પૂર્વની ક્રિયા સહિત ચાર માસ સુધી ચાર અથવા છ પર્વ તિથિએ (અષ્ટમી, ચતુર્દશી, પૂર્ણિમા ને અમાવાસ્યાએ - જો બે અષ્ટમીએ ને બે ચતુર્દશીએ કરે તો છ તિથિએ પોસહ થાય.) ચારે પ્રકારનો સર્વથી પૌષધ આઠ પહોરનો ગ્રહણ કરે તે ચોથી **પૌષધ પ્રતિમા** ૪, પૂર્વ ક્રિયાસહિત પાંચ માસ સુધી શુદ્ધ ચિત્તવાળો, સ્નાન રહિત, પ્રાસુક ભોજન કરનાર, દિવસે સર્વથા બ્રહ્મચર્ય પાળનાર અને રાત્રિએ પોતાની જ સ્ત્રીમાં પણ પરિમાણ કરનાર શ્રાવક ચાર અથવા છ પર્વ તિથિએ પૌષધ ગ્રહણ કરી આખી રાત્રિ પ્રતિમાપણે એટલે કાયોત્સર્ગે રહે તે પાંચમી **પ્રતિમા પ્રતિમા** અથવા **કાયોત્સર્ગ પ્રતિમા** ૫, પૂર્વની સર્વ ક્રિયા સહિત છ માસ સુધી સર્વથા બ્રહ્મચર્ય પાળે તે છઠ્ઠી **બ્રહ્મચર્ય પ્રતિમા** ૬, પૂર્વની ક્રિયા સહિત સાત માસ સુધી સર્વ સચિત્તનો ત્યાગ કરે તે સાતમી **સચિત્ત ત્યાગ પ્રતિમા** ૭, પૂર્વોક્ત ક્રિયા સહિત આઠ માસ સુધી પોતે આરંભ સમારંભ ન કરે તે આઠમી **આરંભત્યાગ પ્રતિમા** ૮, પૂર્વોક્ત ક્રિયા સહિત નવ માસ સુધી બીજા પાસે પણ આરંભ ન કરાવે તે નવમી **પ્રેષ્યત્યાગ પ્રતિમા**

૯, પૂર્વોક્ત ક્રિયા સહિત દશ માસ સુધી પોતાને ઉદ્દેશીને કરેલા આહારનો ત્યાગ કરે, મસ્તકે શિખા રાખે અથવા મુંડન કરાવે, ધનનો પણ ત્યાગ કરે તે દશમી **ઉદ્દિષ્ટત્યાગ પ્રતિમા** ૧૦ તથા અગ્યાર માસ સુધી મસ્તકે લોચન કરે અથવા મુંડન કરાવે, રજોહરણ ધારણ કરે, પરિગ્રહમાં આહાર માટે પાત્રાં જ રાખે અને "પ્રતિમાને વહન કરનારા મને (શ્રાવકને) ભિક્ષા આપો." એમ કહી પોતાની જાતિમાં ભિક્ષા લેવા વિચરે, તે અગ્યારમી શ્રમણભૂત પ્રતિમા કહેવાય છે ૧૧. (૧૯૦) (આ અગ્યારે પ્રતિમામાં અતિચાર લગાડાતા નથી અને કોઈ પ્રકારના આગાર પણ હોતા નથી.)

## (૧૨૬) આનંદાદિ શ્રાવકોનું પ્રતિમાવહન તથા પરલોકગમન

**इक्कारस पडिमाओ, वीसं परियाओ अणसणं मासे ।**
**सोहम्मे चउ पलिया, विदेहे सिज्झइस्संति ॥ १९१ ॥**

**અર્થ :** ઉપર કહેલી અગ્યારે પ્રતિમાઓ આનંદાદિક દશે શ્રાવકોએ વહન કરી હતી, સર્વેએ વીશ વર્ષ દેશવિરતિ પાળી હતી, સર્વેએ છેવટે એક માસનું અનશન કર્યું હતું અને સર્વે સૌધર્મ દેવલોકમાં ચાર પલ્યો-પમના આયુષ્યવાળા દેવપણે ઉત્પન્ન થયા છે, ત્યાંથી ચ્યવી સર્વે મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યપણે ઉત્પન્ન થઈ સિદ્ધિપદને પામશે. (૧૯૧)

## (૧૨૭) આનંદાદિક શ્રાવકો પહેલા દેવલોકમાં કયા કયા વિમાનમાં ઉપજ્યા છે ?

**अरुणे १ अरुणाभे २ खलु,**
**अरुणप्पह ३ अरुणकंत ४ सिद्धे ५ य ।**
**अरुणज्झय ६ रूयए ७,**
**सयमवडंसे( वडिंसए )८ एगथे९ कीले१० ॥ १९२ ॥**

**અર્થ :** અરૂણ વિમાન ૧, અરૂણાભ વિમાન ૨, અરૂણપ્રભ વિમાન

૩, અરૂણકાંત વિમાન ૪, અરૂણસિદ્ધ વિમાન ૫, અરૂણધ્વજ વિમાન ૬, અરૂણનિધિ વિમાન ૭, અરૂણાવતંસક વિમાન ૮, અથેર વિમાન ૯ અને કીલ વિમાન ૧૦ - આ દશે વિમાનમાં અનુક્રમે આનંદાદિક દશે શ્રાવકો ઉત્પન્ન થયા છે. (૧૯૨) (આ નામોમાં ૯મું, ૧૦મું નામ ગાથામાં અશુદ્ધ લાગે છે તે બંને વર્ધમાન-દેશનામાં અરૂણપ્રભ છે. બીજા નામોમાં પણ કેટલાક નામો તેની સાથે મળતા આવતા નથી.)

## (૧૨૮) સામાયિકમાં વર્જવાના બત્રીશ દોષો પૈકી પ્રથમ કાયાને લગતા ૧૨ દોષ

**पल्हत्थी१ अथिरासण२, दिसिपरिवत्तिय३ कज्ज४ वट्ठंभे५**
**अइअंगवग्गणागण६ आलस७ करकड८ मले९ कंडु१० ॥१९३॥**

**विस्सामण११ तह उंघण१२, इय बारस दोसवज्जियं जस्स ।**
**कायसामाइय सुद्धं, एगविहं तस्स सामइयं ॥ १९४ ॥**

અર્થ : પલાંઠી વાળવી (પગ પર પગ ચડાવવા અથવા પગ બાંધીને બેસવું તે) ૧, આસનની અસ્થિરતા ૨, બેઠકની દિશા ફેરવવી ૩, આરંભનું કાર્ય કરવું ૪, ભીંત આદિને ટેકો (ઓઠીંગણ) દેવો ૫, શરીરને અત્યંત મરડવું ૬, આળસ ખાવું ૭, કરકડા મોળવા ૮, શરીરનો મેલ ઉતારવો ૯, શરીરને ખંજવાળવું ૧૦, શરીરને ચાંપવું-ચંપાવવું ૧૧ તથા સુવું કે ઉંઘવું ૧૨ - આ બાર દોષ રહિત જેનું શુદ્ધ સામાયિક હોય તેને એક પ્રકારનું (કાયાએ કરીને) શુદ્ધ સામાયિક છે એમ જાણવું. (૧૯૩-૧૯૪)

## (૧૨૯) વચન સંબંધી ૧૦ દોષ

**कुव्वयण१ सहरसकारो२,**
**लोडण३ अहछंदवयण४ संखेवो५ ।**
**कलहो६ विग्गह७ हासो८,**
**तुरियं च गमणागमणाइ ९-१० ॥ १९५ ॥**

**वज्जियं दोसदसयं, वयणभवं जो नरो समिईओ ।**
**तं ताण वयणसुद्धं, दुविहं सामाइयं नेयं ॥ १९६ ॥**

**અર્થ :** કુત્સિત-અસત્ય વચન બોલવું ૧, સહસાત્કારે-વિના વિચારે બોલવું ૨, ફરતું ફરતું બોલવું ૩, સ્વચ્છંદપણે બોલવું ૪, કોઇ ન સમજે તેવું સંક્ષેપથી બોલવું ૫, કલહ થાય તેવું બોલવું ૬, વિગ્રહ (યુદ્ધ) થાય તેવું બોલવું ૭, હાંસી મશ્કરીનું વચન બોલવું અથવા પોતે હસવું ૮, જલદી જવાનું કહેવું ૯ તથા જલદી આવવાનું કહેવું ૧૦ - વચનથી ઉત્પન્ન થતા આ દશ દોષોને વર્જીને જે પુરૂષ સામાયિક કરે છે, તેને વચનની શુદ્ધિ હોવાથી તેનું દ્વિવિધ-કાયા અને વચન એ બે પ્રકારે શુદ્ધ સામાયિક જાણવું. (૧૯૫-૧૯૬)

## (૧૩૦) મન સંબંધી ૧૦ દોષ

**अविवेओ १ जसकित्ती २,**
**लाभत्थी ३ गव्व ४ भय ५ नियाणत्थी ६ ।**
**संसय ७ रोस ८ अविणीओ ९,**
**भत्तिचुओ १० दस य माणसिया ॥ १९७ ॥**

**અર્થ :** વિવેક રહિતપણે કરે ૧, યશકીર્ત્તિને માટે કરે ૨, સાંસારિક લાભને માટે કરે ૩, ગર્વથી કરે ૪, ભયથી કરે ૫, નિયાણાને અર્થે કરે ૬, ફળના સંશયયુક્ત કરે ૭, ક્રોધથી કરે ૮, અવિનયથી કરે ૯ તથા ભક્તિ રહિતપણે કરે ૧૦ - આ મન સંબંધી સામાયિકના દશ દોષ છે. (૧૯૭)

**बत्तीसदोसरहियं, तणुवयमणसुद्धिसंभवं तिविहं ।**
**जस्स हवइ सामाइयं, तस्स भवे सिवसुहा लच्छी ॥ १९८ ॥**

**અર્થ :** ઉપર કહેલા કુલ બત્રીશ દોષ રહિત શરીર, વચન અને મનની શુદ્ધિથી ઉત્પન્ન થયેલું ત્રિવિધ શુદ્ધ સામાયિક જેનું હોય,તેને મોક્ષસુખની લક્ષ્મી પ્રાપ્ત થાય છે. (૧૯૮)

સો વર્ષના ચારિત્ર પર્યાયનું દશ ક્રોડાક્રોડ પલ્યોપમ એટલે એક સાગરોપમનું ફળ કલ્પીને તે અનુસારે ૧ વર્ષ, ૧ માસ ને ૧ દિવસનો વિભાગ પાડતાં આઠ પહોરના પૌષધનું ફળ આ પ્રમાણે -

## (૧૩૧) એક પોસહનું ફળ

**सगवीस य कोडिसया, सत्तहुत्तरि कोडि लक्ख सहसा य ।**
**सत्तसया सत्तहुत्तरी, नव भागा सत्त पलियस्स ॥ १९९ ॥**

**અર્થ :** સતાવીશ અબજ, સીતોતેર કરોડ, સીતોતેર લાખ, સીતોતેર હજાર, સાત સો સીતોતેર પલ્યોપમ અને એક પલ્યોપમના નવીયા સાત ભાગ એટલે કે ૨૭૭૭ ૭૭ ૭૭ ૭૭૭ ૭/૯ પલ્યોપમ, એટલું દેવનું આયુષ્ય એક વખત આઠ પહોરનો પૌષધ કરનાર બાંધે છે. (૧૯૯)

આ ફળ સામાયિકના ફળ કરતાં ૩૦ ગણું છે અને એક માસના ચારિત્રના ફળ કરતાં ત્રીશમે ભાગે છે. બાર માસના ચારિત્રનું મધ્યમ ફળ દશ લાખ ક્રોડ પલ્યોપમનું ધારીને તેના બારમા ભાગે, માસિક ફળ ને તેને ત્રીશમે ભાગે આઠ પહોરના પોસહનું ફળ, તેને ત્રીશમે ભાગે સામાયિકનું ફળ તે આ પ્રમાણે -

## (૧૩૨) એક સામાયિકનું ફળ

**बाणवई कोडीओ, लक्खा गुणसट्ठि सहस पणवीसा ।**
**नव सय पणवीसाइं, सतिहा अड भाग पलियस्स ॥ २०० ॥**

**અર્થ :** એક સામાયિક કરનાર બાણું કરોડ, ઓગણસાઠ લાખ, પચીશ હજાર, નવસો ને પચીશ પલ્યોપમ તથા એક પલ્યોપમના એક તૃતિયાંશે અધિક આઠ ભાગ એટલે ૯૨૫૯૨૫૯૨૫ ૮/૯ ૧/૩ પલ્યોપમનું દેવાયુ બાંધે છે. (૨૦૦) (એક પલ્યોપમના નવ ભાગ કરીએ એવા આઠ ભાગ ને એક તૃતિયાંશ એટલું વધારે સમજવું.)

## (૧૩૩) સામાયિકનું માહાત્મ્ય

**दिवसे दिवसे लक्खं, देइ सुवण्णस्स खंडियं एगो ।**
**इयरो पुण सामाइयं, करेइ न पुहप्पए तस्स ॥ २०१ ॥**

**અર્થ :** કોઇ એક પુરૂષ હમેશાં લાખ ખાંડી[1] સુવર્ણનું દાન કરે અને બીજો કોઇ પુરૂષ એક સામાયિક કરે, તો તે સુવર્ણદાન કરનાર આ સામાયિક કરનારના ફળને પામતો નથી. (૨૦૧) આ સામાયિક પૂર્વે કહેલા બત્રીશ દોષ વિનાનું ત્રિકરણ શુદ્ધિવાળું સમજવું.

**सामाइयम्मि उ कए, समणो इव सावओ हवइ जम्हा ।**
**एएण कारणेणं, बहुसो सामाइयं कुज्जा ॥ २०२ ॥**

**અર્થ :** શ્રાવક સામાયિક કરે ત્યારે સાધુ જેવો થાય છે, તે કારણે ઘણીવાર સામાયિક કરવું. (૨૦૨) જ્યારે જ્યારે અવસર મળે ત્યારે ત્યારે સામાયિકમાં સ્થિર થઇ જવું એ આ ઉપદેશનો સાર છે.

## (૧૩૪) અરિહંત શબ્દનો અર્થ

**इंदियविसयकसाया, परीसहो वेयणीय उवसग्गे ।**
**एए अरिणो हंता, अरिहंता तेण वुच्चंति ॥ २०३ ॥**

**અર્થ :** પાંચ ઇંદ્રિયોના ત્રેવીશ વિષયો, ચાર કષાય, બાવીશ પરીષહો, (અસાતા) વેદનીય અને દેવ (મનુષ્ય ને તિર્યંચના કરેલા) ઉપસર્ગો - આ સર્વ શત્રુઓને હણે છે તેથી અરિહંત કહેવાય છે. (૨૦૩)

ઇંદ્રિયોના વિષયો, કષાય પરિસહાદિ જાણીતા હોવાથી વિગતથી બતાવ્યા નથી.

## (૧૩૫) અર્હત્ શબ્દનો અર્થ

**अरहंत (ति) वंदणनमं-सणाइ अरहंति पूअसक्कारं ।**
**सिद्धिगमणं च अरहा, अरहंता तेण वुच्चंति ॥ २०४ ॥**

---

૧ વીશ મણની એક ખાંડી.

**અર્થ :** સુર, અસુર અને નરેંદ્રાદિકના વંદન તથા નમસ્કારને લાયક છે, તેમની પૂજા સત્કારને લાયક છે, તથા સિદ્ધિમાં જવાને લાયક છે, તેથી અર્હત્ કહેવાય છે. (૨૦૪) આ ગાથામાં બતાવેલી યોગ્યતાઓ સિદ્ધ થયેલી છે.

## (૧૩૬) અરૂહંત શબ્દનો અર્થ

**अच्चंतं दड्ढम्मि य, बीयम्मि अंकुरो जहा न रुहइ ।**
**दड्ढम्मि कम्मबीए, न रुहइ भवंकुरो य तहा ॥ २०५ ॥**

**અર્થ :** જેમ ધાન્યાદિકનું બીજ અત્યંત બળી જવાથી તેમાંથી અંકુરા ઉગતા નથી, તેમ કર્મરૂપી બીજ અત્યંત બળી જવાથી ભવરૂપી અકુંરા ઉગતા નથી, તેથી અરૂહંત પણ કહેવાય છે. (આ રીતે અરિહંત, અર્હત્ ને અરૂહંત શબ્દના અર્થ જાણવા.) (૨૦૫)

## (૧૩૭) અઢાર દોષરહિત અરિહંતને નમસ્કાર

(અઢાર દોષના નામ સાથે)

**अन्नाण १ कोह २ मय ३ माण ४,**
**लोह ५ माया ६ रइ य ७ अरइ ८ य ।**
**निद्दा ९ सोय १० अलियं ११,**
**चोरिया १२ मच्छर १३ भयाइं १४ ॥ २०६ ॥**

**पाणीवह १५ पेमकीला १६,**
**पसंग १७ हासाइ १८ जस्स ए दोसा ।**
**अट्ठारस्स वि नट्ठा, नमामि देवाहिदेवं तं ॥ २०७ ॥**

**અર્થ :** અજ્ઞાન ૧, ક્રોધ ૨, મદ ૩, માન ૪, લોભ ૫, માયા ૬, રતિ ૭, અરતિ ૮, નિદ્રા ૯, શોક ૧૦, અલીક (મૃષા) ૧૧, ચોરી ૧૨, મત્સર ૧૩, ભય ૧૪, પ્રાણીવધ ૧૫, પ્રેમક્રીડા ૧૬, દ્રવ્યાદિકનો પ્રસંગ ૧૭ અને હાસ્યાદિક ૧૮ - આ અઢારે દોષ જેના નાશ પામ્યા

છે તે દેવાધિદેવને હું નમસ્કાર કરું છું. (૨૦૬-૨૦૭) (આમાં ૧ અજ્ઞાન, ૪ કષાય, ૨ મદ ને મત્સર, ૫ પ્રાણીવધાદિ, ૫ હાસ્યાદિ ને ૧ નિદ્રા મળી ૧૮ કહ્યા છે.)

## (૧૩૮) અરિહંતના આઠ પ્રાતિહાર્ય

**कंकेल्ली१ कुसुमवुट्ठी२, दिव्वज्झुणि३ चामरासणाइं४-५ च ।**
**भामंडल६ भेरि७ छत्तं८, जयंति जिणपाडिहेराइं ॥ २०८ ॥**

**અર્થ :** કંકેલ્લી (અશોક વૃક્ષ) ૧, પુષ્પવૃષ્ટિ ૨, દિવ્યધ્વનિ ૩, ચામર ૪, સિંહાસન ૫, ભામંડલ ૬, ભેરી (દેવદુંદુભિ) ૭ તથા છત્રત્રય ૮ - એ આઠ જિનેશ્વરનાં પ્રાતિહાર્ય જયવંતા વર્તે છે. (૨૦૮) (સમવસરણમાં તો આ ૮ હોય છે, પણ સમવસરણ ન થાય ત્યાં પણ આ આઠ પ્રાતિહાર્ય તો કાયમ હોય છે.)

## (૧૩૯) દેવ પરની શ્રદ્ધાની શ્રેષ્ઠતા

**जइ न कुणसि तवचरणं,**
**न पढसि न गुणसि न देसि तो दाणं ।**
**ता इत्तियं न सक्कसि, जं देवो इक्क अरिहंतो ॥ २०९ ॥**

**અર્થ :** જો કદાચ તું તપનું આચરણ (ચારિત્ર) ન કરી શકે, શાસ્ત્રાભ્યાસ ન કરી શકે, ભણેલું ગણી ન શકે (સંભારી ન શકે), દાન દઈ ન શકે, તો પણ હે જીવ ! શું તારી આટલી પણ શક્તિ નથી કે - 'એક અરિહંત દેવ જ સત્ય છે' આટલી દેવ પરની દઢ શ્રદ્ધા રાખી શકે ? જો આટલી શ્રદ્ધા હોય તો પણ તે આત્માને હિતકારક છે. (તારનાર થાય છે.) (૨૦૯)

## (૧૪૦) જિનેશ્વરની આજ્ઞા ન પાળવાથી થતું ફળ

**जह नरवईण आणं, अइक्कमंता पमायदोसेणं ।**
**पावंति बंध वह रोह-छिज्ज मरणावसाणाइं[1] ॥ २१० ॥**

---

१ मरणाइ वसणाइं - इतिपाठांतरं युज्यते ।

तह जिणवराण आणं, अइक्कमंता पमायदोसेणं ।
पावंति दुग्गइपहे, विणिवाय सहस्सकोडीओ ॥ २११ ॥

**અર્થ :** જેમ કોઈ મનુષ્ય પ્રમાદના દોષથી રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરે તો તે બંધ, પ્રહારાદિવડે વધ, નિરોધ, છેદ અને મરણ પર્યંતના દુઃખને પામે છે; તેમ જે કોઈ પ્રાણી પ્રમાદના દોષથી જિનેશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે તે દુર્ગતિના માર્ગમાં હજારો કરોડો દુઃખોને પામે છે. (દુર્ગતિમાં જઈને પારાવાર દુઃખો સહન કરે છે.) (૨૧૦-૨૧૧)

जिणाणाए कुणंताणं, नूणं निव्वाणकारणं ।
सुंदरं पि सु ( स ) बुद्धीणं ( ए ), सव्वं भवनिबंधणं ॥ २१२ ॥

**અર્થ :** જિનેશ્વરની આજ્ઞાએ-આજ્ઞા પ્રમાણે કરનારનું સર્વ અનુષ્ઠાન મોક્ષનું કારણ થાય છે અને જિનેશ્વરની આજ્ઞા વિના પોતાની બુદ્ધિથી તપસ્યાદિક સુંદર અનુષ્ઠાન કરે તો પણ તે સર્વ સંસારનુ કારણ થાય છે. (૨૧૨)

आणाखंडणकारी, जइवि तिकालं महाविभूईसु ( ए ) ।
पूइए ( एई ) वीयरायं, सव्वं पि निरत्थयं तस्स ॥ २१३ ॥

**અર્થ :** જિનેશ્વરની આજ્ઞાનું ખંડન કરનાર મનુષ્ય જો કદાચ મોટા વૈભવ વડે જિનેશ્વરની ત્રિકાળ પૂજા કરે, તો પણ તેનું તે સર્વ ધર્મકાર્ય નિરર્થક છે. (૨૧૩)

## (૧૪૧) સંઘનું લક્ષણ

इक्को साहू इक्का, साहुणी सावओ व सड्ढी वा ।
आणाजुत्तो संघो, सेसो पुण अट्ठिसंघाओ ॥ २१४ ॥

**અર્થ :** એક જ સાધુ, એક જ સાધ્વી, એક જ શ્રાવક અને એક જ શ્રાવિકા - જો કદાચ જિનેશ્વરની આજ્ઞાયુક્ત હોય તો તે જ સંઘ છે, તે સિવાય બીજા ઘણા હોય તો પણ તે હાડકાંનો સંઘ - સમૂહ છે. તેને આજ્ઞારહિતને સંઘ કહી શકાતો નથી. (૨૧૪)

## (૧૪૨) ઇરિયાવહીના મિથ્યાદુષ્કૃતના ભાંગા

अभिहयाइहिं गुणिया, पण सहस्स छ सय तीसा य ।
ते रागदोसदुगुणा, इक्कारस सहस्स दोसट्ठा ॥ २१५ ॥

मणवयणकायगुणिया, तित्तीस सहस्स सत्तसय असीया ।
कारणकरणाणुमइ, लक्ख सहस्स तिसय चाला ॥ २१६ ॥

कालत्तएण गुणिया, तिलक्ख चउसहस्स वीसअहिया य ।
अरिहंतसिद्धसाहु-देवगुरुअप्पसक्खीहिं ॥ २१७ ॥

अट्ठारस लक्खाइं, चउवीस सहस्स एक सय वीसा ।
इरियामिच्छादुक्कड-प्पमाणसेयं सुए भणियं ॥ २१८ ॥

**અર્થ :** જીવવિચાર પ્રકરણ વિગેરેમાં જીવના ૫૬૩ ભેદ કહેલા છે,[1] તેને અભિહયા, વત્તિયા વિગેરે દશ પદ વડે ગુણીએ કેમ કે એ દશ પ્રકાર વિરાધનાના છે ત્યારે પાંચ હજાર છસો ને ત્રીશ ૫૬૩૦ ભેદ થાય છે. તેને રાગ અને દ્વેષ એ બેવડે ગુણતાં અગ્યાર હજાર બસો ને સાઠ ૧૧૨૬૦ ભાંગા થાય છે. તેને મન, વચન અને કાયા એ ત્રણ યોગે ગુણતાં તેત્રીશ હજાર સાતસો ને એંશી ૩૩૭૮૦ ભંગ થાય છે. તેને કરવું કરાવવું અને અનુમોદવું એ ત્રણ કરણ વડે ગુણતાં એક લાખ એક હજાર ત્રણસો ને ચાલીશ ૧૦૧૩૪૦ ભંગ થાય છે. તેને ભૂત, વર્તમાન અને ભવિષ્ય એ ત્રણ કાળે ગુણતાં ત્રણ લાખ ચાર હજાર અને વીશ ૩૦૪૦૨૦ ભંગ થાય છે. તેને અરિહંત, સિદ્ધ, સાધુ, દેવ, ગુરૂ અને આત્માની સાક્ષીરૂપ છએ ગુણવાથી અઢાર લાખ ચોવીશ હજાર એકસો ને વીશ ૧૮૨૪૧૨૦ ભંગ થાય છે. આ પ્રમાણે ઇરિયાવહીનું મિચ્છામિ દુક્કડં (મિથ્યાદુષ્કૃત)ના ભંગનું પ્રમાણ શ્રુતમાં કહ્યું છે. (૨૧૫-૨૧૬-૨૧૭-૨૧૮)

---

૧ (મનુષ્યના ૩૦૩, દેવતાના ૧૯૮, નારકીના ૧૪ ને તિર્યંચના ૪૮ મળી ૫૬૩ થાય છે.)

## (૧૪૩) કાયોત્સર્ગના ઓગણીશ દોષ

घोडग १ लया २ य खंभे ३,
कुड्डे माले ४ य सवरि ५ वहु ६ नियले ७ ।
लंबुत्तर ८ थण ९ उद्धी १०,
संजइ ११ खलिण १२ वायस १३ कविट्ठे १४ ॥ २१९ ॥
सीसे कंपिय१५ मूइ१६, अंगुलिभमुहाइ१७ वारुणी१८ पेहा१९ ।
नाभिकरयलकुप्पर, ऊसारिय पारियंमि थुई ॥ २२० ॥

અર્થ : ઘોડાની જેમ પગ ઊંચો નીચો કરે તે ઘોટક દોષ ૧, લતાની જેમ કંપે તે લતા દોષ ૨, થાંભલાને ટેકો દે તે સ્તંભ દોષ ૩, ભીંત કે માળને ટેકો દે તે કુડ્ય દોષ ૪, ભીલડીની જેમ ગુહ્યસ્થાન આગળ હાથ રાખે તે શબરી દોષ ૫, વહુની જેમ મુખ પર ઓઢે તે વધૂ દોષ ૬, બેડી પહેરેલાની જેમ બન્ને પ ભેળા રાખે તે નિગડ દોષ ૭, ઉત્તરિય વસ્ત્ર લાંબુ રાખે તે લંબોત્તર દોષ ૮, છાતીને ઢાંકે તે સ્તન દોષ ૯, ગાડાની ઉધની જેમ પગ લાંબા રાખે તે ઉદ્ધી દોષ ૧૦, સાધ્વીની જેમ હૃદયાદિક ઢાંકે તે સંયતી દોષ ૧૧, દિગંબરની જેમ ઉંચા હાથ રાખે તે ખલિન દોષ ૧૨, કાગડાની જેમ દૃષ્ટિ ફેરવ્યા કરે તે વાયસ દોષ ૧૩, કોઠની જેમ વસ્ત્રને સંકોચીને રાખે તે કપિત્થ દોષ ૧૪, ભૂત વળગ્યાની જેમ મસ્તક ધુણાવ્યા કરે તે શિરકંપિત દોષ ૧૫, મુંગાની જેમ ઉં ઉં કરે તે મૂક દોષ ૧૬, હાથની આંગળીએ ગણતરી કરે તે અંગુલિભ્રમિત દોષ ૧૭, મદિરા પીનારની જેમ બડબડે તે વારૂણી દોષ ૧૮ તથા તરસ્યા વાનરની જેમ હોઠ હલાવે તે પ્રેક્ષા દોષ ૧૯ - આ ઓગણીશ દોષ રહિત કાઉસગ્ગ કરી, પારીને બે હાથ જોડી નાભિ પર બન્ને કોણી રાખી થોઈ (સ્તુતિ) કહેવી. (૨૧૯-૨૨૦)

## (૧૪૪) ગુરૂવંદનામાં લાગતા બત્રીશ દોષ

अणाढियं१ च थद्धं२ च, पविद्धं३ परिपिंडियं४ ।
टोलगं५ अंकुसं६ चेव, तहा कच्छभरिंगियं७ ॥ २२१ ॥

मच्छुव्वतं च८ मणसा, पुट्ठं९ तह वेइयाबंधं१० ।
भयसा११ चेव भयंति१२, मित्त१३ गारव१४ कारणा१५ ॥२२२॥
तेणियं१६ पडिणीयं१७ च, रुट्ठ१८ तज्जिय१९ मेवयं ।
सढं२० च हीलियं२१ चेव, तहा विपलिउंर२ चिय ॥ २२३ ॥
दिट्ठादिट्ठं२३ च तहा, सिंगं२४ च कर२५ मोयणं२६ ।
अलिद्धमणालिद्धं२७, ऊणं२८ उत्तरचूलियं२९ ॥ २२४ ॥
मूयं३० च ढड्डरं३१ चेव, चुडलीयं३२ च पच्छिमं ।
बत्तीसदोसपरिसुद्धं, किइकम्मं पउंजई ॥ २२५ ॥

**અર્થ :** અનાદરથી વાંદે ૧, સ્તબ્ધપણે વાંદે ૨, ઉતાવળથી વાંદે ૩, વાંદણાના સ્પષ્ટ અક્ષર ન બોલે ૪, તીડની જેમ કુદી કુદીને વાંદે ૫, અંકુશની જેમ ઓઘો રાખીને વાંદે ૬, કાચબાની જેમ વાંદે ૭, મત્સ્યની જેમ એકને વાંદી શીઘ્ર બીજાને વાંદે ૮, મનમાં ગુરુની હીનતા ચિંતવતો વાંદે ૯, ઢીંચણ ઉપર હાથ રાખીને વાંદે ૧૦, ભયથી વાંદે ૧૧, મને ભજશે એમ ધારી વાંદે ૧૨, ગુરુને મિત્ર ધારી વાંદે ૧૩, પોતાના ગૌરવની ઇચ્છાથી વાંદે ૧૪, (માત્ર ગુરુબુદ્ધિથી નહીં પણ) ભણવા આદિને કારણે વાંદે ૧૫, ચોરની જેમ છાનો છાનો વાંદે ૧૬, પ્રત્યનીક (શત્રુ) ધારીને વાંદે ૧૭, ક્રોધથી વાંદે ૧૮, તર્જના કરતો વાંદે ૧૯, શઠતાએ કરીને વાંદે ૨૦, હીલના કરતો વાંદે ૨૧, અર્ધ વાંદી વચ્ચે વિકથા કરે ૨૨, અંધારે દીઠા ન દીઠા વાંદે ૨૩, સિંગની જેમ એક તરફ વાંદે (મસ્તકની એક બાજુ હાથ લગાડે) ૨૪, કર (વેઠ) જાણીને વાંદે ૨૫, વાંદ્યા વિના છૂટાશે નહીં એમ ધારીને વાંદે ૨૬, ઓઘા ઉપર અને મસ્તકે હાથ લાગે નહીં - એવી રીતે વાંદે ૨૭, ઓછા અક્ષર બોલીને વાંદે ૨૮, ઉત્તરચૂલિકા કરતો - વધારે બોલતો વાંદે ૨૯, મુંગો મુંગો વાંદે ૩૦, અતિ મોટા શબ્દે વાંદે ૩૧ તથા અયોગ્ય રીતે વાંદે ૩૨ - એ છેલ્લો દોષ છે. આ બત્રીશ દોષનો ત્યાગ કરી શુદ્ધપણે કૃતિકર્મ (વાંદવાની ક્રિયા) કરવી જોઈએ. (૨૨૧-૨૨૫) (આ દોષોમાં કેટલાક ખાસ દ્વાદશાવર્તવંદનને લગતા છે તે જુદા સમજી લેવા.)

## (૧૪૫) વાંદણાના પચીશ આવશ્યક

दोवणय अहाजायं, कीकम्मं तहय बारसावत्तं ।
चउ सिरि तिगुत्तं, दुप्पवेसं एगनिक्खमणं ॥ २२६ ॥

અર્થ : બે વાંદણામાં મળીને બે વાર નમવું ૨, યથાજાત એટલે માત્ર ચોળપટ્ટો ને રજોહરણ રાખીને વાંદવા ૩, બાર આવર્ત્ત જાળવવા (બરાબર કરવા) ૧૫, ગુરુના ચરણ પાસે ચાર વાર મસ્તક નમાવવું ૧૯, ત્રણ ગુપ્તિ જાળવવી ૨૨, બે વાર અવગ્રહમાં પ્રવેશ કરવો ૨૪ તથા એકવાર અવગ્રહમાંથી નીકળવું ૨૫ - આ પ્રમાણે બે વાંદણામાં મળીને (દ્વાદશાવર્તવંદનમાં) ૨૫ આવશ્યક જાળવવાના છે. (૨૬)

## (૧૪૬) ગુરુને શિષ્ય કે શ્રાવક દ્વાદશાવર્તવંદને વાંદે ત્યારે ગુરુએ કહેવાના છ વચન

छंदेण अणुजाणामि, तहत्ति तुब्भंपि वट्टए एवं ।
अहमवि खामेमि तुमं, वयणाइं वंदणारिहस्स ॥ २२७ ॥

અર્થ : 'ઇચ્છામિ' એવું શિષ્ય કે શ્રાવક કહે, ત્યાં ગુરુ 'છંદેણ' કહે, શિષ્ય 'અણુજાણહ' કહે ત્યારે ગુરુ 'અણુજાણામિ' કહે, શિષ્ય 'દિવસો વઇક્કંતો' કહે ત્યારે ગુરુ 'તહત્તિ' કહે, શિષ્ય 'જત્તા ભે' કહે ત્યારે ગુરુ 'તુબ્ભંપિ વટ્ટએ' કહે, શિષ્ય 'જવણિજ્જંચ ભે' કહે ત્યારે ગુરુ 'એવ' કહે, શિષ્ય 'ખામેમિ ખમાસમણો' કહે ત્યારે ગુરુ 'અહમવિ ખામેમિ તુમં' કહે - આ પ્રમાણે વંદનાને લાયક એવા ગુરુના (છ) પ્રતિવચન હોય છે. (૨૨૭) (છ બોલ શિષ્યના અને છ બોલ ગુરુના કુલ ૧૨ બોલનો અર્થ ગુરુવંદન ભાષ્યથી જાણવો.)

## (૧૪૭) ગુરુની તેત્રીશ આશાતના

૧-૧૦

पुरओपक्खासन्ने, गंताचिट्ठणनिसीअणायमणे ।

१२ १३ १४
आलोअण पडिसुणणे, पुव्वालवणे य आलोए ॥ २२८ ॥

१५ १६ १७ १८ १९
तह उवदंस निमंतण, खद्धायणे तहा य पडिसुणणे ।
२० २१ २२ २३ २४ २५
खद्धति अ तत्थगए, किं तुम तज्जाय नोसुमणे ॥ २२९ ॥

२६ २७ २८ २९
नो सरसि कहंछित्ता, परिसंभित्ता अणुट्ठियायकहे ।
३० ३१ ३२ ३३
संथारपायघट्टण, चिट्ठुच्चसमासणे यावि ॥ २३० ॥

**અર્થ :** ગુરુની આગળ, પડખે અને સમીપે ચાલે ૩, ઉભો રહે ૬, બેસે ૯, બહારથી આવી ગુરુની પહેલાં આચમન લે ૧૦, ગુરુની પહેલાં આલોવે ૧૧, રાત્રે ગુરુનું વચન સાંભળ્યા છતાં ન સાંભળ્યું કરે - જવાબ ન આપે ૧૨, ગુરુની પાસે આવેલ શ્રાવકોને પહેલાં પોતે બોલાવે ૧૩, ગોચરી પોતાની મેળે અથવા બીજા પાસે આલોવે ૧૪, ગુરુને આહાર દેખાડે નહીં અને બીજાને દેખાડે ૧૫, ગુરુની આજ્ઞા લીધા વિના અથવા નિમંત્રણ કર્યા વિના બીજાને નિમંત્રણ કરે ૧૬, ગુરુને પૂછ્યા વિના સ્નિગ્ધ પદાર્થ બીજાને આપે ૧૭, ગુરુને સારી વસ્તુ ન આપે-પોતે ખાય ૧૮, ગુરુનું વચન સાંભળે નહીં ૧૯, ગુરુને કર્કશ વચન કહે ૨૦, ગુરુ બોલાવે ત્યારે આસન પર બેઠો બેઠો જ - ત્યાં ગયા સિવાય જવાબ આપે ૨૧, ગુરુ બોલાવે ત્યારે 'શું છે ?' એમ તર્જના કરતો બોલે ૨૨, ગુરુને તું એવો શબ્દ કહે (ટુંકારો કરે) ૨૩, ગુરુનું વચન ઉથાપે (માને નહીં) ૨૪, ગુરુનું બહુમાન થતું દેખી સારા મનવાળો (રાજી) ન થાય ૨૫, ગુરુનું વચન અસત્ય કરવા માટે 'તમને સાંભરતું નથી, આ અર્થ આવો છે' એમ કહે ૨૬, ગુરુની કથાનો છેદ કરે (વ્યાખ્યાનમાં વચ્ચે પોતાનું ડહાપણ કરે) ૨૭, ગુરુની પર્ષદાનો ભેદ કરે ૨૮, ગુરુ

કહી રહ્યા પછી પોતે પાછો વિસ્તારથી કહે ૨૯, ગુરુના સંથારાને પગ વડે સંઘટ્ટ-સ્પર્શ કરે ૩૦, ગુરુના આસન પર બેસે ૩૧, ગુરુથી ઉંચે આસને બેસે ૩૨, ગુરુની સરખા આસને બેસે ૩૩ - આ પ્રમાણે ગુરુની તેત્રીશ આશાતના તજવા યોગ્ય છે. (૨૨૮-૨૨૯-૨૩૦)

## (૧૪૮) ગુરૂવંદનાનું ફળ

**तित्थयरत्तं सम्मत्तं, खाइयं सत्तमीय तइयाए ।**
**आऊ वंदणएणं, बद्धं च दसारसीहेणं ॥ २३१ ॥**

અર્થ : દશાર કુળમાં સિંહ સમાન એવા કૃષ્ણ વાસુદેવે ગુરૂવંદન કરવાથી તીર્થંકર નામકર્મ બાંધ્યું, ક્ષાયિક સમકિત ઉપાર્જન કર્યું અને સાતમી નરકે જવાનું હતું તેને બદલે ત્રીજી નરકનું આયુષ્ય બાંધ્યું. (૨૩૧) (અહીં આયુષ્ય બાંધ્યું ન સમજવું. ગતિમાં ભેદ કરી સાતમીની ત્રીજી કરી એમ સમજવું. કેમ કે આયુ બાંધ્યા પછી ફરતું નથી.)

**गुरुवंदणेण जीवो, तमंपडलं फडुइ नीयगुत्तं च ।**
**अप्पडिहयसोहग्गं, पावइ सिरिवासुदेवु व्व ॥ २३२ ॥**

અર્થ : ગુરુવંદન વડે જીવ શ્રી વાસુદેવની જેમ અજ્ઞાનરૂપી અંધ-કારના સમૂહનો નાશ કરે છે, નીચ ગોત્રનો નાશ કરે છે અને અપ્રતિહત સૌભાગ્ય પામે છે. (૨૩૨) (અહીં પણ વાસુદેવ તે કૃષ્ણ જ સમજવા.)

## (૧૪૯) પ્રત્યાખાનના આગારો

**दो चेव नमुक्कारि, आगारा छच्च हुंति पोरिसिए ।**
**पंचेव अब्भत्तट्ठे, एगासणंमि अट्ठेव ॥ २३३ ॥**

અર્થ : નવકારશીના પચ્ચખ્ખાણમાં બે જ આગાર, પોરસીના પચ્ચ-ખ્ખાણમાં છ આગાર, ઉપવાસના પચ્ચખ્ખાણમાં પાંચ અને એકાશનના પચ્ચખ્ખાણમાં આઠ આગાર કહેલા છે. (૨૩૩)

**सव्वागारे वुच्छं, आगार सत्त हुंति पुरिमड्ढे ।**
**छच्चेव य उदगम्मि, एगट्ठाणम्मि सत्तेव ॥ २३४ ॥**

**અર્થ :** સર્વ આગારોને કહું છું. પુરિમાર્ધમાં સાત આગાર, પાણીના છ આગાર અને એકલઠાણાના સાત આગાર કહ્યા છે. (૨૩૪)

**सोलस य काउस्सग्गे, छच्चेव य दंसणम्मि आगारा ।**
**एगो य चोलपट्टे-भिगइए हुंति चत्तारि ॥ २३५ ॥**

**અર્થ :** કાયોત્સર્ગના સોળ આગાર, સમકિતના છ આગાર, ચોલ-પટ્ટનો એક આગાર અને અભિગ્રહના ચાર આગાર કહેલા છે. (૨૩૫)

## (આગાર સંબંધી અન્યાચાર્યકૃત ગાથા)

**सोलसुस्सग्गे छ सम्मे, पुरिमड्ढस्स सगभिगइए पंच ।**
**परमट्ठे पंच अब्भत्तट्ठे, पण इअ आगारा चउचत्ता ॥ २३६ ॥**

**અર્થ :** કાયોત્સર્ગના સોળ આગાર, સમકિતના છ આગાર, પુરિ-મઢ્ઢના સાત આગાર, અભિગ્રહના પાંચ આગાર (ચોળપટ્ટનો એક અને અભિગ્રહના ચાર મળીને પાંચ) પરમ અર્થ - અંત સમયે અણસણ તેના પાંચ તથા ઉપવાસના પાંચ આગાર - આ સર્વ મળીને ચુમાળીશ આગાર કહેલા છે. (આ ગાથા અન્ય આચાર્યકૃત જણાય છે, આ વિષયની એમની કરેલી બીજી ગાથાઓ હોવી જોઈએ.) (૨૩૬)

## (૧૫૦) શ્રાવકની સવા વસો દયા

**थूला सुहुमा जीवा, संकप्पारंभओ भवे दुविहा ।**
**सावराहनिरवराहा, सावेक्खा चेव निरवेक्खा ॥ २३७ ॥**

**અર્થ :** સ્થૂલ (ત્રસ) અને સૂક્ષ્મ (સ્થાવર) એ બે પ્રકારના જીવો છે, તેને સર્વથા નહીં હણનારા સાધુને પરિપૂર્ણ વીશ વસા દયા હોય છે. શ્રાવક સ્થૂલ એટલે બાદર (ત્રસ) જીવોને હણે નહીં અને આરંભ સમારંભ કરતાં સૂક્ષ્મ જીવોની (સ્થાવરોની બચી શકે તેટલી) જયણા કરે એટલે કે સૂક્ષ્મ (બાદર સ્થાવર) જીવોની સર્વથા અહિંસા ગૃહસ્થો પાળી શકે નહીં તેથી સાધુ કરતાં તેની દયા અર્ધી થઇ તેથી દશ વસા દયા રહી. સ્થૂલ જીવોને પણ સંકલ્પથી એટલે હું એને મારૂં એવી બુદ્ધિથી મારે નહિ,

પણ આરંભ સમારંભ કરતાં મરે તેની જયણા છે, તેથી પાંચ વસા દયા રહી. તેમાં પણ નિરપરાધીને ન મારે અને સાપરાધી માટે જયણા છે તેથી અઢી વસા દયા રહી. સાપરાધીને પણ નિરપેક્ષપણે ન હણે અને સાપેક્ષપણે જયણા છે તેથી સવા વસો દયા શ્રાવકને સંભવે છે. (૨૩૭)

## (૧૫૧) શ્રાવકનું સવા વસો સત્ય

**सुहुमो य मुसावाओ, थूलो अप्पाण सयणमणुवग्गे ।**
**सयणे परय तहा, वहधम्मे परहलियं भासं ॥ २३८ ॥**

અર્થ : મૃષાવાદ બે પ્રકારે છે - સૂક્ષ્મ અને સ્થૂલ. તેમાં સૂક્ષ્મની જયણા, સ્થૂલ પાંચ મોટા અસત્ય ન બોલે તેથી દશ વસા સત્ય રહ્યું. સ્થૂલ અસત્યના પણ બે ભેદ - પોતાને માટે અને બીજાને માટે. તેમાં પોતાને માટે અસત્ય બોલવાનો ત્યાગ, બીજા માટે બોલવાની જયણા, તેથી પાંચ વસા રહ્યા. બીજાને માટે અસત્ય બોલવું પડે તેના બે ભેદ-સ્વજનને માટે અને પરજનને માટે. તેમાં સ્વજનને માટે જયણા, પરજનને માટે ત્યાગ, તેથી અઢી વસા રહ્યા. પરજનને માટે અસત્ય બોલવાના પણ બે ભેદ-ધર્મને માટે અને બીજા માટે. તેમાં બીજા માટે ત્યાગ, ધર્મને માટે જયણા. તેથી સવા વસો સત્ય રહ્યું. ધર્મ સિવાય અન્યને માટે અસત્ય ન બોલે. (૨૩૮)

## (૧૫૨) શ્રાવકને અદત્તાદાન ત્યાગ સવા વસો

**अदिन्नादाण सुहुमो, थूला वावार तेणवावारे ।**
**निओगहो इअ निओग, दाण चोरि अ अप्प बहु ॥ २३९ ॥**

અર્થ : અદત્તાદાનના બે ભેદ-સૂક્ષ્મ અને સ્થૂલ. તેમાં સૂક્ષ્મની જયણા અને સ્થૂલનો એટલે મોટી ચોરી જેથી રાજદંડ ઉપજે તેનો ત્યાગ, એટલે દશ વસા અદત્તાદાન ત્યાગ વ્રત રહ્યું. સ્થૂલના પણ બે ભેદ. સામાન્ય વેપાર અને ચોરીનો વેપાર. તેમાં સામાન્ય વેપારમાં જયણા અને ચોરીના વ્યાપારનો ત્યાગ, એટલે પાંચ વસા વ્રત રહ્યું. સામાન્ય વ્યાપારમાં થતી ચોરીના પણ બે ભેદ. રાજનિગ્રહ થાય એવી અને રાજનિગ્રહ ન

થાય એવી. તેમાં રાજનિગ્રહ ન થાય તેવી ચોરીના વ્યાપારમાં થતી ચોરીની જયણા અને રાજનિગ્રહ થાય એવી ચોરીના વ્યાપારમાં થતી ચોરીનો ત્યાગ, એટલે અઢી વસા વ્રત રહ્યું. રાજનિગ્રહ થાય એવા વ્યાપારના અંગની ચોરીના પણ બે ભેદ. અલ્પ દાણચોરી વિગેરે અને બહુ એટલે તેથી વધારે. તેમાં દાણચોરીની જયણા અને અધિકનો ત્યાગ, એટલે શ્રાવકને અચૌર્યવ્રત સવા વસો જ હોય. (૨૩૯)

## (૧૫૩) શ્રાવકને બ્રહ્મવ્રતનો સવા વસો

**मणवयणकायमेहुण, करण सदार वज्ज परइत्थी ।**
**सयण दारा करावण, कारावण निअ य तिरियाणं ॥ २४० ॥**

**અર્થ :** મૈથુનના બે ભેદ-મનવચનથી અને કાયાથી. તેમાં મન-વચનથી મૈથુનની જયણા અને કાયાથી મૈથુનનો ત્યાગ, તેથી દશ વશા રહ્યા. કાયાથી મૈથુન ત્યાગના બે ભેદ-સ્વસ્ત્રી આશ્રી અને પરસ્ત્રી આશ્રી. તેમાં સ્વસ્ત્રી સાથે મૈથુન સેવવાની જયણા અને પરસ્ત્રી સાથેના મૈથુનનો ત્યાગ, તેથી પાંચ વસા વ્રતના રહ્યા. પરસ્ત્રી સાથેના મૈથુન ત્યાગના પણ બે ભેદ - પોતે કરવું અને બીજા પાસે કરાવવું. તેમાં બીજા પાસે કરાવવાની એટલે લગ્નાદિકથી બીજાને જોડી દેવાની જયણા અને પોતે કરવાનો ત્યાગ, તેથી અઢી વસા રહ્યા. બીજા પાસે મૈથુન કરાવવાના પણ બે ભેદ-સ્વજનના તિર્યંચને માટે અને પોતાના તિર્યંચ માટે. તેમાં પોતાના તિર્યંચને માટે જયણા અને સ્વજનના તિર્યંચને માટે ત્યાગ, તેથી શ્રાવકને બ્રહ્મવ્રત સવા વસો રહ્યું.(૨૪૦)

## (૧૫૪) શ્રાવકનું પરિગ્રહપ્રમાણ વ્રત સવા વસો

**अब्भितर बाहिरिओ, परिग्गहो अप्प पउर नायव्वो ।**
**पुत्तं बंधवया पुण, पुत्तं धुअ बंधवाईया ॥ २४१ ॥**

**અર્થ :** પરિગ્રહના બે ભેદ-આભ્યંતર અને બાહ્ય. તેમાં આભ્યંતર પરિગ્રહની જયણા અને બાહ્ય પરિગ્રહનો ત્યાગ, તેથી દશ વસા વ્રત રહ્યું. બાહ્યના બે ભેદ-અલ્પ (પ્રમાણોપેત) પરિગ્રહ અને ઘણો (પ્રમાણ વિનાનો)

પરિગ્રહ. તેમાં ઘણા (અપરિમિત) પરિગ્રહનો ત્યાગ અને અલ્પ (પરિમિત) પરિગ્રહની જયણા, તેથી પાંચ વસા વ્રત રહ્યું. પ્રમાણોપેત પરિગ્રહના પણ બે ભેદ - પોતાને માટે પરિગ્રહ રાખવો અને બીજાને માટે પરિગ્રહ રાખવો. તેમાં પોતાને માટે પરિગ્રહ રાખવાની જયણા અને બીજાને માટે પરિગ્રહ રાખવાનો ત્યાગ, તેથી અઢી વસા વ્રત રહ્યું. બીજાને માટે પરિગ્રહ ત્યાગના પણ બે ભેદ - સ્વજનને માટે અને પરજનને માટે. તેમાં પુત્ર, પૌત્ર, બાંધવ વિગેરે સ્વજનને માટે પરિગ્રહ રાખવાની જયણા અને અન્યજનને માટે પરિગ્રહનો ત્યાગ, તેથી સવા વસો પાંચમું વ્રત શ્રાવકને હોય છે. (૨૪૧)

## (૧૫૫) ઘરદેરાસરમાં ન બેસાડવા યોગ્ય પ્રતિમા

**लिप्पे१ य दंत२ कट्ठे३, लोह४ पाहाण५ पंच पडिमाओ ।**
**नो कुज्जा गिहपडिमा, कुलधणनासो हवइ जम्हा ॥ २४२ ॥**

**અર્થ :** લેપ્યની ૧, દાંતની ૨, કાષ્ઠની ૩, લોઢાની ૪ અને પાષાણની ૫ - આ પાંચ જાતની જિનેશ્વરની પ્રતિમાઓ ઘરદેરાસરમાં સ્થાપન કરવી નહીં. કેમકે તેમ કરવાથી કુળ અને ધનનો નાશ થાય છે. (૨૪૨)

## (૧૫૬) પાંચ પ્રકારનાં ચૈત્ય

**भत्ती१ मंगल चेइयं२, निस्सकडं३ चेइयं अनिस्सकडं४ ।**
**सासयचेइय५ पंच, उवइट्ठं जिणवरिंदेहिं ॥ २४३ ॥**

**અર્થ :** ભક્તિચૈત્ય ૧, મંગળચૈત્ય ૨, નિશ્રાકૃત ચૈત્ય ૩, અનિશ્રાકૃત ચૈત્ય ૪ અને શાશ્વત ચૈત્ય ૫ - આ પાંચ પ્રકારનાં ચૈત્યો જિનેશ્વરોએ કહ્યાં છે. (૨૪૩)

## પાંચે પ્રકારનાં ચૈત્યોનાં લક્ષણ

**गिहजिण पडिमा भत्ती-चेइयं१ तह उत्तरंगघडियम्मि ।**
**जिणबिंबमिय मंगल-चेइयं२ समणाया बिंति ॥ २४४ ॥**

**निस्सकडं गच्छस्स य, संजायं३ तदियरं अनिस्सकडं४ ।**
**सिद्धायणं च सासय-चेइयं५ पंचविहं एसं ॥ २४५ ॥**

**અર્થ :** ઘરદેરાસરમાં સ્થાપેલી જિનેશ્વરની પ્રતિમાને **ભક્તિચૈત્ય** કહેવાય છે ૧, તથા બારસાખના ઉત્તરંગમાં કોતરીને કરેલું જિનેશ્વરનું બિંબ તે **મંગળચૈત્ય** કહેવાય છે ૨, એમ ગણધરાદિક શ્રમણો કહે છે. કોઈપણ ગચ્છની નિશ્રાએ જે થયેલું હોય તે **નિશ્રાકૃત** કહેવાય છે ૩, તેનાથી અન્ય એટલે અમુક ગચ્છની નિશ્રાનું જે ન હોય - સર્વ સામાન્ય હોય તે **અનિશ્રાકૃત** કહેવાય છે ૪, તથા સિદ્ધાયતન એ **શાશ્વતચૈત્ય** કહેવાય છે ૫ - આ પ્રમાણે પાંચ પ્રકારનાં ચૈત્યો કહેલા છે. (૨૪૪-૨૪૫) (પ્રથમ બેમાં ચૈત્ય શબ્દ પ્રતિમાવાચક જાણવો ને પાછલા ૩ માં જિનમંદિર વાચક જાણવો.)

## (૧૫૭) જિનેશ્વરનો નામાદિક ચાર પ્રકારનો નિક્ષેપ

**नामजिणा जिणनामा १,**
**ठवणजिणा पुण जिणिंदपडिमाओ २ ।**
**दव्वजिणा जिणजीवा ३,**
**भावजिणा समवसरणत्था ४ ॥ २४६ ॥**

**અર્થ :** કોઈપણ જીવાદિક પદાર્થનું નામ જિન હોય તે અથવા ચોવીશ તીર્થંકરાદિકના નામ તે **નામજિન** કહેવાય છે ૧, જિનેંદ્રની જે પ્રતિમા છે તે **સ્થાપનાજિન** છે ૨, જિનેશ્વરના જીવ કે જે સ્વર્ગાદિકમાં (કૃષ્ણ, શ્રેણિક વિગેરે) રહેલા હોય - હવે પછી તીર્થંકર થવાના હોય તે **દ્રવ્યજિન** કહેવાય છે ૩, તથા સમવસરણમાં બિરાજતા જે સાક્ષાત્ તીર્થંકરો હોય તે **ભાવજિન** કહેવાય છે ૪. (૨૪૬) (અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં ૨૦ વિહરમાન વિચરે છે તેને ભાવજિન સમજવા.)

## (૧૫૮) જિનચૈત્યમાં તજવાની દશ મોટી આશાતના

**तंबोल १ पाण २ भोयण ३-**
**वाणह ४ मेहुन्न ५ सुयण ६ निट्ठिवणं ७ ।**
**मुत्तुच्चारं ८-९ जूयं १०, वज्जे जिणनाहगब्भारे ॥ २४७ ॥**

**અર્થ :** તંબોળ (પાન સોપારી) ખાવું ૧, પાણી પીવું ૨, ભોજન કરવું ૩, ઉપાનહ-જોડા પહેરવા ૪, મૈથુન સેવવું ૫, સુવું ૬, થુંકવું ૭, મૂત્ર (લઘુનીતિ કરવી) ૮, ઉચ્ચાર (વડીનીતિ કરવી) ૯ તથા દ્યૂત-જુગટે રમવું ૧૦ - આ દશ મોટી આશાતનાઓ ખાસ જિનેશ્વરના ચૈત્યમાં વર્જવાની છે. (૨૪૭) (અહીં 'ગભારો' શબ્દ ચૈત્યવાચક છે. અન્યત્ર जगइए એટલે જગતિમાં-ગઢની અંદર. એમ કહેલ છે. આશાતનાઓ તો ૮૪ કહેલી છે, તેમાંથી આ દશ તો અવશ્ય વર્જવા યોગ્ય કહેલી છે.)

## (૧૫૯) સંપ્રતિ રાજાએ નવા કરાવેલા તથા જીર્ણોદ્ધાર કરાવેલા ચૈત્યોની સંખ્યા

**संपइरायविणिम्मिय-पणवीससहस्सपवरपासाया ।**
**छत्तीससहस्सजुण्णा, जिणविहारा कया जेण ॥ २४८ ॥**

**અર્થ :** સંપ્રતિ રાજાએ પચીશ હજાર, નવા ઉત્તમ પ્રાસાદો બનાવેલા હતા, તથા જીર્ણ થયેલા છત્રીશ હજાર જિનચૈત્યોનો ઉદ્ધાર કર્યો હતો. (૨૪૮) કોઇ જગ્યાએ ૩૬૦૦૦ જીર્ણોદ્ધાર ને ૮૯૦૦૦ નવા ચૈત્ય મળીને સવા લાખ જિનચૈત્યો કરાવ્યાનું કહેલું છે.

## (૧૬૦) સંપ્રતિ રાજાએ ભરાવેલી જિનપ્રતિમાઓની સંખ્યા

**सेलमय सवाकोडी, रीरीमय तावइ जिणवराणं ।**
**इय अट्ठारस कोडी, पडिमा पणमामि भत्तीए ॥ २४९ ॥**

**અર્થ :** સંપ્રતિ રાજાએ જિનેંદ્રોની સવા કરોડ પાષાણની પ્રતિમાઓ ભરાવી હતી, અને તેટલી જ એટલે સવાક્રોડ પીતળ વિગેરે ધાતુઓની પ્રતિમાઓ ભરાવી હતી, તે સર્વને હું ભક્તિથી વાંદું છું. (૨૪૯) (ગાથામાં अट्ठारस છે તે જગ્યાએ અઢીવાચક अड्ढाइय શબ્દ જોઈએ.)

## (૧૬૧) ઋતુ આશ્રી લવણને સચિત્ત થવાનો કાળ

**वासासु सगदिणोवरि, पन्नरदिवसोवरिं च हेमंते ।**
**जाइ सचित्तं सो उ, गिम्हे मासोवरिं लवणं ॥ २५० ॥**

**અર્થ :** લવણ (મીઠું) વર્ષાઋતુમાં સાત દિવસ પછી સચિત્ત થાય છે, શીયાળામાં પંદર દિવસ પછી અને ઉનાળામાં એક માસ પછી લવણ સચિત્ત થાય છે. (૨૫૦) (આ ચુલે સેકેલા લવણ આશ્રી સમજાય છે. ભઠ્ઠીમાં પકવેલું સચિત્ત થતું નથી એમ જાણવામાં છે.)

## (૧૬૨) સચિત્તના ત્યાગીને ખપતાં ફળો

**लवणं कच्चरबीयं, उक्कालियं तह य फालियं तलियं ।**
**अन्ने सव्वे अ फला, वज्जिज्जा गाहिया सिद्धा ॥ २५१ ॥**

**અર્થ :** લવણ દીધેલા, કાચરી કરેલા અને બીજ કાઢી નાખેલા તેમજ ઉકાળ્યાં, ફાડ્યાં અને તળ્યાં હોય તો તે સિદ્ધ થયેલા હોવાથી (સચિત્તના ત્યાગીને) ગ્રહણ કરવા લાયક છે, બીજાં સર્વ કાચાં ફળો વર્જવા લાયક છે. (૨૫૧)

## (૧૬૩) કડાહ વિગય (મીઠાઇ) વિગેરેનો કાળ

**वासासु पन्नर दिणा, सीउण्हकाले य मास दिणवीसा ।**
**सव्वा कडाहविगई, कप्पइ साहूण इय दीहा ॥ २५२ ॥**

**અર્થ :** સર્વે કડાહ વિગય (મીઠાઇ) વર્ષાઋતુમાં પંદર દિવસ સુધી કલ્પે છે, શીયાળામાં એક માસ સુધી અને ઉનાળામાં વીશ દિવસ સુધી કલ્પે છે. સાધુને તો ઉપર પ્રમાણેના કાળની ગણત્રીએ તે દિવસની લાવેલ તે દિવસે જ કલ્પે છે. (રાખી મૂકાતી નથી). (૨૫૨)

**जुगराय बार पहरा, वीसं घिसि तक्करं कयंबो य ।**
**पच्छा निगोयजंतू, उप्पज्जइ सव्वदेसेसु ॥ २५३ ॥**

**અર્થ :** જુગલી રાબ બાર પહોર સુધી કલ્પે, ઘેંશ અને છાશમાં રાંધેલો કરંબો વીશ પહોર સુધી કલ્પે. ત્યારપછી સર્વ દેશોમાં તેમાં

નિગોદજીવો એટલે લીલફુગ વિગેરે ઉત્પન્ન થાય છે. (૨૫૩) (આમાં લખેલ ઘેંશ ને કરંબો બીજે દિવસે વાપરવાની પ્રવૃત્તિ યોગ્ય જણાતી નથી.)

**पुआ मुंगडि लप्पसी, करंब रब्बाइ सिद्धअन्नमज्झम्मि ।**
**अट्ठपहराण उवरिं, सुहुमा जीवा सुए भणिया ॥ २५४ ॥**

**અર્થ :** પુડલા, મુંગડી, લાપશી, કરંબો, રાબ અને રાંધેલુ અન્ન, એ સર્વમાં આઠ પહોર વીત્યા પછી સૂક્ષ્મ જીવો (લીલફુગ વિગેરેના) ઉત્પન્ન થાય છે, એમ શ્રુતમાં કહ્યું છે. (પ્રવચન સારોદ્ધારમાં ચાર પહોરનું કાળમાન કહ્યું છે.) (૨૫૪)

## (૧૬૪) વિદળ ને દહીંમાં જીવોત્પત્તિ વિષે

**जं मुग्गमासपमुहं, विदलं कच्चम्मि गोरसे पडइ ।**
**ता तसु जीवुप्पत्ती, भणंति दहिए बिदिणउवरि ॥ २५५ ॥**

**અર્થ :** જે મગ, અડદ વિગેરે દ્વિદલ કાચા ગોરસમાં પડે તો તેમાં તત્કાળ જીવની ઉત્પત્તિ કહેલી છે, અને દહીમાં બે દિવસ (સોળ પહોર) પછી જીવની ઉત્પત્તિ કહેલી છે. (૨૫૫)

## (૧૬૫) ગળ્યા વિનાની છાશ બાબત

**जइ अणगलियं तक्कं, पमायवसओ समायरइ सड्ढो ।**
**मज्जसमं तं पाणं, गोयम ! भणियं न संदेहो ॥ २५६ ॥**

**અર્થ :** જો ન ગળેલી છાશ પ્રમાદના વશથી શ્રાવક વાપરે તો હે ગૌતમ ! તે છાશનું પાન મદિરા સમાન કહ્યું છે, તેમાં સંદેહ નથી. (૨૫૬) (ઉપવાસના તિવિહાર પચ્ચખ્ખાણમાં અચિત્ત જળને બદલે વાપરવાનું જે કહે છે તેના સંબંધમાં આ વાત સમજાય છે.)

## (૧૬૬) અચિત્ત જળ વિચાર

(ઉકાળેલા અચિત્ત જળનો કાળ)

**वासासु तिन्नि पहरा, तह चउरो हुंति सीयकालम्मि ।**
**पंच य गिम्हे काले, फासुअनीरस्स परिमाणं ॥ २५७ ॥**

**અર્થ :** પ્રાસુક (અચિત્ત) કરેલા જળના કાળનું પ્રમાણ વર્ષાઋતુમાં ત્રણ પહોરનું છે, તથા શીયાળામાં ચાર પહોરનું છે, અને ઉનાળામાં પાંચ પહોરનું કાળમાન છે. (૨૫૭) (એટલો કાળ વ્યતીત થઇ ગયા પછી તે પાછું સચિત્ત થઇ જાય છે.)

**ठाणाइ परिसुद्धं, होइ सचित्तं मुहुत्तमज्झंमि ।**
**पच्छा तिमुहुत्त जलं, फासुय भणियं जिणिंदेहिं ॥ २५८ ॥**

**અર્થ :** ત્રિફળા, રાખ વિગેરે પ્રયોગથી અચિત્ત કરેલું જળ પ્રથમ એક અંતમુહૂર્ત સુધી સચિત્ત રહે છે, ત્યારપછી ત્રણ મુહૂર્ત સુધી તે જળ પ્રાસુક (અચિત્ત) રહે છે અને ત્યારપછી પાછું સચિત્ત થઇ જાય છે. એમ જિનેંદ્રોએ કહ્યું છે. (૨૫૮)

## (૧૬૭) એકવીશ પ્રકારે થતું પ્રાસુક જળ

**उस्सेइम १ संसेइम २,**
**तंदुल ३ तिल ४ तुस ५ जवोदगा ६ यामं ७ ।**
**सोवीर ८ सुद्धवियडं ९,**
**अंबय १० अंबाय ११ कविट्ठं १२ ॥ २५९ ॥**

**माउलिंग १३ दक्ख १४ दाडिम १५,**
**खज्जुर १६ नालेर १७ कयर १८ बोरजलं १९ ।**
**आमलगं २० चंचाए २१,**
**पाणिय पढमंग भणियाइं ॥ २६० ॥**

**અર્થ :** લોટ મસળવા માટે લીધેલું પાણી ૧, તીલ ધોયાનું પાણી ૨, ચોખા ધોયાનું પાણી ૩, તલના કોઇ પ્રકાર વડે અચિત્ત કરેલું પાણી ૪, ફોતરા (કુકસા) ધોયાનું પાણી ૫, જવ ધોયાનું પાણી ૬, કાંજી (છાશ)નું પાણી ૭, સુરમાનું પાણી ૮, શુદ્ધ ઉકાળેલું પાણી ૯, આમ્ર (કેરીના છોતરાં) ધોયાનું પાણી ૧૦, આંબલીના છોતરાં ધોયાનું પાણી ૧૧, કોઠાનું પાણી ૧૨, બીજોરાનું પાણી ૧૩, દ્રાક્ષનું પાણી ૧૪, દાડમનું પાણી ૧૫, ખજુરનું

પાણી ૧૬, નાળિયેરનું પાણી ૧૭, કેર ધોયાનું પાણી ૧૮, બોર ધોયાનું પાણી ૧૯, આમળા ધોયેલું પાણી ૨૦ અને ચંચા (વસ્તુવિશેષ)નું પાણી ૨૧ - આ એકવીશ પ્રકારના પ્રાસુક પાણી પહેલા આચારાંગ સૂત્રમાં કહ્યાં છે. (૨૫૯-૨૬૦) (આ શબ્દાર્થમાં પણ ફેરફાર જણાય છે તેમજ કઇ જાતનું પાણી ક્યાં સુધી સચિત્ત રહે ને ક્યારે અચિત્ત થાય તે પણ સમજવાનું છે તે સમજ્યા પછી તેનો ઉપયોગ કરવા યોગ્ય છે.)

## (૧૬૮) ઉકાળેલા પાણીનો કાળ

**उण्होदगं तिदंडु-क्कालिय वासासु तिपहरमचित्तं ।**
**चउ सिसिरे पण गिम्हे, तेण परं होइ सचित्तं ॥ २६१ ॥**

**અર્થ :** ત્રણ ઉભરાએ ઉકાળેલું ઉષ્ણ જળ વર્ષાઋતુમાં ત્રણ પ્રહર સુધી અચિત્ત રહેછે, શિયાળામાં ચાર પ્રહર સુધી અચિત્ત રહે છે અને ઉનાળામાં પાંચ પ્રહર સુધી અચિત્ત રહે છે. ત્યારપછી સચિત્ત થઇ જાય છે. (૨૬૧) (આ મતલબની જ ગાથા ઉપર ૨૫૭મી કહેલી છે તેથી આ અન્યકૃત જણાય છે.)

## (૧૬૯) વગર ચાળેલા લોટને અચિત્ત થવાનો કાળ

**पण दिण मीसो लुट्टो, अचालिओ सावणे अ भद्दवए ।**
**चउ आसो कत्तीए, मगसिर पोसंमि तिन्नि दिणा ॥ २६२ ॥**

**पण पहर माह फग्गुणि, पहरा चत्तारि चित्त वीसाहे ।**
**जिट्ठासाढे तिपहर, तेण परं होइ अचित्तो ॥ २६३ ॥**

**અર્થ :** ચાળ્યા વિનાનો આટો શ્રાવણ અને ભાદ્રપદ માસમાં પાંચ દિવસ સુધી મિશ્ર રહે છે, આશ્વિન અને કાર્તિક માસમાં ચાર દિવસ, માર્ગશીર્ષ અને પોષ માસમાં ત્રણ દિવસ, માઘ અને ફાલ્ગુન માસમાં પાંચ પ્રહર, ચૈત્ર અને વૈશાખ માસમાં ચાર પ્રહર તથા જ્યેષ્ઠ અને અષાઢ માસમાં ચાળ્યા વિનાનો આટો ત્રણ પ્રહર સુધી મિશ્ર રહે છે, ત્યારપછી તે અચિત્ત થઇ જાય છે. (૨૬૨-૨૬૩) (ચાળેલો લોટ તરત જ અચિત્ત ગણાય છે.)

## (૧૭૦) ઔષધ વિગેરેને અચિત્ત થવાના કારણ

**सय जोयण जलमग्गे, थलमग्गे जोयणाइ सट्ठुवरिं ।**
**हरडे पिंपर मिरीया, समए अचित्त वावारो ॥ २६४ ॥**

**અર્થ :** હરડે, પીપર અને મરી એ વસ્તુઓ જળમાર્ગે સો જોજન ઉપરથી આવી હોય અને સ્થળમાર્ગે સાઠ જોજન ઉપરાંતથી આવી હોય તો સિદ્ધાંતમાં તેનો અચિત્તપણાનો વ્યાપાર કહ્યો છે. (૨૬૪)

**जोयणसय गंतूणं, अणाहारेण भंड संकंते ।**
**वायग्गीधूमेण य, सिद्धत्थ होइ लवणाइं ॥ २६५ ॥**

**અર્થ :** એકસો યોજન દૂર જવાથી, સ્વયોગ્ય આહારના પુદ્ગળો ન મળવાથી તેમજ અન્ય કરીઆણા ભેગું સંક્રાત થવાથી અને પવન, અગ્નિ (તડકો) તેમજ ધુમાડો વિગેરે લાગવાથી લવણાદિ પદાર્થો અચિત્ત થઈ જાય છે. (૨૬૫)

## (૧૭૧) ગૌતમ તથા સુધર્મા સ્વામીનો નિર્વાણ સમય

**वीरजिणे सिद्धिगए, बारसवरिसेहि गोयमो सिद्धो ।**
**तह वीराओ सोहम्मो, वीसवरिसेहि सिद्धिगओ ॥ २६६ ॥**

**અર્થ :** શ્રી મહાવીર જિનેશ્વર મોક્ષે ગયા ત્યારપછી બાર વર્ષે ગૌતમ સ્વામી મોક્ષે ગયા, તથા મહાવીરસ્વામીના નિર્વાણથી વીશ વર્ષ ગયા ત્યારે સુધર્માસ્વામી સિદ્ધિમાં ગયા. (૨૬૬)

## (૧૭૨) જંબૂસ્વામીના નિર્વાણનો સમય તથા તે સાથે દશ સ્થાનોનો વિરહ

**सिद्धिगए वीरजिणे, चउसट्ठिवरिसेहि जंबुणा मुत्ति ।**
**केवलणाणेण समं, वुच्छिन्ना दस इमे ठाणा ॥ २६७ ॥**

**मण१ परमोह२ पुलाए३, आहार४ खवग५ उवसम्मे६ ।**
**कप्पे७ संजमतिग८ केवल९ सिद्धि१० जंबुम्मि वुच्छिन्ने ॥ २६८ ॥**

**અર્થ :** શ્રી મહાવીર જિનેશ્વર સિદ્ધિપદ પામ્યા પછી ચોસઠ વર્ષે જંબૂસ્વામીની મુક્તિ થઇ છે. તેમની સાથે કેવલજ્ઞાન સહિત આ દશ સ્થાનો વિચ્છેદ ગયા છે. મનઃપર્યવ જ્ઞાન ૧, પરમાવધિ જ્ઞાન ૨, પુલાકલબ્ધિ ૩, આહારક શરીર ૪, ક્ષપકશ્રેણિ ૫, ઉપશમશ્રેણિ ૬, જિનકલ્પ ૭, પહેલા ત્રણ ચારિત્ર (સૂક્ષ્મસંપરાય, પરિહાર વિશુદ્ધિ અને યથાખ્યાત) ૮, કેવળજ્ઞાન ૯ અને મોક્ષ ૧૦ - આ દશ સ્થાનકો જંબૂસ્વામીની સાથે વિચ્છેદ થયા છે. (૨૬૭-૨૬૮)

## (૧૭૩) બીજી વસ્તુઓના વિચ્છેદનો સમય

**पुव्वाणं अणुओगो, संघयण पढमयं च संठाणं ।**
**सुहुममहापाणझाणं, वुच्छिन्ना थूलभद्दम्मि ॥ २६९ ॥**

**અર્થ :** છેલ્લા ચાર પૂર્વનો અનુયોગ ૧, પહેલું વજ્રઋષભનારાચ સંઘયણ ૨, પહેલું સમચતુરસ્ર સંસ્થાન ૩ તથા સૂક્ષ્મ મહાપ્રાણ નામનું ધ્યાન ૪ - આ ચાર સ્થાનો સ્થૂલભદ્રની પછી વિચ્છેદ પામ્યા છે. (૨૬૯)

**दसपुव्वी वुच्छेओ, वयरे तह अद्धकीलसंघयणा ।**
**पंचहि वाससएहिं, चुलसी य समय अहियम्मि ॥ २७० ॥**

**અર્થ :** તથા વજ્રસ્વામી પછી દશમા પૂર્વનો વિચ્છેદ થયો છે, તથા મહાવીરના નિર્વાણથી પાંચસો ને ચોરાશી વર્ષ ઝાઝેરા વ્યતીત થયા ત્યારે કીલિકા સુધીના ચાર (બીજાથી પાંચમા સુધીના) સંઘયણ વિચ્છેદ ગયા છે. (૨૭૦) (બે બે સંઘયણ જુદે જુદે વખતે વિચ્છેદ થયાનું સંભવે છે. કેમ કે અહીં ગાથામાં ચોથું પાંચમું જ નીકળે છે.)

**चउपुव्वीवुच्छेओ, वरिससए सित्तरम्मि अहियम्मि ।**
**भद्दबाहुंमि जाओ, वीरजिणिंदे सिवं पत्ते ॥ २७१ ॥**

**અર્થ :** શ્રી મહાવીર જિનેંદ્ર મોક્ષ પામ્યા પછી કાંઇક અધિક એકસો ને સિત્તેર વર્ષ ગયા ત્યારે શ્રી ભદ્રબાહુસ્વામીને સમયે (તેમની પછી) ચાર પૂર્વનો વિચ્છેદ થયો. (૨૭૧) (શ્રી સ્થૂલભદ્રને તે ચાર પૂર્વ માત્ર મૂળથી ભણાવ્યા હતા, અર્થથી નહીં.)

## (૧૭૪) ચાર કાળિકાચાર્યનો સમય વિગેરે

**सिरिवीराऊ गएसु, पणतीसहिए तिसयवरिसेसु ।**
**पढमो कालगसूरी, जाओ सामुज्जनामु त्ति ॥ २७२ ॥**

**અર્થ :** શ્રી મહાવીર સ્વામીના નિર્વાણથી કાંઈક અધિક ત્રણસો ને પાંત્રીશ વર્ષ ગયા ત્યારે પહેલા કાલિકાચાર્ય નામના સૂરિ થયા. તેનું બીજું નામ શ્યામાચાર્ય હતું. (૨૭૨)

**चउसयतिपन्नवरिसे, कालिगगुरुणा सरस्सती गहिया ।**
**चिहुसयसत्तरिवरिसे, वीराऊ विक्कमो जाओ ॥ २७३ ॥**

**અર્થ :** વીરના નિર્વાણથી ચારસો ને તેપન વર્ષે બીજા કાલિકાચાર્ય થયા, તેણે મ્લેચ્છ રાજાને લાવી ગર્દભિલ્લ રાજાને હણીને પોતાની ભાણેજ સરસ્વતી નામની સાધ્વીને ગ્રહણ કરી હતી. વીર નિર્વાણથી ચારસો ને સિત્તેર વર્ષે વિક્રમ રાજા થયા. (૨૭૩)

**पंचेव य वरिससए, सिद्धसेणदिवायरो पयडो ।**
**सत्तसय वीस अहिए, कालिकगुरु सक्कसंथुणिओ ॥ २७४ ॥**

**અર્થ :** વીરનિર્વાણથી પાંચસો વર્ષે સિદ્ધસેન દિવાકર સૂરિ થયા, અને કાંઈક અધિક સાતસો ને વીશ વર્ષે ત્રીજા કાલિકાચાર્ય થયા, તેમણે શક્રેંદ્રના પૂછવાથી નિગોદનું યથાર્થ સ્વરૂપ કહ્યું હતું તેથી શક્રેંદ્રે તેમની સ્તુતિ કરી હતી. (૨૭૪)

**नवसय तेणुएहिं, समइक्कंतेहिं वद्धमाणाओ ।**
**पज्जूसणा चउत्ती, कालिगसूरीहि ता ठविया ॥ २७५ ॥**

**અર્થ :** વર્ધમાનસ્વામીના નિર્વાણથી નવસો ને ત્રાણું વર્ષ વ્યતીત થયા ત્યારે ચોથા કાલિકસૂરિએ પાંચમને બદલે ચોથને દિવસે પર્યુષણા (સંવચ્છરી) સ્થાપન કરી. (૨૭૫)

**जीयं काऊण पुण, तुरमणि दत्तस्स कालियज्जेणं ।**
**अवि य सरीरं चत्तं, न य भणियमहम्मसंजुत्तं ॥ २७६ ॥**

**અર્થ :** ભાણેજને બોધ કરવો તે જીત-આચાર છે એમ જાણીને તુરમણી નામની નગરીમાં પોતાના ભાણેજ દત્ત નામના રાજા પાસે કાલિકાચાર્ય ગયા. તેમણે પોતાના શરીરનો ત્યાગ કર્યો એટલે દરકાર ન કરી, પરંતુ અધર્મયુક્ત અસત્ય વચન ન જ બોલ્યા. એટલે કે દત્ત રાજાએ પ્રાણાંત સુધીનો ભય બતાવ્યા છતાં યજ્ઞનું ફળ પૂછ્યું ત્યારે ગુરૂએ યજ્ઞનું ફળ નરક જ કહ્યું. તેથી દત્ત રાજા અતિ કોપ પામ્યો, પરંતુ તે ગુરૂને કાંઈ પણ કરી શક્યો નહીં, ઉલટો પોતે મરીને નરકે ગયો. (૨૭૬)

## (૧૭૫) આગમને પુસ્તકારૂઢ કર્યાનો સમય

**वल्लहिपुरम्मि नयरे, देवड्ढीपमुहेण समणसंघेण ।**
**पुत्थे आगम लिहिओ, नवसय असीइ तदा वीरो ॥ २७७ ॥**

**અર્થ :** વીરનિર્વાણથી નવસો ને એંશી વર્ષે વલ્લભીપુર નગરમાં દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ વિગેરે શ્રમણસંઘે આગમને પુસ્તકમાં લખાવ્યા. (૨૭૭)

## (૧૭૬) દિગંબરની ઉત્પત્તિનો સમય

**रहवीरपुरनयरे, तह सिद्धिगयस्स वीरनाहस्स ।**
**छसयनवउत्तरीए, खमणा पाखंडिया जाया ॥ २७८ ॥**

**અર્થ :** શ્રી વીરપ્રભુ સિદ્ધિમાં ગયા પછી છસો ને નવ વર્ષે રથ-વીરપુર નામના નગરમાં પાંખંડી શ્રમણ (દિગંબર) થયા. (૨૭૮)

## (૧૭૭) બીજીવાર આગમનું પુસ્તકારૂઢપણું

**दुब्भिक्खम्मि पणट्ठे, पुणरवि मेलित्तु समणसंघाओ ।**
**महुराए अणुओगो, पव्वत्तई खंदिलो सूरी ॥ २७९ ॥**

**અર્થ :** બાર વર્ષનો દુકાળ પૂર્ણ થયો ત્યારે સ્કંદિલાચાર્ય નામના સૂરિએ ફરીથી મથુરાનગરીમાં સકળ શ્રમણસંઘ એકઠો કરી આગમનો અનુયોગ (વ્યાખ્યા) પ્રવર્તાવ્યો. (આગમો પુસ્તકારૂઢ કર્યા) આનું નામ માથુરી વાચના કહેવાય છે. (૨૭૯)

## (૧૭૮) પૂર્ણિમા તથા અમાવાસ્યાને બદલે ચૌદશની પાખી કરવાનો સમય

**बारसवाससएसु, पुण्णिमदिवसाउ पक्खियं जेण ।**
**चउदसी पढमं पव्वं, पकप्पियं साहिसूरीहिं ॥ २८० ॥**

**અર્થ :** વીરનિર્વાણથી બારસો વર્ષે સ્વાતિસૂરિએ પૂર્ણિમાના દિવસને બદલે ચૌદશની પાખીનું પર્વ પ્રથમ પ્રવર્તાવ્યું. (૨૮૦) (તપગચ્છની માન્યતા પ્રમાણે પાખી તો ચૌદશની જ હતી, ચોમાસી પૂર્ણિમાની હતી તે જયારથી ચોથની સંવત્સરી કરી ત્યારથી ચૌદશની ઠરાવી.)

(૨૮૦ થી ૨૮૮ સુધીની નવ ગાથાઓ અચળગચ્છની માન્યતાની છે.)

## (૧૭૯) શ્રાવકને માટે મુખવસ્ત્રિકા ને ચરવલાની સ્થાપના

**सावयजण मुहपत्ती, चवलो तह वि संघसंजुत्तो ।**
**हरिभद्दसूरिगुरुणो, दसपुरनयरम्मि ठावेइ ॥ २८१ ॥**

**અર્થ :** હરિભદ્રસૂરિ ગુરૂએ દશપુર નામના નગરમાં સર્વ સંઘ એકઠો કરી શ્રાવકજનોને માટે મુખવસ્ત્રિકા અને ચરવલાને સ્થાપન કર્યા. (૨૮૧)

**पणपण्णबारससए, हरिभद्दो सूरि आसि पुव्वकए ।**
**तेरसय वीस अहिए, वरिसेहिं बप्पभट्टिपहू ॥ २८२ ॥**

**અર્થ :** વીરનિર્વાણથી બારસો ને પંચાવન વર્ષે હરિભદ્રસૂરિ પ્રથમ ગ્રંથકાર થયા અને કાંઈક અધિક તેરસો ને વીશ વર્ષે બપ્પભટ્ટ સૂરિ થયા. (૨૮૨)

## (૧૮૦) અષ્ટમી તથા પાક્ષિક[1] તિથિનો નિર્ણય

**छट्ठीसहिया न अट्ठमी, तेरसिसहियं न पक्खियं होइ ।**
**पडिवेसहियं न कयावि, इय भणियं जिणवरिंदेहिं ॥ २८३ ॥**

**અર્થ :** છઠ સહિત આઠમ લેવી નહીં, અને તેરસ સહિત પાખી લેવી નહીં. તેમાં પણ પડવા સહિત પાખી તો કદાપિ લેવી નહીં. એમ જિનેંદ્રોએ કહ્યું છે. (૨૮૩)

**पण्णरसम्मि य दिवसे, कायव्वा पक्खियं तु पाएण ।**
**चउद्दसिसहियं कइया वि, न हु तेरसि सोलमे दिवसे ॥ २८४ ॥**

**અર્થ :** પ્રાયે કરીને પંદરમે દિવસે પાખી કરવાની છે, કોઈકવાર ચૌદશ સહિત પાખી કરવી, પણ તેરસ સહિત ન કરવી તેમજ સોળમે દિવસે (એટલે પડવા સહિત) ન કરવી. (૨૮૪)

**अट्ठमितिहीए सयलं, कायव्वा अट्ठमी य पाएण ।**
**अहवा सत्तमीअमिअं, नवमे छट्ठे न कइया वि ॥ २८५ ॥**

**અર્થ :** પ્રાયે કરીને સઘળી આઠમની તિથિ હોય એવી આઠમ કરવી, અથવા સપ્તમી સહિત આઠમ હોય તે કરવી, પરંતુ નવમી કે ષષ્ઠી સહિત હોય તે કદી કરવી નહીં. (૨૮૫)

**पक्खस्स अद्ध अट्ठमी, मासद्धाए पक्खियं होइ ।**
**सोलमिदिवसे पक्खी, कायव्वा न हु कइया वि ॥ २८६ ॥**

**અર્થ :** પક્ષ (પખવાડીયા)ને અર્ધે આઠમ કરવી અને માસને અર્ધે પાખી કરવી. પરંતુ સોળમે દિવસે કદાપિ પાખી કરવી નહીં. (૨૮૬)

**पक्खिय पडिक्कमणाओ, सड्ढिअपहरम्मि अट्ठमी होइ ।**
**तत्थेव पच्चक्खाणं, करिंति पव्वेसु जिणवयणा ॥ २८७ ॥**

---
૧ પૂનમ તથા અમાસ.

**અર્થ :** પાખીના પ્રતિક્રમણથી સાઠ પહોરે આઠમ આવે છે, તેજ પર્વમાં પ્રત્યાખ્યાન કરવું એમ જિનવચન છે. (૨૮૭)

**जइयाओ अट्ठमी लग्गा, तइयाओ हुंति पक्खसंधीसु ।**
**सट्ठि पहरम्मि नेया, करिंति तिहि पक्खिपडिक्कमणं ॥ २८८ ॥**

**અર્થ :** જ્યારે અષ્ટમી તિથિ લાગે ત્યારે પક્ષની સંધિ હોય છે, અને ત્યારથી સાઠ પહોર વ્યતીત થાય ત્યારે પાખી પ્રતિક્રમણ કરવું જોઈએ. (૨૮૮) (અહીં સુધીની ૯ ગાથા અચલગચ્છની માન્યતાની છે.)

## (૧૮૧) સાઢપોરસી વિગેરેનું માન

**नियतणु नवहि पएहिं, पोसे मासम्मि पोरसी सड्ढा ।**
**इक्किक्कय पयहाणी, आसाढे जाव तिन्नि पया ॥ २८९ ॥**

**અર્થ :** પોષ માસમાં પોતાના શરીરની છાયા નવ પગલાં પ્રમાણ થાય ત્યારે સાઢપોરસી થાય છે. ત્યારપછી એક એક માસે એક એક પગલાંની હાનિ કરતાં અષાઢ માસે ત્રણ પગલાં છાયા થાય ત્યારે સાઢપોરસી થાય છે. (ત્યારપછી શ્રાવણે ચાર, ભાદ્રપદે પાંચ, આશ્વિને છ, કાર્તિકે સાત અને માર્ગશીર્ષ માસે આઠ પગલે સાઢપોરસી થાય છે.) (૨૮૯)

**अड्ढाइ दिवसेहिं, अंगुल इक्किक्क वड्ढई हाइ ।**
**आसाढाओ पोसे, पोसाओ जाव आसाढं ॥ २९० ॥**

**અર્થ :** અષાઢથી પોષ માસ સુધી અઢી અઢી દિવસે એક એક આંગળ છાયાની વૃદ્ધિ કરવી અને પોષ માસથી અષાઢ માસ સુધી અઢી અઢી દિવસે એક એક આંગળ છાયાની હાનિ કરવી; એટલે કે અષાઢ માસને પહેલે દિવસે ત્રણ પગલાંની છાયાએ સાઢ-પોરસી થાય છે, અને ત્યારપછી અઢી દિવસે ત્રણ પગલાં ઉપર એક આંગળ છાયા હોય તે વખતે સાઢપોરસી થાય છે. એ પ્રમાણે અઢી અઢી દિવસે એક એક આંગળ વધારતાં ત્રીશ દિવસે એટલે એક માસે બાર આંગળ એટલે એક પગલાં જેટલી છાયા વધે છે, તેથી શ્રાવણ માસને પહેલે દિવસે ચાર પગલાં છાયા

હોય ત્યારે સાઢ-પોરસી થાય છે. એ પ્રમાણે વધતાં વધતાં પોષ માસને પહેલે દિવસે નવ પગલાં છાયા થાય ત્યારે સાઢપોરસી થાય છે. ત્યાર પછી અઢી અઢી દિવસે એક એક આંગળ ઓછી કરવી, એટલે માઘ (મહા) માસને પહેલે દિવસે આઠ પગલાંની છાયાએ સાઢપોરસી થશે. એ પ્રમાણે પાછી હાનિ કરતાં કરતાં અષાઢ માસના પહેલા દિવસે ત્રણ પગલાંની છાયાએ સાઢપોરસી થશે. (૨૯૦)

## (૧૮૨) પુરિમટ્ટનું પ્રમાણ

**आसाढे समछाया, पोसे मासे हवंति छपाया ।**
**वड्ढंति हीयमाणे, पए पए होइ पुरिमड्ढो ॥ २९१ ॥**

**અર્થ :** અષાઢ માસમાં પોતાના શરીરમાં સમાઈ ગયેલી છાયા હોય ત્યારે પુરિમઢ્ઢ થાય છે, અને પોષ માસમાં પોતાના શરીરની છાયા છ પગલાંની (ત્રણ હાથની) હોય ત્યારે પુરિમઢ્ઢ થાય છે. એ જ પ્રમાણે માસે માસે એક એક પગલાંની વૃદ્ધિ તથા હાનિ કરવી. (૨૯૧) (દરેક મહિને એક પગલું એટલે ૧૨ આંગળ ઘટાડવી તે આગળ બતાવે છે.)

**माघे दुहत्थि छाया, बारस अंगुलपमाण पुरिमड्ढे ।**
**मासे बारंगुलहाणी, आसाढे निट्ठिया सव्वे ॥ २९२ ॥**

**અર્થ :** માઘ માસમાં બે હાથ અને બાર આંગલ (કુલ પાંચ પગલાં) છાયા હોય ત્યારે પુરિમઢ્ઢ થાય છે. છેવટ અષાઢ માસમાં સર્વ છાયા નિઠી જાય એટલે શરીરમાં જ સમાઈ જાય ત્યારે પુરિમઢ્ઢ થાય છે. એ રીતે માસે માસે બાર બાર આંગળની હાનિ કરવી. (૨૯૨)

## (૧૮૩) રાત્રિના કાળનું જ્ઞાન

**दस तेरस सोलसमे, वीसइमे सूरियाण णक्खत्ते ।**
**मत्थयगयम्मि रिक्खे, रयणीए जामपरिमाणं ॥ २९३ ॥**

**અર્થ :** સૂર્ય જે નક્ષત્રમાં હોય તે નક્ષત્રથી દશમું નક્ષત્ર જયારે આકાશમાં મસ્તક પર (માથે) આવે ત્યારે રાત્રિનો પહેલો પ્રહર થાય,

તેરમું નક્ષત્ર માથે આવે ત્યારે બીજો પ્રહર, સોળમું નક્ષત્ર માથે આવે ત્યારે ત્રીજો પ્રહર અને વીશમું નક્ષત્ર મસ્તક પર આવે ત્યારે ચોથો પ્રહર થાય. એ પ્રમાણે રાત્રિએ પ્રહરનું પરિમાણ જાણવું. (૨૯૩)

## (૧૮૪) પોરસીનું પ્રમાણ

**आसाढमासे दुपया, पोसे मासे चउप्पया ।**
**चित्तासुएसु मासेसु, तिपया हवइ पोरसी ॥ २९४ ॥**

**અર્થ :** પોતાના શરીરની છાયા જે વખતે બે પગલાંની થાય તે વખતે અષાઢ માસમાં પોરસી થાય છે, પોષ માસમાં ચાર પગલાં છાયા હોય ત્યારે પોરસી થાય છે, અને ચૈત્ર તથા આશ્વિન માસમાં ત્રણ પગલાં છાયા હોય ત્યારે પોરસી થાય છે. (૨૯૪)

**अंगुलं सत्तरत्तेणं, पक्खेण य दुअंगुलं ।**
**वड्ढए हायए वावि, मासेणं चउरंगुलं ॥ २९५ ॥**

**અર્થ :** આ પોરસીના પ્રમાણમાં સાત દિવસે એક આંગળની, પખવાડીએ બે આંગળની અને એક માસે ચાર આંગળની જેમ સંભવે તેમ વૃદ્ધિ કે હાનિ કરવી. (૨૯૫)

## (૧૮૫) પડિલેહણનો કાળ

**जिट्ठामूले आसाढ-सावणे छहिं अंगुलेहिं पडिलेहा ।**
**अट्ठहिं बीय तियम्मि, तइए दस अट्ठहिं चउत्थे ॥ २९६ ॥**

**અર્થ :** જેઠ, અષાઢ અને શ્રાવણ માસમાં છ આંગળ છાયા હોય ત્યારે પડિલેહણા કરવી, બીજા ત્રિકમાં એટલે ભાદ્રપદ, આશ્વિન અને કાર્તિક માસમાં આઠ આંગળ છાયા હોય ત્યારે, ત્રીજા ત્રિકમાં એટલે માર્ગશીર્ષ, પોષ અને મહા માસમાં દશ આંગળ છાયા હોય ત્યારે અને ચોથા ત્રિકમાં એટલે ફાલ્ગુન, ચૈત્ર અને વૈશાખ માસમાં આઠ આંગળ છાયા હોય ત્યારે પડિલેહણા કરવી. (૨૯૬)

## (૧૮૬) ક્ષય તિથિનો સંભવ

**भद्दव कत्तिय मासे, पोसे तह फग्गुणे य बोधव्वे ।**
**वइसाहे आसाढे, इमम्मि मासे तिही पडइ ॥ २९७ ॥**

**અર્થ :** ભાદ્રપદ, કાર્તિક, પોષ, ફાલ્ગુન, વૈશાખ અને અષાઢ - એ છ માસમાં જ તિથિનો ક્ષય થઇ શકે છે, એમ જાણવું. (જૈન જ્યોતિષને અનુસારે તિથિની વૃદ્ધિ થતી નથી. માત્ર ક્ષય થાય છે, તે પણ આ છ માસમાં જ થઇ શકે છે.) (૨૯૭) (હાલ જૈન જ્યોતિષ પ્રમાણે પંચાંગ તૈયાર કરનારા ન હોવાથી અન્યમતિના પંચાંગ અનુસાર તિથિ વિગેરેની પ્રવૃત્તિ કરવી પડે છે.)

## (૧૮૭) સ્ત્રીને ગર્ભ ધારણ કરવાનો કાળ

**रिउसमय हवइ नारी, नरोवभोगेण गब्भसंभूई ।**
**बारसमुहुत्तमज्झे, जाओ गब्भो उवरि नत्थि ॥ २९८ ॥**

**અર્થ :** ઋતુ સમય આવે ત્યારે સ્ત્રીને પુરૂષના સમાગમથી ગર્ભનો સંભવ હોય છે. તેમાં પુરૂષના સંયોગ પછી બાર મુહૂર્તની અંદર ગર્ભ ઉત્પન્ન થઇ શકે છે, ત્યારપછી ઉત્પન્ન થતો નથી. (૨૯૮)

## (૧૮૮) સ્ત્રી અને પુરૂષના કામવિકારની હદ

**पणपन्नाउ परेण, जोणी पमिलाइ महिलियाणं च ।**
**पणहत्तरीय परओ, होइ अबीओ नरो पायं ॥ २९९ ॥**

**અર્થ :** પંચાવન વર્ષની ઉમ્મર થયા પછી પ્રાયે સ્ત્રીઓની યોનિ મ્લાન થાય છે, એટલે કરમાઇ જાય છે (રેતસ રહિત થાય છે, ગર્ભ ધારણ કરવા યોગ્ય રહેતી નથી.) તથા પુરૂષ પ્રાયે પંચોતેર વર્ષ પછી અબીજ (વીર્ય રહિત) થાય છે. (૨૯૯) (આ વર્ષોમાં પણ કાળે કરીને ઓછાપણું થતું આવે છે. આયુષ્ય ઘટતાં તે પણ ઘટે છે. આ પ્રમાણે સો વર્ષના આયુને અંગે જણાય છે.)

## (૧૮૯) ગર્ભાવાસનું દુઃખ

**सुइहिं अग्गिवण्णाहिं, समभिज्जइ जंतुणो ।**
**जावइयं गोयमा ! दुक्खं, गब्भे अट्ठगुणं तहा ॥ ३०० ॥**

**અર્થ :** તપાવીને અગ્નિના વર્ણ જેવી કરેલી સોયો વડે રૂંવાડે રૂંવાડે ભેદતાં જંતુને જેટલું દુઃખ થાય છે, તેના કરતાં આઠ ગણું દુઃખ ગર્ભમાં રહેલા જંતુને થાય છે. (૩૦૦) (જીવ આ દુઃખ અવ્યક્તપણે ભોગવે છે.)

## (૧૯૦) પ્રસવ વખતે થતું દુઃખ

**गब्भाओ निहरंतस्स, जोणीजंतणपीलणे ।**
**सयसाहस्सियं दुक्खं, कोडाकोडिगुणं तहा ॥ ३०१ ॥**

**અર્થ :** ગર્ભમાંથી નીકળતા જંતુને યોનિયંત્રમાં પીડા પામવાથી (પીલાવાથી) ગર્ભવાસ કરતાં લાખ ગણું અને કોટાકોટિ ગણું દુઃખ થાય છે. (૩૦૧) (આ દુઃખ પણ અવાચ્ય સ્થિતિમાં ભોગવે છે.)

## (૧૯૧) કોણિક અને ચેટક રાજાના યુદ્ધમાં હણાયેલા મનુષ્યોની સંખ્યા તથા ગતિ

**कोणियचेडयरण्णो, रणम्मि छन्नुवइलक्खमणुआणं ।**
**चमरिंदिणऽभिहया, बीयदिणे लक्खचुलसीइ ॥ ३०२ ॥**

**एगो सोहम्मसुरो, बीओ मणुओ महाविदेहम्मि ।**
**दससहस्सा मच्छगई, सेसा य नरयतिरिएसु ॥ ३०३ ॥**

**અર્થ :** ચમરેંદ્રે કોણિક અને ચેટક રાજાના યુદ્ધમાં પહેલે દિવસે છન્નું લાખ મનુષ્યો હણ્યા અને બીજે દિવસે ચોરાશી લાખ મનુષ્યો હણ્યા. તેમાંથી એક મનુષ્ય સૌધર્મ દેવલોકમાં દેવ થયો, બીજો એક મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય થયો, દશ હજાર મનુષ્યો મત્સ્યગતિને પામ્યા અને બાકીના મનુષ્યો નરક તથા તિર્યંચ ગતિને પામ્યા. (૩૦૨-૩૦૩)

## (૧૯૨) ચૌદ પૂર્વના નામ

उप्पायपुव्व १ मग्गायणी २ य,
वीरियाणं ३ च अत्थिनत्थी ४ च ।
णाणं ५ तह सच्चं ६ पूण,
आयप्पवाय ७ तहा कम्मं ८ ॥ ३०४ ॥

पच्चक्खाणं ९ विज्जा १०,
कल्लाणं ११ पाणवाय १२ बारसमं ।
किरियाविसालं १३ भणियं,
चउदसमं बिंदुसारं १४ च ॥ ३०५ ॥

**અર્થ :** ઉત્પાદ પૂર્વ ૧, અગ્રાયણી પૂર્વ ૨, વીર્યપ્રવાદ પૂર્વ ૩, અસ્તિનાસ્તિ પૂર્વ ૪, જ્ઞાનપ્રવાદ પૂર્વ ૫, સત્યપ્રવાદ પૂર્વ ૬, આત્મપ્રવાદ પૂર્વ ૭, કર્મપ્રવાદ પૂર્વ ૮, પ્રત્યાખ્યાનપ્રવાદ પૂર્વ ૯, વિદ્યાપ્રવાદ પૂર્વ ૧૦, કલ્યાણપ્રવાદ પૂર્વ ૧૧, પ્રાણવાય પૂર્વ બારમું ૧૨, ક્રિયાવિશાલ પૂર્વ તેરમું ૧૩ તથા ચૌદમું બિંદુસાર નામનું પૂર્વ ૧૪ - આ ચૌદ પૂર્વનાં નામ જાણવા. (૩૦૪-૩૦૫)

## (૧૯૩) સિદ્ધાંતના એક પદમાં કહેલી શ્લોકની સંખ્યા

एगवन्नकोडि लक्खा, अट्ठेव सहस्स चुलसी य ।
सयछक्कं नायव्वं, सड्ढाइगवीस समयम्मि ॥ ३०६ ॥

**અર્થ :** સિદ્ધાંતમાં એકાવન કરોડ, આઠ લાખ, ચોરાશી હજાર, છસો ને સાડી એકવીશ ૫૧૦૮૮૪૬૨૧।। શ્લોકોનું એક પદ કહેલું છે. (૩૦૬) (શ્રી અનુયોગદ્વાર સૂત્રની વૃત્તિમાં ૫૧૦૮૮૬૮૪૦।। શ્લોક એક પદમાં હોય એમ કહ્યું છે. ઈતિ સેનપ્રશ્ને. પ્રશ્ન ૮૨ આવા ૧૮૦૦૦ પદ આચારાંગના પ્રથમ હતા અને તેથી બમણા બમણા બીજા અંગોના હતા. ૧૧ અંગના મળીને ૩૬૮૪૬૦૦૦ પદો હતા. તેનો સંક્ષેપ શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે કરેલો છે.)

## (૧૯૪) મોક્ષગતિનો સરલ માર્ગ

**नाणेण जाणई भावे, दंसणेण य सद्दहे ।**
**आयरे य चरित्तेण, एओ सिद्धिपुरीपहो ॥ ३०७ ॥**

**અર્થ :** જ્ઞાન વડે પદાર્થોને જાણવા, દર્શન (સમકિત) વડે તેના પર શ્રદ્ધા કરવી અને ચારિત્ર (આચરણ-ક્રિયા) વડે તેને આચરવા, એ સિદ્ધિનગરીએ જવાનો સરલ માર્ગ છે. (૩૦૭)

## (૧૯૫) ગાથા (આર્યા) છંદનું લક્ષણ

**पढमो बारसमत्तो, बीओ अट्ठारमत्तसंजुत्तो ।**
**जह पढमो तह तइओ, पणरसविभूसिया गाहा ॥ ३०८ ॥**

**અર્થ :** પહેલા પાદમાં બાર માત્રા હોય, બીજું પાદ અઢાર માત્રાનું હોય, જેવું પહેલું પાદ તેવું જ બીજું પાદ (બાર માત્રાવાળું) હોય તથા ચોથું પાદ પન્નર માત્રાથી વિભૂષિત હોય - તે ગાથા છંદ કહેવાય છે. (૩૦૮)

**सव्वाए गाहाए, सत्तावन्नं हवंति मत्ताओ ।**
**पुव्वद्धए य तीसा, सत्तावीसा य अवरद्धे ॥ ३०९ ॥**

**અર્થ :** એક આખી ગાથામાં કુલ સત્તાવન માત્રાઓ હોય છે. તેમાં ગાથાના પૂર્વાધમાં (પહેલા અને બીજા પાદમાં મળીને) ત્રીશ માત્રા હોય છે, તથા પશ્ચાર્ધમાં (ત્રીજા અને ચોથા પાદમાં મળીને) સત્તાવીશ માત્રા હોય છે. (૩૦૯)

## (૧૯૬) ઉત્તરાધ્યયન સૂત્રના છત્રીશ અધ્યયનોનાં નામ

**विणय १ परीसह २ चउरंगी ३,**
**असंखयं ४ होइ काममरणं ५ च ।**
**खुड्डग ६ एलग ७ कपिला ८,**
**नमी ९ य दुमपत्तयं १० नेयं ॥ ३१० ॥**

एक्कारसमं बहुसुय ११,
हरिकेसी १२ त्तिसंभुयं सारं १३ ।
इसुआरी १४ चउदसमं,
भिक्खू १५ बंभं १६ जए भणियं ॥ ३११ ॥

पावसमण १७ तह संजइ १८,
मियपुत्त १९ अणाहि २० समुद्दपालिय २१ ।
रहनेमी २२ बावीसं,
केसीगोयम २३ डुपावयणं २४ ॥ ३१२ ॥

जयघोस २५ समायारी २६,
खलुंकियं २७ मुक्खमग्ग २८ सम्मत्तं २९ ।
तवमग्गे ३० चरणविही ३१,
*पमायज्झयण* ३२ बत्तीसं ॥ ३१३ ॥

कम्मपयडीओ ३३ लेसा ३४,
अणगार ३५ अजीवजीवविभत्ती ३६ ।
छत्तीस उत्तरज्झय-नामा एयस्स णं होइ ॥ ३१४ ॥

**અર્થ :** વિનય અધ્યયન ૧, પરીષહ અધ્યયન ૨, ચતુરંગી અધ્યયન ૩, અસંખ્ય[1] અધ્યયન ૪, અકામ સકામ મરણ વિભક્તિ અધ્યયન ૫, ક્ષુલ્લક અધ્યયન ૬, એલક[2] અધ્યયન ૭, કપિલ અધ્યયન ૮, નમિ અધ્યયન ૯, દ્રુમપત્ર અધ્યયન ૧૦, અગ્યારમું બહુશ્રુત અધ્યયન ૧૧, હરિકેશિ અધ્યયન ૧૨, ઉત્તમ એવું ચિત્રસંભૂતિ અધ્યયન ૧૩, ચૌદમું ઈષુકારી અધ્યયન ૧૪, ભિક્ષુ અધ્યયન ૧૫, બ્રહ્મચર્ય અધ્યયન ૧૬, પાપશ્રમણ અધ્યયન ૧૭ તથા સંજતિ (રાજાનું) અધ્યયન ૧૮, મૃગાપુત્ર અધ્યયન ૧૯, અનાથી અધ્યયન ૨૦, સમુદ્રપાલિત અધ્યયન ૨૧,

---

૧ પ્રમાદાપ્રમાદ (અસંસ્કૃત).

૨ ઔરભ્રિય.

બાવીશમું રથનેમિ અધ્યયન ૨૨, કેશી ગૌતમ અધ્યયન ૨૩, અષ્ટ પ્રવચન અધ્યયન ૨૪, જયઘોષ અધ્યયન ૨૫, સામાચારી અધ્યયન ૨૬, ખલુંકિય[1] અધ્યયન ૨૭, મોક્ષમાર્ગ અધ્યયન ૨૮, સમ્યક્ત્વ પરાક્રમ અધ્યયન ૨૯, તપોમાર્ગ અધ્યયન ૩૦, ચારિત્રવિધિ અધ્યયન ૩૧, બત્રીશમું પ્રમાદસ્થાનાધ્યયન ૩૨, કર્મપ્રકૃતિ અધ્યયન ૩૩, લેશ્યા અધ્યયન ૩૪, અણગાર માર્ગ અધ્યયન ૩૫ અને અજીવ જીવ વિભકિત અધ્યયન ૩૬ - આ પ્રમાણે ઉત્તરાધ્યયનનાં ૩૬ અધ્યયનોનાં છત્રીશ નામો છે. (૩૧૦-૩૧૪)

## (૧૯૭) જ્ઞાનની વૃદ્ધિ કરનારાં નક્ષત્રો

**मिगसिर १ अद्दा २ पुस्सो ३,**
**तिन्नि पुव्वाइं ६ मूल ७ मसलेसा ८ ।**
**गच्छो ९ चित्ता १० य तहा,**
**दस वुड्ढिकराइं नाणस्स ॥ ३१५ ॥**

**અર્થ :** મૃગશિર ૧, આર્દ્રા ૨, પુષ્ય ૩, ત્રણે પૂર્વા-પૂર્વાફાલ્ગુની ૪, પૂર્વાષાઢા ૫, પૂર્વાભાદ્રપદ ૬, મૂલ ૭, અશ્લેષા ૮, હસ્ત ૯ તથા ચિત્રા ૧૦ - આ દશ નક્ષત્રો જ્ઞાનની વૃદ્ધિ કરનારાં છે. એટલે કે આ દશ નક્ષત્રોમાં જ્ઞાન ભણવાનો આરંભ કરવો સારો છે. (૩૧૫)

## (૧૯૮) પીસ્તાલીશ આગમની કુલ ગાથા સંખ્યા

**पणयालीस आगम, सव्वगंथाण हुंति छ लक्खा ।**
**एगुणसट्ठिसहस्सा, तिन्नि सया चेव तीसा य ॥ ३१६ ॥**

**અર્થ :** (હાલમાં વર્તતા) પીસ્તાલીશ આગમની સર્વ શ્લોક સંખ્યા છ લાખ, ઓગણસાઠ હજાર, ત્રણસો ને ત્રીશ ૬૫૯૩૩૦ થાય છે. (૩૧૬) (આ હકીકત શ્રી જૈન પ્રબોધ ભાગ ૧લામાં બહુ જ વિસ્તારે કહેલી છે. ૪૫ આગમની મૂળની ગાથાસંખ્યા તથા નિર્યુક્તિ, ભાષ્ય,

---
૧ ગળીયો બળદ.

ચૂર્ણિ, ટીકા વિગેરેનું તમામ પ્રમાણ તેમાં આપ્યું છે. તેમાં બતાવ્યા મુજબ સર્વ સંખ્યા આ પ્રમાણે થાય છે. ઈચ્છુકે તે બુકમાં જોવું.)

## (૧૯૯) જ્ઞાન ભણવામાં અપ્રમાદપણું રાખવું

**जइ वि दिवसेण पयं, धरेइ पक्खेण वा सिलोगद्धं ।**
**उज्जोयं मा मुंचसु, जइ इच्छसि सिक्खिउं नाणं ॥ ३१७ ॥**

**અર્થ :** જો કદાચ એક દિવસમાં એક જ પદ (શબ્દ) ધારી શકાય (ભણી શકાય) અથવા એક પખવાડીયામાં અર્ધ શ્લોક જ ભણી શકાય, તો પણ જો જ્ઞાન શીખવાની ઈચ્છા હોય તો તે સંબંધી ઉદ્યમને મૂકીશ નહીં. (૩૧૭) (ઉદ્યમ ચાલુ રાખવાથી માસતુસ મુનિની જેમ ક્રમેક્રમે શક્તિ વધતી જાય છે, તેથી આ ઉપદેશ યોગ્ય છે.)

## (૨૦૦) નકારરૂપે ઉપદેશ

**पंथसमा नत्थि जरा, दरिद्दसमो अ पराभवो नत्थि ।**
**मरणसमं नत्थि भयं, खुहासमा वेयणा नत्थि ॥ ३१८ ॥**

**અર્થ :** નિરંતર મુસાફરી કરવી તેના જેવી બીજી કોઈ જરાવસ્થા નથી, દારિદ્રય જેવો બીજો કોઈ પરાભવ નથી, મરણ જેવો બીજો કોઈ ભય નથી અને ક્ષુધા સમાન બીજી કોઈ વેદના નથી. (૩૧૮)

**दयासमो न य धम्मो, अन्नसमं नत्थि उत्तमं दाणं ।**
**सच्चसमा न य कित्ती, सीलसमो नत्थि सिंगारो ॥ ३१९ ॥**

**અર્થ :** દયા સમાન બીજો કોઈ ધર્મ નથી, અન્ન જેવું બીજું કોઈ ઉત્તમ દાન નથી, સત્ય સમાન બીજી કોઈ કીર્તિ નથી અને શીલ જેવો બીજો કોઈ શણગાર નથી. (૩૧૯)

## (૨૦૧) આ ચાર પદાર્થ દુર્જય છે

**अक्खाण रसणी कम्माण-मोहणी तह वयाण बंभवयं ।**
**गुत्तीण य मणगुत्ती, चउरो दुक्खेहि जिप्पंति ॥ ३२० ॥**

**અર્થ :** પાંચે ઇંદ્રિયોમાં જિવ્હા ઇંદ્રિય, આઠે કર્મમાં મોહનીકર્મ, પાંચે વ્રતોમાં બ્રહ્મવ્રત અને ત્રણે ગુપ્તિમાં મનગુપ્તિ - આ ચારે દુઃખે જીતાય તેવાં છે. (૩૨૦)

## (૨૦૨) પાંચ સમિતિનું પાલન

**इरिएसण १ भासाए २, एसणाए ३ तहा मुणी ।**
**आयाणे ४ परिठ्ठवणे ५, हवइ जस्स महोमया[१] ॥ ३२१ ॥**

**અર્થ :** ઇર્યા સમિતિ ૧, ભાષા સમિતિ ૨, એષણા સમિતિ ૩, આદાન નિક્ષેપણા સમિતિ ૪ અને પારિષ્ઠાપનિકા સમિતિ ૫ - આ પાંચ સમિતિ જેને હોય તે મહા મુનિ કહેવાય છે. (૩૨૧)

## (૨૦૩) નકારમાં ઉપદેશ

**मुत्तिसमं नत्थि सुहं, नरयसमाणं दुहं महं नत्थि ।**
**बंभसमं नत्थि वयं, सज्झायसमो तवो नत्थि ॥ ३२२ ॥**

**અર્થ :** મુક્તિ (નિર્લોભતા-સંતોષ) સમાન કોઇ સુખ નથી, નરક સમાન બીજું કોઇ મોટું દુઃખ નથી, બ્રહ્મચર્ય સમાન બીજું કોઇ વ્રત નથી અને સ્વાધ્યાય સમાન બીજો કોઇ તપ નથી. (૩૨૨)

## (૨૦૪) પાંચ કારણ વડે જ કાર્ય બને એવી માન્યતા સમકિતીને હોય

**कालो१ सहाव२ नियई३, पुव्वकयं४ पुरिसकारणे५ पंच ।**
**समवाए सम्मत्तं, एगंते होइ मिच्छत्तं ॥ ३२३ ॥**

**અર્થ :** કાળ ૧, સ્વભાવ ૨, નિયતિ (ભવિતવ્યતા) ૩, પૂર્વકૃત (કર્મ) ૪ અને પુરૂષકાર (ઉદ્યમ) ૫ - આ પાંચે કારણોનો સમૂહ દરેક કાર્યપરત્વે જે માનતો હોય તેને જ સમકિત હોય છે, અને જે આ પાંચમાંથી કોઇપણ એકને જ કારણરૂપે માનતો હોય તે અવશ્ય મિથ્યાત્વી છે એમ જાણવું. (૩૨૩)

---

૧ महामया પ્રત્યંતર

## (૨૦૫) પાંચે ઇંદ્રિયોની અનર્થતા

फासिंदी १ रसणिंदी २,
घाणिंदी ३ चक्खुणिंदी ४ य सोयं ५ ।
एयाणि इक्किक्कं, जीवं पाडेइ संसारे ॥ ३२४ ॥

**અર્થ :** સ્પર્શનેંદ્રિય (શરીરની ચામડી) ૧, રસનેંદ્રિય (જિવ્હા) ૨, ઘ્રાણેંદ્રિય (નાસિકા) ૩, ચક્ષુરિંદ્રિય (નેત્ર) ૪ અને શ્રોત્રેંદ્રિય (કાન) ૫ - આ પાંચમાંથી એક એક ઇંદ્રિય પણ (છુટી મૂકી હોય તો) જીવને સંસારમાં પાડે છે. (૩૨૪)

## (૨૦૬) પાંચે પ્રમાદની અનર્થતા

मज्जं १ विसय २ कसाया ३,
निद्दा ४ विगहा ५ य पंचमी भणिया ।
एए पंच पमाया, जीवं पाडेइ संसारे ॥ ३२५ ॥

**અર્થ :** મદ્ય ૧, વિષય ૨, કષાય ૩, નિદ્રા ૪ અને પાંચમી વિકથા ૫ - આ પાંચે પ્રમાદ જીવને સંસારમાં પાડે છે. (૩૨૫)

## (૨૦૭) ધર્માદિક નહીં માનનારને કરવા યોગ્ય શિક્ષા

जो भणइ नत्थि धम्मो, न सामइयं न चेव य वयाइं ।
सो समणसंघबज्झो, कायव्वो समणसंघेहिं ॥ ३२६ ॥

**અર્થ :** જે કોઇ મનુષ્ય કહે કે હાલમાં ધર્મ નથી, સામાયિક નથી અને વ્રતો પણ નથી, તે મનુષ્યને સકળસંઘે મળી સકળસંઘ બહાર કરવો. (૩૨૬)

## (૨૦૮) ભયના સાત સ્થાન

इहलोय १ परलोयं २,
आदाण ३ आजीवियं ४ तह सहसा ५ ।
अकित्तीभय६ मरणं७, एए सत्त भयट्ठाणा ॥ ३२७ ॥

**અર્થ :** આલોક ભય ૧, પરલોક ભય ૨, આદાન ભય ૩, આજીવિકા ભય ૪ તથા સહસાત્કાર ભય ૫, અપજસભય ૬ અને મરણ ભય ૭ - આ સાત ભયનાં સ્થાનો છે. એટલે જીવોને આ સાત પ્રકારના ભયનો સંભવ છે. (૩૨૭)

## (૨૦૯) સાધુની સાત માંડલી

**सुत्ते१ अत्थे२ भोयण३, काले४ आवस्सए५ य सज्झाए६ ।
संथारए७ वि य तहा, सत्त इमा मंडली हुंति ॥ ३२८ ॥**

**અર્થ :** સૂત્ર મંડલી ૧, અર્થ મંડલી ૨, ભોજન મંડલી ૩, કાળ મંડલી (પડિલેહણ મંડલી) ૪, આવશ્યક મંડલી (પ્રતિક્રમણ મંડલી) ૫, સ્વાધ્યાય મંડલી ૬ અને સંથારા-પોરસી મંડલી ૭ - સાધુઓને આ સાત પ્રકારની મંડલી હોય છે. (૩૨૮) (અર્થાત્ આ સાત કાર્ય મુનિઓ મળીને કરે છે - મળીને કરવા યોગ્ય છે.)

## (૨૧૦) આઠ અભવ્યનાં નામ

**संगमय१ कालसूरी२, कविला३ अंगार४ पालिया५ दुन्नि६ ।
नोजीव७ सत्तमो विय, उदाइघायओ८ अ अट्ठमओ ॥ ३२९ ॥**

**અર્થ :** સંગમક દેવ ૧, કાળ નામનો કસાઇ ૨, કપિલા દાસી ૩, અંગારમર્દક આચાર્ય ૪, બે પાલક[1] ૬, નોજીવનું સ્થાપન કરનાર (રોહગુપ્ત) ૭ તથા આઠમો ઉદાયી રાજાનો ઘાત કરનાર (વિનયરત્ન નામનો સાધુ) ૮ - આ આઠ અભવ્ય કહ્યા છે. (અહીં નોજીવની સ્થાપના કરનારને અભવ્ય કહ્યો છે, પણ અન્ય ગ્રંથમાં સાત અભવ્ય કહેલા છે. એટલે કે નોજીવના સ્થાપકને અભવ્યમાં ગણ્યો નથી.) વળી કોઇ ગ્રંથમાં નવ પણ કહ્યા છે. તેમાં 'नोजीव गुट्ठमाहिल' (નોજીવ સ્થાપક તથા ગોષ્ઠામાહિલ) એવો પાઠ લખી ગોષ્ઠામાહિલને નવમો ગણ્યો છે. પરંતુ સાત અભવ્ય કહેવા ઠીક લાગે છે. કેમકે નોજીવ સ્થાપક અને

---

૧ એક પાંચશેં મુનિને પીલનાર અને બીજો કૃષ્ણપુત્ર પાલક નામે હતો તે.

ગોષ્ઠામાહિલને તો નિહ્નવો કહ્યા છે એટલે કે તેઓ સમકિતથી ભ્રષ્ટ થઈ મિથ્યાત્વમાં ગયા છે. તેથી તેઓ અભવ્ય હોવાનો સંભવ નથી. (૩૨૯)

## (૨૧૧) અષ્ટમંગળનાં નામ

**दप्पण १ भद्दासण २,**
**वद्धमाण ३ सिरिवच्छ ४ मच्छ ५ कलसा ६ य ।**
**सत्थिय ७ नंदावत्ता ८, लिहिया अट्ठ मंगलया ॥ ३३० ॥**

અર્થ : દર્પણ (અરિસો) ૧, ભદ્રાસન ૨, વર્ધમાન (ડાબલો)[1] ૩, શ્રીવત્સ ૪, મત્સ્ય યુગલ ૫, કળશ ૬, સ્વસ્તિક ૭ અને નંદાવર્ત ૮ - એ આઠ મંગળ કહેલા છે. (૩૩૦)

## (૨૧૨) શ્રાવકનું કર્તવ્ય

**अनियाणुदारमणओ, हरिसवसविसप्पकंचुअकरालो ।**
**पूएइ वीयरायं, साहम्मीसाहुभत्ती य ॥ ३३१ ॥**

અર્થ : શ્રાવક નિયાણા રહિત, ઉદાર મન અને હર્ષના વશથી વિકસ્વર થયેલા રોમાંચ કંચુકવાળા થઈને વીતરાગની પૂજા કરે અને સાધર્મિક તથા સાધુની ભક્તિ કરે. (૩૩૧)

## (૨૧૩) શ્રાવકના દ્રવ્યનો સદુપયોગ

**नियदव्वमउव्वजिणंद-भवणजिणबिंबवरपइट्ठासु ।**
**वावइ पसत्थपुत्थे, सुतित्थतित्थयरजत्तासु ॥ ३३२ ॥**

અર્થ : શ્રાવકે પોતાનું દ્રવ્ય અપૂર્વ (નવીન) જિનભવન, જિનબિંબ, તેમની શ્રેષ્ઠ પ્રતિષ્ઠા કરવી, પ્રશસ્ત પુસ્તક (આગમ વિગેરે) લખાવવાં, સુતીર્થો અને તીર્થંકરની યાત્રા કરવી - આ સર્વ સ્થાને વાપરવું યોગ્ય છે. (૩૩૨)

---

૧ એનું બીજું નામ સુપ્રતિષ્ઠક છે.

## (૨૧૪) દશ પ્રકારના પુણ્યક્ષેત્રનાં નામ

**जिणभवण१ बिंब२ पुत्थय३, संघसरूवाइ७सत्त खित्ताइं ।**
**दीणोद्धारण८ पोसह-साला९ साहारणं१० दसहा ॥ ३३३ ॥**

**અર્થ :** જિનભવન ૧, જિનબિંબ ૨, પુસ્તક ૩, ચાર પ્રકારનો સંઘ[1] ૭ તે સ્વરૂપવાળા સાત ક્ષેત્રો કહ્યાં છે. તદુપરાંત દીનજનનો ઉદ્ધાર, પોષધશાળા અને સાધારણ એ ત્રણ ક્ષેત્ર ભેળવવાથી દશ પ્રકારના (ઉત્તમ) ક્ષેત્ર કહેવાય છે. (૩૩૩)

## (૨૧૫) વર્જવા યોગ્ય નવ નિયાણાં

**निवं१ धण२ नारी३ नर४ सुर५,**
**अप्पप्पवियार६ अप्पवियारत्तं७ ।**
**सङ्ढत्तं८ दिद्दत्तं९, वज्जए नव नियाणाइं ॥ ३३४ ॥**

**અર્થ :** રાજા થાઉં ૧, ધનવાન થાઉં ૨, સ્ત્રી થાઉં ૩, પુરૂષ થાઉં ૪, દેવ થાઉં ૫, જે દેવલોકમાં પોતાને શરીરે જ પ્રવિચાર-મૈથુન કરાય છે એવા દેવલોકમાં ઉત્પન્ન થાઉં ૬, જે દેવલોકમાં બિલકુલ પ્રવિચાર-મૈથુન નથી ત્યાં ઉત્પન્ન થાઉં ૭, શ્રાવકના કુળમાં ઉત્પન્ન થાઉં[2] ૮ અને દરિદ્ર થાઉં ૯ - આ નવ નિયાણાં ભવ્યપ્રાણીએ વર્જવા લાયક છે. (૩૩૪)

## (૨૧૬) દશ પ્રકારના કલ્પવૃક્ષ

**गिह१ जोइ२ भूसणंगा३,**
**भोयण४ भायण५ तहेव वत्थंगा६ ।**
**चित्तरसा[3]७ तुडियंगा८,**
**कुसुमंगा९ दीवयंगा१० य ॥ ३३५ ॥**

---

૧ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા.

૨ શ્રાવક થવાનું ધારે તેમાં મુનિપણાની અરૂચિ હોવાથી નિયાણું ગણ્યું છે. તેને આગામી ભવે મુનિપણું પ્રાપ્ત થતું નથી.

૩ આનું મદ્યાંગ એવું પણ નામ છે.

**અર્થ :** ગૃહાંગ ૧, જ્યોતિષાંગ ૨, ભૂષણાંગ ૩, ભોજનાંગ ૪, ભાજનાંગ ૫ તથા વસ્ત્રાંગ ૬, ચિત્રરસાંગ ૭, ત્રુટિતાંગ ૮, કુસુમાંગ ૯ અને દીપકાંગ ૧૦ - આ દશ પ્રકારના કલ્પવૃક્ષો પોતાના નામ સદૃશ વસ્તુ (ગૃહ, જ્યોતિ, ભૂષણ, ભોજન, ભાજન, વસ્ત્ર, વિચિત્ર પાન[1], વાજીંત્ર, કુસુમ ને દીપ)ને આપનાર હોય છે. (૩૩૫)

## (૨૧૭) અરિહંતાદિક દશની વૈયાવચ્ચ

**अरिहंत१ सिद्ध२ चेइय३,**
**सुए४ य धम्मे५ य साहु६ सूरीओ७ ।**
**कुल८ गण९ संघे१० य तहा,**
**वेयावच्चं भवे दसहा ॥ ३३६ ॥**

**અર્થ :** અરિહંત ૧, સિદ્ધ ૨, ચૈત્ય ૩, શ્રુત (આગમ) ૪, ધર્મ ૫, સાધુ ૬, સૂરિ (આચાર્ય) ૭, કુળ ૮, ગણ ૯ અને સંઘ ૧૦ - એ દશની વૈયાવચ્ચ કરવી તે દશ પ્રકારની વૈયાવચ્ચ કહેવાય છે. (૩૩૬)

## (૨૧૮) બ્રહ્મચર્યની નવ વાડ

**वसही१ कह२ निसिज्जि३ दिय४,**
**कुड्डिंतर५ पुव्वकीलिए६ पणिए७ ।**
**अइमोयाहार८ विभूसणा९ य,**
**नव बंभचेरगुत्तीओ ॥ ३३७ ॥**

**અર્થ :** વસતિ - એક ઉપાશ્રયમાં સ્ત્રી સાથે રહેવું નહીં ૧, સ્ત્રીની સાથે અથવા સ્ત્રી સંબંધી કથા કરવી નહીં ૨, સ્ત્રીની સાથે એક આસને બેસવું નહીં તથા જ્યાં સ્ત્રી બેઠી હોય તે આસને પણ બે ઘડી સુધી બેસવું નહીં ૩, સ્ત્રીની ઇંદ્રિયો (અંગોપાંગ) જોવી નહીં - અજાણતાં જોવાઇ જાય તો તરત દૃષ્ટિ પાછી ખેંચી લેવી ૪, સ્ત્રીના અને પોતાના વાસની (શયનની) વચ્ચે માત્ર ભીંતજ હોય તેવે સ્થાને વસવું નહીં ૫, વ્રત લીધા

૧ પીવાના પદાર્થ.

પહેલાં જે સ્ત્રી સાથે ક્રીડા કરી હોય તેનું સ્મરણ કરવું નહીં ૬, પ્રણીત-ઘી વિગેરેના રસવાળું ભોજન કરવું નહીં ૭, અતિમાત્ર-અધિક આહાર કરવો નહીં ૮ અને શરીરની વિભૂષા કરવી નહીં ૯ - આ નવ બ્રહ્મચર્યની ગુપ્તિ (વાડ) કહેલી છે. (૩૩૭) (વાડ જેમ ક્ષેત્રનું રક્ષણ કરે છે તેમ આ નવ પ્રકારની વાડ બ્રહ્મચર્યનું રક્ષણ કરે છે, જેઓ આ વાડ તોડે છે તેઓ દોષપાત્ર થાય છે.)

## (૨૧૯) ચોથા વ્રતના ભંગનું પ્રાયશ્ચિત

**गुरुणो जावजीवं, बारस वासाणि हुंति उवज्झाया ।**
**एगं वरिसं साहुं, छम्मासं साहुणी भणिया ॥ ३३८ ॥**

**અર્થ :** ગુરૂને-આચાર્યને જાવજીવ, ઉપાધ્યાયને બાર વર્ષ, સાધુને એક વર્ષ અને સાધ્વીને છ માસનું પ્રાયશ્ચિત ચોથા વ્રતના ભંગમાં કહેલું છે. (૩૩૮) (આ પ્રાયશ્ચિત આચાર્ય ઉપાધ્યાય માટે ફરીને તે પદની પ્રાપ્તિ માટે છે અને સાધુ સાધ્વી માટે દીક્ષાપર્યાયના છેદરૂપ કહેલું છે.)

## (૨૨૦) મુનિમહારાજની બાર પ્રતિમાઓ

**मासाई सत्तंता७, पढम८ बीय९ तीय१० सत्तरायदिणा ।**
**अहराइ११ एगराई१२, भिक्खुपडिमाओ बारसगं ॥ ३३९ ॥**

**અર્થ :** સાત પર્યંત માસાદિકની પ્રતિમા છે એટલે કે પહેલી પ્રતિમા એક માસની ૧, બીજી બે માસની ૨, ત્રીજી ત્રણ માસની ૩, ચોથી ચાર માસની ૪, પાંચમી પાંચ માસની ૫, છઠ્ઠી છ માસની અને સાતમી સાત માસની ૭. ત્યારપછી પહેલી, બીજી ને ત્રીજી સાત સાત અહોરાત્રિની એટલે આઠમી સાત રાત્રિ દિવસની ૮, નવમી સાત રાત્રિદિવસની ૯ અને દશમી પણ સાત રાત્રિ દિવસની ૧૦. ત્યારપછી અગ્યારમી એક અહોરાત્રિની ૧૧ તથા છેલ્લી બારમી એક રાત્રિની ૧૨ - આ રીતે મુનિરાજની બાર પ્રતિમાઓ કહેલી છે. (૩૩૯)

## (૨૨૧) બાર પ્રકારનો તપ

अणसण१ मूणोयरिया२, वित्तीसंखेवणं३ रसच्चाओ४ ।
कायकिलेसो५ सली-णया६ य बज्झो तवो होइ ॥ ३४० ॥

पायच्छित्तं१ विणओ२, वेयावच्चं३ तहेव सज्झाओ४ ।
झाणं५ उस्सग्गो६ वि य, निज्जर एवं दुवालसहा ॥ ३४१ ॥

**અર્થ :** અનશન (ઉપવાસાદિક) ૧, ઊનોદરી ૨, વૃત્તિસંક્ષેપ ૩, રસત્યાગ (વિગયત્યાગ) ૪, લોચાદિક કાયનો ક્લેશ ૫ અને સંલીનતા અંગોપાંગનો સંકોચ ૬ - આ છ પ્રકારનો બાહ્ય તપ કહ્યો છે. તથા પ્રાયશ્ચિત્ત ૧, વિનય ૨, વૈયાવચ્ચ ૩ તથા સ્વાધ્યાય ૪, શુભ ધ્યાન ૫ અને ઉત્સર્ગ - કાયોત્સર્ગ ૬ - આ છ પ્રકારનો અભ્યંતર તપ કહેલો છે. કુલ બાર પ્રકારનો આ તપ કર્મોની નિર્જરા માટે કહેલો છે - (અહીં બીજી ગાથાનું ચોથું પાદ ઘણે સ્થળે - "अब्भितरिओ तवो होइ - આ છ પ્રકારનો અભ્યંતર તપ કહેલો છે." આ પ્રમાણે પણ જોવામાં આવે છે. એકંદર બન્ને પાઠના તાત્પર્યમાં તફાવત નથી.) (૩૪૦-૩૪૧)

## (૨૨૨) બાર ભાવનાઓ

पढमं अणिच्च१ मसरणं२, भवो३ एगत्त४ अन्नया५ असुई६ ।
आसवविही७ संवरो८, कम्मनिज्जरा९ चेव ॥ ३४२ ॥

धम्म सक्खाइया१० लोओ११, बोही य खलु दुल्लहा१२ ।
भावणाओ मुणी निच्चं, चिंतइज्ज दुवालसं ॥ ३४३ ॥

**અર્થ :** પહેલી અનિત્ય ભાવના ૧, અશરણ ભાવના ૨, ભવ (સંસાર) ભાવના ૩, એકત્વ ભાવના ૪, અન્યત્વ ભાવના ૫, અશુચિ ભાવના ૬, આશ્રવ ભાવના ૭, સંવર ભાવના ૮, કર્મનિર્જરા ભાવના ૯, ધર્મ સ્વાખ્યાતતા (ધર્મમાં જિનેશ્વરે જે કહ્યું છે તે સત્ય જ કહ્યું છે એવી) ભાવના ૧૦, લોક સ્વરૂપ ભાવના ૧૧ તથા બોધિ (સમકિત)

અતિ દુર્લભ છે એવી ભાવના ૧૨ - આ બાર ભાવનાઓ મુનિઓએ નિરંતર ભાવવી જોઈએ. (૩૪૨-૩૪૩)

## (૨૨૩) તેર પ્રકારની અશુભ ક્રિયા

**अट्ठा १ णट्ठा २ हिंसा ३,**
**कम्मा ४ दिट्ठी ५ य मोस ६ दिन्ने ७ य ।**
**मिच्छत्तं ८ माण ९ मित्तं १०,**
**माया ११ लोभे १२ रियावहिया १३ ॥ ३४४ ॥**

**અર્થ :** અર્થક્રિયા ૧, અનર્થક્રિયા ૨, હિંસાક્રિયા ૩, કર્મક્રિયા ૪, દષ્ટિવિપર્યાસક્રિયા ૫, મૃષાવાદક્રિયા ૬, અદત્તાદાનક્રિયા ૭, મિથ્યાત્વક્રિયા ૮, માનક્રિયા ૯, મિત્રક્રિયા ૧૦, માયાક્રિયા ૧૧, લોભક્રિયા ૧૨ તથા ઈર્યાપથિકીક્રિયા ૧૩ - આ તેર ક્રિયાઓ પ્રાણીને નિરંતર લાગે તેવી છે. (૩૪૪)

## (૨૨૪) વિષયાંધ સ્ત્રીઓની દુષ્ટતાનું પરિણામ

**भज्जा वि इंदियविगार-दोसनडिया करेइ पइपावं ।**
**जह सो पएसी राया, सूरीकंताए तह वहिओ ॥ ३४५ ॥**

**અર્થ :** ભાર્યા પણ જો ઇંદ્રિયોના વિકારના દોષથી ઉન્મત્ત થઈ હોય તો તે પોતાના પતિને પણ મારી નાંખવાનું પાપ કરે છે. જેમ પ્રદેશી રાજાનો તેની ભાર્યા સૂર્યકાંતાએ વધ કર્યો હતો તેમ. (૩૪૫)

## (૨૨૫) પ્રદેશી રાજાએ કેશી ગણધરને કરેલા દશ પ્રશ્નો

**अज्जय १ अज्जीय २ कुंभी ३,**
**किमी ४ सरं ५ भार ६ खंड ७ दरिसे ८ य ।**
**कुंथु ९ य परंपरागय १०,**
**ए दस पुच्छा सवागरणा ॥ ३४६ ॥**

**અર્થ :** પ્રદેશી રાજાએ વ્યાકરણ-વ્યાખ્યા સહિત આ દશ પ્રશ્નો કેશી ગણધરને પૂછ્યા હતા - આર્યક (દાદો) ૧, આર્યિકા (દાદી) ૨,

કુંભી ૩, કૃમિ (કીડા) ૪, શર (બાણ) ૫, ભાર (તોલ) ૬, ખંડ ૭, દર્શન ૮, કુંથુ ૯, પરંપરાગત ધર્મ ૧૦. (૩૪૬)

## પ્રદેશી રાજાને કેશી ગણધરે આપેલા ઉત્તર

**सदारहत्था १ खालिय २,**
**साली ३ अगणी य ४ कोलमकवाडी ५ ।**
**दिय ६ कट्ठं ७ वाय ८ दीवो ९,**
**अइभारोवाह १० पडिवयणं ॥ ३४७ ॥**

**અર્થ :** પોતાની સ્ત્રીનો જાર ૧, અપવિત્ર સ્થાન ૨, કૂટાકારશાલા ૩, લોઢાના ગોળામાં અગ્નિ ૪, કોમળ (જીર્ણ) ધનુષ્ય ૫, ચામડાની મસક ૬, અરણિનું કાષ્ઠ ૭, વાયુ ૮, દીપક ૯ અને લોઢાના ભારને વહન કરનાર ૧૦ - આ ઉત્તર. (૩૪૭)

## વિવેચન સહિત પ્રશ્નોત્તર

અહીં નીચેની વ્યાખ્યા પ્રમાણે પ્રદેશી રાજાએ પ્રશ્ન પૂછ્યા, તેના ઉત્તર કેશીકુમાર ગણધરે દષ્ટાંત સહિત આપ્યા તે આ પ્રમાણે -

**પ્રશ્ન ૧ :** તમારા મત પ્રમાણે મારા દાદા અધર્મી હતા તે નરકે જવા જોઈએ. જો તે નરકે ગયા હોય તો મારા પર તેની ઘણી પ્રીતિ હતી. તેથી મને આવીને પાપ કરવાનો નિષેધ કેમ ન કરે ?

**ઉત્તર ૧ :** તમારી પોતાની રાણીને કદાચ કોઈ જાર પુરૂષ સાથે દુરાચાર કરતી તમે જોઈ હોય, તો તમે તે જાર પુરૂષને તરત જ કેદ કરી દેહાંતદંડની શિક્ષા કરો. તે વખત તે કદાચ પોતાના પ્રિય કુટુંબને આવું નિંદ્ય કર્મ ન કરવા બાબત ઉપદેશ આપવા જવાને ઈચ્છે તો તમે તેને જવાની રજા આપો ખરા ? ન જ આપો, તે જ પ્રમાણે નારકીના જીવો પરાધીન હોવાથી ઈચ્છતા હોય તો પણ અહીં આવી શકતા નથી.

**પ્રશ્ન ૨ :** મારી દાદી જૈનધર્મી હતી. તે તમારા મત પ્રમાણે સ્વર્ગે જવા જોઈએ. તેને હું અત્યંત વલ્લભ હતો તેથી તે અહીં આવીને મને ધર્મમાર્ગે કેમ ન પ્રવર્તાવે ?

**ઉત્તર ૨ :** હે રાજા ! તમે પોતે સ્નાન કરી સર્વ શૃંગાર સજી દેવપૂજા કરવા જતા હો અથવા અશ્વાદિકપર આરૂઢ થઇ ફરવા જતા હો, તે વખતે તમને કોઇ પોતાના અશુચિસ્થાનમાં આવવા કહે અથવા અશુચિ (વિષ્ઠા)ની કોટડીમાં થોડીવાર બેસવાનું કે સુવાનું કહે, તો તમે તેમ કરો ખરા ? ના, અશુચિમાં ન જ જાઓ. તેમ સ્વર્ગમાં દિવ્ય શરીરને ધારણ કરનારા દેવો અશુચિના સ્થાન સમાન આ મનુષ્યલોકમાં આવે નહીં.

**પ્રશ્ન ૩ :** એક ચોરને મેં લોઢાની કુંભીમાં નાંખ્યો હતો. તે કુંભી મજબૂત રીતે બંધ કરી હતી. વાયુનો પ્રચાર પણ તેમાં થતો નહીં. કેટલેક કાળે તે કુંભી જોઇ તો તેમાં રહેલો ચોર જીવ રહિત હતો. તેથી જો જીવ ગયો હોય તો કુંભીને છિદ્ર પડ્યા સિવાય તેમાં રહેલો જીવ બહાર શી રીતે નીકળ્યો ?

**ઉત્તર ૩ :** એક શિખરના આકારની શાલા (ગૃહ) સર્વ દિશાએથી વાયુ પણ સંચાર કરી શકે નહીં તેવી ગુપ્ત હોય, તેમાં રહીને કોઇ શંખ કે ભેરી વિગેરે વગાડે તો તે શાળામાં કોઇ પણ ઠેકાણે છિદ્ર પડ્યા વિના તેનો શબ્દ બહાર આવે છે તેમ જીવ પણ છિદ્ર પાડ્યા વિના બહાર નીકળી શકે છે.

**પ્રશ્ન ૪ :** એક ચોરને જીવ રહિત કરી તેનું શબ ઉપર કહેલી કુંભીમાં નાંખ્યું. કેટલેક કાળે તે કુંભી જોઇ તો તે શબમાં ઘણા કીડા પડેલા હતા, તો છિદ્ર રહિત તે કુંભીમાં જીવો શી રીતે પેઠા ?

**ઉત્તર ૪ :** એક લોઢાનો ગોળો અગ્નિમાં નાંખી અગ્નિવર્ણવાળો કર્યો. તે ગોળાને છિદ્ર નહીં છતાં તેને ભેદીને તેની અંદર અગ્નિ જેમ પ્રવેશ કરે છે, તે જ પ્રમાણે છિદ્ર પાડ્યા વિના જીવ પર્વતાદિકને પણ ભેદી અંદર જઇ શકે છે.

**પ્રશ્ન ૫ :** એક યુવાવસ્થાવાળો, નીરોગી, બળવાન અને કલા-નિપુણ પુરૂષ હાથમાં ધનુષ્ય લઇ એક તીર વડે એકી સાથે પાંચ તવાને વીંધી નાંખે છે; તે જ પુરૂષ બાલ્યાવસ્થામાં હતો તે વખતે તેવી રીતે તીર ફેંકી શકતો નહોતો. તેથી શરીર અને જીવ જુદા છે એમ શી રીતે માની શકાય ?

**ઉત્તર ૫ :** ઉપર કહેલો જ યુવાન કળાનિપુણ પુરૂષ જીર્ણ ધનુષ્ય, જીર્ણ જીવા અને જીર્ણ બાણ ગ્રહણ કરી એક બાણ વડે એકી સાથે પાંચ

તવાને વીંધી શકે ? ન જ વીંધે. કેમ કે તેને તેવા પ્રકારની સામગ્રીનો અભાવ છે. એ જ રીતે બાલ્યાવસ્થામાં પણ તે જ પુરૂષને કળા ગ્રહણ, શરીર શક્તિ વિગેરે સામગ્રીનો અભાવ હોવાથી તે રીતે વીંધી શકતો નથી.

**પ્રશ્ન ૬ :** એક ચોરને જીવતો તોળી પછી તરત તેને મારી નાંખીને જોખ્યો, તો પણ તેનો સરખો જ તોલ થયો. જો જુદો જીવ હોય તો જીવ સહિત હતો ત્યારે તેનું વજન વધારે અને જીવ રહિત થયો ત્યારે તેનું વજન ઓછું થવું જોઈએ, પણ તેમ થયું નહીં. તેથી જીવ અને શરીર જુદા શી રીતે સમજવા ?

**ઉત્તર ૬ :** એક ચામડાની મસક ખાલી હોય તેને પ્રથમ તોળીએ અને પછી તેમાં વાયુ ભરી તેનું મુખ બંધ કરીને તોળીએ તો પણ વાયુના ભાગનું વજન તેમાં વધતું નથી, સરખું જ થાય છે. તેમ જીવનું વજન વધી શકતું નથી એમ સમજવું.

**પ્રશ્ન ૭ :** જીવ જોવાને માટે એક ચોરના બે ભાગ કર્યા, ચાર ભાગ કર્યા, આઠ ભાગ કર્યા, એમ અનુક્રમે ખંડન કરતાં કરતાં તલતલ જેવડા કકડા કર્યા તો પણ તેમાં જીવ દેખાયો નહીં, માટે તેમાં જીવ હતો તો કેમ નીકળ્યો નહીં ?

**ઉત્તર ૭ :** અરણિના કાષ્ઠમાં અગ્નિ રહેલો છે છતાં તેના તલતલ જેવડા કકડા કરીએ તો પણ તેમાં કોઈ ઠેકાણે અગ્નિ દેખાતો નથી, પણ તેના બે કકડા ઘસવાથી અગ્નિ ઉત્પન્ન થાય છે, તેમ શરીરમાં રહેલો જીવ શરીરના કકડા કરવાથી દેખી શકાતો નથી, પણ તેના ઉપયોગથી જ જાણી શકાય છે.

**પ્રશ્ન ૮ :** જો જીવ શરીરથી ભિન્ન હોય તો તે નીકળતો કે પેસતો કેમ દેખી શકાતો નથી ?

**ઉત્તર ૮ :** વાયુ રૂપી છે તો પણ તે દેખી શકાતો નથી, પરંતુ તે વૃક્ષોને કંપાવે છે વિગેરે તેના કાર્ય ઉપરથી વાયુ છે એમ જાણી શકાય છે, તેમ જીવ અરૂપી હોવાથી દેખી શકાતો નથી, પરંતુ તેના કાર્ય ઉપરથી જીવ છે એમ જાણી શકાય છે.

**પ્રશ્ન ૯ :** જો શરીર અને જીવ બન્ને જુદા છે તો હાથી મરીને કુંથુ થાય અને કુંથુ મરીને હાથી થાય, તે વખતે હાથીનો મોટો જીવ કુંથુના નાના શરીરમાં શી રીતે સમાય ? અને કુંથુનો ઝીણો જીવ હાથીના મોટા શરીરમાં કયે ઠેકાણે રહે ?

**ઉત્તર ૯ :** કુંથુ કે હાથી વિગેરે સર્વ જીવોના અસંખ્યાતા પ્રદેશો છે અને તે જેવડું શરીર હોય તેવડા શરીરમાં તે સર્વત્ર વ્યાપીને રહે છે. એવો તેનો સ્વભાવ છે. જેમ એક દીવો છે, તેને મોટા ઓરડામાં રાખીએ તો તેનો પ્રકાશ આખા ઓરડામાં વ્યાપી જાય છે, નાની ઓરડીમાં રાખીએ તો તેટલામાં જ વ્યાપીને રહે છે, એ જ રીતે તે દીવાને તપેલા, તપેલી, કુંડા, કુંડી વિગેરે વડે ઢાંકીએ તો તેટલા જ ભાગમાં તેનો પ્રકાશ વ્યાપીને રહે છે, એટલે કે તે તે ભાજનોના પોલાણમાં જ વ્યાપીને રહે છે, તેથી ન્યૂનાધિક વિભાગમાં વ્યાપતો નથી; તે જ રીતે જીવ પણ જેવડું શરીર હોય તેવડા શરીરમાં વ્યાપીને રહે છે.

**પ્રશ્ન ૧૦ :** આપના કહેવાથી શરીર અને જીવ જુદા છે એમ મેં જાણ્યું, પરંતુ મારા પિતા, પિતામહ વિગેરેની પરંપરાથી ચાલતા આવેલા ધર્મનો મારે ત્યાગ શી રીતે કરવો ?

**ઉત્તર ૧૦ :** હે પ્રદેશી રાજા ! પરંપરાગત ધર્મને જ ઝાલી રાખવાથી લોહના ભારને વહન કરનારાની જેમ તમારે પશ્ચાત્તાપ કરવાનો વખત આવશે. તે આ પ્રમાણે-ધન મેળવવાના અર્થી કેટલાક પુરૂષો ધન ઉપાર્જન કરવા ચાલ્યા અને એક મોટી અટવીમાં ગયા. ત્યાં ભૂમિ ખોદતાં ઘણું લોઢું નીકળ્યું. તેની ગાંસડીઓ બાંધી તે માથે ઉપાડી આગળ ચાલ્યા. થોડે દૂર ગયા ત્યારે સીસાની ખાણે તેમણે જોઇ. તેથી લોઢું નાંખી દઇ તેઓએ સીસું લીધું. પરંતુ એક આગ્રહી પુરૂષે મહાપ્રયત્નથી લીધેલું લોઢું નાંખી દીધું નહીં અને સીસું ગ્રહણ કર્યું નહીં. એ જ પ્રમાણે આગળ જતાં તાંબું, રૂપું, સોનું, રત્ન વિગેરેની ખાણો જોઇ બીજા બધાએ તો લીધેલી નિઃસાર વસ્તુનો ત્યાગ કરી નવા નવા સાર સાર પદાર્થો યાવત્ રત્નો લીધાં. માત્ર તે એક જ આગ્રહી પુરૂષે બીજું કાંઇ પણ ન લેતાં એકલું લોઢું જ પકડી રાખ્યું. પછી સર્વે પોતાને ઘેર આવ્યા અને તે સર્વે મોટા

ધનિક થયા. તેમને જોઇ લોઢું લેનાર દરિદ્રી પુરૂષે ઘણો પશ્ચાત્તાપ કર્યો અને પોતાની મૂર્ખાઇ માટે તેને ઘણો ખેદ થયો. આ પ્રમાણે નિઃસાર ધર્મને અંગીકાર કરી રાખવાથી અને શ્રેષ્ઠ ધર્મનો ત્યાગ કરવાથી - અંગીકાર ન કરવાથી તમને પણ પછીથી પશ્ચાત્તાપ થશે.

આ પ્રમાણે દશ પ્રશ્ન અને તેના ઉત્તર સંબંધી બન્ને ગાથાઓની સંક્ષિપ્ત વ્યાખ્યા કરી. આ સર્વ પ્રશ્નોત્તરો શ્રીરાયપસેણી (રાજપ્રશ્નીય) સૂત્રમાં ઘણા વિસ્તારથી આપેલા છે. તેમાં કુલ અગ્યાર પ્રશ્નોત્તરો છે. તેમાં છઠ્ઠો પ્રશ્ન આ પ્રમાણે છે - "કોઇ યુવાન, બળવાન પુરૂષ લોઢા વિગેરેનો મોટો (ઘણો) ભાર ઉપાડી શકે છે, તે જયારે અતિ વૃદ્ધ થાય છે અને અવયવો તથા ઇંદ્રિયો અતિ શિથિલ થાય છે ત્યારે તે પાંચ શેર જેટલો પણ ભાર ઉપાડી શકતો નથી. જો શરીરથી જીવ જુદો હોય તો ભલે શરીર જીર્ણ થયું પણ જીવ જીર્ણ થયો નથી તેથી કેમ તે ભાર ઉપાડી ન શકે ? માટે શરીર અને જીવ એક જ વસ્તુ માનવી યોગ્ય છે." તેના ઉત્તરમાં કેશી ગણધરે કહ્યું કે - "તે જ બળવાન યુવાન પુરૂષ સર્વ અવયવોમાં સર્વ પ્રકારે અતિ જીર્ણ થયેલી કાવડમાં મોટા લોઢા વિગેરેનો ભાર મૂકી તેને વહન કરી શકે ખરો ? ન જ વહન કરી શકે. કેમ ? તેનું કાવડરૂપ ઉપગરણ સારૂં નથી માટે. એ જ પ્રમાણે જીર્ણ થયેલું શરીરરૂપ ઉપગરણ સારૂં નહીં હોવાથી તે જ જીવ મોટો (ઘણો) ભાર વહન કરી શકતો નથી વિગેરે." (સંપ્રતિ રાજાના રાસમાં પણ આ અગ્યારે પ્રશ્નોત્તરો કાંઇક સવિસ્તર આપેલા છે. સંપ્રતિ રાજાના સંસ્કૃત ગદ્યબંધ ચરિત્રમાં છ સાત પ્રશ્નોત્તર જ આપેલા છે.)

## (૨૨૬) સાધુને ચાતુર્માસ રહેવા યોગ્ય ક્ષેત્ર

**चिक्खिल्ल १ पाण २ थंडिल ३,**
**वसही ४ गोरस ५ जणाउल ६ वेज्जे ७ ।**
**ओसह ८ निव ९ भद्दयजणा १०,**
**पासंडा ११ भिक्ख १२ सज्झाए १३ ॥ ३४८ ॥**

**અર્થ :** જે ગામમાં ઘણો કાદવ થતો ન હોય ૧, દ્વીંદ્રિયાદિક જીવોની ઉત્પત્તિ ઘણી થતી ન હોય ૨, સ્થંડિલ જવાની શુદ્ધ ભૂમિ મળી શકતી હોય ૩, વસતિ-ઉપાશ્રય શુદ્ધ મળી શકતો હોય ૪, દહીં દૂધ છાશ વિગેરે ગોરસ મળી શકતું હોય ૫, ઘણા શ્રાવકો રહેતા હોય ૬, વૈદ્ય સારા ને સરલ હોય ૭, ઔષધ સહેજે મળી શકતું હોય ૮, રાજા ધર્મી-ન્યાયી હોય ૯, મનુષ્યો ભદ્રિક પરિણામવાળા હોય ૧૦, પાખંડી સાધુઓ વિશેષ રહેતા ન હોય ૧૧, શુદ્ધ-નિર્દોષ ભિક્ષા મળી શકતી હોય ૧૨ અને સ્વાધ્યાય ધ્યાન સુખે થઇ શકતું હોય ૧૩ - આ તેર ગુણવાળા ક્ષેત્રમાં સાધુએ ચાતુર્માસ રહેવું યોગ્ય છે. (જઘન્યથી આ તેરમાંના ચાર[૧] ગુણ તો અવશ્ય જોવા જોઇએ.) (૩૪૮)

## (૨૨૭) ચૌદ પ્રકારની આભ્યંતર ગ્રંથિ (પરિગ્રહ)

**मिच्छत्तं१वेयतिगं४, हासाइछक्कं१० च नायव्वं ।**
**कोहाईण चउक्कं१४, चउदस अब्भितरा गंठी ॥ ३४९ ॥**

**અર્થ :** મિથ્યાત્વ ૧, ત્રણ વેદ-સ્ત્રીવેદ ૨, પુરૂષવેદ ૩, નપુંસકવેદ ૪, હાસ્યાદિક છ - હાસ્ય ૫, રતિ ૬, અરતિ ૭, શોક ૮, ભય ૯, દુગુંછા ૧૦, ક્રોધાદિક ચાર-ક્રોધ ૧૧, માન ૧૨, માયા ૧૩ અને લોભ ૧૪ - આ ચૌદ આભ્યંતર ગ્રંથિ (પરિગ્રહ) કહેવાય છે. (૩૪૯) (મુનિને બાહ્ય પરિગ્રહની સાથે આ આભ્યંતર પરિગ્રહ પણ તજવા યોગ્ય છે.)

## (૨૨૮) નવ પ્રકારનો બાહ્ય પરિગ્રહ

**खित्त१ वत्थूर धणधन्न-संचओ३ मित्तणाइसंजोगो४ ।**
**जाण ५ सयणा ६ सणाणि ७ य,**
**दासदासी ८ कुव्वियं ९ च ॥ ३५० ॥**

**અર્થ :** ક્ષેત્ર (જમીન) ૧, વાસ્તુ (ઘર, હાટ વિગેરે) ૨, સોનું રૂપું વિગેરે ધન અને ધાન્યનો સંચય ૩, મિત્ર જ્ઞાતિ વિગેરેનો સંયોગ ૪, યાન (અશ્વ,

---

૧ પાણ, થંડિલ, વસતિ, ભિક્ષા.

હાથી, ગાય, ભેંશ વિગેરે ચતુષ્પદ) ૫, શયન (શય્યા, વસ્ત્ર વિગેરે) ૬, આસન (સિંહાસન, પાલખી વિગેરે) ૭, દાસ દાસી વિગેરે (નોકર) દ્વિપદ ૮, તથા કુપ્ય (તાંબું, પીત્તળ વિગેરે ધાતુ-ઘરવકરી) ૯ - આ નવ પ્રકારની બાહ્ય ગ્રંથિ (પરિગ્રહ) છે. (૩૫૦) (આ તો જરૂર તજવા યોગ્ય છે. ત્યારપછી જ ચારિત્ર ધર્મ સ્વીકારી શકાય છે. આ નવ પ્રકાર બીજી રીતે પણ કહેલા છે.)

## (૨૨૯) સિદ્ધના એકત્રીશ ગુણ

**संठाण ५ वण्ण ५ गंध २ रस ५ फास ८,**
**तणु १ वेय ३ संग १ जणि १ रहियं ।**
**एगतीसगुणसमिद्धं, सिद्धं बुद्धं च वंदेमो ॥ ३५१ ॥**

**અર્થ :** પાંચ સંસ્થાન (વાટલું ૧, ત્રિખુણીયું ૨, ચોખુણીયું ૩, લાંબું ૪, પરિમંડલ-વલયાદિ ૫), પાંચ વર્ણ (શ્વેત ૧, નીલ ૨, પીત ૩, રક્ત ૪, શ્યામ ૫), બે ગંધ (સુરભિગંધ ૧, દુરભિગંધ ૨), પાંચ રસ (ખારો ૧, ખાટો ૨, તીખો ૩, કષાયલો-તૂરો ૪, મધુર ૫), આઠ સ્પર્શ (ટાઢો ૧, ઉનો ૨, લુખો ૩, ચોપડ્યો ૪, હળવો ૫, ભારે ૬, સુંવાળો ૭, બરછટ ૮), તનુ (શરીર એટલે કાયયોગ), ત્રણ વેદ (સ્ત્રીવેદ ૧, પુરૂષવેદ ૨, નપુંસકવેદ ૩), પદાર્થોનો સંગ અને પુનર્જન્મ - આ કુલ એકત્રીશ પદાર્થ રહિત હોવાથી તે જ એકત્રીશ ગુણે કરીને સહિત સિદ્ધ બુદ્ધને હું વાંદું છું. (૩૫૧)

## (૨૩૦) સિદ્ધના પંદર ભેદ

**जिण १ अजिण २ तित्था ३ तित्थ ४,**
**गिहि ५ अन्न ६ सलिंग ७-८ नर ९ नपुंसा १० ।**
**पत्तेय ११ सयंबुद्धा १२,**
**बुद्धबोहि १३ क्क १४ णिक्का १५ य ॥ ३५२ ॥**

**અર્થ :** તીર્થંકરસિદ્ધ ૧, અતીર્થંકરસિદ્ધ ૨, તીર્થસિદ્ધ ૩, અતીર્થ-સિદ્ધ ૪, ગૃહીલિંગસિદ્ધ ૫, અન્યલિંગસિદ્ધ ૬, સ્વલિંગસિદ્ધ ૭, સ્ત્રીલિંગ-

સિદ્ધ ૮, પુરૂષલિંગસિદ્ધ ૯, નપુંસકલિંગસિદ્ધ ૧૦, પ્રત્યેક બુદ્ધ સિદ્ધ ૧૧, સ્વયંબુદ્ધસિદ્ધ ૧૨, બુદ્ધબોધિતસિદ્ધ ૧૩, એકસિદ્ધ ૧૪ તથા અનેકસિદ્ધ ૧૫ - આ પંદર પ્રકારના સિદ્ધ હોય છે. (૩૫૨)

હવે તે પંદર ભેદનું વિવરણ કરે છે.

**जिणसिद्ध सयलअरिहा१, अजिणसिद्धा य पुंडरियाइ२ ।**
**गणहारी तित्थसिद्धा३, अतित्थसिद्धा य मरुदेवी४ ॥ ३५३ ॥**

**गिहिलिंगसिद्ध भरहो५, वक्कलचीरस्स अन्नलिंगंमि६ ।**
**साहू सलिंगसिद्धा७, थीसिद्धा चंदणापमुहा८ ॥ ३५४ ॥**

**नरसिद्ध गोयमाई९, गंगेयपमुहा नपुंसया सिद्धा१० ।**
**पत्तेयसयंबुद्धा, भणिया करकंडु११ कपिलाई१२ ॥ ३५५ ॥**

**इह बुद्धबोहिया खलु, गुरुबोहिया य अणेगविहा१३ ।**
**इगसमय एगसिद्धा१४, इगसमए अणेगसिद्धा१५ य ॥ ३५६ ॥**

**અર્થ :** સર્વે અરિહંતો સિદ્ધ થયા તે તીર્થંકર (**જિન**) **સિદ્ધ** કહેવાય છે ૧, તે સિવાયના પુંડરીક ગણધર વિગેરે સામાન્ય કેવળી જે જે સિદ્ધ થયા તે **અજિન સિદ્ધ** કહેવાય છે ૨, તીર્થની સ્થાપના થયા પછી ગણધરાદિક સિદ્ધ થયા તે **તીર્થસિદ્ધ** કહેવાય છે ૩, તીર્થની સ્થાપના થયા પહેલાં મરૂદેવા માતા સિદ્ધ થયા (અથવા તીર્થંકરોના આંતરામાં જાતિસ્મરણાદિક વડે ધર્મ પાળી સિદ્ધ થયા) તે **અતીર્થસિદ્ધ** કહેવાય છે ૪, ભરત[1] **ગૃહિલિંગે સિદ્ધ** થયા ૫, વલ્કલચીરી **અન્ય (તાપસ)લિંગે સિદ્ધ** થયા ૬, સાધુઓ **સ્વલિંગે** (મુનિ વેષે) સિદ્ધ થયા ૭ અને ચંદના આર્યા વિગેરે **સ્ત્રીલિંગે** સિદ્ધ થયા ૮ કહેવાય છે. ગૌતમ વિગેરે **પુરૂષલિંગે** સિદ્ધ થયા ૯, ગાંગેય[2] વિગેરે (કૃત) નપુંસકલિંગે સિદ્ધ થયા ૧૦, કરકંડૂ વિગેરે

૧ ભરતને કેવળજ્ઞાન થયા પછી ઈંદ્રે મુનિવેષ આપેલો છે, પણ કેવળજ્ઞાન ગૃહસ્થ-પણે પામ્યાની અપેક્ષા લીધી જણાય છે.

૨ આ ગાંગેય તે ભીષ્મપિતા નહીં, કેમ કે તે તો દેવલોકમાં ગયા છે, તેથી તે પાર્શ્વનાથના શિષ્યમાંથી જણાય છે.

પ્રત્યેકબુદ્ધ સિદ્ધ થયા ૧૧, કપિલાદિક **સ્વયંબુદ્ધ સિદ્ધ** થયા ૧૨, એમ કહેલ છે. ગુરૂએ પ્રતિબોધ પમાડેલા અનેક પ્રકારના સિદ્ધ થયા તે **બુદ્ધબોધિત સિદ્ધ** કહેવાય છે ૧૩, એક સમયે એક જીવ સિદ્ધિ પદને પામે તે **એક સિદ્ધ** કહેવાય છે ૧૪ તથા એક સમયે અનેક જીવો સિદ્ધ થાય તે **અનેક સિદ્ધ** કહેવાય છે ૧૫. (૨૫૩-૨૫૪-૨૫૫-૨૫૬)

## (૨૩૧) પંચપરમેષ્ઠીના ગુણોની સંખ્યા

**बारसगुण अरिहंता, सिद्धा अट्ठेव सूरि छत्तीसं ।**
**उवझाया पणवीसं, साहूणो सत्तवीसा य ॥ ३५७ ॥**

**અર્થ :** અરિહંતના બાર ગુણ, સિદ્ધના આઠ ગુણ, આચાર્યના છત્રીશ ગુણ, ઉપાધ્યાયના પચીશ ગુણ અને સાધુના સતાવીશ ગુણ કહ્યા છે. કુલ પંચપરમેષ્ઠીના એકસોને આઠ ગુણ થાય છે. (૩૫૭) (આ ગુણોનું વિવરણ અન્યત્ર ઘણે સ્થાનકે આવતું હોવાથી અહીં વિવરીને બતાવેલ નથી.)

## (૨૩૨) દીક્ષાને અયોગ્ય પુરૂષાદિકના પ્રકારની સંખ્યા

**अट्ठारस पुरिसेसु, वीस इत्थीसु दस नपुंसेसु ।**
**जिणपडिकुट्ठत्ति तओ, पव्वाविउं न कप्पंति ॥ ३५८ ॥**

**અર્થ :** પુરૂષોમાં અઢાર પ્રકારના પુરૂષ, સ્ત્રીઓમાં વીશ પ્રકારની સ્ત્રીઓ અને નપુંસકમાં દશ પ્રકારના નપુંસકો જિનેશ્વરોએ નિષિદ્ધ કરેલ છે. તેથી તેઓ દીક્ષા આપવાને યોગ્ય નથી. (૩૫૮) (આનું વર્ણન પ્રવચનસારોદ્ધારાદિકથી જાણવું.)

## બીજી રીતે દીક્ષાને અયોગ્ય જનો

**बाले१ वुड्ढे२ नपुंसे३ य, कीवे४ जड्डे५ य वाहिए६ ।**
**तेणे७ रायावगारी८ य, उम्मत्ते९ य अदंसणे१० ॥ ३५९ ॥**

**दासे११ दुट्ठे१२ अ मूढे१३ अ, अणित्ते१४ जुंगिए१५ इय ।**
**उववद्दए१६ य भीए१७ य, सेहे निप्फेडिया इयसि ॥ ३६० ॥**

**અર્થ** : બાળક ૧, વૃદ્ધ ૨, નપુંસક ૩, કાયર ૪, જડ ૫, રોગી ૬, ચોર ૭, રાજાનો અપરાધી (અપકારી) ૮, ઉન્મત્ત ૯, અદર્શનીય = કુરૂપ (ઇંદ્રિયહીન) ૧૦, દાસ ૧૧, દુષ્ટ ૧૨, મૂઢ ૧૩, અસ્થિર ચિત્તવાળો ૧૪, જુંગ-ચંડાળાદિ નીચ જાતિવાળો ૧૫, ઉપદ્રવ કરનાર ૧૬ અને ભય પામેલ ૧૭ - આટલાને શિષ્ય કરવાનો નિષેધ કર્યો છે. (૩૫૯-૩૬૦)

## (૨૩૩) દશ સંજ્ઞા

**आहार १ भय २ परिग्गह ३,**
**मेहूण४ तह कोह५ माण६ माया७ य ।**
**लोभे८ ओघे९ लोगे१०, दस सन्ना हुंति सव्वेसिं ॥ ३६१ ॥**

**અર્થ** : આહાર સંજ્ઞા ૧, ભયસંજ્ઞા ૨, પરિગ્રહ સંજ્ઞા ૩, મૈથુન સંજ્ઞા ૪, ક્રોધસંજ્ઞા ૫, માનસંજ્ઞા ૬, માયાસંજ્ઞા ૭, લોભસંજ્ઞા ૮, ઓઘ-સંજ્ઞા ૯ તથા લોકસંજ્ઞા - આ દશ સંજ્ઞા સર્વ જીવોને હોય છે. (૩૬૧)

## સોળ સંજ્ઞા (ઉપર જણાવેલી દશ ઉપરાંત છ)

**सुह ११ दुह १२ मोह १३ सन्ना,**
**वितिगिच्छा१४ चउदसे मुणेयव्वा ।**
**सोके१५ तह धम्मसन्ना१६, सोलसए हुंति मणुएसु ॥ ३६२ ॥**

**અર્થ** : સુખસંજ્ઞા ૧૧, દુઃખસંજ્ઞા ૧૨, મોહસંજ્ઞા ૧૩, વિચિકિત્સા (સંદેહ કરવાની ટેવરૂપ ચૌદમી) સંજ્ઞા ૧૪, શોકસંજ્ઞા ૧૫ તથા ધર્મસંજ્ઞા ૧૬ - આ સર્વ મળીને સોળ સંજ્ઞાઓ મનુષ્યને વિષે હોય છે. (૩૬૨)

## (૨૩૪) વનસ્પતિકાયમાં જણાતી દશે સંજ્ઞા

**रुक्खाण जलाहारो१, संकोयणिया भएण संकोइ२ ।**
**नियतंतुएहिं वेढई, रुक्खं वल्ली परिग्गहेणं३ ॥ ३६३ ॥**

**इत्थिपरिंभणेण, कुरुबगतरुणो फलंति मेहुन्ने४ ।**
**तह कोहनस्स कंदो, हुंकारो मुयइ कोहेणं५ ॥ ३६४ ॥**

माणे झरइ रुयंतीद, छायइ वल्ली फलाइ मायाए७ ।
लोहे बिल्लिपलासा, खिवंति मूले निहाणुवरिं८ ॥ ३६५ ॥

रयणीए संकोओ, कमलाणं होइ लोगसन्नाए९ ।
ओहे चइत्तु मग्गं, चडंति रुक्खेसु वल्लीओ१० ॥ ३६६ ॥

**અર્થ :** વૃક્ષોને જળનો આહાર છે - આહારથી તે વૃદ્ધિ પામે છે, આહાર વિના સુકાઈ જાય છે તેથી તેને આહાર સંજ્ઞા છે ૧, સંકોચનિકા *(લજ્જામણી) નામની ઔષધી કોઈ સ્પર્શ કરે તો તેના ભયથી સંકોચ* પામે છે તેથી ભય સંજ્ઞા છે ૨, વેલડી પોતાના તંતુ વડે વૃક્ષને વીંટાય છે તેથી પરિગ્રહ સંજ્ઞા છે ૩, સ્ત્રીના આલિંગનથી કુરૂબકવૃક્ષ ફળે છે તેથી તેને મૈથુન સંજ્ઞા છે ૪, ક્રોધન નામનો કંદ હુંકાર શબ્દ કરે છે તેથી તેને ક્રોધ સંજ્ઞા છે ૫, રૂદંતી નામની ઔષધિ કહે છે કે 'હું છતાં આ જગત દરિદ્રી કેમ ?' એવા અભિમાનથી તેને આંસુ ઝરે છે તેથી તેને માનસંજ્ઞા છે ૬, વેલડી પોતાના પાંદડાં વડે ફળાદિકને (પુષ્પ-ફળને) ઢાંકી દે છે તેથી તેને માયાસંજ્ઞા છે ૭, બિલ્વ અને પલાશ વૃક્ષો દ્રવ્યના નિધાન ઉપર પોતાના મૂળીયાં પસારે છે - તેની ફરતાં ફરી વળે છે તેથી તેને લોભસંજ્ઞા છે ૮, કમળો રાત્રે સંકોચ પામે છે - કરમાઈ જાય છે ને દિવસે વિકસ્વર થાય છે તેથી તેને લોકસંજ્ઞા છે ૯ તથા વેલડીઓ માર્ગ-રસ્તાનો ત્યાગ કરી વૃક્ષ ઉપર ચડે છે તેથી તેને ઓઘસંજ્ઞા છે ૧૦ - આ રીતે વનસ્પતિકાયમાં દશે સંજ્ઞા સ્પષ્ટ રીતે દેખાય છે. બીજા એકેંદ્રિયોમાં તે સંજ્ઞાઓ અસ્પષ્ટ હોય છે. (૩૬૩-૩૬૬)

## (૨૩૫) સત્તર પ્રકારે અસંયમ

पुढवी १ आऊ २ तेऊ ३,
वाऊ ४ वणस्सइ ५ बि ६ ति ७ चउ ८ पणिंदी ९ ।
अजीव १० पेही ११ संजम,
अप्पेहा १२ अप्पमज्जणय १३ ॥ ३६७ ॥

पारिठ्ठावणासंजम १४, मण १५ वयण १६ काइए १७ तहा चेव ।
एए सतरसभेया, असंजमकरा जिणमयम्मि ॥ ३६८ ॥

**અર્થ :** પૃથ્વીકાય ૧, અપ્કાય ૨, તેજસ્કાય ૩, વાયુકાય ૪, વનસ્પતિકાય ૫, દ્વીંદ્રિય ૬, ત્રીંદ્રિય ૭, ચતુરિંદ્રિય ૮, પંચેદ્રિય ૯, (આ નવેની વિરાધનારૂપ અસંયમ), અજીવ અસંયમ ૧૦, પ્રેક્ષા અસંયમ ૧૧, અપેક્ષા અસંયમ ૧૨, અપ્રમાર્જના અસંયમ ૧૩, પારિષ્ઠાપનિકા અસંયમ ૧૪, મન ૧૫, વચન ૧૬ અને કાયાના યોગનો અસંયમ ૧૭ - જિન મતમાં આ સત્તર ભેદ અસંયમના કહેલા છે. એટલે કે પૃથ્વીકાયાદિકની રક્ષા ન કરે તો તે રૂપ અસંયમ કહેવાય છે, એમ દરેક બાબતમાં યોગ્ય રીતે સમજવું. (૩૬૭-૩૬૮)

## (૨૩૬) સત્તર પ્રકારે સંયમ

पंचासववेरमणं५, पंचिंदियनिग्गहो५ कसायचऊ४ ।
दंडगतियनिग्गहणे३, सत्तरसया संयमो होइ ॥ ३६९ ॥

**અર્થ :** પ્રાણાતિપાતાદિક પાંચ આશ્રવથી વિરમવું ૫, પાંચ ઇંદ્રિયોનો નિગ્રહ કરવો ૫, ચાર કષાયનો ત્યાગ કરવો ૪ તથા મનદંડ, વચનદંડ અને કાયદંડ એ ત્રણ દંડનો નિગ્રહ કરવો ૩ - એ સત્તર પ્રકારે સંયમ છે. (૩૬૯)

## (૨૩૭) અઢાર ભાવરાશિ

तिरिया मणुआ काया, तह अग्गबीया य चुक्कगा चउरो ।
देवा य नेरइया, अठ्ठारस भावरासीओ ॥ ३७० ॥

**અર્થ :** તિર્યંચ સંબંધી ૪ - (દ્વીંદ્રિય ૧, ત્રીંદ્રિય ૨, ચતુરિંદ્રિય ૩ અને પંચેંદ્રિય ૪), મનુષ્ય સંબંધી ૪ - (સંમૂર્છિમ ૧, કર્મભૂમિના ૨, અકર્મભૂમિના ૩ અને અંતરદ્વીપના ૪), કાય સંબંધી ૪ - (પૃથ્વીકાય ૧, અપ્કાય ૨, તેજસ્કાય ૩ અને વાયુકાય ૪), વનસ્પતિ સંબંધી ૪ - (અગ્રબીજ ૧, મૂળબીજ ૨, સ્કંધબીજ ૩ અને પર્વબીજ ૪) એ સર્વ

મળીને સોળ તથા દેવ ૧ અને નારકી ૧ મળી અઢાર ભાવરાશિ જાણવી. (૩૭૦)

## (૨૩૮) તીર્થંકર નામકર્મ બાંધવાનાં વીશ સ્થાનો

**अरिहंत १ सिद्ध २ पवयण ३,**
**गुरु ४ थेर ५ बहुस्सुए ६ तवस्सीसु ७ ।**
**वच्छलया य एसिं, भिक्ख नाणोवओगो अ८ ॥ ३७१ ॥**

**दंसण ९ विणए १० आवस्सए ११,**
**सीलवय १२ साहुवावारो १३ ।**
**खणलवतव १४ च्चियाए १५,**
**वेयावच्चं १६, समाही १७ य ॥ ३७२ ॥**

**अपुव्वनाणग्गहणं१८, सुअभत्ती१९ पवयणे पभावणया२० ।**
**एएहिं कारणेहिं, तित्थयरत्तं लहइ जीवो ॥ ३७३ ॥**

**અર્થ :** અરિહંત ૧, સિદ્ધ ૨, પ્રવચન (જૈનશાસન) ૩, ગુરૂ (આચાર્ય) ૪, સ્થવિર ૫, બહુશ્રુત (ઉપાધ્યાય) ૬ અને તપસ્વી (સર્વ સાધુ) ૭ - આ સાતની વત્સલતા-સેવાભક્તિ કરવી. નિરંતર જ્ઞાનનો ઉપયોગ રાખવો ૮, દર્શન-સમકિતનું આરાધન કરવું ૯, દશ પ્રકારે વિનય કરવો ૧૦, છ આવશ્યક કરવાં ૧૧, શીલવ્રત અખંડ પાળવું ૧૨, સાધુ વ્યાપાર એટલે ક્રિયા કરવી ૧૩, ક્ષણલવ એટલે અનેક પ્રકારનો તપ કરવો ૧૪, ગૌતમપદની પૂજા કરવી ૧૫, વૈયાવચ્ચ કરવી ૧૬, સમાધિ-ચિત્તની એકાગ્રતા રાખવી ૧૭, અપૂર્વ-નવું નવું જ્ઞાન દરોજ ગ્રહણ કરવું ૧૮, શ્રુતની ભક્તિ કરવી ૧૯ તથા પ્રવચનની-સંઘની પ્રભાવના કરવી ૨૦ - આ વીશ કારણો (સ્થાનો) વડે જીવ તીર્થંકરપણાને પામે છે.[1] (૩૭૧-૩૭૨-૩૭૩)

૧ ૧૧ માનું બીજું નામ ચારિત્રપદ છે. ૧૩ માનું બીજું નામ શુભ ધ્યાનપદ છે. ૧૫ મા પદનું બીજું નામ સુપાત્રદાન પદ છે. ૧૬ મા પદનું બીજું નામ વીશ વિહરમાન જિનપદ છે. ૧૭ મા પદનું બીજું નામ સંયમપદ છે ને સંઘભક્તિપદ પણ છે. ૨૦ મા પદનું બીજું નામ તીર્થપદ પણ છે.

## (૨૩૯) કયા તીર્થંકરે કેટલાં સ્થાનો આરાધ્યાં હતાં ?

**पढमेण पच्छिमेण य, एए सव्वे ह्नि( वि )फासिया ठाणा ।**
**मज्झिमगेहि जिणेहिं, एगो दो तिन्नि सव्वे वि ॥ ३७४ ॥**

**અર્થ :** પહેલા ઋષભદેવ તીર્થંકરે અને છેલ્લા વર્ધમાન સ્વામીએ આ સર્વે (વીશે) સ્થાનો સ્પર્શ્યા (આરાધ્યા) હતા; મધ્યમના બાવીશ જિનેશ્વરોએ કોઈએ એક, કોઈએ બે, કોઈએ ત્રણ અને કોઈએ સર્વ સ્થાનો આરાધ્યા હતા. (૩૭૪)

## (૨૪૦) વીશ પ્રકારનો અવિનય

**दवदवचारु १ पमज्जिय २,**
**दुप्पमज्जिय खित्तसिज्जआसणए ७ ।**
**रायणिए परिभासई८, थेरे९ भूओवघाई१० य ॥ ३७५ ॥**

**संजलण कोहणे११ पिट्ठ-मंसओ अभिक्खमोधारी १२ ।**
**अहिकरणकरो १३ उदीरण १४,**
**अकालसज्झायकारी य १५ ॥ ३७६ ॥**

**अपमज्जपाणिपाए१६, सद्दकरो१७ कलह१८ झंझकारी१९ य ।**
**सूरप्पमाणभोई२०, वीस इभे अविणया समए ॥ ३७७ ॥**

**અર્થ :** ધબધબ ચાલે ૧, ક્ષેત્રનું અપ્રમાર્જન[1] કરે ૨, ક્ષેત્રનું દુષ્પ્રમાર્જન[2] કરે ૩, શય્યા (વસતિ)નું અપ્રમાર્જન કરે ૪, શય્યાનું દુષ્પ્રમાર્જન કરે ૫, આસનનું અપ્રમાર્જન કરે ૬, આસનનું દુષ્પ્રમાર્જન કરે ૭, રત્નાધિકની સામું બોલે ૮, સ્થવિરની સામું બોલે ૯, ભૂત (પ્રાણી)નો ઉપઘાત કરે ૧૦, સંજ્વલન ક્રોધ કરે ૧૧, નિરંતર પૃષ્ઠમાંસ ખાય એટલે વારંવાર પાછળથી નિંદા કરે ૧૨, ક્રોધાદિકને અધિકરણ રૂપ

---

૧ પ્રમાર્જન જ ન કરે તે અપ્રમાર્જન.
૨ સારી રીતે પ્રમાર્જન ન કરે તે દુષ્પ્રમાર્જન.

કરે ૧૩, અન્યના ક્રોધાદિકની ઉદીરણા કરે ૧૪, અકાળે સ્વાધ્યાય કરે ૧૫, સચિત્ત રજથી ખરડાયેલા હાથ પગ ન પ્રમાર્જે ૧૬, મોટેથી શબ્દ કરે (રાડો પાડે) ૧૭, કલહ કરે ૧૮, ઝગડો કરે ૧૯ તથા સૂર્ય હોય ત્યાં સુધી (અસ્ત થતા સુધી) ભોજન કરે ૨૦ - આ વીશ અવિનય સિદ્ધાંતમાં કહ્યાં છે. તે મુનિએ તજવા યોગ્ય છે. (૩૭૫-૩૭૬-૩૭૭)

## (૨૪૧) ચોવીશ દંડક

**नेरइया १ असुराई २,**
**पुढवाई १६ बेइंदियाय तह विगला १९ ।**
**पंचिंदियतिरिय २० नरा २१,**
**वंतर २२ जोईस २३ वेमाणी २४ ॥ ३७८ ॥**

અર્થ : સાતે નારકીનો એક દંડક ૧, અસુર કુમાર વિગેરે ભવનપતિની દશ નીકાયના દશ દંડક ૧૧, પૃથ્વીકાયાદિક પાંચના પાંચ દંડક ૧૬, દ્વીંદ્રિયાદિક વિકલેંદ્રિયના ત્રણ દંડક ૧૯, પંચેંદ્રિય તિર્યંચ ૨૦, મનુષ્ય ૨૧, વ્યંતર ૨૨, જ્યોતિષી ૨૩ અને વૈમાનિક દેવ ૨૪ - એ પાંચેનો એકેક દંડક - આ પ્રમાણે ચોવીશ દંડકો કહેલા છે. (૩૭૮)

## (૨૪૨) મુહપત્તીની પડિલેહણાના પચીશ તથા કાયાની પડિલેહણાના પચીશ કુલ પચાસ બોલ

**दिट्ठिपडिलेह एगा, नव अक्खोडा नव य पक्खोडा ।**
**पुरिमिल्ला छच्च भवे, मुहपत्ति होइ पणवीसा ॥ ३७९ ॥**

**पायाहिणेण तियतिय, वामेयर बाहु सीसमुहहियए ।**
**अंसुद्धाउपिट्ठे, चउ छप्पय देह पणवीसा ॥ ३८० ॥[1]**

**અર્થ :** એક દૃષ્ટિ પડિલેહણા, નવ અખ્ખોડા, નવ પખ્ખોડા અને

૧ આ ગાથા મૂળ પ્રતમાં ન હોતી પણ જરૂરની હોવાથી ગુરૂવંદન ભાષ્યમાંથી દાખલ કરી છે.

૭ પ્રથમ ઉર્ધ્વપખ્ખોડા - મળી મુહપત્તિના પચીશ બોલ કહ્યા છે. તે આ પ્રમાણે - 'સૂત્ર અર્થ તત્ત્વ કરી સદ્દહું' એ દૃષ્ટિ પડિલેહણા ૧, 'સમકિતમોહનીય ૨, મિશ્રમોહનીય ૩, મિથ્યાત્વમોહનીય ૪, પરિહરૂં', 'કામરાગ ૫ સ્નેહરાગ ૬ દૃષ્ટિરાગ ૭ પરિહરૂ' - આ ૭ ઉર્દ્ધપખ્ખોડા સમજવા. હવે હાથ ઉપર-સુદેવ ૧, સુગુરૂ ૨, સુધર્મ ૩, આદરૂં (૧૦), કુદેવ ૧, કુગુરૂ ૨, પરિહરૂં (૧૩), જ્ઞાન ૧, દર્શન ૨, ચારિત્ર ૩ આદરૂં (૧૬), જ્ઞાનવિરાધના ૧, દર્શનવિરાધના ૨, ચારિત્રવિરાધના ૩ પરિહરૂં (૧૯), મનગુપ્તિ ૧, વચનગુપ્તિ ૨, કાયગુપ્તિ ૩ આદરૂં (૨૨), મનદંડ ૧, વચનદંડ ૨, કાયદંડ ૩ પરિહરૂં (૨૫) - એ ૧૮ અખોડા પખોડા ડાબા હાથની હથેળીમાં કરવાના છે. કુલ ૨૫ મુહપત્તિની પડિલેહણા જાણવી.'

હવે કાયાની પચીશ પડિલેહણા કહે છે - ડાબા હાથ ઉપર પ્રદક્ષિણાની રીતે 'હાસ્ય, રતિ, અરતિ પરિહરૂં (૩), જમણા હાથ ઉપર પ્રદક્ષિણાની રીતે 'ભય, શોક, દુગંછા પરિહરૂં (૬), મસ્તકે 'કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા પરિહરૂં (૯), મુખે 'રસગારવ, ઋદ્ધિગારવ, સાતાગારવ પરિહરૂં (૧૨), હૃદયે 'માયાશલ્ય, નિયાણશલ્ય, મિથ્યાત્વશલ્ય પરિહરૂં (૧૫), ડાબી બાહુ ઉપર ખભે ને પછવાડે 'ક્રોધ, માન પરિહરૂં (૧૭), જમણી બાહુ ઉપર ખભે અને પછવાડે 'માયા, લોભ પરિહરૂં (૧૯), ડાબે પગે 'પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાયની રક્ષા કરૂં (૨૨), જમણે પગે 'વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાયની રક્ષા કરૂં (૨૫) - આ પચીશ કાયાની પડિલેહણા જાણવી. (બન્ને મળીને કુલ ૫૦ પડિલેહણા સમજવી.) (૩૭૯-૩૮૦)

## (૨૪૩) જિનકલ્પીની બાર પ્રકારની ઉપધિ

**पत्तं१ पत्ताबंधो२३, पायट्ठवणं३ च पायकेसरिया४ ।**
**पडला५ य रयत्ताणं६, गुच्छाओ७ पायनिज्जोगो ॥ ३८१ ॥**

**तिन्नेव य पच्छागा१०, रयहरणं११ चेव होइ मुहपत्ती१२ ।**
**एसो दुवालसविही( हो ), जहन्नियराणं जिणाणं तु ॥ ३८२ ॥**

અર્થ : પાત્ર ૧, પાત્રબંધ (ઝોળી) ૨, પાત્રસ્થાપન (હેઠલનો ગુચ્છો) ૩, પાત્રકેસરીયા (ચરવળી) ૪, પડલા (ઝોળી ઢાંકવાના) ૫, રજસ્રાણ (અંતરવસ્ત્ર) ૬ અને ગોચ્છા (ઉપર ઢાંકવાનું) ૭ - એ સાત પ્રકારનો પાત્રનિયોગ - પાત્રના ઉપકરણો કહેવાય છે. તે ઉપરાંત ત્રણ પ્રચ્છાદન (એક ઊનનું અને બે સુતરના કપડા) ૧૦, એક રજોહરણ ૧૧ અને એક મુખવસ્ત્રિકા ૧૨ - આ બાર પ્રકારની ઉપધિ જઘન્યથી ઈતર એટલે હસ્તપાત્રની કે વસ્ત્રની લબ્ધિ વિનાના જિનકલ્પીને હોય છે. તેવી લબ્ધિવાળાને ઓછામાં ઓછી (જઘન્ય) મુહપત્તિ ને રજોહરણ એ બે પ્રકારની ઉપધિ જ હોય છે. (૩૮૧-૩૮૨)

## (૨૪૪) પાંચમા આરામાં મનુષ્યાદિકનું ઉત્કૃષ્ટ આયુષ્ય

**वाससयंमि सवीसं, सपंचदिणमाउ मणुअहत्थीणं ।**
**चउवीसवासमाउं, गोमहिसीण सएगदिणं ॥ ३८३ ॥**

**बत्तीसं तुरयाणं, सोलस पसु एलगाण वरिसाणं ।**
**बारस सम सुणगाणं, खरकरहाणं तु बत्तीसं ॥ ३८४ ॥**

અર્થ : મનુષ્ય અને હાથીનું ઉત્કૃષ્ટ આયુષ્ય એકસો વીશ વર્ષ અને પાંચ દિવસનું હોય છે, ગાય ભેંશનું ચોવીશ વર્ષ અને એક દિવસનું હોય છે, ઘોડાઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય બત્રીશ વર્ષનું હોય છે, બકરા વિગેરે પશુનું સોળ વર્ષનું હોય છે, કુતરાઓનું બાર વર્ષનું અને ગધેડા તથા ઉંટનું ઉત્કૃષ્ટ આયુષ્ય બત્રીશ વર્ષનું હોય છે. (૩૮૩-૩૮૪)

## (૨૪૫) મનુષ્યાદિકનું જઘન્ય આયુષ્ય

**एवं उक्कोसेणं, अंतमुहुत्तं जहन्न सव्वेसिं ।**
**एवं भवम्मि भमिया, अणंतसो सव्वजोणीसु ॥ ३८५ ॥**

અર્થ : આ પ્રમાણે ઉત્કૃષ્ટ આયુષ્ય સમજવું. તે સર્વ મનુષ્યાદિકનું જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્તનું જાણવું. આ પ્રમાણે ભવ (સંસાર)માં સર્વ જીવો સર્વ યોનિઓમાં અનંતવાર ભમ્યા છે. (૩૮૫)

## (૨૪૯) અઠ્ઠાવીશ લબ્ધિઓના નામ

आमोसही १ विप्पोसही २,
खेलोसही ३ जल्लमोसही ४ चेव ।
सव्वोसही ५ संभिन्ने ६,
ओही ७ रिउ ८ विउल ९ मई लद्धी ॥ ३८६ ॥

चारण १० आसीविस ११,
केवली १२ य गणधारिणो १३ य पुव्वधरा १४ ।
अरिहंत १५ चक्कवट्टी १६,
बलदेवा १७ वासुदेवा १८ य ॥ ३८७ ॥

खीरामहुसप्पियासव १९,
कोट्ठबुद्धी २० पयाणुसारी २१ य ।
तह बीयबुद्धि २२ तेयग २३,
आहारग २४ सीयलेसा २५ य ॥ ३८८ ॥

वेउव्वियदेहलद्धी २६,
अखीणमहाणसी २७ पुलागा २८ य ।
परिणामतववसेणं, इमाइं अडवीस लद्धीओ ॥ ३८९ ॥

**અર્થ :** આમર્શૌષધિ ૧, વિપ્રુષૌષધિ (લઘુનીતિ) ૨, ખેલૌષધિ (કફશ્લેષ્મ) ૩, જલ્લૌષધિ (મેલ) ૪, સર્વૌષધિ ૫, સંભિન્નશ્રોત ૬, અવધિજ્ઞાન ૭, ઋજુમતિ ૮, વિપુલમતિ લબ્ધિ ૯, ચારણ ૧૦, આશીવિષ ૧૧, કેવળજ્ઞાન ૧૨, ગણધર ૧૩, પૂર્વધર ૧૪, તીર્થંકર ૧૫, ચક્રવર્તી ૧૬, બળદેવ ૧૭, વાસુદેવ ૧૮, ક્ષીરાશ્રવ-મધ્વાશ્રવ-ઘૃતાશ્રવ ૧૯, કોષ્ઠબુદ્ધિ ૨૦, પદાનુસારી ૨૧, બીજબુદ્ધિ ૨૨, તેજોલેશ્યા ૨૩, આહારક શરીર ૨૪, શીતલેશ્યા ૨૫, વૈક્રિય શરીર લબ્ધિ ૨૬, અક્ષીણ મહાનસી ૨૭ તથા પુલાક લબ્ધિ ૨૮ - આ અઠ્ઠાવીશ લબ્ધિઓ પરિણામ વિશેષ અને તપ વિશેષના વશથી પ્રાપ્ત થાય છે. (૩૮૬-૩૮૯)

આ લબ્ધિઓનું વર્ણન નીચે પ્રમાણે :

## ૨૮ લબ્ધિઓનું વર્ણન

૧ જે મુનિના હાથ પગ વિગેરેના સ્પર્શથી સર્વરોગ જાય તે **આમર્ષ ઔષધિ લબ્ધિ.**

૨ જે મુનિના મળ મૂત્રથી સર્વ રોગ જાય તે **વિપ્રોષધિ લબ્ધિ.**

૩ જે મુનિના શ્લેષ્મ ઔષધિરૂપ હોય તે **ખેલૌષધિ લબ્ધિ.**

૪ જે મુનિના શરીરનો પ્રસ્વેદ ઔષધિરૂપ હોય તે **જલ્લૌષધિ લબ્ધિ.**

૫ જે મુનિના કેશ રોમ નખાદિક સર્વ ઔષધિરૂપ હોય - સર્વ પ્રકારના વ્યાધિ નિવારવા સમર્થ હોય અને સુગંધી હોય તે **સર્વૌષધિ લબ્ધિ.**

૬ જે મુનિને એક સાથે બધી ઇંદ્રિયો વડે સાંભળવાની શક્તિ હોય અથવા એકેક ઇંદ્રિયોથી પાંચે ઇંદ્રિયોના વિષયો જાણવાની શક્તિ હોય અથવા બાર યોજનમાં પડેલા ચક્રવર્તિના સૈન્યમાં સર્વ વાજીંત્રો એક સાથે વાગે ત્યારે તેમાંના સર્વ વાજીંત્રોના શબ્દો જુદા જુદા જાણવાની શક્તિ હોય તે **સંભિન્નશ્રોત લબ્ધિ.**

૭ અવધિજ્ઞાન પ્રાપ્ત થવું, જેથી રૂપી દ્રવ્યો આત્મા વડે સાક્ષાત્ જોવાની શક્તિ પ્રાપ્ત થાય તે **અવધિજ્ઞાન લબ્ધિ.**

૮ જે મનઃપર્યવજ્ઞાન વડે અન્યના મનમાં કરેલા વિચારોને સામાન્યપણે જાણવાની શક્તિ તે **ઋજુમતિ મનઃપર્યવલબ્ધિ.**

૯ જે મનઃપર્યવ જ્ઞાન વડે અઢી દ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેંદ્રિય જીવોએ મનમાં કરેલા વિચારોને વિશેષપણે જાણવાની શક્તિ તે **વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન લબ્ધિ.**

૧૦ ચારણલબ્ધિ બે પ્રકારે - જંઘાચારણ ને વિદ્યાચારણ. જે લબ્ધિ વડે આકાશગમન કરવાની શક્તિ મુનિને પ્રાપ્ત થાય તે **ચારણ લબ્ધિ.**

૧૧ જેની દાઢમાં વિષ હોય અને જેના ડંશ વડે અન્ય જીવ મૃત્યુ પામે તે **આશીવિષલબ્ધિ** - આ લબ્ધિનો પ્રયોગ સર્પાદિક રૂપે થાય છે.

૧૨ જેના વડે લોકાલોકનું સ્વરૂપ જણાય તે **કેવળજ્ઞાન લબ્ધિ.**

૧૩ જેના વડે ગણધરપણું પ્રાપ્ત થાય તે **ગણધર લબ્ધિ.**

૧૪ ચૌદપૂર્વધરને શ્રુતજ્ઞાનવડે થયેલી લબ્ધિ તે **પૂર્વધર લબ્ધિ.**

૧૫ જેના વડે તીર્થંકરની સમવસરણાદિક ઋદ્ધિ વિકુર્વી શકે તે તીર્થંકર તુલ્ય લબ્ધિ અથવા તીર્થંકરને **તીર્થંકરપણાની લબ્ધિ.**

૧૬ જેના વડે ચક્રવર્તીની ઋદ્ધિ ચૌદ રત્નાદિ વિકુર્વી શકે તે ચક્રવર્તી તુલ્ય લબ્ધિ અથવા ચક્રવર્તીને **ચક્રવર્તીપણાની લબ્ધિ.**

૧૭ જેના વડે બળદેવ જેટલી ઋદ્ધિ વિકુર્વી શકે તે બળદેવ જેવી લબ્ધિ અથવા બળદેવને **બળદેવપણાની લબ્ધિ.**

૧૮ જેના વડે વાસુદેવ જેટલી ઋદ્ધિ વિકુર્વી શકે તે વાસુદેવ જેવી લબ્ધિ અથવા વાસુદેવને **વાસુદેવપણાની લબ્ધિ.**

૧૯ જેની વાણીમાં દુધ સાકર વિગેરે કરતાં પણ વધારે મીઠાશ પ્રાપ્ત થાય તે **ક્ષીરાશ્રવ**, મધ્વાશ્રવ, ઘૃતાશ્રવ તથા ઈક્ષુરસાશ્રવ લબ્ધિ.

૨૦ જે મુનિના કોઠામાંથી સર્વ સૂત્રાર્થ નિધાનની જેમ નીકળી શકે-નીકળ્યા જ કરે અથવા કોઠારમાંથી અન્ન નીકળ્યા કરે તેમ નીકળે તે **કોષ્ઠબુદ્ધિ લબ્ધિ.**

૨૧ પદાનુસારિણી લબ્ધિ - શાસ્ત્રનું એક પદ સાંભળવાથી સર્વ પદનો - આખા શાસ્ત્રનો બોધ થાય તે. તેના ત્રણ પ્રકાર છે. પ્રારંભનું પદ અથવા તેનો અર્થ સાંભળવાથી આખા શાસ્ત્રનો બોધ થવો તે **અનુશ્રુત પદાનુસારિણી**, અંતનું પદ અથવા તેનો અર્થ સાંભળવાથી પ્રારંભથી આખા ગ્રંથનો બોધ થવો તે **પ્રતિકૂળ પદાનુસારિણી** અને મધ્યનું ગમે તે પદ કે તેનો અર્થ સાંભળવાથી આખા શાસ્ત્રનો બોધ થવો તે **ઉભયપદાનુસારિણી લબ્ધિ.**

૨૨ જ્ઞાનાવરણીયાદિક કર્મના ક્ષયોપશમના અતિશયપણાથી એક અર્થ-

રૂપ બીજનું જાણપણું થવાથી અનેક અર્થરૂપી બીજોનું જાણપણું થાયતે **બીજબુદ્ધિ લબ્ધિ.**

૨૩ ક્રોધના અતિશયપણાથી શત્રુ વિગેરેને સહજમાં બાળી નાંખવાની શક્તિ તે **તેજોલેશ્યા લબ્ધિ.**

૨૪ આહારક શરીર કરવાની શક્તિ તે **આહારક લબ્ધિ.**

૨૫ તેજોલેશ્યાના નિવારણ માટે શીત મૂકવાની શક્તિ તે **શીતલેશ્યા લબ્ધિ.**

૨૬ વિષ્ણુકુમારાદિકની જેમ યાવત્ લાખ યોજનનું શરીર વિકુર્વવાની શક્તિ તે **વૈક્રિય લબ્ધિ.** તેના અણુત્વ મહત્વાદિ અનેક પ્રકાર છે.

૨૭ અંતરાય કર્મના ક્ષયોપશમથી ભિક્ષા વડે લાવેલું અન્ન મુનિ પોતે આહાર કર્યા અગાઉ ગમે તેટલાને આપે - ગૌતમસ્વામીની જેમ જમાડે તો પણ ખુટે નહીં તે **અક્ષીણ મહાનસી લબ્ધિ.**

૨૮ જે શક્તિ વડે મુનિ જૈનશાસનને માટે ચક્રવર્તીની સેનાને ચૂરી નાખવી હોય તો પણ ચૂરી શકે એવી લબ્ધિ તે **પુલાક લબ્ધિ.**

## (૨૪૭) અરિહંતના સમયમાં શું શું વિશેષ હોય ?

**अरिहंत समय बादर, विज्झ अग्गी बलाहगा थणिया ।**
**आगर दह नईओ, उवराग निसि वुड्ढि अयणं च ॥ ३९० ॥**

**અર્થ :** અરિહંતના સમયમાં એટલે ભરત ઐરવતની અપેક્ષાએ તીર્થંકર થાય ત્યારથી બાદર અગ્નિ, વીજળી, બલાહક (મેઘ), સ્તનિત *(ગર્જારવ), આકર (ખાણ)નું ખોદવું, દ્રહો બનાવવા અને નવી નદીઓનું* વહેવું, ચંદ્ર સૂર્યનું ગ્રહણ, રાત્રિની વૃદ્ધિ અને ઉપલક્ષણથી હાનિ તેમજ દક્ષિણાયન ને ઉત્તરાયન - આટલા વાના હોય છે. યુગલિયાના સમયમાં કલ્પવૃક્ષોનું સતત આચ્છાદન હોવાથી એટલા વાના હોતા નથી. તેમજ રાત્રિની વૃદ્ધિ હાનિ, અયન, ગ્રહણ વિગેરે ત્યાંના મનુષ્યોને જણાતા નથી. (૩૯૦)

## (૨૪૮) ચૌદ ગુણસ્થાનનાં નામ

**मिच्छे१ सासण२ मीसे३,**
**अविरय ४ देसे ५ पमत्त ६ अपमत्ते ७ ।**
**नियट्टी ८ अनियट्टी ९, सुहुमु १० वसम ११,**
**खीण १२ सजोगी १३ अजोगी १४ गुणा ॥ ३९१ ॥**

**અર્થ :** મિથ્યાત્વ ગુણસ્થાન ૧, સાસ્વાદન ૨, મિશ્ર ૩, અવિરત સમ્યગ્દષ્ટિ ૪, દેશવિરતિ ૫, પ્રમત્ત (સર્વ વિરતિ) ૬, અપ્રમત્ત ૭, નિવૃત્તિ બાદર ૮, અનિવૃત્તિ બાદર ૯, સૂક્ષ્મ સંપરાય ૧૦, ઉપશાંત મોહ ૧૧, ક્ષીણ મોહ ૧૨, સયોગી કેવળી ૧૩ અને અયોગી કેવળી ૧૪ - આ ચૌદ ગુણસ્થાનકો છે. (૩૯૧) (એનું વિશેષ સ્વરૂપ કર્મગ્રંથાદિકથી જાણવું.)

## (૨૪૯) એકેંદ્રિયમાં ગયા પછી દેવોને થતું દુઃખ

**एगिंदित्तणे जे देवा, चवंति तेसिं पमाणसो थोवा ।**
**कत्तो मे मणुअभवो, इय चिंतंतो सुरो दुहिओ ॥ ३९२ ॥**

**અર્થ :** જે દેવો ચ્યવીને એકેંદ્રિયપણે ઉત્પન્ન થાય છે તેઓનું પ્રમાણ ઘણું થોડું હોય છે. (તેવા જીવો ઘણા થોડા હોય છે.) પરંતુ તેઓ એકેંદ્રિયમાં ઉપજ્યા પછી 'મને હવે મનુષ્ય ભવ ક્યારે મળશે ?' એમ વિચારતા અતિ દુઃખી થાય છે. (૩૯૨)

## (૨૫૦) વનસ્પતિનું અચિત્તપણું ક્યારે થાય છે ?

**पत्तं पुप्फं हरियं, अबंधबीयं च जं फली होइ ।**
**बिंटं मिलाणंमि य, नियमाउ होइ अच्चित्तं ॥ ३९३ ॥**

**અર્થ :** પત્ર, પુષ્પ, હરિત (તૃણ) તથા બીજ બંધાયા વિનાની જે ફળી હોય તે સર્વનું બિંટ (ડિંટ) જ્યારે મ્લાન થાય છે ત્યારે તે નિશ્ચે અચિત્ત થઈ ગયેલ હોય છે એમ સમજવું. (૩૯૩)

## (૨૫૧) પાંચ પ્રકારના ચારિત્રના નામ

**सामाइयत्थ पढमं, छेओवट्ठावणं भवे बीयं ।**
**परिहारविसुद्धीयं, सुहुमं तह संपरायं च ॥ ३९४ ॥**

**तत्तो अ अहक्खायं, खायं सव्वम्मि जीवलोगम्मि ।**
**जं चरिऊण सुविहिया, वच्चंति अयरामरं ठाणं ॥ ३९५ ॥**

**અર્થ :** પહેલું સામાયિક ચારિત્ર ૧, બીજું છેદોપસ્થાપનીય ચારિત્ર ૨, પરિહાર વિશુદ્ધિ ચારિત્ર ૩, સૂક્ષ્મસંપરાય ચારિત્ર ૪, ત્યારપછી યથાખ્યાત ચારિત્ર ૫ એ સર્વ જીવલોકને વિષે પ્રસિદ્ધ છે કે જેનું આચરણ કરીને સુવિહિત સાધુઓ અજરામર (મોક્ષ) સ્થાનને પામે છે. (૩૯૪-૩૯૫)

## (૨૫૨) નપુંસક સંબંધી

**पंडए वाइए कीबे, कुंभी सालुइतीसऊणी ।**
**तक्कामसेवय पक्खिया,**
**परिकप्पिइय सोगंधेइय आसत्ता ॥ ३९६ ॥**

(આ ગાથાનો અર્થ અસલ પ્રતમાં લખેલ નથી, તેમ બરાબર સમજાતો પણ નથી તેથી અહીં લખેલ નથી.)

## (૨૫૩) નપુંસકનાં લક્ષણ

**महिलासहावो१ सरवन्नभेओ२,**
**मोहो महंतो३ महुया च वाणी४ ।**
**ससद्दयं मुत्त५ मफेणयं च ६,**
**एयाणि छ पंडगलक्खणाणि ॥ ३९७ ॥**

**અર્થ :** સ્ત્રી જેવો સ્વભાવ ૧, સ્વર અને વર્ણનો ભેદ ૨, અત્યંત મોહ ૩, મધુર (મૃદુ) વાણી ૪, શબ્દ સહિત લઘુનીતિ ૫ તથા લઘુનીતિમાં ફીણ ન હોય ૬ - આ છ લક્ષણો નપુંસકને હોય છે. (૩૯૭)

## (૨૫૪) ગળીવાળા વસ્ત્રના સંગથી થતી જીવોત્પત્તિ

**नीलीरंगियवत्थं, मणुयसेदेण होइ तक्कालं ।**
**कुंथु तसा य निगोया, उप्पज्जंती बहू जीया ॥ ३९८ ॥**

**અર્થ :** નીલી (ગળી)થી રંગેલું વસ્ત્ર મનુષ્યના સ્વેદ (પરસેવા) વડે વ્યાપ્ત થાય કે તરત જ તેમાં કુંથુ, ત્રસ અને નિગોદના ઘણા જીવો ઉત્પન્ન થાય છે. (૩૯૮) (અહીં નિગોદના જીવો એટલે સંમુર્છિમ પંચેંદ્રિય જીવો હોવા સંભવ છે.)

**गुलिएण वत्थेण मणुस्सदेहे,**
**पंचिंदिया तंमि निगोय जीवा ।**
**जीवाण उप्पत्तिविणाससंगे,**
**भणइ जिणो पन्नवणाउवंगे ॥ ३९९ ॥**

**અર્થ :** ગળી વડે રંગેલા વસ્ત્રથી મનુષ્યના શરીરમાં પંચેંદ્રિય તથા નિગોદના જીવો ઉત્પન્ન થાય છે. તેમાં જીવોની ઉત્પત્તિ અને વિનાશનો સંગમ જિનેશ્વરે શ્રી પન્નવણા ઉપાંગમાં કહ્યો છે. (૩૯૯) (અહીં પણ નિગોદ શબ્દે સૂક્ષ્મનિગોદ સમજવા નહીં.)

**वालग्गकोडिसरिसा, उरपरिसप्पा गुलियमज्झम्मि ।**
**संमुच्छंति अणेगा, दुप्पेच्छा चरमचक्खूणं ॥ ४०० ॥**

**અર્થ :** ગળીના રંગમાં વાળના અગ્રભાગની અણી જેવડા અનેક ઉરપરિસર્પો સંમૂર્છિમપણે ઉત્પન્ન થાય છે, તે ચર્મચક્ષુથી જોઇ શકાય નહીં એવા સૂક્ષ્મ હોય છે. (૪૦૦) આ ત્રણ ગાથામાં બતાવેલા કારણોથી ગળીવાળુ વસ્ત્ર વાપરવું નહીં.)

## (૨૫૫) અભવ્ય જીવોને ન પ્રાપ્ત થાય તેવા સ્થાનો

**काले सुपत्तदाणं १, सम्मत्तविसुद्धि २ बोहिलाभं ३ च ।**
**अंते समाहिमरणं ४, अभव्वजीवा न पावंति ॥ ४०१ ॥**

અર્થ : અવસરે (યોગ્યકાળે) સુપાત્રને દાન આપવું તે ૧, સમકિતની વિશુદ્ધિ ૨, બોધિનો લાભ (પ્રાપ્તિ) ૩ અને છેવટ સમાધિ મરણ ૪ - આ ચાર સ્થાનો અભવ્ય જીવો પામતા નથી. (૪૦૧)

## (૨૫૬) સાત કુલકરનાં નામ

**पढमित्थ विमलवाहण १,**
**चक्खू २ जसमं ३ चउत्थमभिचंदे ४ ।**
**तत्तो पसेणजिय५, मरुदेवो६ चेव नाभी ७ य ॥ ४०२ ॥**

અર્થ : આ ભરતક્ષેત્રમાં પહેલા વિમલવાહન ૧, ચક્ષુષ્માન્ ૨, યશસ્વાન્ ૩, ચોથા અભિચંદ્ર ૪, ત્યારપછી પ્રસેનજિત , મરૂદેવ ૬ અને છેલ્લા નાભિ ૭ - આ પ્રમાણે અનુક્રમે સાત કુલકર થયા છે. (૪૦૨)

## (૨૫૭) સાત કુલકરની પત્નીઓનાં નામ

**चंदजसा१ चंदकंता२, सुरूव३ पडिरूव४ चक्खुकंता५य ।**
**सिरिकंता६ मरुदेवी७, कुलगरपत्तीण नामाइं ॥ ४०३ ॥**

અર્થ : ચંદ્રયશા ૧, ચંદ્રકાંતા ૨, સુરૂપા ૩, પ્રતિરૂપા ૪, ચક્ષુઃકાંતા ૫, શ્રીકાંતા ૬ અને મરૂદેવી ૭ - આ સાત અનુક્રમે સાત કુલકરની પત્નીઓનાં નામ જાણવાં. (૪૦૩)

## (૨૫૮) દ્વિદલ (વિદળ)નું લક્ષણ

**जम्मि य पीलिज्जंते, जं होइ नहो य तं विदलं ।**
**विदले वि हु निप्फन्नं, ते हु न जहाय तो विदलं ॥ ४०४ ॥**

અર્થ : જે ઘંટી વિગેરે યંત્રમાં પીલાતાં જેમાં નખીયા હોય તે દ્વિદળ કહેવાય છે, તેના બે દળ નીપજ્યા તો પણ તેમાંથી નખીયા ન ગયા તેથી તે દ્વિદળ કહેવાય છે. (૪૦૪) (અન્યત્ર દ્વિદળનું લક્ષણ બીજી રીતે કહેલ છે.)

## (૨૫૯) મહાવિદેહ ક્ષેત્રના સાધુના આહારનું માન

**बत्तीसं कवलाहारो, बत्तीसं तत्थ मूडया कवलो ।**
**एगो मूडसहस्सो, चउवीसाए समहिओ य ॥ ४०५ ॥**

**અર્થ :** મહાવિદેહ ક્ષેત્રમાં રહેલા સાધુઓને પણ બત્રીશ કવળનો આહાર હોય છે. તેમનો બત્રીશ મુડાનો એક કવળ થાય છે. તેથી બત્રીશ કવળનું પ્રમાણ બત્રીશને બત્રીશે ગુણવાથી એક હજાર અને ચોવીશ મુડા થાય છે. એટલો એક સાધુને એક વખતનો આહાર હોય છે. (૪૦૫) (અહીં મુડાનું માપ કેવડું ગણાય છે તે સમજમાં નથી.)

## (૨૬૦) મહાવિદેહના સાધુઓના મુખનું તથા પાત્રનું પ્રમાણ

**रयणीओ पन्नासं, विदेहवासम्मि वयणपरिमाणं ।**
**पत्ततलस्स पमाणं, सत्तरधणुहाइ दीहं तु ॥ ४०६ ॥**

**અર્થ :** મહાવિદેહ ક્ષેત્રમાં સાધુના મુખનું પ્રમાણ પચાસ હાથનું છે, તેના પાત્રના તળીયાનું પ્રમાણ સત્તર ધનુષ દીર્ઘ (લાંબું) હોય છે. (૪૦૬) (આ પ્રમાણ ઉત્સેધાંગુલે સમજવું. આપણા કરતાં ૫૦૦ ગણું સુમારે હોવાથી તે ઘટી શકે છે.)

## (૨૬૧) મહાવિદેહના સાધુની મુખવસ્ત્રિકાનું પ્રમાણ

**मुहणंतएण तेसिं, सट्ठिसहस्सा य एग लक्खा य ।**
**भरहस्स य साहूणं, एयं मुहणंतयं माणं ॥ ४०७ ॥**

**અર્થ :** તે મહાવિદેહ ક્ષેત્રના સાધુની એક મુખવસ્ત્રિકાએ આ ભરતક્ષેત્રમાં રહેલા સાધુઓની એક લાખ ને સાઠ હજાર મુખવસ્ત્રિકાઓ થાય છે. એટલું તેની એક મુખવસ્ત્રિકાનું પ્રમાણ છે. (૪૦૭) (અહીં કરતાં ૪૦૦ ગણી લાંબી ને ૪૦૦ ગણી પહોળી હોવાથી આ માપ ઘટી શકે છે.)

## (૨૬૨) સંગ્રહી રાખેલા ધાન્યની યોનિનો કાળ

कोट्ठय पल्लय मंचय, मालाउत्ताण धन्नजाईणं ।
उल्लित्तं लित्त पेहिय, मुद्दियकयलंछणाणं च ॥ ४०८ ॥

अहन्नं ते सालीणं, वीहि य गोधूम जवजवाणं च ।
केवइकालं जोणी, जहन्न उक्कोसिया ठिई ॥ ४०९ ॥

અર્થ : માટીનો કોઠો, વાંસનો પોલો, સાંઠીનો માંચો, લાકડા વિગેરેનો માળ વિગેરેમાં જુદા જુદા ધાન્યની જાતિઓ રાખીને પછી તે કોઠાર વિગેરેને ચોતરફથી લીંપી, માથે ઢાંકણું ઢાંકી, મુદ્રા કરી તથા લાંછન (ચિહ્ન) કરી સાચવી રાખેલ હોય તો તેમાં રહેલા શાલિ, વ્રીહિ, ગોધુમ અને યવ એ ધાન્યની યોનિ (ઉત્પન્ન થવાનો સ્વભાવ) જઘન્યથી અને ઉત્કૃષ્ટથી કેટલા કાળ સુધી રહે ? (૪૦૮-૪૦૯) (તે હવે પછીની ગાથા વડે કહે છે.)

### ઉપરના પ્રશ્નનો જવાબ

गोयम ! जहन्न अंतो-मुहुत्त उक्कोस तिन्नि वरिसाइं ।
अन्नाण वि धण्णाणं, अंतमुहुत्तं जहन्न ठिई ॥ ४१० ॥

कलतिलकुलत्थचवला, मसूरमुगमासवल्लतुबरीणं ।
तहपलिमंथगाईणं, पंचवरिसाइ उक्कोसा ॥ ४११ ॥

तत्थ कलत्ति कलाया, हुंति मसूरा भिलिंग चणगाणो ।
पलिमंथ वट्टचणगा, बितीना कालचणग त्ति ॥ ४१२ ॥

सेसे पसिद्धभेया, इत्तो अयसि कुसुंभ कंगूणं ।
कोद्दव बरट्ट रालय, कुद्दुसग सरिसवाणं च ॥ ४१३ ॥

सणमूल बीयगाइण, वावि उक्कोस सत्त वरिसाइं ।
तेण परं पमिलाई, जोणी वण्णाइहीणा य ॥ ४१४ ॥

विद्धंसइ णंतरए, एवं बीयं अबीयमवि हुज्जा ।
तेण परं जोणीए, वुच्छेदे आवि पन्नत्ते ॥ ४१५ ॥
सत्तम उद्देसाओ, पण्णत्तीए सयस्स छठुस्स ।
धण्णाण उ पमाणं, उद्धरियं समरणठ्ठाए ॥ ४१६ ॥

**અર્થ :** હે ગૌતમ ! તે (ઉપલી ગાથામાં કહેલા) ધાન્યમાં યોનિભાવ (ઉત્પન્ન થવાનો સ્વભાવ) જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ત્રણ વર્ષ સુધી રહે છે. બીજા ધાન્યોની પણ જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની કહી છે. (૪૧૦) કલ-કલાય (ખુરસાણી), તલ, કળથી, ચોળા, મસૂર, મગ, અડદ, વાલ, તુવેર તથા પલિમંથ વિગેરેની ઉત્કૃષ્ટ સ્થિતિ પાંચ વર્ષની કહી છે. (૪૧૧) અહીં કલ એટલે કલાય નામનું ધાન્ય, મસૂર એટલે ભિલંગ ચણાની દાળ, પલિમંથ એટલે વાટલા ચણા (વટાણા) અને બિતિના એટલે કાળા ચણા. (૪૧૨) બીજા ધાન્યનાં ભેદો-નામો પ્રસિદ્ધ છે. હવે અળસી, કુસુંભો (કરડી), કાંગ, કોદરા, બંટી, રાલ, કોદુસગ, સરસવ. (૪૧૩) સણના બીજ, મૂળાના બીજ, ઈત્યાદિકની ઉત્કૃષ્ટ સાત વર્ષની સ્થિતિ છે, ત્યાર પછી તેની યોનિ કરમાઈ જાય છે અને તેના વર્ણાદિક (વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ) હાનિ પામે છે. (૪૧૪) ત્યાર પછી તરત જ તે (યોનિ) વિધ્વંસ-વિનાશ પામે છે તેથી બીજ પણ અબીજ થઈ જાય છે. એટલે યોનિનો વિચ્છેદ થાય છે એમ કહ્યું છે.[૧] (૪૧૫) શ્રી ભગવતીસૂત્રના છઠ્ઠા શતકના સાતમા ઉદ્દેશામાંથી આ ધાન્યની યોનિનું પ્રમાણ સ્મરણને માટે ઉધર્યું છે. (૪૧૬)

## (૨૬૩) સાધ્વીના પચીશ ઉપકરણ

ओग्गहणंतग १ पट्टो २,
अद्धोरुय ३ चलणिया ४ य बोधव्वा ।
अब्भितर ५ बाहिनियं-
सणी ६ य तह कंचुए ७ चेव ॥ ४१७ ॥

૧ ધાન્યમાંથી સચિત્તભાવ નષ્ટ થયા પછી પણ યોનિભાવ (ઉત્પત્તિ સ્વભાવ) વધારે વખત રહે છે તે આ ગાથાઓમાં બતાવેલ છે. સચિત્તપણું ત્યાં સુધી રહે છે એમ ન સમજવું. જો કે સચિત્તમર્દનની જેમ જ યોનિમર્દન પણ મુનિ માટે નિષેધેલું છે.

**उक्कूच्छिय ८ वेगच्छिय ९,**

**संघाडी १० चेव खंधगरणी ११ य ।**

**ओहोवहिंमि एए, अज्जाणं पण्णवीसं तु ॥ ४१८ ॥**

**અર્થ :** અવગ્રહાંતક-હોડીના આકારવાળું ગુપ્તસ્થાન ઢાંકવાનું વસ્ત્ર ૧, પટ્ટ-ચાર અંગુલ પહોળો અને કેડ જેટલો લાંબો કેડે બાંધવાનો પાટો, જેને આધારે અવગ્રહાંતક રાખવામાં આવે છે તે ૨, અર્ધોરૂકકેડથી અર્ધા સાથળ સુધી પહેરવાની ચડી કે જે અવગ્રહાંતક અને પાટાને બન્નેને ઢાંકવાનું કામ કરે છે, તેનો આકાર ચોલણા જેવો હોય છે. તે બન્ને સાથળે કસ વડે બંધાય છે ૩, ચલણિકા (ચણીયો) પણ એવા જ આકારનો હોય છે, વિશેષ એ કે આ ચણીયો ઢીંચણ સુધી લાંબો હોય છે, તે પણ સીવ્યા વિનાનો કસોથી બાંધવામાં આવે છે ૪, અભ્યંતર નિવસની-કેડથી અર્ધી જંઘા ઢંકાય તેવું ઘાઘરાના આકારવાળું વસ્ત્ર, તે ઢીલું પહેરવામાં આવે છે કે જેથી આકુળતા થાય નહીં અને લોકમાં હાંસી થાય નહીં ૫, બહિર્નિવસની-કેડથી આરંભીને છેક પગની ઘુંટી ઢંકાય તેટલું લાંબુ ઘાઘરાના આકાવાળું વસ્ત્ર, તે કેડ પર નાડીથી બંધાય છે ૬, આ છ ઉપકરણો સાધ્વીને કેડથી નીચેના ભાગનાં છે. હવે કેડની ઉપરના ભાગના ઉપકરણો કહે છે : કંચુક-પોતાના શરીર પ્રમાણે એટલે છાતી બરાબર ઢંકાય તેવો સીવ્યા વિનાનો કંચુક કસોથી બાંધવામાં આવે છે ૭, ઉપકક્ષિકા-કાખલીને ઢાંકવાનું વસ્ત્ર તે સીવ્યા વિનાનું સમચોરણ દોઢ હાથનું હોય છે, તેનાથી સ્તનભાગ તથા જમણું પડખું ઢંકાય છે ૮, વૈકક્ષિકા-આ ઉપકક્ષિકાથી વિલક્ષણ હોવાથી તેનું નામ વૈકક્ષિકા આપવામાં આવ્યું છે. આ વસ્ત્ર પાટાને આકારે હોય છે અને તે ડાબે પડખે પહેરવાના કંચુક જેવું હોય છે, તે ઉપક્કક્ષિકા અને કંચુક એ બન્નેને ઢાંકીને ડાબે પડખે પહેરવામાં આવે છે ૯, સંઘાટી-આ વસ્ત્ર શરીરના ઉપલા ભાગમાં ઓઢાય છે. આ સંઘાટીઓ ચાર રાખવામાં આવે છે. તેમાં એક તો બે હાથ પહોળી હોય છે, બીજી બે સંઘાટી ત્રણ હાથ પહોળી અને ચોથી ચાર હાથ પહોળી હોય છે તથા ચોથી સંઘાટીઓ લંબાઈમાં સાડા ત્રણ કે ચાર હાથ હોય છે. આમાંની પહેલી સંઘાટી માત્ર ઉપાશ્રયમાં

જ ઓઢાય છે, બીજી ગોચરી જતાં અને ત્રીજી સ્થંડિલ જતાં ઓઢવામાં આવે છે તથા વ્યાખ્યાન સાંભળવા જતાં અથવા સ્નાત્ર મહોત્સવાદિકમાં જતાં ચોથી ચાર હાથની પહોળી સંઘાટી ઓઢવામાં આવે છે. કેમકે આવા અવસરે પ્રાયે ઉભા રહેવાનું હોય છે તેથી તે વડે આખું શરીર ઢાંકી શકાય છે ૧૦, સ્કંધકરણી-આ વસ્ત્ર ચાર હાથ પહોળું અને ચાર હાથ લાંબું સમચોરસ હોય છે. તે ચોવડું કરીને ખભા પર રાખવામાં આવે છે, તેનાથી પહેરેલાં બીજાં વસ્ત્રોને વાયુ ઉડાડી શકતો નથી (તેને કામળી પણ કહે છે) તેમજ તે રાખવાથી રૂપવાળી સાધ્વી કુરૂપ જેવી લાગે છે તેથી તે ઉપયોગી છે ૧૧, આ પ્રમાણે સાધ્વીઓને ઔઘિક ઉપધિ પચીશ પ્રકારની કહી છે (૪૧૭-૪૧૮) એટલે કે આ બે ગાથામાં બતાવેલી અગ્યાર પ્રકારની ઉપધિ તથા સાધુની જે ચૌદ પ્રકારની ઉપધિ છે, તે પણ સાધ્વીઓને હોય છે. તેથી કુલ પચીશ પ્રકારની ઉપધિ હોય છે. તે ચૌદ પ્રકારની ઉપધિ આ પ્રમાણે છે :

પત્ત-પાત્ર ૧, પાત્રબંધ-જેમાં પાત્ર રાખવામાં આવે છે, તે ચાર છેડાવાળી વસ્ત્રની ઝોળી ૨, પાત્રસ્થાપન-પાત્ર રાખવાનું કંબલનું વસ્ત્ર ૩, પાત્ર કેસરિયા-પાત્ર પુંજવાની ચરવળી ૪, પટલ (પડલા) - ગોચરી જતાં પાત્ર ઉપર ઢાંકવાનું વસ્ત્ર ૫, રજસ્રાણ-પાત્રને વીંટવાનું વસ્ત્ર ૬, ગોચ્છક-પાત્રની ઉપરઅને નીચે કામળીના ટુકડા રાખવામાં આવે છે તે ૭ - આ સાત પ્રકારનો પાત્રનિયોગ કહેવાય છે તથા બે કપડા સૂતરના અને એક ઉનનું મળી ત્રણ કપડા ૧૦, એક રજોહરણ ૧૧, એક મુખવસ્ત્રિકા ૧૨, એક માત્રક ૧૩ અને એક ચોલપટ્ટક ૧૪. (સાધ્વીમાં ચોળપટ્ટાને બદલે સાડો સમજવો.)

## (૨૬૪) તિર્યંચ અને મનુષ્યની સ્ત્રીના ગર્ભની ઉત્કૃષ્ટ સ્થિતિ

**गब्भय तिरिइत्थीणं, उक्कोसा होइ अट्ठ वरिसाणि ।**
**सा बारस नारीणं, कायट्ठिई होइ चउवीसं ॥ ४१९ ॥**

અર્થ : તિર્યંચની સ્ત્રીના ગર્ભની સ્થિતિ ઉત્કૃષ્ટ આઠ વર્ષની હોયછે અને મનુષ્ય સ્ત્રીના ગર્ભની સ્થિતિ ઉત્કૃષ્ટ બાર વર્ષની હોય છે. પરંતુ તે ગર્ભની કાયસ્થિતિ ઉત્કૃષ્ટ ચોવીશ વર્ષની હોય છે. એટલે કે પ્રથમના ગર્ભનો જીવ બાર વર્ષે ચવી જાય અને તે જ ગર્ભમાં તરત જ તે અથવા બીજો જીવ અવતરે અને તે પણ બાર વર્ષ સુધી રહે ત્યારે તેની કાયસ્થિતિ ઉત્કૃષ્ટ ચોવીશ વર્ષની થાય છે. (૪૧૯) (આ સ્થિતિ કાર્મણ વિગેરે પ્રયોગથી ગર્ભને સ્થંભિત કરી દેવામાં આવે ત્યારે પ્રાપ્ત થાય છે. સિદ્ધરાજ જયસિંહ માતાના ગર્ભમાં બાર વર્ષ રહ્યો હતો.)

## (૨૬૫) દાન દેવાના દશ પ્રકાર (કારણ)

**वस १ संग २ भय ३ कारणिय ४,**
**लज्जा ५ गारव ६ अधम्म ७ धम्मे ८ य ।**
**काहीय ९ कयमाणेण १०, दाणमेयं भवे दसहा ॥ ४२० ॥**

અર્થ : વશથી-કોઈના પરતંત્રપણાથી દાન દેવું પડે ૧, સારી સંગતથી ૨, ભયથી ૩, કાંઈપણ કારણથી ૪, લજ્જાથી ૫, ગારવથી (ગર્વથી) ૬, અધર્મબુદ્ધિથી (ધર્મ નથી એમ જાણ્યા છતાં)[1] ૭, ધર્મબુદ્ધિથી ૮, કાર્ય કર્યા પછી ૯ અને કાર્ય કરાવવાની બુદ્ધિથી ૧૦ - આ પ્રમાણે દશપ્રકારે દાન દઈ શકાય છે. (૪૨૦)

## (૨૬૬) ઉચ્ચાર વિગેરે પરઠવવાની ભૂમિ

**अणावाए १ असंलोए २, परस्साणुवघाइए ३ ।**
**समे४ अझुसिरे५ यावि, चिरकालकयंम्मि६ य ॥ ४२१ ॥**
**विच्छिन्ने७ दूरमोगाढे८, नासण्णे९ बिलवज्जिए१० ।**
**तसपाणबीयरहिए११, उच्चाराईणि वोसिरे ॥ ४२२ ॥**

અર્થ : અનાપાત-જયાં લોકો વિગેરેનું જવું આવવું ન થતું હોય એવું સ્થાન ૧, અસંલોક-લોકો વિગેરે જોઈ ન શકે એવું (એકાંત) સ્થાન

૧ પ્રદેશી રાજાએ જૈનધર્મ પાળ્યા પછી પણ સર્વને દાન દીધું તેમ.

૨, પરાનુપઘાત-બીજા ત્રસ પ્રાણીઓનો ઉપઘાત ન થાય એવું સ્થાન ૩, સમ-ઉંચું નીચું ન હોય એવું સમાન સ્થાન ૪, અશુષિર-છિદ્ર, પોલાણ વિગેરે ન હોય એવું સ્થાન ૫, ચિરકાલકૃત-ઘણા કાળથી કરેલું હોય એટલે લોકોએ જવા આવવાથી અથવા ખેડવા વિગેરેથી કરેલું હોય-વપરાયેલું હોય ૬, વિસ્તીર્ણ-વિશાળ-મોટું હોય પણ સાંકડું ન હોય એવું સ્થાન ૭, દૂરાવગાઢ-દૂર અવગાઢ હોય (દૂર રહેલું હોય) ૮, નાસન્ન-ગ્રામાદિકની બહુ નજીકમાં ન હોય ૯, બિલ-દર, ગુફા વિગેરેથી રહિત હોય ૧૦ તથા ત્રસ, પ્રાણી (એકેંદ્રિય) અને બીજ (વનસ્પતિકાય) વડે રહિત હોય ૧૧ - આવા શુદ્ધ સ્થાન (સ્થંડિલ)માં ઉચ્ચાર વિગેરે તજવા યોગ્ય છે. (લઘુનીતિ, વડીનીતિ વિગેરે પરઠવવા લાયક છે.) (૪૨૧-૪૨૨)

## (૨૬૭) તૃણ પંચક

**तणपणगं पुण भणियं, जिणेहि जियरागदोसमोहेहिं ।**
**साली १ वीहिय २ कोद्दव ३,**
**रालग ४ रण्णे ५ तणाइं च ॥ ४२३ ॥**

**અર્થ :** રાગ, દ્વેષ અને મોહને જીતનાર જિનેશ્વરોએ તૃણ પંચક આ પ્રમાણે કહ્યું છે - શાલિનું ઘાસ ૧, વ્રીહિનું ઘાસ ૨, કોદ્રવનું ઘાસ ૩, રાલક (કાંગ)નું ઘાસ ૪ તથા અરણ્યનું ઘાસ ૫ - આ પાંચ જાતના તૃણનું આસન કે શયન વિગેરે કરવાથી તેની પડિલેહણા થઇ શકે નહીં, તેથી સાધુને તે તૃણપંચક કલ્પે નહીં. (૪૨૩)

## (૨૬૮) ચર્મ પંચક

**अय १ एल २ गावि ३ महिसी ४,**
**मिगाण ५ मजिणं च पंचमं होइ ।**
**तलिगा १ खल्लग २ वद्धे ३,**
**कोसग ४ कित्ती ५ य बीयं तु ॥ ४२४ ॥**

**અર્થ :** બકરાનું ચર્મ ૧, ઘેટાનું ચર્મ ૨, ગાય-બળદનું ચર્મ ૩,

ભેંશ-પાડાનું ચર્મ ૪ અને મૃગનું ચર્મ ૫ - આ પાંચ પ્રકારનાં ચર્મ રાખવા સાધુને કલ્પે નહીં, કારણ કે તેની પડિલેહણા થઇ શકે નહીં. વળી બીજી રીતે ચર્મ પંચક આ પ્રમાણે કહેવાય છે :

તળીયાં (એક તળીયાની કે બે, ત્રણ, ચાર તળીયાની સપાટ) ૧ પગરખાં (જોડા) ૨, વાધરી ૩, કોશક (કોથળી) ૪ અને કૃત્તિ (ચામડું) ૫ - આ ચર્મ પંચક કોઇ કોઇ વખત સબળ કારણે સાધુને કલ્પી શકે છે. (૪૨૪)

## (૨૬૯) સાધુનાં સત્તાવીશ ગુણો

**छव्वय ६ छक्कायरक्खा १२,**
**पंचिंदिय १७ लोहनिग्गहो १८ खंती १९ ।**
**भावविसुद्धि २० पडि-**
**लेहणाकरणे विसुद्धी य २१ ॥ ४२५ ॥**

**संजयजोए जुत्तय २२,**
**अकुसलमण २३ वयण २४ काय २५ संरोहो ।**
**सीआइ पीडसहणं २६,**
**मरणं उवसग्गसहणं २७ च ॥ ४२६ ॥**

**અર્થ :** પ્રાણાતિપાત વિરમણ ૧, મૃષાવાદ વિરમણ ૨, અદત્તાદાન વિરમણ ૩, મૈથુન વિરમણ ૪, પરિગ્રહ વિરમણ ૫, રાત્રિભોજન વિરમણ ૬ એ છ વ્રતો, પૃથ્વીકાય ૭, અપ્કાય ૮, તેઉકાય ૯, વાયુકાય ૧૦, વનસ્પતિકાય ૧૧ અને ત્રસકાય ૧૨ એ છ કાયની રક્ષા, શ્રોત્રાદિક પાંચ ઇંદ્રિયોનો નિગ્રહ ૧૭, લોભનો નિગ્રહ ૧૮, ક્ષમા = ક્રોધનો નિગ્રહ ૧૯, ભાવવિશુદ્ધિ ૨૦, પડિલેહણા કરવામાં વિશુદ્ધિ ૨૧, સંયમના યોગોથી યુક્ત ૨૨, અશુભ મન,વચન અને કાયાનો નિરોધ ૨૫, શીતાદિક પીડા (પરીસહો) સહન કરવા ૨૬ તથા મરણાંત ઉપસર્ગ સહન કરવા ૨૭ - આ સતાવીશ ગુણો સાધુના જાણવા. (૪૨૫-૪૨૬)

## (૨૭૦) અષ્ટાંગ નિમિત્તાદિક ઓગણત્રીશ પ્રકારનું પાપશ્રુત

अट्ठ निमित्तगाईं, दिव्वु१ प्पायं२ तलिक्ख३ भोमं४ च ।
अंग५ सर६ लक्खण७ वंजण८,
तिविहं पुण होइ इक्किक्कं२४ ॥ ४२७ ॥

सुत्तं अत्थं तदुभयं च, पावइ सुअ गुणतीसविहं ।
गंधव्व २५ नट्ट २६ वत्थु २७,
आउ २८ धणुव्वेय २९ संजुत्तं ॥ ४२८ ॥

**અર્થ :** આઠ નિમિત્ત આ પ્રમાણે - દિવ્ય ૧, ઉત્પાત ૨, અંતરિક્ષ ૩, ભૂમિકંપ વિગેરે ભૌમ ૪, અંગ-અંગ ફરકવાથી શુભાશુભનું જ્ઞાન ૫, સ્વર-પક્ષીઓના સ્વરથી શુભાશુભનું જ્ઞાન ૬, લક્ષણ-હસ્તરેખાદિકનું જ્ઞાન ૭ અને વ્યંજન-તલ, મસા આદિથી શુભાશુભનું જ્ઞાન ૮ - આ આઠ પ્રકારનું નિમિત્ત છે. તે દરેકના ત્રણ ત્રણ ભેદ છે, તે આ પ્રમાણે - સૂત્ર, અર્થ અને તદુભય-સૂત્રાર્થ. એટલે આઠને ત્રણ ગુણા કરતાં ચોવીશ ભેદ થયા તથા ગંધર્વશાસ્ત્ર ૨૫, નાટ્યશાસ્ત્ર ૨૬, વાસ્તુશાસ્ત્ર ૨૭, આયુર્વેદ ૨૮ અને ધનુર્વેદની વિદ્યા ૨૯ - આ ઓગણત્રીશ પ્રકારનું પાપશ્રુત કહેવાય છે. (૪૨૭-૪૨૮) (મુનિને માટે એનું પ્રગટન વર્જ્ય છે.)

## (૨૭૧) આ અવસર્પિણીમાં થયેલા દશ અચ્છેરા (આશ્ચર્ય)

उवसग्ग १ गब्भहरणं २,
इत्थीतित्थं ३, अभाविया परिसा ४ ।
कन्नस्स अपरकंका ५,
अवयरणं चंदसुराणं ६ ॥ ४२९ ॥

हरिवंसकुलुप्पत्ती ७,
चमरुप्पाओ ८ अ अट्ठसय सिद्धा ९ ।
असंजयाण पूआ १०,
दस वि अणंतेण कालेण ॥ ४३० ॥

અર્થ : કેવળજ્ઞાન થયા પછી તીર્થંકરને ઉપસર્ગ ૧, ગર્ભનું હરણ ૨, સ્ત્રી તીર્થંકર ૩, અભાવિતા-વ્રતગ્રહણ વિનાની પર્ષદા ૪, કૃષ્ણનું અપરકંકા નગરીમાં ગમન ૫, ચંદ્ર અને સૂર્યનું પોતાના શાશ્વત વિમાન સહિત પૃથ્વી પર અવતરણ ૬, હરિવંશકુળની ઉત્પત્તિ ૭, ચમરેંદ્રનો ઉત્પાત ૮, એક સમયે એકસો ને આઠ ઉત્કૃષ્ટ અવગાહનાવાળા જીવોની સિદ્ધિ ૯ તથા અસંયમીની પૂજા ૧૦ - આ દશ અચ્છેરા (આશ્ચર્યો) અનંતકાળે આ ભરતક્ષેત્રમાં થયા છે. (૪૨૯-૪૩૦) (એનું વિશેષ વર્ણન કલ્પસૂત્રાદિથી જાણવું. બીજા ચાર ભરત અને પાંચ ઐરવતમાં પણ પ્રકારાંતરે દશ દશ અચ્છેરા થયેલા છે.)

सिरीरिसहसीयलेसु, इक्किक्कं मल्लिनेमिनाहस्स ।
वीरजिणिंदे पंच य, एगो सुविहिस्स पाएण ॥ ४३१ ॥

અર્થ : શ્રી ઋષભસ્વામી, શીતલનાથ, મલ્લીનાથ, નેમિનાથ અને સુવિધિનાથ - એ પાંચ તીર્થંકરોના તીર્થમાં એક એક અચ્છેરૂં (આશ્ચર્ય) થયું છે તથા શ્રી મહાવીર જિનેંદ્રના તીર્થમાં પાંચ અચ્છેરા (આશ્ચર્ય) થયા છે. (૪૩૧)

रिसहो रिसहस्स सुया, भरहेण विवज्जिआ णवणवइ ।
अट्ठ भरहस्स सुया, सिद्धा इक्कम्मि समयम्मि ॥ ४३२ ॥

અર્થ : એક ઋષભદેવ સ્વામી, ભરત વિના ઋષભદેવના નવાણુ પુત્રો તથા ભરતના આઠ પુત્રો - કુલ એકસોને આઠ ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્યની અવગાહનાવાળા એક સમયે સિદ્ધ થયા છે. (૪૩૨)

## (૨૭૨) સંમૂર્છિમ પંચેંદ્રિય મનુષ્યની ઉત્પત્તિનાં ચૌદ સ્થાનો

**उच्चारे१ पासवणे२, खेले३ सिंघाण४ वंत५ पित्तेसु६ ।**
**सुक्के७ सोणिय८ गयजीव-कलेवरे९ नगरनिद्धमणे ॥ ४३३ ॥**

**महु ११ मज्ज १२ मंस १३ मंखण १४,**
**सव्वेसु असुइट्ठाणेसु १५ ।**
**उप्पज्जंति चयंति य, समुच्छिमा मणुअपंचिंदी ॥ ४३४ ॥**

**અર્થ :** ઉચ્ચાર (વડીનીતિ)માં ૧, પ્રસ્રવણ (લઘુનીતિ)માં ૨, ખેલ (શ્લેષ્મ)માં ૩, સિંઘાણ (નાકના મેલ)માં ૪, વાંત (વમન)માં ૫, પિત્તમાં ૬, શુક્ર (વીર્ય)માં ૭, શોણિત (સ્ત્રીના રૂધિર)માં ૮, જીવ રહિત ક્લેવર (શબ)માં ૯, નગરની ખાળમાં ૧૦, મધમાં ૧૧, મદ્ય (મદિરા)માં ૧૨, માંસમાં ૧૩ તથા માખણમાં ૧૪ અને બીજા સર્વ અશુચિ સ્થાનોમાં સંમૂર્છિમ મનુષ્ય પંચેંદ્રિયો ઉત્પન્ન થાય છે અને ચવે છે. (૪૩૩-૪૩૪) (આ ગાથામાં ચાર મહાવિગય સહિત ૧૫ સ્થાનમાં સંમુર્છિમ મનુષ્યની ઉત્પત્તિ કહી છે પરંતુ બીજે ઠેકાણે તે ચાર મહાવિગયમાં સંમુર્છિમ મનુષ્યની ઉત્પત્તિ કહી નથી, પણ બેઇંદ્રિય જીવોની ઉત્પત્તિ કહી છે, તેથી તે ૪ જતાં બાકી ૧૧ ને મનુષ્યના શરીરનો મેલ, પ્રસ્વેદ અને સ્ત્રીપુરૂષનો સંયોગ - આ ૩ સ્થાન ઉમેરી ચૌદ સ્થાન કહ્યાં છે. તે જીવો પણ ચૌદ સ્થાનકીયાજ કહેવાય છે.)

## (૨૭૩) પંદર યોગના નામ

**सच्चेयरमीसअसच्चमोसभासवय वेउव्वि आहारं ।**
**उरलं मीसा कम्मण, इय जोगा देसिया समए ॥ ४३५ ॥**

**અર્થ :** સત્ય ૧, ઇતર (અસત્ય) ૨, મિશ્ર (સત્યામૃષા) ૩, અસત્યામૃષા ૪ એ ચાર વચનયોગ તથા તે જ નામના ચાર મનયોગ મળી આઠ, વૈક્રિય કાયયોગ, આહારક કાયયોગ અને ઔદારિક કાયયોગ

એ ત્રણ તથા તેનાજ ત્રણ મિશ્ર મળી છ અને એક કાર્મણ કાયયોગ મળી સાત કાયયોગ - કુલ પંદર યોગ સિદ્ધાંતમાં કહ્યા છે. (૪૩૫)

## (૨૭૪) બાર ઉપયોગ

**तिअण्णाण३ णाणपण५,**
**चउदंसण४ बार जियलक्खणुवओगा ।**
**इय बारस उवओगा, भणिया तेलुक्कदंसीहिं ॥ ४३६ ॥**

**અર્થ :** ત્રણ અજ્ઞાન ૩, પાંચ જ્ઞાન ૫ અને ચાર દર્શન ૪ આ બાર જીવના લક્ષણ રૂપ ઉપયોગ છે. આ પ્રમાણે બાર ઉપયોગ ત્રણ લોકને જોનારા તીર્થંકરોએ કહ્યા છે. (૪૩૬)

## (૨૭૫) બાવીશ અભક્ષ્ય

**पंचुंबि ५, महविगई ९,**
**हिम१० विस११ करगे१२ य सव्वमट्टी१३ य ।**
**रयणीभोयण १४ वइंगणं १५,**
**बहुबीअं १६ अणंत १७ संधाणं १८ ॥ ४३७ ॥**

**विदलंमि गोरसाई १९,**
**अमुणियनामाणि पुप्फफलियाणि २० ।**
**तुच्छफल २१ चलियरसं २२,**
**वज्जहऽभक्खाणि बावीसं ॥ ४३८ ॥**

**અર્થ :** પાંચ ઉદુંબર (ઉંબરા વિગેરે પાંચ જાતિના વૃક્ષના ફળો) ૫, ચાર મહાવિગઇ (મધ, માખણ, માંસ ને મદિરા) ૯, હિમ ૧૦, વિષ (સર્વ જાતિના ઝેર) ૧૧, કરાં ૧૨, સર્વ જાતની માટી ૧૩, રાત્રિભોજન ૧૪, રીંગણાં ૧૫, બહુબીજ ૧૬, અનંતકાય (કંદમૂળ) ૧૭, સંધાન (બોળ અથાણું) ૧૮, કાચા ગોરસ સાથે દ્વિદલ ૧૯, અજાણ્યા પુષ્પ ફળ વિગેરે ૨૦, તુચ્છફળ ૨૧ અને જેનો રસ ચલિત (વિરસ)

થયો હોય તે પદાર્થ ૨૨ - આ બાવીશ અભક્ષ્ય વર્જવા યોગ્ય છે. (શ્રાવકને ખાવા યોગ્ય નથી તેથી તેને સારી રીતે સમજીને તેનો ત્યાગ કરવો.) (૪૩૭-૪૩૮)

## (૨૭૯) બત્રીશ અનંતકાય

सव्वाओ कंदजाई, सूरणकंदो१ य वज्जकंदो२ य ।
अद्दहलिद्दा३ य तहा, अद्दं४ तह अल्लकच्चूरो५ ॥ ४३९ ॥

सतावरी ६ बिराली ७,
कुंआरि ८ तह थोहरी ९ गलोई १० य ।
ल्हसण ११ वंसकरेल्ल १२,
गज्जर १३ तह लूणओ १४ लोढो १५ ॥ ४४० ॥

गिरिकन्न १६ किसलयपत्ता १७,
खरिसूअ १८ थेग १९ अल्लमुत्था २० य ।
तह लूणरुक्खछल्ली २१,
खीलोडो २२ अमियवल्ली २३ य ॥ ४४१ ॥

मूला २४ तह भूमिरुहा २५,
वरुहाई ढंक २६ वत्थुलो २७ पढमो ।
सूअरविलो २८ य तहा,
पल्लंको २९ कोमलंबिलिया ३० ॥ ४४२ ॥

आलू ३१ तह पिंडालू ३२, हवंति एए अणंतनामेहिं ।
अन्नमणंत नेयं, लक्खणजुत्ताई समयाओ ॥ ४४३ ॥

અર્થ : સર્વ કંદની જાતિ-સૂરણ કંદ ૧, વજ્રકંદ ૨ વિગેરે. લીલી હળદર ૩, લીલુ આદુ ૪, લીલો કચુરો ૫, શતાવરી ૬, બિરાલી ૭, કુંવાર ૮, બધી જાતના થોર ૯, ગળો ૧૦, લસણ ૧૧, વાંસ-કરેલા ૧૨, ગાજર ૧૩, લૂણી ૧૪, જળપોયણી (લોઢી) ૧૫, ગિરિકર્ણિકા

(ગરમર) ૧૬, પ્રત્યેક વનસ્પતિના કોમળ કિસલયને પત્ર ૧૭, ખસ્સુઓ ૧૮, થેગ ૧૯, લીલી મોથ ૨૦, લૂણી વૃક્ષની છાલ ૨૧, ખીલોડા ૨૨, *અમૃતવેલ ૨૩, મૂળાના કાંદા ૨૪, ભૂમિફોડા (છત્રાકારે) ૨૫, ઢંક ને* વત્થુલાના પહેલા અંકુરા (૨૬-૨૭), સુઅરવેલ ૨૮, પલ્યંક વનસ્પતિ ૨૯, કુંણી આંબલી (અંદર બીજ બંધાયા વિનાની) ૩૦, આલુ ૩૧ તથા પિંડાલુ ૩૨ - આ બત્રીશ અનંતકાય કહેવાય છે. બીજા પણ સિદ્ધાંતમાં કહેલા લક્ષણ વડે જે યુક્ત હોય તે પણ અનંતકાય જાણવા. (૪૩૯-૪૪૩)

## (૨૭૭) અનંતકાયનું તથા પ્રત્યેક વનસ્પતિનું લક્ષણ

**गूढसिरसंधिपव्वं, समभंगमहीरुगं च छिन्नरुहं ।**
**साहारणं सरीरं, तव्विवरीअं च पत्तेयं ॥ ४४४ ॥**

**અર્થ :** જેની સિરા (નસો) તથા સંધિ અને પર્વ (ગાંઠ) ગુપ્ત હોય, જેને ભાંગતા (ફોડતા) બે સરખા ભાગ થાય, જેમાં હીરક (તાંતણાં) ન હોય, જે છેદીને વાવવાથી ઉગે, તેવી સર્વ વનસ્પતિને સાધારણ શરીરવાળી એટલે અનંતકાય જાણવી. તેનાથી વિપરીત લક્ષણવાળી જે વનસ્પતિ તેને પ્રત્યેક શરીરી જાણવા. (૪૪૪)

**वक्कस्स भज्जमाणस्स, जस्स गंठी हविज्ज दुन्निगुणो ।**
**तं पुढविसरिसभेयं, अणंतजीवं वियाणाहि ॥ ४४५ ॥**

**અર્થ :** જે ભાંગવાથી બમણો વક્ર ગ્રંથિ દેખાય-અંદર વાંકી ગાંઠ વળીયાવાળી દેખાય અને જેના સુકાયેલી પૃથ્વીમાં ફાટ પડે તે પ્રમાણે ભેદ પડે-કકડા થાય તેને અનંતકાય જાણવા. (૪૪૫)

**गूढसिराए पत्तं, सच्छीरं जं च हुज्ज निच्छीरं ।**
**जं पि अपयाससंधी, अणंतजीवं वियाणाहि ॥ ४४६ ॥**

**અર્થ :** જેના પાંદડાંની સિરા (નસો) ગુપ્ત હોય તથા જે ક્ષીરવાળું હોય, તેમ જ જે ક્ષીરરહિત હોય છતાં તેની સંધિ દેખાતી ન હોય તે અનંતકાય જાણવા. (૪૪૬)

## (૨૭૮) રાત્રિભોજનનો દોષ

**बहुदोस आउ थोवं, तह पुण पभणेमि किं पि दोसस्स ।**
**भवछन्नुइ हणइ जीवा, सरसोसे इक्क तं पावं ॥ ४४७ ॥**

**सरसोसे अठ्ठोत्तर-भवंमि जीवो करेइ जं पावं ।**
**तं पावं दवइक्के, इक्कुत्तरभवं दवं दिंति ॥ ४४८ ॥**

**इक्कुत्तरभवंमि दवे, जं पावं समुपज्जई पावो ।**
**कुवाणिज्जे तं पावं, भवसयचिहुंआल कुकम्मे ॥ ४४९ ॥**

**जं कुकम्मे पावं, तं पावं होइ आलमेगं च ।**
**भवसयएगावन्ने, आलं तं गमण परइत्थी ॥ ४५० ॥**

**नव्वाणुसयभवपरइत्थी-गमणेणं होइ जं पावं ।**
**तं पावं रयणीए, भोयणकरणेण जीवाणं ॥ ४५१ ॥**

**અર્થ :** દોષ ઘણા કહેવાના છે અને આયુષ્ય થોડું છે. તો પણ રાત્રિભોજનના કાંઈક દોષને હું કહું છું : છન્નુ ભવ સુધી કોઈ મચ્છીમાર જીવોને-મત્સ્યોને હણે, તેટલું પાપ એક સરોવરને સુકાવવાથી થાય છે. કોઈ જીવ એકસોને આઠ ભવ સુધી સરોવરો સુકવીને જે પાપ બાંધે, તે પાપ એક દવદાન (દાવાનળ સળગાવવા)થી થાય છે. એવા એકસોને એક ભવ સુધી કોઈ દવદાન આપે, તે એકસોને એક ભવમાં દવદાન દેવામાં પાપી માણસ જે પાપ ઉપાર્જન કરે છે, તેટલું પાપ એક કુવાણિજ્ય (કુવ્યાપાર) કરવાથી થાય છે. એવા એકસોને ચુમાળીશ ભવસુધી કોઈ કુવાણિજ્ય કરે, તે કુવાણિજ્ય કરતાં જેટલું પાપ લાગે, તેટલું પાપ કોઈને એકવાર કૂટ (ખોટું) આળ દેતાં લાગે છે. એકસોને એકાવન ભવ સુધી ખોટું આળ દેતાં જે પાપ લાગે તેટલું એકવાર પરસ્ત્રીગમન કરવાથી પાપ લાગે છે. એકસોને નવ્વાણુ ભવ સુધી પરસ્ત્રીગમન કરતાં જેટલું પાપ લાગે, તેટલું પાપ જીવોને એક વાર રાત્રિભોજન કરવાથી લાગે છે. (૪૪૭-૪૫૧) (આટલો બધો રાત્રિભોજનનો દોષ કોઈ અપેક્ષાએ કહેલો સંભવે છે.)

**पाणाइ दुगुण साइमं, साइमतिगुणेण खाइमं होइ ।**
**खाइमतिगुणं असणं, राईभोए मुणेयव्वं ॥ ४५२ ॥**

**અર્થ :** રાત્રિભોજનમાં પાણીથી બમણું સ્વાદિમનું પાપ છે એટલે કે રાત્રિએ પાણી પીતાં જેટલું પાપ લાગે તેથી બમણું પાપ સ્વાદિમ ખાવાથી લાગે છે, એ જ પ્રમાણે સ્વાદિમથી ત્રણ ગણું ખાદિમ ખાવાથી પાપ લાગે છે અને ખાદિમથી ત્રણ ગણું અશન કરવાથી પાપ લાગે છે એમ જાણવું. (૪૫૨)

**जं चेव राइभोयणे, ते दोसा अंधयारंमि ।**
**जे चेव अंधयारे, ते दोसा संकडमुहम्मि ॥ ४५३ ॥**

**અર્થ :** રાત્રિભોજનમાં જે દોષ છે, તે જ દોષ અંધકારમાં ભોજન કરવાથી લાગે છે અને અંધારે ભોજન કરવાથી જે દોષ લાગે છે, તે દોષ સાંકડા મુખવાળા પાત્રમાં ખાવાથી લાગે છે. (૪૫૩)

**नयणे न दीसई जीवा, रयणीए अंधयारम्मि ।**
**रयणीए वि निप्फन्नं, दिणभुत्तं राइभोअणं ॥ ४५४ ॥**

**અર્થ :** રાત્રિએ તથા અંધકારમાં સૂક્ષ્મ જીવો નેત્ર વડે જોઇ શકાતા નથી, તેથી રાત્રિએ રાંધેલું અન્ન દિવસે ખાધું હોય તો પણ તે રાત્રિભોજન તુલ્ય જ છે. (૪૫૪)

## (૨૭૯) પાંચ પ્રકારના શરીર

**ओरालिय १ वेउव्विय २,**
**आहार ३ तेउ ४ कम्म ५ पणदेहा ।**
**नरतिरिय पढम बीयं, सुरनारय तइय पुव्वधरे ॥ ४५५ ॥**

**અર્થ :** ઔદારિક ૧, વૈક્રિય ૨, આહારક ૩, તૈજસ ૪ અને કાર્મણ ૫ - આ પાંચ પ્રકારનાં શરીર છે. તેમાં પહેલું ઔદારિક શરીર મનુષ્ય

અને તિર્યંચને હોય છે, બીજું વૈક્રિય શરીર દેવ અને નારકીને હોય છે, ત્રીજું આહારક શરીર ચૌદપૂર્વીને જ હોય છે. (૪૫૪)

**चत्तारी वाराओ, चउदसपुव्वी करेइ आहारं ।**
**संसारम्मि वसंता, एगभवे दुन्नि वाराओ ॥ ४५६ ॥**

**અર્થ :** ચૌદપૂર્વી સંસારમાં રહે ત્યાં સુધીમાં વધારેમાં વધારે ચાર વાર આહારક શરીર કરી શકે છે, અને એક ભવમાં બે વાર આહારક શરીર કરી શકે છે. (૪૫૬)

**आहारपरिणामहेऊ, जं होइ तेयलेसाओ ।**
**जं कम्मवग्गणाणं, आहारो तं तु सव्वजिए ॥ ४५७ ॥**

**અર્થ :** ખાધેલા આહારનું પરિણામ (પાચન) કરનાર અને તેજોલેશ્યા ઉત્પન્ન કરનાર તૈજસ શરીર છે, અને કર્મની વર્ગણાઓનું ગ્રહણ કરવું તે કાર્મણ શરીર છે. આ બે શરીર (તૈજસ અને કાર્મણ) સર્વ સંસારી જીવોને હોય છે. (૪૫૭)

## (૨૮૦) દાન ધર્મની પ્રશંસા

**विणए सीसपरिक्खा, सुहडपरिक्खा य होइ संगामे ।**
**वसणे मित्तपरिक्खा, दाणपरिक्खा य दुक्काले ॥ ४५८ ॥**

**અર્થ :** શિષ્યની પરીક્ષા વિનયમાં હોય છે, સુભટની પરીક્ષા સંગ્રામમાં હોય છે, મિત્રની પરીક્ષા સંકટ સમયે થાય છે અને દાનની પરીક્ષા દુકાળમાં થાય છે. (૪૫૮)

**कत्थ वि धणं न दाणं, कत्थ वि दाणं न निम्मलं वयणं ।**
**धणदाणमाणसहिया, ते पुरिसा तुच्छ संसारे ॥ ४५९ ॥**

**અર્થ :** કોઈને ત્યાં ધન હોય પણ તે દાન દેતો ન હોય, કોઈને ત્યાં દાન દેવાતું હોય પણ નિર્મળ (કોમળ) વચન બોલાતું ન હોય, માટે આ સંસારમાં ધન, દાન અને માન (આદર) સહિત પુરૂષો એટલે ધનનું દાન માન સહિત આપનારા મનુષ્યો ઘણા જ થોડા હોય છે. (૪૫૯)

## તે ઉપર દૃષ્ટાંત આપે છે

**कत्थ वि फलं न छाया, कत्थ वि छाया न सीयलं सलिलं ।**
**जलफलछायासहिया, तं पि अ सरोवरं विमलं ॥ ४६० ॥**

**અર્થ :** કોઈ ઠેકાણે વૃક્ષોને ફળ હોય પણ સારી છાયા ન હોય, કોઈ ઠેકાણે છાયા હોય પણ શીતળ જળ ન હોય; માટે જળ, ફળ અને છાયા સહિત નિર્મળ સરોવર કોઈક ઠેકાણે જ હોય છે. (૪૬૦) (નિર્મળ જળવાળા સરોવરને કીનારે છાયા ને ફળવાળા વૃક્ષો હોય તો તે વધારે શાંતિ આપે છે. તેમ ધન, દાન અને માન યુક્ત હોવાથી શોભા પામે છે.)

## (૨૮૧) જીવ અને કર્મનું અલગ અલગ બળવાનપણું

**कत्थ वि जीवो बलिओ, कत्थ वि कम्माइ हुंति बलिआइं ।**
**जीवस्स य कम्मस्स य, पुव्वनिबद्धाइं वयराइं ॥ ४६१ ॥**

**અર્થ :** કોઈ વખત જીવ-આત્મા બળવાન હોય છે અને કોઈ વખત કર્મો બળવાન હોય છે. જીવ અને કર્મને પૂર્વભવના (અનંત ભવના) બાંધેલા વેર ચાલ્યા આવે જ છે. (કોઈ સત્સમાગમાદિકના કારણથી જીવને પોતાના સ્વરૂપનું ભાન થતાં યથાશક્તિ આત્મવીર્યને ફોરવે છે ત્યારે કર્મનું જોર ચાલતું નથી અને કુસંગાદિકને લીધે જીવ મિથ્યાત્વ અવિરત્યાદિકની ક્રિયામાં મગ્ન થાય છે ત્યારે તે પોતાના સ્વરૂપને તથા સામર્થ્યને ભૂલી જવાથી કાંઈપણ કાર્ય સ્વતંત્ર કરી શકતો નથી, તેથી તે કર્મને જ આધીન રહી કર્મ જેમ નચાવે તેમ નાચ કરતો ભવમાં ભ્રમણ કર્યા કરે છે.) (૪૬૧)

## (૨૮૨) સુપાત્રદાનનું માહાત્મ્ય

**सिरिसिज्जंसकुमारो, निस्सेयसमाहिओ कहं न वि होइ ।**
**फासुअदाणपहावो, पयासिओ जेण भरहम्मि ॥ ४६२ ॥**

**અર્થ :** શ્રી શ્રેયાંસકુમાર નિઃશ્રેયસ સમાધિનો-મોક્ષનો અધિકારી કેમ ન હોય ? હોય જ. કારણ કે તેણે આ ભરતક્ષેત્રમાં પ્રાસુક દાનનો પ્રભાવ

(વિધિ) પ્રથમ પ્રગટ કર્યો છે. (શ્રી ઋષભદેવ સ્વામીને બાર માસ સુધી શુદ્ધ ભિક્ષા મળી નહીં, છેવટ ભગવાનને જોઇ શ્રેયાંસકુમારને જાતિસ્મરણ થયું, તેથી તેણે ભગવાનને પ્રથમ પ્રાસુક ભિક્ષા આપી તથા આવા વેષવાળા સાધુઓને કેવી રીતે અને કેવી ભિક્ષા આપવી ? એ સર્વ વિધિ સર્વ લોકોને તેણે બતાવ્યો - શીખવ્યો. ત્યારથી આ ભરતક્ષેત્રમાં સુપાત્રદાનનો વિધિ પ્રચલિત થયો. તેથી શ્રેયાંસકુમાર મોક્ષના અધિકારી થાય તેમાં આશ્ચર્ય નથી.) (૪૬૨)

## (૨૮૩) સુપાત્રને અયોગ્ય દાન આપવાનું માઠું ફળ

**अमणुन्नभत्तपाणं, सुपत्तदिन्नं भवे भवे अणत्थाय ।**
**जह कडुअतुंबदाणं, नागसिरिभवम्मि दोवइए ॥ ४६३ ॥**

**અર્થ :** જો સુપાત્ર (સાધુ)ને અમનોજ્ઞ-અયોગ્ય ભક્તપાનનું દાન આપ્યું હોય તો તે ઘણા ભવો સુધી મોટા અનર્થને માટે થાય છે. જેમ દ્રૌપદીએ પૂર્વે નાગશ્રીના ભવમાં સાધુને કડવા તુંબડાનું શાક વહોરાવ્યું હતું તેમ. (૪૬૩) (તે શાક પરઠવવાની ગુરૂની આજ્ઞા છતાં પઠવતી વખતે તે શાકના એક બિંદુ વડે ઘણા જીવોનો વિનાશ થતો જોઇ તે તપસ્વી સાધુએ અન્ય જીવો પરની દયાને લીધે પોતાના શરીરમાં જ તે સર્વ શાક પરઠવી દીધું અને તરત જ સમાધિમરણ વડે મરણ પામીને તે સ્વર્ગે ગયા. પાછળથી આ વૃત્તાંત જાહેર થતાં નાગશ્રીના પતિ વિગેરેએ તેણીને વિડંબનાપૂર્વક કાઢી મૂકી. તે જ ભવમાં તે અતિ દુઃખ પામી અને ત્યારપછી પણ ઘણા ભવો તેણે નારકી અને તિર્યંચના કર્યા. વિગેરે વિગેરે અનેક પ્રકારનાં ઉગ્ર દુઃખો તેને ભોગવવા પડ્યા. માટે જે દાન આપવું તે શુદ્ધ અને યોગ્ય આપવું એ આ ગાથાનો ઉપદેશ છે.)

## (૨૮૪) ધર્મના અર્થી તથા તેના દાતારની અલ્પતા

**रयणत्थिणोऽवि थोवा, तदायरोऽवि य जहव लोगम्मि ।**
**इअ सुद्धधम्मरयण-त्थि दायगा दढयरं नेया ॥ ४६४ ॥**

**અર્થ :** રત્નના અર્થી થોડા મનુષ્યો જ હોય છે એટલે કે રત્નને

ઇચ્છનાર તો સૌ કોઇ હોય છે, પરંતુ તે મેળવવાનો યત્ન કરનારા એવા અર્થીઓ તો કોઇક જ હોય છે. તથા તે રત્નના આકર પણ લોકમાં થોડા જ હોય છે, એટલે રત્નની ખાણો કોઇ કોઇ સ્થળે જ હોય છે. તે જ પ્રમાણે શુદ્ધ ધર્મરત્નના અર્થી અને તે શુદ્ધ ધર્મના દાતા અત્યંત થોડા જ હોય છે. (૪૬૪)

## (૨૮૫) જૈન ધર્મ સિવાય અન્યત્ર મોક્ષ નથી

**हुंति जइ अवरेहिं, जलेहि पउराओ धन्नरासीओ ।**
**मुत्ताहलनिप्फत्ती, होइ पुणो साइनीरेण ॥ ४६५ ॥**

**एवं सुरनररिद्धी, हवंति अन्नाणधम्मचरणेहिं ।**
**अक्खयमुक्खसुहं पुण, जिणधम्माओ न अण्णत्थ ॥ ४६६ ॥**

**અર્થ :** જો કે બીજા નક્ષત્રોની વૃષ્ટિનાં જળ વડે ઘણાં ધાન્યના સમૂહો પાકે છે, પરંતુ મુક્તાફળ (મોતી)ની ઉત્પત્તિ તો સ્વાતિ-નક્ષત્રના જળથી જ થાય છે; તે જ પ્રમાણે દેવ અને મનુષ્યની સમૃદ્ધિ અજ્ઞાન (મિથ્યા) ધર્મના આચરણ વડે (અજ્ઞાન કષ્ટ વડે) પણ પ્રાપ્ત થઇ શકે છે, પરંતુ અક્ષય (જેનો નાશ નથી) એવું મોક્ષનું સુખ તો જિનધર્મ સિવાય પ્રાપ્ત થતું નથી. જૈનધર્મમાં બતાવ્યા પ્રમાણે આચરણ કર્યા સિવાય મોક્ષ સુખ પ્રાપ્ત થતું નથી. (૪૬૫-૪૬૬)

## (૨૮૬) જગતને કોણ શોભાવે છે ?

**जं चिय खमइ समत्थो, धनवंतो जं न गव्विओ होइ ।**
**जं च सुविज्जो नमिओ, तं तिहिं अलंकिया पुहवी ॥ ४६७ ॥**

**અર્થ :** જે પોતે સમર્થ (બળવાન) છતાં અન્ય ઉપદ્રવકારી મનુષ્યો ઉપર ક્ષમા રાખતો હોય, જે પોતે ધનવાન છતાં ગર્વિષ્ઠ ન હોય, તથા જે પોતે વિદ્યાવાન (વિદ્વાન) છતાં નમ્ર-વિનય ગુણવાળો હોય, આ ત્રણ પુરૂષો વડે આ પૃથ્વી અલંકૃત છે. (૪૬૭) (આ ત્રણ પ્રકારના મનુષ્યોથી આ પૃથ્વી શોભે છે.)

## (૨૮૭) સજ્જનનો સ્વભાવ

**न हसंति परं न थुणति, अप्पयं पियसयाइं जंपंति ।**
**एसो सुअणसहावो, नमो नमो ताण पुरिसाणं ॥ ४६८ ॥**

**અર્થ :** સજ્જનો અન્યની હાંસી અથવા નિંદા વગેરે કરતા નથી, પોતાની પ્રશંસા કરતા નથી અને સેંકડો પ્રિય વચન બોલે છે, (એક પણ અપ્રિય વચન બોલતા નથી) આવો સજ્જનનો સ્વભાવ જ હોય છે, તેવા પુરૂષોને નમસ્કાર હો, નમસ્કાર હો. (૪૬૮)

## (૨૮૮) સજ્જનની સમૃદ્ધિ સર્વને સામાન્ય હોય

**मेहाण जलं चंदस्स, चंदणं तरुवराण फलनिचयं ।**
**सुपुरिसाण य रिद्धी, सामन्नं सयललोयस्स ॥ ४६९ ॥**

**અર્થ :** મેઘનું જળ, ચંદ્રની ચંદ્રિકા, શ્રેષ્ઠ વૃક્ષોનો ફળસમૂહ અને સજ્જનોની સમૃદ્ધિ - આ ચારે વાના સમગ્ર લોકોને સામાન્ય છે. આ સર્વ વસ્તુઓ ભેદભાવ વિના સમગ્ર લોકના ઉપયોગમાં આવી શકે છે. (૪૬૯)

## (૨૮૯) સર્વોત્કૃષ્ટ સારભૂત વસ્તુઓ

**लोयस्स य को सारो, तस्स य सारस्स को हवइ सारो ।**
**तस्स य सारो सारं, जइ जाणासि पुच्छिओ साहू ॥ ४७० ॥**

**लोगस्स सार धम्मो, धम्मं पि य नाणसारयं बिंति ।**
**नाणं संजमसारं, संजमसारं च निव्वाणं ॥ ४७१ ॥**

**પ્રશ્ન :** લોકનો સાર શું છે એટલે કે આ જગતમાં સારભૂત વસ્તુ કઈ છે ? તેનો સાર શું છે ? તેનો પણ સાર શું છે ? અને તેનો પણ સાર શું છે ?

**ઉત્તર :** લોકનો (મનુષ્ય જન્મની પ્રાપ્તિનો) સાર ધર્મ છે. ધર્મનો

સાર જ્ઞાન મેળવવું તે છે, જ્ઞાનનો સાર સંયમ ગ્રહણ કરવું તે છે અને સંયમનો સાર નિર્વાણ - મોક્ષ થાય તે છે. (૪૭૦-૪૭૧)

## (૨૯૦) કોનો જન્મ નિષ્ફળ છે ?

**न कयं दीणुद्धरणं, न कयं साहम्मियाण वच्छल्लं ।**
**हिययम्मि वीयरागो, न धारिओ हारिओ जम्मो ॥ ४७२ ॥**

**અર્થ :** જેણે દીનજનોનો ઉદ્ધાર કર્યો નથી, સાધર્મીજનોની વત્સલતા (ભક્તિ) કરી નથી અને હૃદયમાં વીતરાગ દેવને ધારણ કર્યા નથી, તે મનુષ્યભવને હારી ગયો છે - તેનો મનુષ્યજન્મ નિષ્ફળ છે. (૪૭૨)

## (૨૯૧) ઉત્તમ મનુષ્ય કેવા હોય ?

**अलसा होउ अकज्जे, पाणिवहे पंगुला सया होउ ।**
**परतत्तिसु अ बहिरा, जच्चंधा परकलत्तेसु ॥ ४७३ ॥**

**અર્થ :** સજ્જનો અકાર્ય કરવામાં આળસુ, પ્રાણીનો વધ કરવામાં સર્વદા પંગુ, પરની પંચાત (અવર્ણવાદ વિગેરે) સાંભળવામાં બધિર અને પરસ્ત્રી ઉપર કુદૃષ્ટિ કરવામાં જન્માંધ હોય છે. (૪૭૩) (અર્થાત્ એ ચારે બાબતમાં આળસુ, પંગુ, બધિર ને અંધની જેમ પ્રવૃત્તિ રાખવી.)

## (૨૯૨) આદરવા યોગ્ય અને ત્યાગ કરવા લાયક ૭-૭ વસ્તુઓ

**सत्त सया वड्ढंति, सत्त न मुच्चंति सत्त मुच्चंति ।**
**सत्त धरिज्जंति य मणे, सत्तं न वीससीयव्वं ॥ ४७४ ॥**

**અર્થ :** સાતને હંમેશાં વૃદ્ધિ પમાડવા, સાતનો ત્યાગ ન કરવો, સાતનો ત્યાગ કરવો, સાતને મનમાં ધારણ કરવા અને સાતની ઉપર વિશ્વાસ ન કરવો. (૪૭૪) (આ પાંચે પ્રકારના સાત સાત વાના બતાવવામાં આવ્યા છે.)

## વૃદ્ધિ પમાડવાના સાત પદાર્થો

**कीर्ति १ कुलं २ सुपुत्तो ३,**
**कलया ४ मित्तं ५ गुणा ६ य सुस्सीलं ७ ।**
**सत्तेहि वड्ढंतेहि, धम्मो वड्ढइ जीवाणं ॥ ४७५ ॥**

**અર્થ :** કીર્તિ ૧, કુળ ૨, સુપુત્ર ૩, કળા ૪, મિત્ર ૫, ગુણ ૬ અને શીળ ૭ - આ સાત પદાર્થો વૃદ્ધિ પામવાથી જીવોનો ધર્મ પણ વૃદ્ધિ પામે છે. તેથી તેને નિરંતર વૃદ્ધિ પમાડવા. (૪૭૫)

## ન મૂકવાના સાત પદાર્થો

**न वि माणं १ गुरुभत्ती २,**
**सुसीलया ३ सत्त ४ तह दयाधम्मो ५ ।**
**विणओ ६ तवो ७ य पुत्ता !,**
**सत्त न मुच्चंति खणमित्तं ॥ ४७६ ॥**

**અર્થ :** અભિમાન કરવું નહીં ૧, ગુરૂજનની ભક્તિ કરવી ૨, વિશુદ્ધ શીળવ્રત પાળવું ૩, સત્ત્વ (ધૈર્ય) ધારણ કરવું ૪, દયાધર્મ પાળવો ૫, વિનય રાખવો ૬ અને શક્તિ પ્રમાણે તપ કરવો ૭ - હે પુત્ર ! આ સાત પદાર્થો એક ક્ષણવાર પણ મૂકવા નહીં - છોડવાં નહીં. (૪૭૬)

## ત્યાગ કરવા લાયક સાત પદાર્થો

**खलसंगो १ कुकलत्तं २,**
**वसण ३ कुधणागमो ४ य असमाही ५ ।**
**रागद्दोस ६ कसाया ७,**
**मुच्च्य पुत्ता ! पयत्तेणं ॥ ४७७ ॥**

**અર્થ :** ખલ (નીચ) જનનો સંગ ૧, ખરાબ સ્ત્રી ૨, સાત પ્રકારના વ્યસન ૩, અન્યાય વડે ધનનું ઉપાર્જન ૪, અસમાધિ (ચિત્તની વ્યાકુળતા)

૫, રાગદ્વેષ ૬ અને ક્રોધાદિક કષાયો ૭ - આ સાતે પદાર્થો હે પુત્ર ! પ્રયત્નથી તજવા યોગ્ય છે. (૪૭૭)

## હૃદયમાં ધારણ કરવા લાયક સાત પદાર્થો

**उवयारो १ गुरुवयणं २, सुअणजणो ३ तह सुविज्जा ४ य ।**
**नियमं ५ च वीयरायं ६,**
**नवकारं ७ हियए धरिज्जंति ॥ ४७८ ॥**

**અર્થ :** કોઈએ ઉપકાર કર્યો હોય તે ૧, ગુરૂનું કહેલું હિતવચન ૨, સ્વજન (અથવા સજ્જન) ૩, શ્રેષ્ઠ વિદ્યા ૪, અંગીકાર કરેલા નિયમ (વ્રત) ૫, વીતરાગ દેવ ૬ અને નવકાર મંત્ર ૭ - આ સાત પદાર્થો હૃદયમાં ધારણ કરવા; કોઈ પણ વખતે ભૂલવા નહીં. (૪૭૮)

## વિશ્વાસ ન કરવા લાયક સાત પદાર્થો

**वसणासत्ता १ सप्पे २,**
**मुक्खे ३ जुवईजणे ४ जले ५ जलणे ६ ।**
**पुव्वविरुद्धे पुरिसे ७, सत्तण्हं न वीससीयव्वं ॥ ४७९ ॥**

**અર્થ :** વ્યસનમાં આસક્ત થયેલા પુરૂષો ૧, સર્પ ૨, મૂર્ખ ૩, સ્ત્રીજન ૪, પાણી ૫, અગ્નિ ૬ અને પૂર્વનો વિરોધી પુરૂષ ૭ - આ સાતનો કદી પણ વિશ્વાસ કરવો નહીં. (૪૭૯)

## (૨૯૩) શ્રાવકના મુખ્ય સાત ગુણ

**विणओ १ जिणवरभत्ती २,**
**सुपत्तदाणं ३ सुसज्जणे राओ ४ ।**
**दक्खत्ते ५ निरीहत्ते ६, परोवयारो ७ गुणा सत्त ॥ ४८० ॥**

**અર્થ :** વિનય ૧, જિનેશ્વરની ભક્તિ ૨, સુપાત્ર દાન ૩, સજ્જન ઉપર રાગ ૪, દક્ષત્વ (ડાહ્યાપણું) ૫, નિઃસ્પૃહપણું ૬ અને પરોપકાર

૭ - આ સાત મુખ્ય ગુણો શ્રાવકના છે. (૪૮૦) (શ્રાવકે આ સાત ગુણો અવશ્ય ધારણ કરવા યોગ્ય છે.)

## (૨૯૪) નવ ગ્રૈવેયકનાં નામ

सुदंसणं १ सुपइट्ठं २,
मणोरमं ३ सव्वभद्द ४ सुविसालं ५ ।
सुमणस्स ६ सोमणस्सं ७,
पीइकरं ८ चेव आइज्जं ९ ॥ ४८१ ॥

અર્થ : સુદર્શન ૧, સુપ્રતિષ્ઠ ૨, મનોરમ ૩, સર્વભદ્ર ૪, સુવિશાલ ૫, સુમનસ ૬, સૌમનસ્ય ૭, પ્રીતિકર ૮ અને આદિત્ય ૯ - આ નવ ગ્રૈવેયકનાં નામ છે. (૪૮૧)

## (૨૯૫) પાંચ સુમેરૂનાં નામ

सुदंसणो १ बीय विजयओ २,
अयलो ३ तह तइय पुक्खरद्धो ४ य ।
चउत्थो पुण विज्जुमाली ५,
ए पंच सुमेरुनामानि ॥ ४८२ ॥

અર્થ : પહેલો જંબૂદ્વીપમાં સુદર્શન નામનો મેરૂ ૧, બીજો વિજય નામનો મેરૂ ૨ ને ત્રીજો અચલ નામનો મેરૂ ૩ આ બે ધાતકી ખંડમાં અને ચોથો પુષ્કરાર્ધ નામનો મેરૂ ૪ તથા પાંચમો વિદ્યુન્માલી નામનો મેરૂ ૫, આ બે પુષ્કરાર્ધ દ્વીપમાં - આ પાંચ સુમેરૂનાં નામ જાણવા. (૪૮૨)

## (૨૯૬) એક રાજલોકનું પ્રમાણ

जोअणलक्खपमाणं, णिमेसमित्तेण जाइ जो देवो ।
छम्मासेण य गमणं, एयं रज्जू पमाणेणं ॥ ४८३ ॥

અર્થ : જે દેવ એક નિમેષમાત્રમાં લાખ યોજન પ્રમાણ પૃથ્વીને ઓળંગે, તે દેવ તેટલી જ શીઘ્ર ગતિએ છ માસ સુધી ચાલે ત્યારે પ્રમાણ

વડે એક રજ્જુ(રાજ) થાય છે. એક રાજને ઓળંગતા એવી ચાલવાળા દેવને છ માસ લાગે છે. (૪૮૩) (બીજો અર્થ તેટલા કાળે પણ તે ગતિએ એક રાજ ઓળંગી શકતો નથી એમ અન્યત્ર કહેલ છે. આ ગાથામાં બતાવેલું પ્રમાણ બરાબર લાગતું નથી. કેમકે રાજનું આ કરતાં અતિ વિશેષ પ્રમાણ અન્યત્ર કહેલું છે. આ પ્રમાણેની જ ગાથા ૪૮૫ ગાથાની બૃહત્ સંઘયણીમાં ૧૮૭મી છે, તેનું ચોથું પદ एवं रज्जं जिणा बिंति છે. અર્થમાં 'એટલું એક રાજનું પ્રમાણ જિને કહેલું છે' એમ લખે છે.)

**सयंभूपुरिमंताओ, अवरंतो जाव रज्जुओ ।**
**एएण रज्जुमाणेणं, लोगो चउदसरज्जुओ ॥ ४८४ ॥**

**અર્થ :** સ્વયંભૂરમણ સમુદ્રના પૂર્વ છેડાથી આરંભીને પશ્ચિમ છેડા સુધી એક રજ્જુ (રાજ) થાય છે, આ રજ્જુના પ્રમાણ વડે આખો લોક ચૌદ રાજ પ્રમાણ ઉંચો છે. (પહોળાઇનું પ્રમાણ ભિન્ન ભિન્ન છે.) (૪૮૪)

## (૨૯૭) ચોવીશે તીર્થંકરોના સમવસરણમાં રહેલા અશોકવૃક્ષનું પ્રમાણ

**उसहस्स तिन्नि गाउय, बत्तीस धणूण वद्धमाणस्स ।**
**सेसजिणाणं तु मओ, सरीरओ बारसगुणो अ ॥ ४८५ ॥**

**અર્થ :** ઋષભદેવને ત્રણ ગાઉ ઉંચો અશોકવૃક્ષ હતો, વર્ધમાન સ્વામીને બત્રીશ ધનુષ ઉંચો હતો અને બાકીના બાવીશ જિનેશ્વરોને પોતપોતાના શરીરથી બાર ગુણો ઉંચો અશોકવૃક્ષ હતો. (૪૮૫) (આ પ્રમાણે ગણતાં વીર પ્રભુનું અશોકવૃક્ષ ૨૧ ધનુષ્યનું થાય, પરંતુ તેની ઉપર શાલવૃક્ષ ૧૧ ધનુષ્યનું હોવાથી કુલ ૩૨ ધનુષ્ય કહેલા છે. ઋષભદેવ માટે તો ૧૨ ગણું બરાબર છે.)

## (૨૯૮) પાંચ પ્રકારનું મિથ્યાત્વ

**अभिगहिय १ मणभिगहियं २,**
**अभिनिवेसिय ३, संसई ४ अणाभोगा ५ ।**
**मिच्छत्तं पंचविहं, परिहरियव्वं पयत्तेणं ॥ ४८६ ॥**

**અર્થ :** આભિગ્રહિક ૧, અનાભિગ્રહિક ૨, આભિનિવેશિક ૩, સાંશયિક ૪ અને અનાભોગિક ૫ - આ પાંચ પ્રકારનું મિથ્યાત્વ પ્રયત્નથી ત્યાગ કરવા યોગ્ય છે. (૪૮૬)

## પાંચ પ્રકારના મિથ્યાત્વની વ્યાખ્યા

**૧ આભિગ્રહિક** - પોતપોતાના મતનો આગ્રહ - એટલે કે અમારો મત જ સત્ય છે, બીજા બધા અસત્ય છે. આવો કોઈપણ મતનો આગ્રહ તે આભિગ્રહિક મિથ્યાત્વ - અહીં શિષ્ય શંકા કરે છે કે - 'આ વ્યાખ્યા પ્રમાણે જૈનમતનો આગ્રહ તે આભિગ્રહિક ખરૂં કે નહીં ?' ગુરૂ કહે છે કે - 'જૈન મતમાં આગ્રહને સ્થાન જ નથી. જૈન શાસ્ત્રો તો કહે છે કે - નિર્દોષ એવા દેવ ગુરૂ ધર્મ જે શાસ્ત્રમાં બતાવ્યા હોય તે શાસ્ત્ર અને તે ધર્મ અમારે પ્રમાણ છે. જૈન શબ્દનો આગ્રહ નથી. પરંતુ એવું એ ત્રણ તત્ત્વનું સર્વથા નિર્દોષ સ્વરૂપ જૈનશાસ્ત્રમાં જ જોવામાં આવે છે તેથી અમે તેને ગ્રહણ કરેલ છે. **૨ અનાભિગ્રહિક** - તે સર્વ મત સારા છે, કોઈની નિંદા કરીએ નહીં અને કોઈની સ્તુતિ પણ કરીએ નહીં. આ મિથ્યાત્વ એટલા માટે છે કે - તેણે તો ગોળ ખોળને સરખા માન્યા. જે ધર્મ હિંસામાં, કન્યાદાનમાં, સંસારમાં લાગ્યા રહેવામાં ધર્મ કહે તે વાસ્તવિક ધર્મ હોઈ શકે નહીં. માટે સર્વને સરખા ન માનતાં તેમાં સત્યાસત્યની પરીક્ષા કરવી જોઈએ. **૩ આભિનિવેશિક** - તે ધર્મનું સાચું સ્વરૂપ જાણ્યા છતાં દુરાગ્રહથી પોતાનું માનેલું છોડી શકે નહીં તે. આ મિથ્યાત્વ બહુજ ચીકણું છે. ઘણું ભવભ્રમણ કરાવનાર છે. **૪ સાંશયિક** - જે તે બાબતમાં શંકા કર્યા કરે - શંકા વર્ત્યા કરે. શંકા બે પ્રકારની હોય છે. એક તો સત્ય જાણવાની જીજ્ઞાસારૂપ શંકા તે સ્વીકાર્ય છે; બીજી અમુક બાબત પોતાને ન સમજાણી-બંધ ન બેઠી એટલે બીજું બધું તો સાચું કહ્યું છે પણ આ એક વાત તો બરાબર કહી નથી - એવી શંકા - તે પ્રાયે નિન્હવાદિકને હોય છે. **૫ અનાભોગિક** - તે અવ્યક્તપણે એકેંદ્રિયાદિક જીવોને હોય છે. આ તો અનિવાર્ય છે. તેનું નિવારણ તો જીવ સંજ્ઞીપણું પામ્યા પછી જ અમુક કાળે થઈ શકે છે. ઈતિ.

## (૨૯૯) પાંચ પ્રકારનું સમકિત

**एसिं सद्दहणेणं, सम्मत्तं तं च होइ पंचविहं ।**
**वेयग १ खवग २ उवसम ३,**
**रोयग ४ तह मीस ५ सेसाणं ॥ ४८७ ॥**

**અર્થ :** તે સત્ય દેવ, ગુરૂ અને ધર્મ ઉપરની શ્રદ્ધા વડે સમકિત પ્રાપ્ત થાય છે તે પાંચ પ્રકારનું છે : વેદક ૧, ક્ષાયિક ૨, ઔપશમિક ૩, રોચક ૪ અને મિશ્ર એટલે ક્ષાયોપશમિક ૫ આ સમકિત શેષ જીવોને મોટે ભાગે હોય છે. (૪૮૭)

## પાંચ પ્રકારના સમકિતનું સ્વરૂપ

૧ **વેદક :** તે ક્ષયોપશમ સમકિતનો છેલ્લો સમકિતમોહનીય વેદવાનો સમય - જેને બીજે સમયે ક્ષાયિક સમકિત થાય છે તે.

૨ **ક્ષાયિક :** તે દર્શન સપ્તકનો જેણે સર્વથા ક્ષય કરેલ હોય તેને થાય છે - આ સમકિત પ્રાપ્ત થયા પછી જતું નથી.

૩ **ઔપશમિક :** તે અનાદિ મિથ્યાત્વીને ત્રણ કરણ કરવા વડે અંતર કરણને પ્રથમ સમયે મિથ્યાત્વના પુદ્ગળો વિપાકથી કે પ્રદેશથી વેદવાના ન હોય ત્યારે થાય છે. આની સ્થિતિ અંતર્મુહૂર્તની હોય છે. તે ક્ષાયિક સમકિતની વાનગી જેવું છે. ઉપશમ શ્રેણિના પ્રારંભમાં પણ આ સમકિત થાય છે.

૪ **રોચક** કહ્યું છે તે સાસ્વાદન સંભવે છે, કારણ કે રોચક નામનો ભેદ કારક, રોચક ને દીપક - એમાં આવે છે, પણ તે રોચક તો ક્ષયોપશમ કે ક્ષાયિકરૂપ સંભવે છે. સાસ્વાદન ભાવ ઉપશમ સમકિતથી પડતો જીવ ઉત્કૃષ્ટ છઆવલી જેટલા વખત સુધી પામે છે અને પછી મિથ્યાત્વે જાય છે.

૫ **ક્ષાયોપશમિક :** પ્રાયે ઘણા સમકિતી જીવોને આ સમકિત જ હોય છે. તે સમકિતમાં સમકિત મોહનીયનો ઉદય હોય છે. મિથ્યાત્વ

મોહનીયનો સમયે સમયે ક્ષય કરે છે અને ઉદય આવે તેનો ઉપશમ કરે છે. એવી રીતે અહીં મિશ્રભાવ હોવાથી તે મિશ્ર પણ કહેવાય છે, પરંતુ આ મિશ્રમોહનીયના ઉદયવાળું મિશ્ર સમજવું નહીં. આ સમકિતની સ્થિતિ ૬૬ સાગરોપમથી અધિક હોય છે, ત્યારપછી તે જીવ ક્ષાયિક સમકિત પામે છે અથવા મિથ્યાત્વે જાય છે.

## (૩૦૦) ક્ષમાશ્રમણ નામની સાર્થકતા ને નિરર્થકતા

**जइ खमसि तो नमिज्जसि,**
**छज्जइ नामंति ते खमासमणो ।**
**अह न खमसि न नमिज्जसि,**
**नामं पि निरत्थयं तस्स ॥ ४८८ ॥**

**અર્થ :** જો તું ક્ષમાગુણને ધારણ કરીશ અને ગુરૂજનને નમીશ તો તારૂં ક્ષમાશ્રમણ નામ છાજે છે - સાર્થક છે. અને જો ક્ષમા નહીં રાખે તથા ગુરૂજનને નહીં નમે તો ક્ષમાશ્રમણ એવું નામ પણ નિરર્થક છે - વ્યર્થ છે. (૪૮૮)

## (૩૦૧) મૃત્યુનો નિગ્રહ કોઇથી થતો નથી

**तित्थयरा गणहारी, सुरवइणो चक्कि केसवा रामा ।**
**संहरिया हयविहिणा, इयरेसु नरेसु का गणणा ॥ ४८९ ॥**

**અર્થ :** તીર્થંકરો, ગણધરો, સુરેંદ્રો, ચક્રવર્તીઓ, વાસુદેવો અને બળરામો એ સર્વેને હત્યારા વિધાતાએ હરી લીધા છે, તો પછી બીજા મનુષ્યો (જીવો)ની શી ગણના ? (બીજા જીવો હરણ કરાય તેમાં શું આશ્ચર્ય ?) (૪૮૯)

## (૩૦૨) એકત્વ ભાવના

**एगो जायइ जीवो, एगो मरिऊण तह उपज्जेई ।**
**एगो भमइ संसारे, एगो चिय पावए सिद्धि ॥ ४९० ॥**

**અર્થ :** જીવ એકલો જ ઉત્પન્ન થાય છે, એકલો જ મરીને અન્યત્ર ઉત્પન્ન થાય છે, એકલો જ સંસારમાં ભ્રમણ કરે છે અને એકલો જ મોક્ષને પામે છે. (૪૯૦)

## (303) જૈન ધર્મની ઉત્તમતા

**संसारम्मि अणंते, जीवा पावंति ताव दुक्खाइं ।**
**जाव न करंति कम्मं, जिणवरभणियं पयत्तेणं ॥ ४९१ ॥**

**અર્થ :** જ્યાં સુધી શ્રી જિનેશ્વરે કહેલું કર્મ (ધાર્મિક કાર્ય) પ્રયત્ન વડે કરવામાં ન આવે ત્યાં સુધી જ જીવો આ અનંત સંસારમાં દુઃખને પામે છે એટલે સંસારમાં ભ્રમણ કર્યા કરે છે.(૪૯૧)

## (30૪) આ સંસારમાં દુર્લભ પદાર્થો

**माणुस्स १ खित्त २ जाई ३,**
**कुल ४ रूवा ५ रुग्ग ६ आउयं ७ बुद्धी ८ ।**
**सवण ९ ग्गह १० सद्धा ११ संजमो १२**
**उ इय लोयम्मि दुल्लहा ॥ ४९२ ॥**

**અર્થ :** મનુષ્ય ભવ ૧, આર્ય ક્ષેત્ર ૨, ઉત્તમ જાતિ ૩, ઉચ્ચ કુળ ૪, સારૂં રૂપ (પાંચ ઇંદ્રિય પૂર્ણતા) ૫, નીરોગિતા ૬, લાંબુ આયુષ્ય ૭, તીક્ષ્ણ બુદ્ધિ ૮, શાસ્ત્રનું શ્રવણ ૯, શાસ્ત્રમાં કહેલા વિધિનું ગ્રહણ (સમજવું) ૧૦, શ્રદ્ધા ૧૧ અને સંયમ (ચારિત્ર) ૧૨ - આ બાર પદાર્થો આ સંસારમાં દુર્લભ છે. (૪૯૨) (આ ગાથામાં બહુ સાર સંગ્રહેલો છે. તાત્પર્ય એ છે કે - જો આર્યક્ષેત્રમાં ઉત્તમ કુળજાતિમાં મનુષ્યપણું પામ્યો હોય અને પાંચ ઇંદ્રિય પૂર્ણ, આરોગ્ય અને દીર્ઘ આયુષ્ય પામ્યો હોય તે તીક્ષ્ણ બુદ્ધિથી ધર્મનું શ્રવણ કરી, સમજી, તેના પર શ્રદ્ધા લાવી આચારમાં મૂકે - તદ્રૂપ પ્રવૃત્તિ કરે તો સંસારના પારને પામે.)

## (૩૦૫) સર્વ જીવોનો સામાન્ય સ્વભાવ

**सव्वे वि दुक्खभीरू, सव्वे वि सुहाभिलासिणो जीवा ।**
**सव्वे वि जीवनपिया, सव्वे मरणाओ बीहंति ॥ ४९३ ॥**

**અર્થ :** સર્વ જીવો દુઃખથી ભીરૂ (બીકણ) છે, સર્વ જીવો સુખના અભિલાષી છે, સર્વ જીવોને જીવન પ્રિય છે અને સર્વ જીવો મરણથી ભય પામે છે. (૪૯૩) (છતાં તેને અનુસરતા-દુઃખ ન પ્રાપ્ત થાય ને સુખ મળે, એકાએક મરણ પામવું ન પડે પણ સુખી સ્થિતિવાળું જીવન લંબાય એવા કારણો સેવતા નથી એ ખેદનો વિષય છે.)

## (૩૦૬) હિંસાનો પ્રતિકાર - તેનું નિવારણ મુશ્કેલ છે

**मेरुगिरिकणयदाणं, धन्नाणं जो देइ कोडिरासीओ ।**
**इक्कं च हणइ जीवं, न छुट्टइ तेण दाणेण ॥ ४९४ ॥**

**અર્થ :** જે માણસ એક જીવને હણે અને પછી તે હિંસાનું પાપ દૂર કરવા માટે મેરૂપર્વત જેટલા સુવર્ણનું દાન કરે તથા ધાન્યના મોટા કરોડો ઢગલાનું દાન કરે, તો પણ તે મનુષ્ય તે દાન વડે હિંસાના પાપથી છૂટતો નથી. (૪૯૪)

## (૩૦૭) જીવદયાનું માહાત્મ્ય

**कल्लाणकोडिजणणी, दुरंतदुरियाइविग्घनिठ्ठवणी ।**
**संसारजलहितरणी, इक्का चिय होइ जीवदया ॥ ४९५ ॥**

**અર્થ :** માત્ર એક જીવદયા (અહિંસા) જ કરોડો કલ્યાણોને ઉત્પન્ન કરનારી છે, દુરંત પાપ અને વિઘ્નોનો નાશ કરનારી છે, તથા સંસારરૂપી સમુદ્રને તરવામાં નૌકા સમાન છે. (૪૯૫) (જીવદયાની અંદર બીજા સર્વ ધર્મોનો ઓછે વધતે અંશે સમાવેશ થઈ જ જાય છે.)

## (૩૦૮) જીવનું સામાન્ય લક્ષણ

चित्तं १ चेअण २ नाणं ३,
विन्नाणं ४ धारणा ५ य बुद्धी ६ य ।
ईहापोह ७ वियारो ८, जीवस्स लक्खणा एए ॥ ४९६ ॥

**અર્થ :** મન ૧, ચૈતન્ય ૨, જ્ઞાન ૩, વિજ્ઞાન ૪, ધારણા ૫, બુદ્ધિ ૬, ઇહાપોહ (તર્કવિતર્ક) ૭ અને વિચાર ૮ - આ આઠ જીવનાં સામાન્ય લક્ષણ છે. (૪૯૬) (આ લક્ષણો જડ પદાર્થમાં હોતા નથી અને જીવ તે લક્ષણ વિનાનો હોતો નથી.)

## (૩૦૯) પૃથ્વીકાય જીવોના શરીરની સૂક્ષ્મતા

एगस्स दुन्नि तिन्नि वि, संखिज्जाणं न पासिउं सक्का ।
दीसंति सरीराइं, पुढवीजीवा असंखिज्जा ॥ ४९७ ॥

**અર્થ :** પૃથ્વીકાય જીવનાં શરીરો એક, બે, ત્રણ યાવત્ સંખ્યાતા ભેગા થયેલા હોય તો પણ તે ચર્મચક્ષુથી જોઇ શકાતા નથી, પરંતુ પૃથ્વી-જીવના અસંખ્યાતા શરીરો ભેગા થયેલા હોય તો જ તે દેખી શકાય છે, એટલા તે શરીરો સૂક્ષ્મ છે. (૪૯૭)

## (૩૧૦) બીજા એકેંદ્રિયોનાં શરીરની સૂક્ષ્મતા

आऊ तेऊ वाऊ, एसिं सरीराणि पुढविजुत्ताणि ।
दीसंति वणसरीरा, जीवा असंख संखिज्जा ॥ ४९८ ॥

**અર્થ :** અપ્કાય, તેઉકાય અને વાયુકાય એ ત્રણનાં શરીરો પણ પૃથ્વીકાયની જેમ અસંખ્યાતા મળેલા હોય તો જ દેખી શકાય છે અને વનસ્પતિ જીવોનાં શરીરો એક બે ત્રણ અથવા સંખ્યાતા ભેગા થયે પણ દેખી શકાય છે અને અસંખ્યાતા ભેગા થયે પણ દેખી શકાય છે. (આ પ્રત્યેક વનસ્પતિકાયને માટે જાણવું. સાધારણ વનસ્પતિના અનંતા જીવોના અસંખ્ય શરીરો ભેગા થયા હોય તો જ દેખી શકાય છે. તે પણ બાદર-

નિગોદ માટે સમજવું; સૂક્ષ્મ નિગોદના તો અનંત જીવોના અસંખ્ય શરીર ભેગા થયેલા પણ દેખી શકાતા નથી.) (૪૯૮)

## (૩૧૧) નિગોદના જીવોનું સ્વરૂપ

**अह अयधंतो गोलो, जाओ तत्ततवणिज्जसंकासो ।**
**सव्वो अगणिपरिणओ, निगोयजीवे तहाऽणंते ॥ ४९९ ॥**

**અર્થ :** જેમ અગ્નિમાં ધમેલો લોઢાનો ગોળો તપાવેલા સુવર્ણના વર્ણ જેવો રાતો થયો હોય તે આખો અગ્નિપરિણત થઈ જાય છે, એટલે કે અગ્નિમય બની જાય છે, તે જ પ્રમાણે એક નિગોદ શરીરમાં અનંત જીવો પરિણમીને રહેલા છે. (૪૯૯)

## (૩૧૨) સમ્યકત્વનું માહાત્મ્ય - સમકિતીની ગતિ વિગેરે

**जह गिरिवराण मेरू, सुराण इंदो गहाण जह चंदो ।**
**देवाणं जिणचंदो, तह धम्माणं च सम्मत्तं ॥ ५०० ॥**

**અર્થ :** જેમ સર્વ શ્રેષ્ઠ પર્વતોમાં મેરૂ પર્વત મુખ્ય છે, સર્વ દેવોમાં ઇંદ્ર મુખ્ય છે, સર્વ ગ્રહોમાં ચંદ્ર મુખ્ય છે, સર્વ બ્રહ્માદિક દેવોમાં જિનેંદ્ર મુખ્ય છે, તેમ સર્વ ધર્મમાં સમકિત મુખ્ય છે. (૫૦૦)

**सम्मिद्दिट्ठी जीवो, गच्छइ नियमा विमाणवासीसु ।**
**जइ न विगयसम्मत्तो, अहव न बद्धाउओ पुव्वं ॥ ५०१ ॥**

**અર્થ :** સમ્યગ્દષ્ટિ જીવ જો પોતે સમકિતથી ભ્રષ્ટ થયો ન હોય અથવા સમ્યકત્વ પામ્યા પહેલાં પરભવનું આયુષ્ય બાંધ્યું ન હોય તો તે અવશ્ય વિમાનવાસી દેવમાં જ ઉત્પન્ન થાય છે. (૫૦૧)

**ते धन्ना ताण नमो, तं चिय चिरजीविणो बुहा ते उ ।**
**जं निरइयारमेयं, धरंति सम्मत्तवररयणं ॥ ५०२ ॥**

**અર્થ :** જે મનુષ્યો આ સમ્યકત્વરૂપી શ્રેષ્ઠ રત્નને અતિચાર

રહિતપણે ધારણ કરે છે, તે મનુષ્યો જ ધન્ય છે, તેમને નમસ્કાર છે, તેઓ જ ચિરંજીવી છે અને તેઓ જ પંડિત છે. (૫૦૨)

**लब्भइ सुरसामित्तं, लब्भइ पहुअत्तणं न संदेहो ।**
**इक्कं नवरि न लब्भइ, दुल्लहं रयणसम्मत्तं ॥ ५०३ ॥**

**અર્થ :** દેવોનું સ્વામીપણું પામી શકાય છે, પ્રભુપણું (ઐશ્વર્ય) પામી શકાય છે, તેમાં કાંઈ પણ સંદેહ નથી. પરંતુ દુર્લભ એવું એક સમ્યકત્વરૂપી રત્ન જ પામી શકાતું નથી - પામવું અતિ મુશ્કેલ છે. (૫૦૩)

## (૩૧૩) મિથ્યાત્વી અને નિન્હવોનું સ્વરૂપ

**पयमक्खरं पि इक्कं, जो न रोएइ सुत्तनिद्दिट्ठं ।**
**सेसं रोयंतो वि हु, मिच्छद्दिट्ठी जमालि व्व ॥ ५०४ ॥**

**અર્થ :** સૂત્ર (આગમ)માં કહેલું એક જ પદ (શબ્દ) કે અક્ષર જેને રૂચતો નહોય અને તે સિવાય સર્વ આગમ રૂચતા હોય તો પણ તેને જમાલિની જેમ મિથ્યાદષ્ટિ જાણવો. (અમુક એક પદ અથવા અક્ષરને નહીં રૂચાવતા - સત્ય નહીં માનતા જમાલિ જેવા નિન્હવો કહેવાય છે અને બીજા એટલે એક કે અનેક પદ કે અક્ષરને નહીં રૂચાવતા - સત્ય નહીં માનતા સર્વે મિથ્યાદષ્ટિ કહેવાય છે. એમ અન્યત્ર કહ્યું છે.) (૫૦૪)

## (૩૧૪) પાંચ પ્રકારના દાનનું સ્વરૂપ

### (૧) અભયદાનનું સ્વરૂપ - લક્ષણ

**सव्वेसिं जीवाणं, अणारियजणेण हणियमाणेणं ।**
**जहसत्तीए वारण, अभयं तं बिंति मुणिपवरा ॥ ५०५ ॥**

**અર્થ :** કોઈ પણ જીવને અનાર્ય મનુષ્ય મારતો હોય - દુઃખ દેતો હોય તેને પોતાની શક્તિથી નિવારવો, અર્થાત્ સર્વ જીવને એવા મરણથી યથાશક્તિ બચાવવા એ જ અભયદાન છે એમ મુનિવરો કહે છે. (૫૦૫) (આ દાન તો શરીરસુખના અર્થીએ નિરંતર દેવા યોગ્ય છે.)

### (૨) સુપાત્ર દાનનું સ્વરૂપ

**पंचमहव्वयपरिपालणाणं, पंचसमिईहिं समिआणं ।**
**तिगुत्ताण य वंदिय, साहूणं दाणमुत्तमयं ॥ ५०६ ॥**

**અર્થ :** પાંચ મહાવ્રતોને પાળનારા, પાંચ સમિતિ વડે સમિત અને ત્રણ ગુપ્તિ વડે ગુપ્ત એવા સાધુઓને વંદન કરીને જે દાન આપવું તે ઉત્તમ દાન (સુપાત્ર દાન) કહેલું છે. (૫૦૬) (આ દાન સર્વોત્કૃષ્ટ છે.)

### (૩) અનુકંપા દાનનું સ્વરૂપ

**मंदाण य टुंटाण य, दीणअणाहाण अंधबहिराणं ।**
**अणुकंपादाणं पुण, जिणेहि न कहिंचि पडिसिद्धं ॥ ५०७ ॥**

**અર્થ :** માંદા (રોગી), ઠુંઠા, દીન, અનાથ, અંધ અને બધિર એવા જનોને જે અનુકંપા વડે દાન આપવું તે જિનેશ્વરોએ કોઇ પણ ઠેકાણે નિષેધ્યું નથી. (૫૦૭) (દયાળુ અંતઃકરણવાળાએ નિરંતર અનુકંપા દાન આપ્યા કરવું, તે જીવોના દુઃખો દૂર કરવા પ્રયત્ન કરવો જોઇએ, તેથી જ તેનો કરૂણાભાવ ટકી રહે છે.)

### (૪) ઉચિત દાનનું સ્વરૂપ

**उच्चियदाणं एयं, वेलमवेलाइ दाण पत्ताणं ।**
**तं दाणं दिन्नेणं, जिणवयणपभावगा भणिया ॥ ५०८ ॥**

**અર્થ :** વેળાએ અથવા કવેળાએ યાચક તરીકે આવેલાને જે દાન દેવું તે ઉચિતદાન કહેલું છે. તે દાન દેનારા જિનશાસનના પ્રભાવક કહ્યા છે. (૫૦૮) (કારણ કે એવું દાન લેનારા તે દાતારની અને તેના ધર્મની - જૈન ધર્મની પ્રશંસા કરે છે.)

### (૫) કીર્તિ દાનનું સ્વરૂપ

**जिणसाहुसाहुणीण य, सुकित्तिकरणेण भट्टबडुआणं ।**
**जं दाणं तं भणियं, सुकित्तिदाणं मुणिवरेहिं ॥ ५०९ ॥**

અર્થ : જિનેશ્વરના સાધુ અને સાધ્વી વિગેરેની સત્કીર્તિનું કીર્તન કરનારા ભાટ, ચારણ અને બ્રાહ્મણ વિગેરેને જે દાન આપવું તે શ્રેષ્ઠ મુનિઓએ કીર્તિદાન કહ્યું છે. (૫૦૯) (ગૃહસ્થોએ આ દાન પણ આપવું જોઈએ, તેની પણ જરૂર છે.)

## (૩૧૫) ઉપવાસને બદલે કરી શકાતા બીજા પચ્ચખ્ખાણો

**नवकारसहिएहिं, पणयालीसेहिं होइ उववासो ।**
**पोरसी चउवीसाए, वीसाए सड्ढपोरसीए ॥ ५१० ॥**

**अट्ठहि पुरिमड्ढेहिं, निव्विगइतिगेण अंबिलदुगेणं ।**
**एगभत्तचउक्केणं, अट्ठहिं दोहिं ठाणेहि ॥ ५११ ॥**

અર્થ : પીસ્તાળીશ દિવસ નવકારશીના પચ્ચકખાણ કરવાથી એક ઉપવાસ જેટલું ફળ થાય છે. ચોવીશ દિવસ પોરસીના પચ્ચખ્ખાણ કરવાથી, વીશ દિવસ સાઢપોરસી કરવાથી, આઠ પુરિમાર્ધ કરવાથી, ત્રણ નીવી કરવાથી, બે આંબિલ કરવાથી, ચાર એકાસણાં કરવાથી અથવા આઠ બેઆસણા કરવાથી એક ઉપવાસ જેટલું ફળથાય છે. (ઉપવાસ ન કરી શકે તેને અપવાદ માર્ગે આ પચ્ચખ્ખાણો કરવાથી ઉપવાસનું કાર્ય સરે છે.) (૫૧૦-૫૧૧)

## (૩૧૬) ગ્રંથિસહિત (ગંઠશી)ના પ્રત્યાખ્યાનનું ફળ

**गंठीसहिए मासे, अट्ठावीसं हवंति उववासा ।**
**जहसत्ति मुत्तिहेउं, भवियजणा कुणह तवमेयं ॥ ५१२ ॥**

અર્થ : નિરંતર ગ્રંથિસહિતનું પચ્ચખ્ખાણ કરનારને એક માસે અઠ્ઠાવીશ ઉપવાસનું ફળ થાય છે, (ઉપર જણાવેલ નવકારશી વિગેરેની જેમ ઉપવાસને બદલે આ પચ્ચખ્ખાણ થઈ શકતું નથી. પરંતુ આ ગ્રંથિસહિતનું પચ્ચખ્ખાણ કરવાથી ચતુર્વિધ આહારની મોટી વિરતિ થાય છે. એટલે કે હિસાબે ગણતાં એક માસમાં આ પચ્ચખ્ખાણવાળાનું મુખ

અમુક કલાકો જ છૂટું રહે છે કે જે કલાકોના માત્ર બે જ દિવસ થઇ શકે, તેથી બાકીના અઠ્ઠાવીશ દિવસ જેટલા કલાકો તેના અનશનના જ જાય છે. તેથી આ પચ્ચખ્ખાણનું આટલું બધું ફળ કહેલું છે.) તેથી કરીને હે ભવ્યજનો ! મુક્તિને માટે તમે આ તપને યથાશક્તિ કરો. (૫૧૨)

## (૩૧૭) શત્રુંજય તીર્થના સ્મરણપૂર્વક તે તીર્થે કરાતા તપનું ફળ

**नवकार १ पोरसीए २,**
**पुरिमड्ढे ३ गासणं ४ च आयामं ५ ।**
**पुंडरियं समरंतो, फलकंखी कुणइ अभत्तट्ठं ६ ॥ ५१३ ॥**

**छट्ठ १ ट्ठम २ दसम ३ दुवालस ४,**
**मासद्ध ५ मासखमणेणं ६ ।**
**तिगरणसुद्धो लहई, सेत्तुंजो संभरंतो य ॥ ५१४ ॥**

**અર્થ :** ઉત્તમ ફળની કાંક્ષાવાળો જે પુરૂષ પુંડરીક (શત્રુંજય) તીર્થનું સ્મરણ કરતો સતો નવકારશી ૧, પોરસી ૨, પુરિમઢ્ઢ ૩, એકાસણું ૪, આંબેલ ૫ કે અભક્તાર્થ (ઉપવાસ)નું ૬ પચ્ચખ્ખાણ કરે તે, ત્રિકરણ (મન, વચન અને કાયા)ની શુદ્ધિ વડે શત્રુંજય તીર્થનું સ્મરણ કરતો અનુક્રમે છઠ્ઠ (બે ઉપવાસ) ૧, અઠ્ઠમ (ત્રણ ઉપવાસ) ૨, દશમ (ચાર ઉપવાસ) ૩, દ્વાદશમ (પાંચ ઉપવાસ) ૪, માસાર્ધ (પંદર ઉપવાસ) ૫ અને માસખમણ (ત્રીશ ઉપવાસ)નું ૬ ફળ પામે છે. એટલે કે નવકારશી કરનાર છઠ્ઠનું ફળ પામે છે. યાવત્ ઉપવાસ કરનાર માસખમણનું ફળ પામે છે. (૫૧૩-૫૧૪) (આ ફળ શત્રુંજય તીર્થે કરાતા તપનું સમજવું.)

## (૩૧૮) તપથી ખપતા કર્મોનું પ્રમાણ

**पोरसी चउत्थ छट्ठे, काउं कम्मं खवंति जं मुणिणो ।**
**तं तह नारयजीवा, वाससहस्सेहि कोडीओ ॥ ५१५ ॥**

**અર્થ :** મુનિઓ પોરસી, ચતુર્થભક્ત (ઉપવાસ) અને છઠ્ઠ (બે

ઉપવાસ) કરવાથી જેટલાં કર્મોને ખપાવે છે, તેટલાં કર્મો નારકીના જીવો હજાર, લાખ ને કોટિ વર્ષે દુઃખ ભોગવીને ખપાવે છે. (૫૧૫) (અર્થાત્ પોરસીથી હજાર વર્ષ, ઉપવાસથી લાખ વર્ષ અને છટ્ઠથી ક્રોડ વર્ષ સુધી ભોગવવા પડે તેવા અશુભ કર્મનો ક્ષય થાય છે.)

## (૩૧૯) સાધુને કલ્પનીય જળ

**गिण्हइ जुआरजलं, अंबिलधोअणतिदंडमुक्कलयं ।**
**वन्नंतरायपत्तं, फासुअसलिलं च तदभावे ॥ ५१६ ॥**

**અર્થ :** જુવારના ધોવણનું પાણી, આંબલીના ધોવણનું પાણી અને ત્રણ ઉભરાએ ઉકાળેલું પાણી સાધુને ગ્રહણ કરવા લાયક છે. તેવું જળ ન મળે તો બીજા વર્ણને પામેલું એટલે જેના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ બદલાઇ ગયા હોય એવું પ્રાસુક જળ પણ લેવું કલ્પે છે. (૫૧૬)

## (૩૨૦) શ્રી સીમંધર સ્વામીના જન્માદિકનો કાળ તથા જન્મસ્થાન

**पुक्खलवईयविजये, पुव्वविदेहम्मि पुंडरिगिणीए ।**
**कुंथुअरहंतरम्मि अ, जाओ सीमंधरो भयवं ॥ ५१७ ॥**

**અર્થ :** પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી નામની વિજયમાં પુંડરિકિણી નામની નગરીમાં કુંથુનાથ અને અરનાથના આંતરામાં શ્રી સીમંધર નામના ભગવાન થયા છે - જન્મ્યા છે. (૫૧૭)

**मुणिसुव्वयजिणनमिजिण-अंतरे रज्जं चइत्तु निक्खंतो ।**
**सिरिउदयदेवपेढाल-अंतरे पावई मुक्खं ॥ ५१८ ॥**

**અર્થ :** મુનિસુવ્રતસ્વામી અને નમિનાથના આંતરામાં સીમંધર સ્વામીએ રાજ્યનો ત્યાગ કરી દીક્ષા ગ્રહણ કરી છે તથા શ્રી ઉદયજિન અને પેઢાલજિન જે આવતી ચોવીશીમાં ૭મા ને ૮મા થવાના છે તેમના આંતરામાં તે નિર્વાણ પામવાના છે. (૫૧૮)

## (૩૨૧) સાડાબાર કરોડ સુવર્ણના તોલનું પ્રમાણ

**इगलक्ख तीससहस्सा, दो सय मणाइं सेर तेरजुआ ।**
**टंकणा य चउवीसं, सड्ढीबार कोडि कणयम्मि ॥ ५१९ ॥**

**અર્થ :** સાડાબાર કરોડ સુવર્ણનો તોલ એક લાખ ત્રીશ હજાર અને બસો મણ, તેર શેર અને ચોવીશ ટાંક (રૂપીયાભાર) એટલો થાય છે. (૫૧૯) (તીર્થંકર જ્યાં પારણું કરે ત્યાં દેવો આટલા દ્રવ્યની વૃષ્ટિ કરે છે.)

## (૩૨૨) સાધુને લેવાના આહારમાં ટાળવાના ૪૭ દોષ

(૧) પિંડ ઉદ્‌ગમના એટલે ઉત્પન્ન થતાં લાગે તેવા ૧૬ દોષ

**आहाकम्मु १ द्देसिय २, पूईकम्मे ३ य मीसजाए ४ य ।**
**ठवणा ५ पाहुडियाए ६,**
**पाओयर ७ कीय ८ पामिच्चे ९ ॥ ५२० ॥**

**परिअट्टिए १० अभिहडु ११,**
**ब्भिन्ने १२ मालोहडे १३ य अच्छिज्जे १४ ।**
**अणिसिट्ठं १५ ज्झोयरए १६,**
**सोलस पिंडुग्गमे दोसा ॥ ५२१ ॥**

**અર્થ : આધાકર્મ દોષ** - સાધુને નિમિત્તે એટલે સાધુને મનમાં ધારીને સચિત્ત વસ્તુને અચિત્ત કરે અથવા અચિત્ત વસ્તુને રાંધે તે ૧, **ઔદ્દેશિક દોષ** - પૂર્વે તૈયાર કરેલા ભાત લાડુ વિગેરેને મુનિને નિમિત્તે દહીં ગોળ વિગેરે વડે મિશ્ર કરી સ્વાદિષ્ટ બનાવે તે ૨, **પૂતિકર્મ** - શુદ્ધ આહાર આધાકર્મી આહારમાં નાંખી મિશ્ર કરવો અથવા આધાકર્મી આહારથી ખરડાયેલી કડછી વિગેરે વડે શુદ્ધ આહાર વહોરાવવો તે ૩, **મિશ્રજાત** - જે આહાર પોતાને માટે તથા સાધુને માટે પ્રથમથી જ સંકલ્પ કરીને બનાવવો તે ૪, **સ્થાપના** - સાધુને માટે ક્ષીર વિગેરે વસ્તુ જુદી કરી

જુદા વાસણમાં રાખી મૂકવી તે ૫, **પ્રાભૃતિકા** - વિવાહાદિકનો પ્રસંગ આવવાને વિલંબ હોય છતાં સાધુને ગામમાં રહેલા જાણી તે લાભ લેવા માટે વહેલો વિવાહમહોત્સવ કરવો અથવા વિવાહાદિકનો સમય નજીક છતાં સાધુને આવવાની રાહ જોવા માટે વિલંબ કરવો તે ૬, **પ્રાદુષ્કરણ** - અંધકારમાં રહેલી વસ્તુ દીપક વિગેરે કરવા વડે અથવા ભીંત વિગેરે દૂર કરવા વડે પ્રકાશિત કરીને આપવી તે ૭, **ક્રીત** - સાધુને માટે કોઈ પણ વસ્તુ વેચાતી લઈને - લાવીને આપવી તે ૮, **પ્રામિત્ય** - સાધુને માટે કોઈ પણ વસ્તુ ઉધારે કે ઉછીની લઈને આપવી તે ૯, **પરાવર્તિત** - સાધુને માટે પોતાની વસ્તુ બીજાની વસ્તુ સાથે બદલાવી સાધુને ખપે તેવી લાવીને તે સાધુને આપવી તે ૧૦, **અભ્યાહૃટત** - સાધુના ઉપાશ્રય વિગેરેમાં આહારાદિક સન્મુખ લાવીને સાધુને આપવો તે ૧૧, **ઉદ્ભિન્ન** - કુડલા વિગેરેમાંથી ઘી વિગેરે કાઢવા માટે તેના મુખ ઉપરથી માટી વિગેરે દૂર કરી અથવા કપાટ, તાળું વિગેરે ઉઘાડી તેમાંથી જોઈતી વસ્તુ કાઢી સાધુને વહોરાવવી તે ૧૨, **માલાપહૃટત** - માળ, ભોંયરા કે શીકા ઉપરથી ઉતારી સાધુને વહોરાવવું તે ૧૩, **આચ્છિદ્ય** - પોતે બળવાન હોવાથી બીજાની વસ્તુ ઝુંટવી લઈને સાધુને આપવી તે ૧૪, **અનિસૃષ્ટ** - જેના એકથી વધારે સ્વામી હોય એવા (ભાગવાળા) આહારાદિકને સર્વમાંથી કોઈ એક જણ બીજાઓની રજા લીધા વિના સાધુને આપે તે ૧૫, તથા **અધ્યવપૂરક દોષ** - સાધુનું આગમન સાંભળી પોતાને માટે રંધાતા અન્નમાં બીજું વધારે નાંખી તે રસોઈમાં વધારો કરવો તે ૧૬ - આ સોળ પિંડોદ્ગમના દોષો છે. આ દોષો શ્રાવકથી એટલે દાતારથી ઉત્પન્ન થાય છે. (૫૨૦-૫૨૧)

### (૨) સાધુથી ઉત્પન્ન થતા ઉત્પાદનાના ૧૬ દોષો

**धाई १ दूइ २ निमित्ते ३,**
**आजीव ४ वणीवगे ५ तिगिच्छा ६ य ।**
**कोहे ७ माणे ८ माया ९,**
**लोभे १० अ हवंति दस एए ॥ ५२२ ॥**

**पुव्विं पच्छ संथव ११,**
**विज्ज १२ मंते १३ चुण्ण १४ जोगे १५ अ ।**
**उप्पायणाइ दोसा,**
**सोलसमे मूलकम्मे १६ य ॥ ५२३ ॥**

**અર્થ :** ધાત્રી-બાળકને ધવરાવનાર, સ્નાન કરાવનાર, અલંકાર પહેરાવનાર, રમાડનાર અને ખોળામાં બેસાડનાર - આ પાંચ પ્રકારની ધાત્રી માતા કહેવાય છે. તેમાંથી કોઈ પણ કર્મ સાધુ ભિક્ષાને માટે કરે તો તે **ધાત્રીપિંડ દોષ** કહેવાય છે ૧, દૂતિની જેમ ભિક્ષાને માટે સંદેશો લાવે અથવા લઈ જાય તે **દૂતિપિંડદોષ** ૨, ભિક્ષાને માટે ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળ સંબંધી શુભાશુભ ફળ કે નિમિત્ત કહીને ભિક્ષા ગ્રહણ કરવાથી, **નિમિત્ત પિંડદોષ** ૩, ભિક્ષાને માટે પોતાની જાતિ, કુળ, ગચ્છ, કર્મ, શિલ્પ વિગેરેના વખાણ કરવાથી લાગે તે **આજીવપિંડ દોષ** ૪, બ્રાહ્મણ, શ્રમણ વિગેરેના ભક્તો પાસેથી આહાર લેવાની ઈચ્છાથી 'હું પણ તેનો ભક્ત છું' એમ કહી આહાર ગ્રહણ કરે તે **વનીપક - પિંડદોષ** ૫, વૈદ્યની જેમ ઔષધ આપી અથવા બતાવી આહાર ગ્રહણ કરવાથી લાગે તે **ચિકિત્સાપિંડદોષ** ૬, વિદ્યા અને તપ વિગેરેનો પ્રભાવ દેખાડી, રાજાનું માન્યપણું દેખાડી અથવા ક્રોધનું ફળ દેખાડી ભિક્ષા ગ્રહણ કરવાથી **ક્રોધપિંડ દોષ** ૭, પોતાની લબ્ધિની પ્રશંસાથી અથવા બીજાએ ઉત્સાહ આપવાથી અથવા કોઈએ અપમાન કરવાથી 'હું સારો આહાર લાવી આપું.' એમ અહંકાર કરી શ્રાવકની વિડંબના કરી આહાર લાવવો તે **માનપિંડ દોષ** ૮, વિવિધ પ્રકારના વેષ અને ભાષા વિગેરે બદલીને આહાર લેવો તે **માયાપિંડ દોષ** ૯, અતિલોભથી આહાર માટે અટન કર્યા કરે તે **લોભપિંડ દોષ** ૧૦, આ દશ દોષો તથા પૂર્વ એટલે દાતારના માબાપનો અને પશ્ચાત્ એટલે દાતારના સાસુસસરાનો પોતાની સાથે પરિચય બતાવી-ઓળખાણ કાઢી ભિક્ષા ગ્રહણ કરવી તે **પૂર્વપશ્ચાત્સંસ્તવ** નામનો દોષ ૧૧, વિદ્યાનો ઉપયોગ કરી ભિક્ષા લેવી તે **વિદ્યાપિંડ દોષ** ૧૨, મંત્રનો પ્રયોગ કરી ભિક્ષા લેવી તે **મંત્રપિંડ દોષ** ૧૩, નેત્રાંજન વિગેરે ચૂર્ણનો ઉપયોગ કરી આહાર લેવો તે **ચૂર્ણપિંડ દોષ** ૧૪, પાદલેપ

વિગેરે યોગનો ઉપયોગ કરી આહાર લેવો તે **યોગપિંડ દોષ** ૧૫ તથા મૂળકર્મ એટલે ગર્ભનું સ્તંભન, ગર્ભનું ધારણ, ગર્ભપાત, રક્ષાબંધન વિગેરે કર્મ કરી ભિક્ષા લેવી તે **મૂળકર્મપિંડ દોષ** ૧૬ - આ સોળ ઉત્પાદનાના દોષો સાધુથી ઉત્પન્ન થાય છે. (૫૨૨-૫૨૩)

**(૩) ગૃહસ્થ અને સાધુ એ બન્નેથી ઉત્પન્ન થતા એષણાના દશ દોષો**

**संकिय १ मक्खिय २ निक्खित्त ३,**
**पिहिय ४ साहरिय ५ दायगु ६ म्मिस्से ७ ।**
**अपरिणय ८ लित्त ९ छड्डिय १०,**
**एसणदोसा दस हवंति ॥ ५२४ ॥**

**અર્થ :** દાતારને અથવા સાધુને આહાર આપતાં કે ગ્રહણ કરતાં આધાકર્માદિક કોઈ પણ દોષની શંકા થાય તે **શંકિત દોષ** ૧, પૃથ્વી વિગેરે સચિત્ત અથવા મધ વિગેરે નિંદ્ય અથવા પોતે નિષેધ કરેલા અચિત્ત પદાર્થથી મિશ્રિત થયેલો આહાર દેતાં અથવા લેતાં લાગે તે **મ્રક્ષિત દોષ** ૨, પૃથ્વીકાય વિગેરે છ કાય ઉપર સ્થાપન કરેલો અચિત્ત આહાર પણ દેતાં અથવા લેતાં લાગે તે **નિક્ષિપ્ત દોષ** ૩, ફળાદિક સચિત્ત વસ્તુથી ઢાંકેલી વસ્તુને આપતાં કે ગ્રહણ કરતાં લાગે તે **પિહિત દોષ** ૪, દેવાના પાત્રમાં રહેલી કાંઈક બીજી વસ્તુને સચિત્ત એવા પૃથ્વીકાયાદિક ઉપર મૂકી તે પાત્ર વડે દેતાં અથવા લેતાં લાગે તે સંહૃત દોષ ૫, બાળ, વૃદ્ધ, નપુંસક, ધ્રુજતો, અંધ, મદોન્મત, હાથપગ વિનાનો, બેડીમાં નાંખેલો, પાદુકા પહેરેલો, ખાંસીવાળો, ખાંડનાર, પીસનાર, ભુંજનાર, કાપનાર, પીંજનાર, દળનાર, ફાડનાર, તોડનાર વિગેરે છકાયના વિરાધક પાસેથી તેમજ ગર્ભિણી, તેડેલા છોકરાવાળી અથવા ધાવતા બાળકવાળી સ્ત્રી પાસેથી આહાર લેતાં લાગે તે **દાયક દોષ** ૬, સચિત્ત ધાન્યના કણથી મિશ્રિત સાકર વિગેરે વસ્તુ દેતાં અથવા લેતાં **ઉન્મિશ્ર દોષ** ૭, અચિત્તપણાને પામ્યા વિનાની વસ્તુ દેતાં અથવા લેતાં **અપરિણત દોષ** ૮, અકલ્પ્ય વસ્તુથી લેપાયેલા પાત્ર કે હસ્ત વડે દેતાં અથવા લેતાં **લિપ્ત દોષ** ૯ તથા પૃથ્વી પર ઘી વિગેરેનાં ટીપાં પડતાં હોય એવી રીતે દેતાં

અથવા લેતાં **છર્દિત દોષ**. તેવી રીતે ટીપાં પડવાથી ત્યાં રહેલા તથા બીજા આગંતુક જીવોની પણ ઘૃતબિંદુના ઉદાહરણની જેમ વિરાધના થાય છે ૧૦ - આ એષણાના દશ દોષ દાયક અને ગ્રાહક બન્નેથી ઉત્પન્ન થનારા છે. (૫૨૪)

### (૪) ગ્રાસૈષણાના (આહાર કરતી વખતના) પાંચ દોષો

**संजोयणा १ पमाणे २,**
**इंगाले ३ धूम ४ कारणे ५ पढमा ।**
**वसइबहिंतरे वा, रसहेऊ दव्वसंजोगा ॥ ५२५ ॥**

**અર્થ : સંયોજના** નામનો પહેલો દોષ રસના હેતુથી એટલે સારો સ્વાદ કરવાના હેતુથી ઉપાશ્રયની બહાર અથવા અંદર આવીને માંડા વિગેરેની સાથે ઘી ખાંડ વિગેરે દ્રવ્યોનો સંયોગ કરવાથી લાગે છે ૧, જેટલો આહાર કરવાથી ધીરજ, બળ, સંયમ તથા મન, વચન અને કાયાના યોગને બાધા ન આવે તેટલો આહાર કરવો જોઈએ, તેથી વધારે આહાર કરે તો **પ્રમાણાતિરિક્તતા** નામનો બીજો દોષ ૨, સ્વાદિષ્ટ અન્નના અથવા તેના દાતારના વખાણ કરતો આહાર કરે તો તે સાધુ રાગરૂપ અગ્નિથી ચારિત્રરૂપ કાષ્ઠને અંગારારૂપ બનાવે છે, તેથી તે ત્રીજો **અંગાર દોષ** ૩, અન્નની કે તેના દાતારની નિંદા કરતો આહાર કરે તો તે ચારિત્રરૂપ કાષ્ઠને બાળી ધુમાડારૂપ કરે છે, તેથી તે ચોથો **ધૂમ્ર દોષ** ૪, કારણ વિના ભોજન કરે તો પાંચમો **કારણાભાવ** નામનો દોષ. મુનિને ભોજન કરવાનાં છ કારણો કહ્યાં છે. તે આ પ્રમાણે - ક્ષુધાવેદના સહન ન થઈ શકે તો આહાર કરવો ૧, આચાર્ય, બાળ, વૃદ્ધ અને ગ્લાન વિગેરેની વૈયાવચ્ચ કરવાના કારણે આહાર કરવો ૨, ઈર્યાસમિતિની શુદ્ધિ થઈ શકે માટે આહાર કરવો ૩, સંયમનું પાલન કરવા માટે આહાર કરવો ૪, જીવિતવ્યની રક્ષા કરવા માટે આહાર કરવો ૫ તથા ધર્મધ્યાનને સ્થિર કરવા માટે આહાર કરવો ૬ - આ છ કારણોએ આહાર કરવાની જરૂર છે. તે કારણો સિવાય આહાર કરે તો અકારણ દોષ લાગે છે. ૫ - આ પાંચ આહાર કરતી વખતના દોષો છે. (કુલ પિંડના ૪૭ દોષ થયા.) (૫૨૫)

## (૩૨૩) ક્રોધ, માન, માયા અને લોભપિંડના ઉદાહરણો

**कोहे घयवरखवगो, माणे सेवइअ साहुलाभाय ।**
**माया आसाढभूई, लोभे केसरिसाहु त्ति ॥ ५२६ ॥**

અર્થ : ક્રોધ ઉપર ઘૃતવર (ઘેબર) ક્ષપકનું દૃષ્ટાંત છે, માન ઉપર સેવતિકા સાધુનું દૃષ્ટાંત છે, માયા ઉપર આષાઢભૂતિ મુનિનું દૃષ્ટાંત છે અને લોભ ઉપર કેસરી સાધુનું દૃષ્ટાંત છે - આ ચારેની સંક્ષિપ્ત કથા નીચે પ્રમાણે -

૧ કોઈ નગરમાં કોઈ બ્રાહ્મણને ત્યાં કોઈનું મરણ થયું, તેના માસિકને દિવસે તે બ્રાહ્મણ બીજા બ્રાહ્મણોને ઘૃતપૂર (ઘેબર)નું દાન આપતો હતો. તે વખતે ત્યાં કોઈ સાધુ માસક્ષમણને પારણે આવી ચડ્યા. તેને દ્વારપાળે દાનનો નિષેધ કર્યો. ત્યારે તે સાધુએ કોપથી કહ્યું કે - "આ માસિકમાં મને ન મળ્યું તો બીજા માસિકે મળશે." એમ કહી તે સાધુ અન્યત્ર ગયા. દૈવયોગે તે જ બ્રાહ્મણના ઘરમાં બીજા મનુષ્યનું મરણ થયું. તેના માસિકને દિવસે તે જ સાધુ માસ-ક્ષમણને પારણે આવ્યા. તે વખતે પણ દ્વારપાળે તેમનો નિષેધ કર્યો, ત્યારે ફરીથી ક્રોધ વડે પ્રથમની જેમ કહીને તે સાધુ અન્યત્ર ગયા. દૈવયોગે તેના જ ઘરમાં ત્રીજા મનુષ્યનું મરણ થયું. તેના માસિકને દિવસે તે જ સાધુ આવ્યા. તે વખતે પણ દ્વારપાળે નિષેધ કર્યો, ત્યારે તે સાધુ ફરીથી પણ ક્રોધથી તે જ પ્રમાણે બોલ્યા; એટલે દ્વારપાળે વિચાર્યું કે - "આ મુનિના ક્રોધયુક્ત વચનથી આ ઘરધણીના મનુષ્યો મરે છે." એમ વિચારી તેણે ઘરધણીને સર્વ વૃત્તાંત કહ્યો. તે સાંભળી તે ઘરધણીએ એકદમ સાધુ પાસે આવી તેમને ખમાવી યથેચ્છ ઘેબર વિગેરે આહાર વહોરાવ્યો. આ ક્રોધપિંડ ઉપર દૃષ્ટાંત જાણવું.

૨ ગિરિપુષ્પિત નગરમાં સિંહ નામના સૂરિ પરિવાર સહિત રહ્યા હતા. તેવામાં એકદા તે નગરમાં સેવતિકા (સેવ) ખાવાનું પર્વ આવ્યું. તે દિવસે સૂત્રપોરસી થઈ રહ્યા પછી સાધુના સમુદાયમાંથી એક

સાધુએ કહ્યું કે - "આજે સૌ સાધુઓને સંપૂર્ણ થઇ રહે તેટલી ઘી ગોળ સહિત સેવતિકા વહોરી લાવે તેવો કોઇ સાધુ છે ?" તે સાંભળી એક સાધુએ ગર્વથી કહ્યું કે - "હું સર્વને થાય તેટલી લાવી આપીશ." આ પ્રમાણે પ્રતિજ્ઞા કરી તે સાધુ ફરતા ફરતા કોઇ કૌટુંબિકને ઘેર ગયા. ત્યાં તેણે ઘણી સેવતિકા ઘી ગોળ સહિત જોઇને કૌટુંબિકની સ્ત્રી પાસે તેની યાચના કરી, પણ તે સુલોચના નામની સ્ત્રીએ તેને આપવાનો નિષેધ કર્યો. ત્યારે અમર્ષથી સાધુએ કહ્યું કે - "હું આ ઘી ગોળ સહિત સેવતિકા અવશ્ય ગ્રહણ કરીશ." એમ પ્રતિજ્ઞા કરી. સુલોચનાએ પણ અમર્ષથી કહ્યું કે - "જો તને આમાંથી કાંઇ પણ મળે તો મારૂં નાક તેં કાપ્યું એમ હું સમજીશ." પછી તે સાધુ જયાં સભામાં મિત્રોની સાથે સુલોચનાનો પતિ વિષ્ણુદત્ત બેઠો હતો ત્યાં કોઇના કહેવાથી ગયા અને વિષ્ણુદત્તને કહ્યું કે - "જો તું શ્વેતાંગુલિક ૧, બકોડ્ડાયક ૨, કિંકર ૩, સ્નાયક ૪, ગૃધ્રરિંખી ૫ અને હદજ્ઞ ૬ - આ છ પ્રકારના બાયલામાંથી કોઇ પણ પ્રકારન ન હો તો હું તારી પાસે કાંઇક યાચના કરૂં." એમ કહી તે છએની કથા કહી; એટલે વિષ્ણુદત્તે કહ્યું કે - "હું કાંઇ એવો સ્ત્રીને વશ નથી, માટે જે માગવું હોય તે માગો." ત્યારે સાધુએ તેની પાસે તેને ઘેર તૈયાર કરેલી ઘી ગોળ સહિત સેવતિકા માગી. વિષ્ણુદત્તે ઘેર જઇ યુક્તિથી પોતાની સ્ત્રી ન જાણે તેમ તે સાધુને ઘી ગોળ સહિત સેવતિકા વહોરાવી. સાધુ પણ સુલોચનાને સંકેતથી નાક કાપ્યાનું બતાવીને ઉપાશ્રયે ગયા. આ માનપિંડ જાણવો.

૩ રાજગૃહ નગરમાં સિંહરથ રાજા હતો. ત્યાં વિશ્વકર્મા નામનો નટ હતો. તેને બે પુત્રીઓ અત્યંત રૂપવાળી હતી. એકદા તે નગરમાં ધર્મરૂચિ નામના આચાર્ય પરિવાર સહિત પધાર્યા. તેમના એક આષાઢભૂતિ નામના શિષ્ય બુદ્ધિના નિધાન હતા. તે ભિક્ષાને માટે અટન કરતા વિશ્વકર્મા નટને ઘેર ગયા. ત્યાં તેમને એક મોદક મળ્યો. તે લઇ તેના ઘરની બહાર જઇ તેણે વિચાર્યું કે - "આ

મોદક આચાર્ય મહારાજને આપવો પડશે, મારે ભાગે તો આવશે નહીં." એમ વિચારી તેણે રૂપવરાવર્તનની વિદ્યાથી કાણા સાધુનું રૂપ કરી તેને જ ઘેર જઇ બીજો મોદક લીધો. બહાર નીકળી વિચાર્યું કે - "આ તો ઉપાધ્યાયને આપવો પડશે." એમ વિચારી કુબ્જનું રૂપ લઇ ત્રીજો મોદક લીધો. ફરીથી બહાર નીકળી વિચાર્યું કે "આ તો રત્નાધિક સાધુને આપવો પડશે." એમ વિચારી કુષ્ઠિનું રૂપ કરી ચોથો લાડુ લીધો. આ સર્વ તેની માયા માળ ઉપર રહેલા વિશ્વકર્માએ છાની રીતે જોઇને વિચાર્યું કે - "જો આ સાધુ આપણી પાસે હોય તો તે મોટા નટનું કામ કરી શકે." એમ વિચારી તેને લોભ પમાડવા માટે નીચે આવી તે સાધુને ઘણા મોદકો આપ્યા અને હમેશાં પધારવા વિનંતી કરી તથા તેના ગયા પછી તે વિશ્વકર્માએ પોતાની બન્ને પુત્રીઓને કહ્યું કે - "તમે તે સાધુને હમેશાં ઉત્તમ મોદક આપી હાવ, ભાવ, કટાક્ષ વિગેરે વડે તેને વશ કરી તમારો પતિ થાય તેમ કરજો." તે પુત્રીઓએ તે જ પ્રમાણે વર્તી તેને વશ કરી પોતાનો પતિ કર્યો. તે સર્વ નટોમાં મુખ્ય થયો. એકદા નિષેધ કર્યા છતાં તે બન્ને પુત્રીઓ પતિની હાજરી નહીં હોવાથી મદિરાપાન કરી મદોન્મત્ત બની માળ ઉપર બેભાનપણે સુતી હતી. તેવામાં અકસ્માત આષાઢભૂતિ ત્યાં આવ્યો. તેમને તેવી બીભત્સ અવસ્થાવાળી જોઇ તેને ઉત્કટ વૈરાગ્ય થયો. તેથી તે ત્યાંથી નીકળી ગયો. પરંતુ તે વૃત્તાંત જાણવામાં આવવાથી વિશ્વકર્માએ તે બંને પુત્રીઓને શીખવી તેની પાછળ મોકલી. તે બંનેએ ઘણી આજીજી કરી. પરંતુ આષાઢભૂતિએ તેમનું વચન માન્યું નહીં. ત્યારે તેઓએ પોતાની આજીવિકાનું સાધન માગ્યું. તેથી દયાને લીધે અષાઢભૂતિ પાછા વળ્યા અને ભરત ચક્રવર્તીના ચરિત્રને પ્રકાશ કરનારૂં રાષ્ટ્રપાળ નામનું નાટક રચી સિંહરથ રાજા પાસેથી ભૂષણાદિક વડે સુશોભિત પાંચસો ક્ષત્રિયો લઇ તેમને નાટકના પાઠ શીખવ્યા. પછી તે અદ્ભુત નાટક સિંહરથ રાજા પાસે ભજવી બતાવ્યું. તેમાં તેને પુષ્કળ ધન ઇનામ તરીકે મળ્યું. તે સર્વ તેણે તે બંને સ્ત્રીઓને આપ્યું. નાટકને અંતે તે પાંચસો

રાજપુત્રો સહિત આષાઢભૂતિએ ગુરૂ પાસે જઇ દીક્ષા ગ્રહણ કરી. ઇત્યાદિ. આ માયાપિંડ ઉપર દૃષ્ટાંત જાણવું.

૪ ચંપાનગરીમાં સુવ્રત નામના સાધુ હતા. એકદા તે નગરીમાં મોદકનું પર્વ આવ્યું. તે દિવસે તે સાધુએ વિચાર કર્યો કે - "આજે મારે સિંહકેસરીઆ મોદક જ વહોરવા. બીજું કાંઇ લેવું નહીં." એમ વિચારી તે ભિક્ષાને માટે અટન કરવા લાગ્યા. પરંતુ અઢી પહોર સુધી અટન કર્યા છતાં પણ તેને સિંહકેસરીઆ મોદક મળ્યા નહીં. તેથી તેનું ચિત્ત વિકળ થયું, તેથી જેના ગૃહદ્વારમાં પ્રવેશ કરે ત્યાં ધર્મલાભને બદલે સિંહકેસરીઆ એવો શબ્દ બોલવા લાગ્યા. એ રીતે આખો દિવસ અને રાત્રિના પણ બે પહોર સુધી તેણે અટન કર્યું, પણ મોદક મળ્યા નહીં. તેવામાં તે એક શ્રાવકના ઘરમાં પેઠા અને ધર્મલાભને ઠેકાણે સિંહકેસરીઆ એવો શબ્દ બોલ્યા. તે સાંભળી ગૃહધણી શ્રાવક શાસ્ત્રમાં પ્રવીણ અને ડાહ્યો હોવાથી તેણે વિચાર્યું કે - "આ સાધુને ઇચ્છિત સિંહકેસરીઆ મોદક મળ્યા નથી, તેથી તેનું ચિત્ત વિકળ થયું જણાય છે."

એમ વિચારી તેના ચિત્તની સમાધિ માટે તેની પાસે સિંહકેસરીઆ મોદકનો ભરેલો થાળ લાવી કહ્યું કે - "હે પૂજય ! આ સર્વ સિંહકેસરીઆ મોદકો ગ્રહણ કરો." તે જોઇ સાધુએ તે ગ્રહણ કર્યા અને તેનું મન સ્વસ્થ થયું. પછી શ્રાવકે તેમને કહ્યું કે - "હે પૂજય ! આજે મારે પૂર્વાર્ધ (પુરિમઢ્ઢ)નું પચ્ચખ્ખાણ છે, તે પૂરૂં થયું કે નહીં ?" તે સાંભળી સાધુએ ઉપયોગપૂર્વક ઉંચે આકાશમાં જોયું, તો મધ્ય રાત્રિનો સમય જાણ્યો. એટલે તેમણે પશ્ચાત્તાપ કરવાપૂર્વક શ્રાવકને કહ્યું કે - "તમે મને સારી પ્રેરણા કરીને સંસારસમુદ્રમાં ડૂબતાં બચાવ્યો." ઇત્યાદિ કહી આત્માની નિંદા કરતા તથા વિધિપૂર્વક તે વહોરેલા મોદકોને પરઠવતા શુદ્ધ ધ્યાનમાં મગ્ન થઇ ઘાતિકર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામ્યા. ઇત્યાદિ. આ લોભપિંડ ઉપર દૃષ્ટાંત જાણવું.

આ ચારે દૃષ્ટાંતો વિસ્તારથી પિંડનિર્યુક્તિની ટીકામાં આપેલાં છે. (૫૨૬)

## (૩૨૪) સાત સમુદ્‌ઘાતનાં નામ

**वेयण १ कसाय २ मरणे ३,**
**वेउव्विय ४ तेअए ५ य आहारे ६ ।**
**केवलिय समुग्घाए ७ सन्नीण सत्त समुग्घाया ॥ ५२७ ॥**

**અર્થ :** વેદના સમુદ્‌ઘાત ૧, કષાય સમુદ્‌ઘાત ૨, મરણ સમુદ્‌ઘાત ૩, વૈક્રિય સમુદ્‌ઘાત ૪, તૈજસ સમુદ્‌ઘાત ૫, આહારક સમુદ્‌ઘાત ૬ અને કેવલિ સમુદ્‌ઘાત ૭ - આ સાતે સમુદ્‌ઘાત સંજ્ઞી પંચેંદ્રિય મનુષ્યને હોય છે. (૫૨૭) (આ સાત પૈકી એક છેલ્લો સમુદ્‌ઘાત કેવળીને અને બાકીના છ છદ્મસ્થને હોય છે. પ્રારંભના ત્રણ સર્વ જીવોને હોય છે. આ સાતનો વિસ્તાર દંડકાદિ પ્રકરણોથી જાણવો.)

## (૩૨૫) પાપની આલોચના

**जे मे जाणंति जिणा, अवराहं बिसु ठाणेसु ।**
**तेहिं आलोएमि, उवट्ठिओ सव्वभावेण ॥ ५२८ ॥**

**અર્થ :** મારા જે અપરાધ જુદા જુદા સ્થાનમાં (કારણોમાં) થયેલા જિનેશ્વરે જાણ્યા હોય તે સર્વને સર્વ ભાવ વડે ઉજમાળ થયેલો હું આલોચું છું. (૫૨૮)

## (૩૨૬) અઢાર પાપસ્થાનના નામ

**पाणाइवाय १ मलियं २,**
**चोरिक्कं ३ मेहुणं ४ दविणमुच्छं ५ ।**
**कोहं ६ माणं ७ माया ८,**
**लोभं ९ पिज्जं १० तहा दोसं ११ ॥ ५२९ ॥**

**कलहं १२ अब्भक्खाणं १३,**
**पेसुन्नं १४ रइअरई १५ समाउत्तं ।**
**परपरिवायं १६ माया-**
**मोसं १७ मिच्छत्तसल्लं १८ च ॥ ५३० ॥**

**वोसिरिसु इमाइं, मुक्खमग्गसंसग्गविग्घभूयाइं ।**
**दुग्गइनिबंधणाइं, अट्ठारस पावठाणाइं ॥ ५३१ ॥**

**અર્થ :** પ્રાણાતિપાત ૧, મૃષાવાદ ૨, ચોરી ૩, મૈથુન ૪, દ્રવ્ય પરની મૂર્છા ૫, ક્રોધ ૬, માન ૭, માયા ૮, લોભ ૯, પ્રેમ (રાગ) ૧૦, દ્વેષ ૧૧, કલહ ૧૨, અભ્યાખ્યાન (ખોટું આળ દેવું તે) ૧૩, પિશુનતા (ચાડી) ૧૪, રતિઅરતિવડે સહિતપણું ૧૫, પરના અવર્ણવાદ (નિંદા) ૧૬, માયામૃષા ૧૭ અને મિથ્યાત્વ શલ્ય ૧૮ - આ અઢાર પાપસ્થાનો મોક્ષમાર્ગના સંસર્ગમાં - તેની પ્રાપ્તિમાં વિઘ્નભૂત છે તથા દુર્ગતિનું કારણ છે, તેથી તે સર્વ ત્યાગ કરવા યોગ્ય છે. (૫૨૯-૫૩૦-૫૩૧)

## (૩૨૭) ઉત્કૃષ્ટ ને જઘન્યકાળે થતા તીર્થંકરોની સંખ્યા તથા જન્મ સંખ્યા

**सत्तरिसयमुक्कोसं, जहन्न वीसा य जिणवरा हुंति ।**
**जम्मं पइमुक्कोसं, वीस दस हुंति य जहन्ना ॥ ५३२ ॥**

**અર્થ :** અઢી દ્વીપમાં થઈને ઉત્કૃષ્ટા - વધારેમાં વધારે એક કાળે (ઉત્કૃષ્ટ કાળે) એકસોને સીત્તેર તીર્થંકરો હોય છે (મહાવિદેહ ક્ષેત્રની બત્રીશ વિજયોમાં એક એક તીર્થંકર હોવાથી એક મહાવિદેહ ક્ષેત્રમાં બત્રીશ તીર્થંકરો હોય, તે જ પ્રમાણે પાંચે મહાવિદેહ ક્ષેત્રમાં દરેક વિજયમાં એક એક હોવાથી એકસો ને સાઠ તીર્થંકરો હોય અને તે જ કાળે દરેક ભરત અને દરેક ઐરવત ક્ષેત્રમાં પણ એક એક હોવાથી પાંચ ભરતના પાંચ અને પાંચ ઐરવતના પાંચ મળી દશ તીર્થંકરો એકસો ને સાઠ સાથે મેળવતાં કુલ એકસો ને સીત્તેર થાય છે.) અને જઘન્ય કાળે વીશ તીર્થંકરો હોય છે. (જઘન્ય કાળે એટલે વર્તમાનકાળે એકેક મહાવિદેહ ક્ષેત્રમાં ચાર ચાર તીર્થંકરો વિહરમાન છે, તેથી પાંચ મહાવિદેહના મળીને વીશ થાય છે. જઘન્ય કાળ ભરત અને ઐરવત ક્ષેત્રમાં જ્યારે તીર્થંકરો ન હોય તે સમજવો, કેમ કે જ્યારે પાંચ ભરત ને પાંચ ઐરવતમાં એકેક હોય ત્યારે તે દશ મળીને ત્રીશ તીર્થંકરો વિચરતા હોય છે. આ મધ્ય

કાળ સમજવો. આ બાબત વિચરતા તીર્થંકરોને આશ્રીને કહી છે.) જન્મને આશ્રીને તો એકી વખતે ઉત્કૃષ્ટ વીશ તીર્થંકરોનો જન્મ થાય છે અને જઘન્યથી દશ તીર્થંકરો એક કાળે જન્મે છે. (૫૩૨) (પાંચે મહાવિદેહના વીશ તીર્થંકરો સમકાળે જન્મતા હોવાથી વીશ અને ભરત ઐરવતમાં સમકાળે જન્મતા હોવાથી દશ સમજવા.)

## (૩૨૮) વીશ વિહરમાન તીર્થંકરોના લાંછન

**वसह १ गय २ हरिण ३ मक्कड ४,**
**रवि ५ चंद ६ मियारि ७ हत्थी ८ तह चंद ९ ।**
**सूरे १० वसहे ११ वसहे १२,**
**पउमे १३ पउमे १४ य ससि १५ सूरा १६ ॥ ५३३ ॥**

**हत्थी १७ वसहे १८ चंदा १९,**
**सूरे २० ऊरूसु हुंति लंछणाया ।**
**इय विहरमाण जिणघर-वीसा य जहक्कमे नेया ॥ ५३४ ॥**

**અર્થ :** વૃષભ ૧, ગજ ૨, હરણ ૩, વાનર ૪, સૂર્ય ૫, ચંદ્ર ૬, સિંહ ૭, હાથી ૮, ચંદ્ર ૯, સૂર્ય ૧૦, વૃષભ ૧૧, વૃષભ ૧૨, કમળ ૧૩, કમળ ૧૪, ચંદ્ર ૧૫, સૂર્ય ૧૬, હાથી ૧૭, વૃષભ ૧૮, ચંદ્ર ૧૯ અને સૂર્ય ૨૦ - આ વીશ લંછનો આ કાળે વિહરમાન (વિચરતા) વીશ તીર્થંકરોને અનુક્રમે ઊરૂ-સાથળમાં હોય છે એમ જાણવું. (૫૩૩-૫૩૪)

## (૩૨૯) અભવ્ય જીવોને અસંભવિત (અપ્રાપ્ત) સ્થાનો

**इदत्तं १ चक्कित्तं २, पंचाणुत्तरविमाणवासित्तं ३ ।**
**लोगंतियदेवत्तं ४, अभव्वजीवेहि नो पत्तं ॥ ५३५ ॥**

**અર્થ :** ઇંદ્રપણું ૧, ચક્રવર્તીપણું ૨, પાંચ અનુત્તર વિમાનમાં વસવાપણું (દેવપણું) ૩ અને લોકાંતિક દેવપણું ૪ - આ ચાર સ્થાન અભવ્ય જીવો પામ્યા નથી, પામતા નથી અને પામશે પણ નહીં.

(વાસુદેવ, બળદેવ, પ્રતિવાસુદેવ, મોક્ષ વિગેરે સ્થાનો પણ અભવ્ય જીવો પામતા નથી તે અભવ્ય કુલકાદિથી જાણવું.) (૫૩૫)

## (૩૩૦) નરકાદિ ગતિમાં જનારા જીવોનાં લક્ષણ

### (૧) નરકે જનારનાં લક્ષણ

**जो घायइ सत्ताइं, अलियं जंपेइ परधणं हरइ ।**
**परदारं चिय वच्चइ, बहुपावपरिग्गहासत्तो ॥ ५३६ ॥**

**चंडो माणी थद्धो, मायावी निठ्ठुरो खरो पावो ।**
**पिसुणो संगहसीलो, साहूण निंदओ अहम्मो ॥ ५३७ ॥**

**दुठ्ठबुद्धी अणज्जो, बहुपावपरायणो कयग्घो य ।**
**बहुदुक्खसोगपरओ, मरिउं निरयम्मि सो जाइ ॥ ५३८ ॥**

**અર્થ :** જે પ્રાણી હિંસા કરતો હોય, અસત્ય વચન બોલતો હોય, પરધન હરણ કરતો હોય, પરસ્ત્રીનું સેવન કરતો હોય, બહુ પાપવાળા પરિગ્રહમાં આસક્ત હોય, વળી જે ક્રોધી, માની, સ્તબ્ધ, માયાવી, નિષ્ઠુર (કઠોર વચન બોલનાર), ખલ, પાપી (અન્ય પાપો કરનાર), પિશુન (ચાડીયો), સંગ્રહ કરવાના સ્વભાવવાળો (કૃપણ), સાધુજનનો નિંદક અને અધર્મી (ધર્મની શ્રદ્ધા રહિત) હોય, તેમજ જે દુષ્ટ બુદ્ધિવાળો, અનાર્ય, બહુ પાપ (આરંભ)ના કાર્યમાં તત્પર, કૃતઘ્ન (બીજાએ કરેલા ગુણને નહીં જાણનાર), તથા ઘણા દુઃખ અને શોકમાં જ નિરંતર મગ્ન રહેનારો - તેવો મનુષ્ય મરીને નરકમાં ઉત્પન્ન થાય છે. (૫૩૬-૫૩૭-૫૩૮)

### (૨) તિર્યંચ ગતિમાં જવાનાં લક્ષણ

**कज्जत्थी जो सेवइ, मित्तं कज्जे उ कए विसंवयइ ।**
**कूरो मूढमईओ, तिरिओ सो होइ मरिऊणं ॥ ५३९ ॥**

**અર્થ :** જે કાર્યને અર્થે (મતલબને માટે) મિત્રને સેવે - કામ હોય ત્યારે મિત્રનો આશ્રય કરે અને કાર્ય થઇ રહ્યા પછી તેનો વિસંવાદ (ત્યાગ)

કરે અથવા વાંકું પણ બોલે - મિત્ર તરીકે માને નહીં, તથા જે ક્રૂર અને મૂઢ મતિવાળો હોય, તે મનુષ્ય મરીને તિર્યંચ થાય છે. (૫૩૯)

### (૩) મનુષ્યગતિમાં જવાનાં લક્ષણ

**अज्जवमद्दवजुत्तो, अकोहणो दोसवज्जिओ वाई ।**
**न य साहुगुणेसु ठिओ, मरिउं सो माणुसो होइ ॥ ५४० ॥**

**અર્થ :** જે આર્જવ (સરળતા) અને માર્દવ (કોમળતા) વડે યુક્ત હોય, ક્રોધરહિત, દ્વેષરહિત, વાદી (અન્યના ગુણને બોલનાર) હોય અને સાધુના ગુણોમાં રહેલો ન હોય, અર્થાત્ મુનિપણું ગ્રહણ કર્યું ન હોય તે મનુષ્ય મરીને પણ મનુષ્ય થાય છે. (સાધુપણું લીધેલ હોય તો તો દેવગતિ કે મોક્ષ પામે છે તેથી સાધુપણું ગ્રહણ કર્યા વિનાનો કહ્યો છે. દેશવિરતિ શ્રાવક પણ દેવ જ થાય છે.) (૫૪૦)

અહીં દેવગતિમાં જનારા જીવોના લક્ષણની ગાથા જોઈએ પણ લખેલ નથી, તેથી સ્થાન શૂન્ય ન રહેવા માટે કર્મગ્રંથ પહેલામાંથી તે સંબંધી ગાથા લખી છે.

### (૪) દેવગતિએ જનાર જીવોના લક્ષણો

**अविरयमाइ सुराउ, बालतवो ऽकामनिज्जरो जयइ ।**
**सरलो अगारविल्लो, सुहनामं अन्नहा असुहं ॥ ५४१ ॥**

**અર્થ :** અવિરત સમકિત દૃષ્ટિ જીવો તથા બાળતપ-અજ્ઞાન કષ્ટ કરનારા જીવો અન અકામ નિર્જરા કરનારા જીવો દેવગતિનું આયુ બાંધે છે. સરલ, ગર્વ વિનાના તેમજ તેવા બીજા ગુણવાળા જીવો શુભ નામકર્મ બાંધે છે અને તેથી અન્યથા - વિપરીત વર્તનારા જીવો અશુભ નામકર્મ બાંધે છે. (૫૪૧)

અવિરત સમ્યગ્દષ્ટિ એવા મનુષ્ય ને તિર્યંચ દેવાયુ બાંધે છે. તેમાં ઘોલના પરિણામે, સુમિત સંયોગે, ધર્મરૂચિપણે, દેશવિરતિ ગુણે, સરાગ સંયમે વૈમાનિકનું આયુ બાંધે.

બાલતપ એટલે દુ:ખગર્ભિત, મોહગર્ભિત વૈરાગ્યે કરી દુષ્કર કષ્ટ, પંચાગ્નિસાધન, રસપરિત્યાગાદિક અનેક પ્રકરના મિથ્યાત્વયુક્ત તપ કરતો, સનિદાન અને ઉત્કટ એટલે અત્યંત આકરા રોષે કે ગારવે તપ કરતો અસુરાદિક યોગ્ય આયુ બાંધે.

અકામ નિર્જરાએ - અજ્ઞાનપણે ભૂખ, તૃષા, ટાઢ, તાપ, રોગાદિક કષ્ટ સહેતો, સ્ત્રી અણમીલતે શીલ ધારણ કરતો, વિષયસંપત્તિને અભાવે વિષય અણસેવતો ઇત્યાદિક વડે થતી અકામ નિર્જરાએ તથા બાલમરણમાં કાંઇક તત્પ્રાયોગ્ય શુભ પરિણામે વર્તતો રત્નત્રયી વિરાધનાએ વ્યંતરાદિ યોગ્ય આયુ બાંધે.

આચાર્યાદિકની પ્રત્યનીકતાએ કિલ્બીષિકાયુ બાંધે તથા મુગ્ધપણે મિથ્યાત્વીના ગુણ પ્રશંસતો, મહિમા વધારતો, પરમાધામીનું આયુ બાંધે.

એ પ્રમાણે આયુકર્મના બંધહેતુ જાણવા. અકર્મભૂમિના મનુષ્યને અણુવ્રત, મહાવ્રત, બાલતપ, અકામનિર્જરાદિક દેવાયુના બંધહેતુ વિશેષ કોઇ નથી, તેમજ તેમાં કેટલાએક મિથ્યાત્વી પણ હોય છે તેથી તેને દેવાયુ કેમ સંભવે ? એમ કોઇ પ્રશ્ન કરે તેને માટે શીળપાલન, સરલપણું, કષાયની મંદતા વિગેરે તેને દેવગતિના બંધહેતુ સમજવા એમ કહેલું છે. (૫૪૧)

(ઉપરની બીજી અરધી ગાથા શુભ અશુભ નામ કર્મના બંધ માટે છે તથી તેનો વિશેષાર્થ લખવામાં આવ્યો નથી.)

## (૩૩૧) છ લેશ્યાવાળા જીવોના દૃષ્ટાંતો

**मूल १ साह २ प्पसाहा ३,**
**गुच्छ ४ फले ५ पडियजंबु ६ भक्खणाया ।**
**सव्वं १ माणुस २ पुरिसे ३,**
**साउह ४ झुज्झंत ५ धणहरणा ६ ॥ ५४२ ॥**

**અર્થ :** મૂળ ૧, શાખા ૨, પ્રશાખા ૩, ગુચ્છ ૪, ફળ ૫ અને પડેલાં ફળ ૬ નું ભક્ષણ તથા સર્વ ૧, મનુષ્ય ૨, પુરૂષ ૩, આયુધ સહિત

૪, યુદ્ધ કરનાર ૫ અને ધન હરણ ૬ - આ છએ લેશ્યાના અનુક્રમે દૃષ્ટાંતો જાણવાં. (૫૪૨) આ ગાથાનો સાર નીચે પ્રમાણે :

કેટલાક મિત્રો જંબૂવૃક્ષના ફળ ખાવાની ઈચ્છાથી જંબૂવૃક્ષ પાસે ગયા. ત્યાં કોઈએ કહ્યું કે - "મૂળ સહિત આ વૃક્ષ છેદીને પછી તેનાં ફળ આપણે ખાઈએ." આવું કહેનાર કૃષ્ણલેશ્યાવાળો જાણવો ૧, બીજાએ કહ્યું - "આખા વૃક્ષને પાડવાનું શું કામ છે ? મોટી મોટી શાખાઓ જ કાપીને નીચે પાડીએ." આ પ્રમાણે કહેનાર નીલલેશ્યાવાળો જાણવો ૨, ત્રીજાએ કહ્યું કે - "મોટી શાખા શા માટે પાડવી જોઈએ ? નાની નાની શાખાઓ જ પાડવી." આમ કહેનાર કાપોતલેશ્યાવાળો જાણવો ૩, ચોથાએ કહ્યું કે - "નાની શાખાઓ કાપવાનું પણ શું કામ છે ? માત્ર ફળવાળા ગુચ્છા જ કાપવા." આવું કહેનાર તેજોલેશ્યાવાળો જાણવો ૪, પાંચમાએ કહ્યું - "ગુચ્છ કાપવાનું પણ શું કામ છે ? માત્ર ફળો જ પાડવા." આવું કહેનાર પદ્મલેશ્યાવાળો જાણવો ૫, છેવટ છઠ્ઠાએ કહ્યું કે - "ફળો પાડવાનું શું કામ છે ? પાકેલાં ફળો જે નીચે સ્વયં પડેલાં છે તે જ ખાઈએ." આવું કહેનાર શુક્લલેશ્યાવાળો જાણવો ૬.

અથવા - કોઈ પલ્લીપતિ પોતાના સૈન્ય સહિત કોઈ ગામમાં લુંટ કરવા ચાલ્યો. તેમાં કોઈએ કહ્યું કે - "ગામમાં પ્રવેશ કરતાં જે કોઈ દ્વિપદ કે ચતુષ્પદ વિગેરે સામા મળે તે સર્વને મારી નાંખવા." આમ કહેનાર કૃષ્ણલેશ્યાવાળો જાણવો ૧, બીજાએ કહ્યું - "ચતુષ્પદને મારવાથી શું ફળ ? માત્ર દ્વિપદ (મનુષ્યો)ને જ મારવા." આમ બોલનાર નીલલેશ્યાવાળો જાણવો ૨, ત્રીજો બોલ્યો - "સર્વ મનુષ્યોને મારવાથી શું ફળ છે ? માત્ર પુરૂષોને જ મારવા." આમ બોલનાર કાપોતલેશ્યાવાળો જાણવો ૩, ચોથાએ કહ્યું - "સર્વ પુરૂષોને શા માટે મારવા જોઈએ ? જે પુરૂષોએ આયુધ ધારણ કર્યા હોય તેમને જ મારવા." આમ કહેનાર તેજોલેશ્યાવાળો જાણવો ૪, પાંચમાએ કહ્યું - "સર્વ આયુધવાળાને શા માટે મારવા જોઈએ ? માત્ર જેઓ આપણી સામા થાય તેમને જ મારવા." આમ કહેનાર પદ્મલેશ્યાવાળો જાણવો ૫, છઠ્ઠાએ કહ્યું - "સામા થનારને પણ શા માટે મારી નાંખવા જોઈએ ? આપણે તો ધનનું જ કામ છે,

માટે માત્ર ધન જ હરણ કરવું." આમ બોલનાર શુક્લલેશ્યાવાળો જાણવો ૬ - આ છ લેશ્યામાં પૂર્વ પૂર્વની લેશ્યા અશુભ છે અને ઉત્તર ઉત્તરની લેશ્યા શુભ છે.

## (૩૩૨) મોક્ષનો માર્ગ

**पूया जिणंदेसु रई वएसु,**
**जुत्तो अ सामाइयपोसहेसु ।**
**दाणं सुपत्ते सवणं सुसत्थे,**
**सुसाहुसेवा सिवलोयमग्गो ॥ ५४३ ॥**

**અર્થ :** જિનેશ્વરની પૂજા, વ્રતોમાં રતિ (પ્રીતિ), સામાયિક અને પૌષધ કરવા, સુપાત્રને દાન આપવું, ઉત્તમ શાસ્ત્રોનું શ્રવણ કરવું અને શ્રેષ્ઠ સાધુઓની સેવા કરવી - આ મોક્ષનો માર્ગ છે. (૫૪૩)

## (૩૩૩) શ્રાવકનું કર્તવ્ય

**पव्वेसु पोसहवयं, दाणं सीलं तवो अ भावो अ ।**
**सज्झायनमुक्कारो, परोवयारो य जयणा य ॥ ५४४ ॥**

**અર્થ :** અષ્ટમી ચતુર્દશી વિગેરે પર્વતિથિએ પૌષધ વ્રત કરવું, દાન, શીલ, તપ ને ભાવ - આ ચારે પ્રકારના ધર્મનું આરાધન કરવું, સ્વાધ્યાય-ધ્યાન કરવું, નવકાર મંત્રનો જાપ કરવો, પરોપકાર કરવો અને સર્વ ક્રિયામાં યતના (જયણા) રાખવી - આ સર્વ શ્રાવકનાં કર્તવ્ય છે. (૫૪૪) (મન્નહ જિણાણંની સજ્ઝાયમાં બતાવેલાં શ્રાવકના ૩૬ કૃત્યોની પાંચ ગાથામાંથી આ બીજી ગાથા છે.)

## (૩૩૪) પ્રચાર કરવા યોગ્ય પાંચ પ્રકાર

**पूआ १ पच्चक्खाणं २,**
**पडिक्कमणं ३ पोसहो ४ परोवयारो ५ य ।**
**पंच पयारा चित्ते, न पयारो तस्स संसारे ॥ ५४५ ॥**

અર્થ : જિનેશ્વરની પૂજા ૧, પચ્ચખ્ખાણ ૨, પ્રતિક્રમણ ૩, પૌષધ વ્રત ૪ અને પરોપકાર ૫ - આ પાંચ 'પ'કાર જેના ચિત્તમાં હોય તેનો સંસારમાં પ્રચાર થતો નથી; એટલે કે તે ચિરકાળ સંસારમાં ભ્રમણ કરતો નથી - સ્વલ્પ કાળમાં મોક્ષ પામે છે. (૫૪૫)

## (૩૩૫) બાર ચક્રવર્તીના શરીરનું માન

**पणसय धणुह भरहे१, चउसट्ठी धणुह सगरतणुमाणं२ ।**
**बायालीसं मघवो३, सणंकुमारो य इगयालं४ ॥ ५४६ ॥**

**संती५ कुंथू६ अरहा७, चत्तालीस पणतीस तीसा य ।**
**अट्ठावीस चउवीसा, धणू सुभूमो८ महापउमो९ ॥ ५४७ ॥**

**इय चक्कियतणुमाणं,**
**हरिसेणो १० जयस्स ११ बंभदत्तस्स १२ ।**
**पन्नरस बारस सत्त-धणु गाहा आगमे भणिया ॥ ५४८ ॥**

અર્થ : ભરત ચક્રવર્તીની કાયાનું માન પાંચસો ધનુષ ૧, સગર ચક્રીના શરીરનું માન સાડા ચારસો ધનુષ ૨, મઘવા ચક્રવર્તીનું બેંતાળીશ ધનુષ ૩, સનત્કુમારનું એકતાળીશ ધનુષ ૪, શાંતિનાથનું ચાળીશ ધનુષ ૫, કુંથુનાથનું પાંત્રીશ ધનુષ ૬, અરનાથનું ત્રીશ ધનુષ ૭, સુભૂમ ચક્રીનું અઠ્ઠાવીશ ધનુષ ૮, મહાપદ્મ ચક્રવર્ત્તીનું ચોવીશ ધનુષ ૯, હરિષેણ ચક્રીનું પંદર ધનુષ ૧૦, જય ચક્રીનું બાર ધનુષ ૧૧, બ્રહ્મદત્તનું સાત ધનુષ ૧૨ - આ પ્રમાણે આ ભરત ક્ષેત્રમાં આ અવસર્પિણીમાં થયેલા બારે ચક્રવર્તીઓના શરીરની અવગાહના આગમમાં કહેલી છે. (૫૪૬-૫૪૭-૫૪૮)

## (૩૩૬) કર્ત્તાનું નામ-સ્થાન-ગુરૂનું નામ વિગેરે

**गुज्जरजणवयमज्झे, लोलवाडय नाम पुर पसिद्ध ।**
**अंचलगणिनायक सिरि-गुणनिहाणसुरीउवएसे ॥ ५४९ ॥**

हरिसभरे हरिससूरिए, बडुए रयणसंचयं सुकयं ।
सुयसायरा उद्धरिओ, नंदउ जा दुप्पसहसूरी ॥ ५५० ॥

અર્થ : ગુજરાત દેશની મધ્યે લોલપાટક નામના પ્રસિદ્ધ પુરમાં અંચલગચ્છના નાયક ગણિશ્રી ગુણનિધાન સૂરિના ઉપદેશથી હર્ષના સમૂહવાળા હર્ષસૂરિ નામના બટુકે (શિષ્યે) શ્રુતસાગરથી ઉદ્ધરીને આ રત્નસંચય નામનો ગ્રંથ સારી રીતે તૈયાર કર્યો છે. તે દુપ્પસહ સૂરિ મહારાજા થાય ત્યાં સુધી જયવંત વર્તો. (૫૪૯-૫૫૦)

ઇતિશ્રી અંચળગચ્છાધિપતિ શ્રી ગુણનિધાન
સૂરિ શિષ્ય શ્રી હર્ષસૂરિ સંગૃહિત
શ્રી રત્નસંચય ગ્રંથ સભાષાંતર
વિશેષાર્થ સંયુક્ત સંપૂર્ણ.

## અનેક મંત્રગર્ભિત પરમપ્રભાવી
## શ્રી પાર્શ્વનાથ સ્તુતિ સંયુક્ત ઉપસર્ગહર સ્તોત્ર

१ उवसग्गहरं पासं, पासं वंदामि कम्मघणमुक्कं ।
विसहरविसनिन्नासं, मंगलकल्लाणआवासं ..................... ॥ १ ॥
२ विसहरफुलिंगमंतं, कंठे धारेइ जो सया मणुअो ।
तस्स गहरोगमारी-दुट्ठजरा जंति उवसामं ....................... ॥ २ ॥
३ चिट्ठउ दूरे मंतो, तुज्झ पणामोऽवि बहुफलो होइ ।
नरतिरिएसु वि जीवा, पावंति न दुक्खदोगच्चं ........... ॥ ३ ॥
ॐ अमरतरु कामधेणु-चिंतामणि कामकुंभमाईए[1] ।
सिरि पासनाह सेवा-ग्गहाणं[2] सव्वेऽवि दासत्तं ............ ॥ ४ ॥
ॐ ह्रीँ श्रीँ एँ ॐ (नमो) तुह दंसणेण सामिय,
पणासइ रोगसोग दुक्ख दोहग्गं ।
कप्पतरुमिव जायइ, ॐ तुह दंसणेण सम्मफलहेउ स्वाहा ॥ ५ ॥
ॐ ह्रीँ नमिउण विप्पणासय[3], मायाबीएण धरणनागिंदं ।
सिरिकामराजकलियं, पासजिणिंदं[4] नमंसामि ............... ॥ ६ ॥
ॐ ह्रीँ श्रीँ पास विसहर विज्जा-मंतेण झाणझाएव्वो[5] ।
धरण पोमावइ देवी, ॐ ह्रीँ क्ष्म्लवर्युं स्वाहा ............... ॥ ७ ॥
जयउ धरणदेव, पढम हुत्ती[6] नागणी विज्जा ।
विमलज्झाणसहिओ, ॐ ह्रीँ क्ष्म्लवर्युं स्वाहा .............. ॥ ८ ॥
ॐ थुणामि पासं, ॐ ह्रीँ पणमामि परमभत्तीए ।
अट्ठक्ख धरणेंदो, पोमावइ पयडिअो[7] कित्ती ............ ॥ ९ ॥

---

१ या. २ ग्गहाणं. ३ सायं. ४ जिणंदं. ५ यव्वो. ६ ज्झंति. ७ य.

जस्स पयकमले सीय[1], वसीय[2] पोमावइ धरणेंदो ।
तस्स नासेइ सयलं, विसहर विसनासेइ[3] ........................... ॥ १० ॥

४ तुह सम्मत्ते लद्धे, चिंतामणिकप्पपायवब्भहिए ।
पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं .................. ॥ ११ ॥

नट्ठट्ठमयट्ठाणे, पणट्ठकम्मट्ठनट्ठसंसारे ।
परमट्ठनिट्ठियट्ठे अट्ठगुणाधीसरं[4] वंदे .......................... ॥ १२ ॥

५ इय संथुओ महायस, भत्तिब्भरनिब्भरेण हियएण ।
ता देव दिज्ज बोहिं, भवे भवे पासजिणचंद.......... ॥ १३ ॥

કેટલીક પ્રતમાં ઉપરની ૭-૮-૯-૧૦મી ગાથાને બદલે નીચેની ચાર ગાથાઓ છે.

મૂળ ઉવસગ્ગહરંમાં આદ્યમાં અંક ૧-૨-૩-૪-૫ કરેલી પાંચ ગાથાઓ હાલ પ્રવૃત્તિમાં છે. છઠ્ઠી ગાથા જે સંખેપી દીધી છે તે તો કોઈ પણ જગ્યાએ લભ્ય નથી.

तं नमह पासनाहं, धरणिंदनमंसियं दुहपणासेइ ।
तस्स पभावेण सया, नासंति सयलदुरियाइं ............. ॥ १४ ॥

एए समरंताणं, मुणिं न दुहवाहि नासमाही दुक्खं ।
*नामं सीयमं[5] अ[6]समं,[7] पयडो नथ्थिथ्थ संदेहो* ......... ॥ १५ ॥

जलजलण तह सप्पसीहो, मारारी[8] संभवेपि खिप्पं जो ।
समरेइ पासपहुं, पहोवि न कयावि कीसी तस्स........ ॥ १६ ॥

इहलोगट्ठि परलोगट्ठि, जो समरेइ पासनाहं तु ।
तत्तो सिज्झेइ उक्को-सइ नाह सुरा भगवंतं ............... ॥ १७ ॥

---

१ सया. २ वसइ. ३ माघट्टं. ४ महाधीसरं. ५ वि. ६ त. ७ नामं विय मंतसमं. ८. चोरारी.

Tejas Printers
Ph. : (079) 26601045